# જ્યોતિપુંજ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

સુવર્ણ જયંતિ

સ્મૃતિ વિશેષાંક

૧૯૫૮ જ્યોતિપુંજ - સુવર્ણ જયંતિ સ્મૃતિ વિશેષાંક ૨૦૦૮

# જ્યોતિપુંજના તંત્રીઓ ૧૯૫૭ થી ૨૦૦૬



શ્રી પ્રવીણ દેસાઈ
વર્ષ : ૧૯૫૭ - ૬૦



શ્રી રજની કડકીઆ
વર્ષ : ૧૯૬૧ - ૬૩
૧૯૬૯ - ૭૧



શ્રી રસિકલાલ ચં. પરીખ
વર્ષ : ૧૯૬૪



શ્રી પ્રદીપ કાં. મોદી
વર્ષ : ૧૯૬૫ - ૧૯૬૭
૧૯૭૩ - ૧૯૭૭



શ્રી જયંતીભાઈ કડકીઆ
વર્ષ : ૧૯૬૭ - ૧૯૬૮



શ્રી પ્રવીણ લ.પરીખ
વર્ષ : ૧૯૬૮ - ૧૯૬૯



શ્રી કિરીટ પરીખ
વર્ષ : ૧૯૭૨ - ૧૯૭૩



શ્રી પંકજ શાહ
વર્ષ : ૧૯૭૭ - ૧૯૮૨




શ્રી ઉર્વીશ મોદી
વર્ષ : ૧૯૮૨ - ૧૯૮૮



શ્રી નિખિલ પરીખ
વર્ષ : ૧૯૮૮ થી........

# ૧૯૫૭ ના પ્રથમ અંકનું પ્રથમ પાનું




પ્રકાશિત

# જ્યોતિ-પૂંજ

સાહિત્ય સંસ્કાર અને સંસ્કૃતિનું સામયિક

[ તા. ૫-૮-૫૭ ] તંત્રી: પ્રવીણ દેસાઇ [ વર્ષ ૧ લું-અંક ૧ લો


તંત્રીસ્થાનેથી

## અમારું નવપ્રસ્થાન

❁

**ન**વપ્રસ્થાન માટે કેડી શોધવાની જરૂર નથી હોતી; જરૂર હોય છે-એ માર્ગના પ્રવાસીઓની જનસેવાની મહત્વકાંક્ષામાંથી સંસ્થાનો જન્મ થયો પણ એ જન્મની સાથે જ બીજી અસંખ્ય મહત્વાકાંક્ષાઓ તેના ગર્ભમાં સમાયેલી હતી. રાહ જોવાતી હતી ફક્ત એવી મંગલ પળોની કે જ્યારે અમે અમારી એ મહત્વાકાંક્ષાઓને મૂર્ત સ્વરૂપ આપી શકીએ. આજે એવી એક સુપળને ઝડપી લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. એ મંગલ ઘડી તે પાંચમી ઓગષ્ટ, અને એ એક મહત્વાકાંક્ષા તે સંસ્થા દ્વારા આ સામયિકનું માસિક રૂપે પ્રકાશન.

સંસ્થાના ત્રીજા વાર્ષિક રસોત્સવ પ્રસંગે અમે સાહિત્ય ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું; જ્યોતિપૂંજનો પ્રથમ વાર્ષિક અંક પ્રગટ કરીને. ઉત્તરોત્તર પ્રગતિશીલ અંકો ત્રણ વર્ષ સુધી પ્રગટ કર્યા બાદ આજે આ કેડી પર નવપ્રસ્થાન આદરવાની અમે હામ બીડી છે.

આ અંકનું પ્રકાશન શક્ય બન્યું છે-સંસ્થાની આકાંક્ષા; કાર્યકરોનો ઉત્સાહ અને ત્રણ વાર્ષિક અંકોમાં લેખક ભાઇ-બહેનોએ આપેલ અભૂતપૂર્વ સહકારથી. જાહેર ખબરો દ્વારા અમને આર્થિક સહાય કરનાર વેપારી બંધુઓનો ઉલ્લેખ પણ અત્રે અનિવાર્ય બની રહે છે.

અત્યાર સુધીના બાલાસિનોરના ઇતિહાસમાં વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રગટ થયેલ અનેક અંકો, તેમજ જ્યોતિ-પૂંજના ત્રણ વાર્ષિક અંકોએ પુરવાર કર્યું છે કે, આપણા યુવાન ભાઇ-બ્હેનોમાં સાહિત્ય સર્જનની અમોઘ શક્તિ છુપાયેલી પડી છે. સાહિત્ય ક્ષેત્રે ચિરંજીવ કાળ માટે પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકે એવા લેખકો બાલાસિનોર પેદા કરી શકે એમ છે. જરૂર છે માત્ર થોડાક પ્રયત્નોની. વિકસ્યા પહેલાં જ મુરઝાઇ જતી એમની સર્જન શકિતના આવિષ્કાર માટે શું આવા એકાદ સામયિકની જરૂર નથી? આનો જવાબ બાલાસિનોરનો પ્રત્યેક વિચારવાન નાગરિક ભાગ્યે જ ના માં આપશે. આજે આપણાં સુખદુઃખોને, પ્રાણપ્રશ્નોને વાચા આપવા માટે અને આપણે ત્યાંની વિવિધ સંસ્થાઓના કાર્યકરોને સમર્થ વિચારકોના મંતવ્યો દ્વારા યોગ્ય માર્ગદર્શન મળી શકે તે માટે પ આવું પત્ર અનિવાર્ય બની રહે છે એમ અમારું માનવું છે. આજે સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા ઇતર ક્ષેત્રે કાર્ય કરતી આપણે ત્યાંની વિવિધ સંસ્થાઓ દ્વારા આદરવામાં આવતી પ્રવૃત્તિઓની રૂપરેખા જનતા સમક્ષ રજૂ કરવાનું સાધન આવું પ્રકાશન જ બની શકે. આપણા યુવાનો તેમજ વિદ્યાર્થીઓ જેમના પર રાષ્ટ્રનો બોજ રહેલો છે તેમને યોગ્ય દિશાસૂચન થઇ શકે તો પણ આ પ્રકાશનની એ ગરવી સિધ્ધી હશે.

આ સામયિકના ધોરણ બાબત અત્રે થોડુંક કહી દેવું ઉચિત લાગે છે. માનવ જીવનને ઉન્નત બનાવી શકે તેવાં સાહિત્યિક લખાણો-લેખો, કાવ્યો, ટૂંકી વાર્તા, નાટિકા આદિ-ને આ પત્રમાં પ્રકાશિત કરવાનું નક્કી કર્યું છે. સાથે જ નવોદિત લેખકોને પ્રોત્સાહન સાંપડે એ હેતુ નજર સમક્ષ રાખીને પ્રયોગાત્મક છતાં શિષ્ટ લખાણોને આ પાનાંઓ પર યોગ્ય સ્થાન મળી રહેશે. બાળકો તથા કિશોરોના સંસ્કાર ઘડતરમાં સહાયરૂપ થઇ શકાય તે માટે તેઓનો અલગ વિભાગ રાખવાની જરૂરિયાત સ્વીકારી છે.

અમે અમારી મકસદ બર આણવા માટે આ માસિક દ્વારા દડમજલ આદરી છે. અમારી આ યાત્રા આપ સૌના સાથ-સહકાર વિના અધૂરી જ રહેવાની. વાડાસિનોર, મુંબઇ તેમજ અન્યત્ર વસતા સૌ લેખક ભાઇ-બ્હેનોને અમારૂં હાર્દિક નિમંત્રણ છે કે તેઓ પોતાનાં લખાણો દ્વારા આ સામયિકને પગભર અને ચિરંજીવ બનાવવામાં અમને મદદરૂપ બને. આ સામયિકનો બાળવિભાગ શોભાવવા અમે તમને બોલાવીએ છીએ-બાળમિત્રો, બાળલેખકો! આવો, અને આ તક ઝડપી લો.

અમને આજ દિન સુધી સહાયરૂપ થનાર બાલાસિનોરના વેપારી વર્ગને અમારૂં નમ્ર નિવેદન છેઃ આપનો સહકાર યથાતથાવત્ જાળવી રાખી અમારા આર્થિક પ્રશ્નને હલ કરશો. જ્યોતિપૂંજના વાંચકો તરફથી પ્રાપ્ત થયેલ યોગ્ય સૂચનોનો સહર્ષ સ્વીકાર કરવા અમે સદાય તત્પર રહીશું.


અંતમાં જેવો છે તેવો આ અંક બાલાસિનોરની જનતાના કરકમળોમાં ધરીએ છીએ. આશા છે સૌ અમારા આ પ્રસ્થાનને વધાવી લેશે.



રજત જયંતિ સસ્મરણિકાનું વિમોચન કરતાં શ્રી હરીન્દ્ર દવે સાથે પ્રમુખ શ્રી રસિકભાઈ ગાંધી તથા મંત્રી શ્રી પ્રદીપ મોદી



શ્રી હરીન્દ્ર દવેને આવકારતા મુખ્ય મહેમાન શ્રી નગીનદાસ પારેખ સાથે રજત જયંતિના સંયોજક શ્રી મંગલભાઈ પરીખ



# અતિથિ વિષેશ શ્રી કાન્તિ ભટ્ટ

છેલ્લા ૩૮ વર્ષથી રોજના ચાર થી પાંચ લેખને હિસાબે લગભગ ચાલીસેક હજાર લેખ લખનારા કાન્તિ ભટ્ટનું નામ ગુજરાતી જર્નાલિઝમમાં બ્રાન્ડનેમ બની ગયું છે. ઝાંઝમેરથી ઝામ્બિયા અને અમરેલીથી અમેરિકા સુધી દુનિયાના પાંચેય ખંડોમાં ફેલાયેલા ગુજરાતી વાચકોને કાન્તિ ભટ્ટની ઓળખાણ આપવી ન પડે. આપણે સૌ ચિત્રલેખા ગુજરાત સમાચાર અને અભિયાનના વાચકો આ વાત સારી રીતે જાણીએ છીએ.

દુનિયાભરની જાતજાતની વાતો દુનિયા ભરમાં ફેલાયેલા ગુજરાતીઓ સુધી પહોંચાડનારા કાન્તિ ભટ્ટ ત્રીસ વરસની ઉંમરે સાધુ બનવા મલેશિયાથી મુંબઈ આવ્યા હતા. પણ ૨૩ મી સપ્ટેમ્બર ૧૯૬૬ના દિવસે અચાનક જ પત્રકારત્વ તરફ વળી ગયા અને પછી ઈતિહાસ સર્જાઈ ગયો. પછી તો ગુજરાતી પત્રકારત્વમાં એક રૂઢિપ્રયોગ પ્રચલિત થયો કે કાન્તિ ભટ્ટ ટાઈપનું જર્નાલિઝમ. આજે આયુષ્યના ૭૭ માં વર્ષે પણ સવારે પાંચ વાગે ઉઠી ને છ ના ટકોરે લખવા બેસી જાય છે. હજી નવુ માસિક શરૂ કરવાની અબળખા ધરાવતા કાન્તિ ભટ્ટ કડેધડે છે. કાંદિવલીના ક્ષિતિજ એપાર્ટમેન્ટના સાતમા માળે બે બેડરૂમના ફલેટમાં રહેતાં કાન્તિ ભાઈ પોતે તો ફકત એક ગેલેરીમાં રાખેલા પલંગ, પંખો અને ખુરશી ટેબલ જેટલીજ જગ્યામાં રહે છે બાકીની બધી જ જગ્યા એમણે પાંચેક હજાર પુસ્તકોથી ભરી રાખી છે. પુસ્તકોની વચ્ચે વાંચવામાં રત એવા કાન્તિભાઈને જોવા એ પણ એક લ્હાવો છે.

કાન્તિભાઈએ આપણા બાલાસિનોર ગામ અને લોકો વિશે અભિયાન અને ચિત્રલેખામાં લેખો લખ્યા છે. હાલમાંજ તેઓએ દિવ્યભાસ્કરમાં પણ બાલાસિનોર વિશે લેખ પ્રગટ કર્યો હતો.

આટલા વર્ષોના અનુભવોનો નિચોડ કાન્તિભાઈ નીચેના થોડા વાક્યોમાં આપે છે.


''કોઈપણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો અજંપા વગર આગળ વધી શકાતું નથી, ખપી જવાની વૃત્તિ ન હોય તો કશું સિધ્ધ થતું નથી.''

''હું કામથી કયારેય થાકતો નથી. કામને કોઈ મુલતવી રાખે ત્યારે મને એનો થાક લાગે છે.''

આજે આપણા મુખપત્ર જયોતિપુંજની સુવર્ણ જયંતિ પ્રસંગે આપણને આવા પ્રખર અને લેખક, અતિથિ વિશેષ તરીકે મળ્યા છે. એ બદલ આપણું નવયુવક સંઘ ગૌરવની લાગણી અનુભવે છે.

# જ્યોતિપુંજના બદલાતા કલેવર













# જ્યોતિપુંજના બદલાતા કલેવર


















# જ્યોતિપુંજના ૫૦ વર્ષના તંત્રીઓ

| વર્ષ | તંત્રી | સહતંત્રી | સભ્યો |
|---|---|---|---|
| ૧૯૫૭ | પ્રવીણ દેસાઈ | —- | નવનીત મ. ધારીઆ, નવનીત સાં. દેસાઈ, કિરીટ પરીખ |
| ૧૯૫૮ | પ્રવીણ દેસાઈ | કિરીટ પરીખ | નવનીત દેસાઈ, મોહનભાઈ પરીખ<br>રસિક સાં. મોદી, જયંતીભાઈ કડકીઆ (મરઘા) |
| ૧૯૫૯ | પ્રવીણ દેસાઈ | કિરીટ પરીખ | —- |
| ૧૯૬૦ | પ્રવીણ દેસાઈ | કિરીટ પરીખ<br>ભગેશ કડકીઆ | દમયંતી શાહ, પૂર્ણિમા કચેરિયા |
| ૧૯૬૧ | રજનીકાન્ત કડકીઆ | કિરીટ પરીખ | સતીશ ભીખાલાલ પરીખ, રસિક ભીખાલાલ પરીખ<br>જશવંત કોદરલાલ પરીખ,<br>પ્રવીણચંદ્ર વલ્લભદાસ ધારીઆ (વ્યવસ્થાપક) |
| ૧૯૬૨ | રજનીકાન્ત કડકીઆ | સતીશ પરીખ | રસિક મોજીલાલ ગાંધી, જશવંત કોદરલાલ પરીખ,<br>શશીકાન્ત ઓચ્છવલાલ ધારીઆ,<br>રસિક ઓચ્છવલાલ પરીખ, પ્રદીપ કાંતિલાલ મોદી |
| ૧૯૬૩ | રજનીકાન્ત કડકીઆ | — | રસિક ચંદુલાલ પરીખ, પ્રદીપ કાંતિલાલ મોદી,<br>જશવંત કોદરલાલ પરીખ, રસિક મોજીલાલ ગાંધી |
| ૧૯૬૪ | રસિક પરીખ | પ્રદીપ મોદી | મોહનલાલ ચુનીલાલ પરીખ, સુરેશ આચાર્ય |
| ૧૯૬૫ | પ્રદીપ મોદી | —- | દિલીપ પરીખ, જશવંત કો. પરીખ,<br>સતીશ ભીખાલાલ પરીખ, નિરંજન પરીખ |
| ૧૯૬૬ | પ્રદીપ મોદી | રજનીકાન્ત કડકીઆ | જયંતીભાઈ કડકીઆ (મરઘા), દિલીપ પરીખ,<br>જશવંત પરીખ, સતીશ પરીખ |
| ૧૯૬૭<br>(એપ્રીલ સુધી) | પ્રદીપ મોદી | રજની કડકીઆ | જયંતી કડકીઆ |
| ૧૯૬૭ | જયંતીભાઈ કડકીઆ (મરઘા) | જશવંત ન. ત્રિવેદી | —- |
| ૧૯૬૮<br>(માર્ચ સુધી) | જયંતીભાઈ કડકીઆ (મરઘા) | જશવંત ન. ત્રિવેદી | —- |
| ૧૯૬૮<br>૧૯૬૯ (માર્ચ સુધી) | પ્રવીણ લ. પરીખ | શશીકાન્ત પરીખ | —- |
| ૧૯૬૯ થી<br>૧૯૭૧ | રજની કડકીઆ | જયંતી કડકીઆ | —- |

| | | | |
|---|---|---|---|
| ૧૯૭૨થી ૧૯૭૩ (માર્ચ સુધી) | કિરીટ પરીખ | રસિક પરીખ | —- |
| ૧૯૭૩ થી ૧૯૭૫ | પ્રદીપ મોદી (એપ્રિલ સુધી) | નિરંજન પરીખ | —- |
| ૧૯૭૫ થી ૧૯૭૬ | પ્રદીપ મોદી (એપ્રિલ સુધી) | – | નિરંજન પરીખ, જયંતી કડકીઆ, પંકજ શાહ |
| ૧૯૭૬ | પ્રદીપ મોદી (માર્ચ સુધી) | પંકજ શાહ | જયંતી કડકીઆ |
| ૧૯૭૭ | પંકજ શાહ | —– | મુકેશ ગાંધી, ઊર્વીશ મોદી, |
| ૧૯૭૮ થી ૧૯૮૦ | પંકજ શાહ | —- | મુકેશ ગાંધી, ઊર્વીશ મોદી, અતુલ દેસાઈ |
| ૧૯૮૧ | પંકજ શાહ | ઊર્વીશ મોદી | સંજય ગાંધી |
| ૧૯૮૨ | પંકજ શાહ (મે સુધી) | —- | —- |
| ૧૯૮૨ ૧૯૮૪ | ઊર્વીશ મોદી (જૂન) થી | વ્રજેશ દેસાઈ | નિલેશ કડકીઆ |
| ૧૯૮૫ થી ૧૯૮૬ | ઊર્વીશ મોદી | વ્રજેશ દેસાઈ | નિખિલ પરીખ |
| ૧૯૮૭ | ઊર્વીશ મોદી | વ્રજેશ દેસાઈ | નિખિલ પરીખ, કીરતનલાલ આર. કડકીઆ |
| ૧૯૮૮ થી ૧૯૯૩ | નિખિલ પરીખ | વ્રજેશ દેસાઈ | સુનીલ કડકીઆ |
| ૧૯૯૪ | નિખિલ પરીખ | વ્રજેશ દેસાઈ | સુનીલ કડકીઆ, સંજય શાહ, દેવાંગ પરીખ |
| ૧૯૯૫ | નિખિલ પરીખ | વ્રજેશ દેસાઈ | સુનીલ કડકીઆ, પંકજ શાહ |
| ૧૯૯૬ | નિખિલ પરીખ | વ્રજેશ દેસાઈ | સુનીલ કડકીઆ |
| ૧૯૯૭ | નિખિલ પરીખ | વ્રજેશ દેસાઈ<br>સુનીલ કડકીઆ | રીટા ગાંધી, પ્રીતી ધારીઆ<br>પ્રીતી પરીખ |
| ૧૯૯૮ | નિખિલ પરીખ | સુનીલ કડકીઆ | રીટા ગાંધી, જતીન દેસાઈ |
| ૧૯૯૯ | નિખિલ પરીખ | સુનીલ કડકીઆ | જતીન દેસાઈ, રીટા ગાંધી |
| ૨૦૦૦ | નિખિલ પરીખ | જતીન દેસાઈ | ચેતન મોદી, રીટા ગાંધી |
| ૨૦૦૧ થી ૨૦૦૭ | નિખિલ પરીખ | જતીન દેસાઈ | ચેતન મોદી, રીટા ગાંધી, નિકેશ ગાંધી |

# જ્યોતિપુંજને મળેલ શુભેચ્છા સંદેશાઓ

ભાઈશ્રી નિખીલ

તા.૩.૬.૦૭ના રોજ આપ સૌ જ્યોતિપુંજની સુર્વણ જયંતિ ઉજવી રહ્યા છો, જાણી ખૂબ આંનદ સાથે ગૌરવ અનુભવી રહ્યો છું.

જ્યોતિપુંજ દ્વારા બાલાસિનોરના સમાજની અમુલ્ય સેવા થઈ રહી છે. ખાસ કરીને આપણા સમાજની વિવિધ પ્રવૃત્તિઓ કરતી આપણી સામાજીક સંસ્થાઓના કાર્યોને લોકો સુધી પહોંચાડવાની.

અનેક સાહિત્યપ્રેમી અને સર્જનાત્મક આદર્શોવાળા તંત્રીઓએ - કાર્યકર્તાઓએ ખુબ પરિશ્રમથી જ્યોતિપુંજનો ઉછેર કર્યો છે. જ્યોતિપુંજને સૌએ પોતીકું બનાવ્યું છે.

૫૦ વર્ષની ઉજવણી રૂપે પ્રગટ થનાર સ્મરણિકાને હું મારા અંતરની શુભેચ્છા પાઠવું છું.

***- રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ***

✣ ✣ ✣ ✣ ✣

૧૯૫૦માં સ્થાપાયેલી સંસ્થા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ અનેક વિવિધ લોકપયોગી પ્રવૃત્તિ કરી રહ્યુ છે. સંસ્થાના સ્થાપનાને ૭ મેં વર્ષે જ્યોતિપુંજનું પ્રકાશન શરૂ થયું. આજે જ્યોતિપુંજની સ્થાપનાને ૫૦ વર્ષ થાય છે. જ્યોતિપુંજ દ્વારા લોકોને અનેક માહિતી પુરી પાડવામાં આવે છે. સંસ્થાની અનેક વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કરવાના તેમજ ગામની નાની મોટી બધી સંસ્થાની પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવે છે. નાના-મોટા લેખો, કવિતા, તંત્રીલેખો નગર નોંધ વિગેરે માહિતીથી વાકેફ કરવામાં આવે છે.

જ્યોતિપુંજની સ્થાપનાથી અત્યાર સુધીના બધા તંત્રીઓ એ દિલ દઈને પોતાની ફરજ બજાવી છે. તેઓને મારા હાર્દિક અભિનંદન. સંસ્થાના સૌ નાના મોટા કાર્યકર્તાઓને પણ મારા હાર્દિક અભિનંદન.

***- મોહનભાઈ પરીખ***

✣ ✣ ✣ ✣ ✣

મંત્રી શ્રી / તંત્રીશ્રી

સંઘ પ્રકાશિત'' જયોતિ પુંજ '' તેના ૫૦ વર્ષની મંજીલ પુરી કરી ૫૧ વર્ષમાં પ્રવેશ કરી તેની ઉજવણી કરે છે જાણી આનંદ થયો. તેની કારર્કીદી દરમ્યાન તેને બાલાસિનોરની જનતાની સામાજીક તથા સાંસ્કૃતિક ક્ષેત્રે સારી સેવા કરી છે અને કરી રહી છે. અને નવા લેખકોને પ્રોત્સાહન આપ્યુ છે. તેની કૃતિઓ પ્રસંશાપાત્ર છે ખાસ કરી પ્રથમ પાના ઉપરના ''તંત્રી સ્થાનેથી'' ના વિવિધ વિષયો ઉપરના તેમના આધુનિક વિચારો હૃદયને સ્પર્શી જાય તેવા હોય છે.

આશા રાખુ છું ''જયોતિપુજ' પ્રગતી કરતું રહે અને આજે જેમ સૂવર્ણજયંતિ ઉજવી રહ્યું છે તેમ હીરક મહોત્સવ તથા શતાબ્દી ઉજવે. સહુ કાર્યકર્તાને અભિનંદન અને શુભેચ્છા.

***- નટવરલાલ મ.કડડીયા (લટકારી)***

✣ ✣ ✣ ✣ ✣

**તંત્રી શ્રી,**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત જ્યોતિપુંજના પ્રકાશનની આજે સુવર્ણજયંતીના મંગળ અવસરે મારા તરફથી હાર્દિક શુભેચ્છા. જ્યોતિપુંજમાં પ્રકાશિત થતા વિવિધ વિષયના લેખો અને કાવ્યો ઉપરાંત વિવિધ સંસ્થાઓના સમાચારોનું વિશેષ આકર્ષણ રહે છે. એ દૃષ્ટિએ સમગ્ર સમાજ માટે જ્યોતિપુંજ અનિવાર્ય બની ગયું છે. જ્યોતિપુંજમાં અપાતા તંત્રીલેખો, એ આપણા સમાજનું પ્રતિબિંબ પાડે છે. રિવાજો, કુરિવાજો, માન્યતાઓ, જીવનમાં ઉદ્ભવતા ઘર્ષણો વગેરે વિષયોમાં સચોટ અને સત્યથી પર નહીં, એવા સુંદર તંત્રીલેખોનું સમયસર પ્રકાશન કરીને, સમાજનું તે દિશામાં ધ્યાન દોરવામાં આવે છે તે ખરેખર પ્રશંસનીય છે. ઉપરાંત સમય સાથે કદમ મિલાવીને, દેશ-વિદેશમાં વસતા આપણા ભાઈ-બહેનો ઈન્ટરનેટ પર પણ જ્યોતિપુંજ દ્વારા આપણા સમાજના સતત સંપર્કમાં રહી શકે છે એ ખરેખર ખૂબ જ આવકારદાયક છે.

અંતમાં ફરી એક વાર જ્યોતિપુંજ ઉત્તરોત્તર પ્રગતિ પામે એવી શુભેચ્છા વ્યક્ત કરું છું.

***- રસિક મોદી (દેવ)***

❖ ❖ ❖ ❖ ❖

તંત્રી શ્રી નિખિલભાઈ,

આ વરસે બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા પ્રકાશિત માસિક 'જ્યોતિપુંજ'ની સુવર્ણ જયંતિ પ્રસંગે હું હર્ષની લાગણી અનુભવું છું. માસિકમાં આવતા લેખો, વાડાસિનોરની સંસ્થાઓના તથા ગામના સમાચાર વિગેરેથી માહિતગાર થવાનું અને જ્ઞાતિજનોને સંઘઠીત રાખવાનું શ્રેય 'જ્યોતિપુંજ' દ્વારા સધાય છે. દરેક માસની પંદરમી તારીખે મળતા સદરહુ માસિકની રાહ જોવાનો એક અનેરો આનંદ છે.

આપના તથા આપના સહકાર્યકરોના કુશળ વહીવટ વડે 'જ્યોતિપુંજ' ઉત્તરોત્તર પ્રગતિ કરે એ જ પ્રભુ પાસે પ્રાર્થના.

***- નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)***

❖ ❖ ❖ ❖ ❖

પ્રિય ભાઈ નિખિલ,

'જ્યોતિપુંજ' પચાસ વર્ષ પૂરા કરી એકાવન વર્ષમાં પ્રવેશી રહ્યું છે ત્યારે મારી હાર્દિક શુભેચ્છાઓ તમને સૌને, તંત્રી - તંત્રીમંડળ અને પ્રકાશન સંસ્થા આપણું બાલાસિનોર નવયુવક સંઘ, જેના નેજા હેઠળ છેલ્લા પચાસ વર્ષથી આ પત્ર એકધારૂં , સતત અને અખંડિત પ્રગટ થઈ રહ્યું છે, આ બધાજ અભિનંદનના અધિકારી છે.

કોઈપણ માસિક પત્ર આટલા લાંબા સમય સુધી પ્રકાશિત થયા કરે, તે આશ્ચર્યકારક ઘટના છે. કેવળ સમાજસેવાના હેતુથી અને સંઘની પ્રવૃતિઓના વ્યાપક પ્રચાર-પ્રસાર માટે આ પત્ર આપણા મુંબઈવાસી અને અન્યત્ર વસતા નાગરિકો, સભ્યો-શુભેચ્છકો વચ્ચે એક સેતુનું માધ્યમ બની રહ્યું છે.

એમાં આવતા પ્રકીર્ણ વિભાગના ન્યૂઝ, લગ્ન વિષયક માહિતી અને અવસાન નોંધ વગેરે દ્વારા તમે સમાજોપયોગી ઉત્કૃષ્ટ કામગીરી બજાવી રહ્યા છો. અલબત્ત આપણા નવોદિત અને જાણીતા લેખકોની સર્જનશક્તિની અભિવ્યક્તિ માટેનું પ્લેટફોર્મ પણ આ પત્ર દ્વારા પૂરુ પાડી રહ્યા છો.

આપણી આ પ્રવૃતિ દીર્ઘકાળપર્યંત નિરંતર ચાલતી રહે એવી આ અવસરે શુભકામના મંડળને અને તમને સૌને ધન્યવાદ

***સસ્નેહ આપનો - નવનીતલાલ ધારીઆ (માટલી) પ્રમુખ–શ્રી બાલાસિનોર કેળવણી મંડળ***

❖ ❖ ❖ ❖ ❖

# જ્યોતિપુંજ

જ્યોતિપુંજની ૫૦ વર્ષની વણથંભી સફર માટે કોટી કોટી અભિનંદન. અવિરતપણે દર મહિનાની ૧૫મી તારીખે પ્રકાશિત થતા જ્યોતિપુંજમાં અનેક વિધ સમાચારો તથા લેખો વિગેરેની સામગ્રી પીરસવામાં આવે છે. જેમાં તંત્રીઓનો ફાળો ઘણો જ મોટો હોય છે. નાનું પણ સ્વતંત્ર રીતે ૫૦ વર્ષની મજલ કાપવામાં અનેક ચઢ ઉતર આવ્યા હશે છતાં પણ નિર્વિઘ્ને નીયમિત પ્રકાશન માટે પુનઃ અભિનંદન. લક્ષ્મી અને સરસ્વતિને વરેલા આપણાં સમાજના ભાઈ બહેનો માહિતી સભર વધુ લેખો આપી જ્યોતિપુંજને સમૃધ્ધ કરે તેવી અપેક્ષા સાથે નીચેની ચાર પંકિતઓ દ્વારા મારો સંદેશ પૂર્ણ કરું છું.

***મોટાં નાનાં વધુ મોટામાં, નાનાં પણ મોટાં***
***વ્યોમ દીપ રવિ નભ બિંદુ, તો ઘર દીવડા શું ખોટા ?***

***લી. પ્રવિણ કે. શાહ (પી.કે.)***

✣ ✣ ✣ ✣ ✣

શ્રી નિખિલભાઈ

''જયોતિપુંજ '' ના ૫૦ વર્ષની ઉજવણી તેમ જ સોવિનીયરનું વિમોચન તા. ૦૩-૦૬-૨૦૦૭ ના રોજ કરવામાં આવે છે. તે જાણી હર્ષ અનુભવું છું. પચાસ વરસની મંજીલ કાપવી તે નાનીસુની વાત નથી, બાહોશ અને સેવાભાવી કાર્યકરોના નેજા હેઠળ જયોતિપુંજ નો બહોળો ફેલાવો થયો તે સારી વાત છે, બાલાસિનોર, મુંબઈ કે પરદેશ અમેરીકા હોય તે દરેક સ્થળે રહેતા વાડાસિનોરવાસી આપના જયોતિપુંજ ની પંદરમી તારીખની રાહ જોતા હોય છે. તેમાં દરેક સંસ્થાકીય સમાચારો ધાર્મિક લેખો તથા દરેક ક્ષેત્રનાં સમાચારોથી વાકેફ કરો છો તે પ્રસંશનીય બાબત છે.

વર્તમાન સમયમાં શ્રી નિખિલભાઈ પરીખે તંત્રી તરીકે ધુરા સંભાળી છે, તેમના નેતૃત્વમાં જયોતિપુંજ ખૂબ ફાલે અને સેવાકીય પ્રવૃતિઓ આદરે એજ પ્રભુના ચરણોમાં અભ્યર્થના

***લી. રસિકભાઈ આર. કડકીયા (આર.આર )***

✣ ✣ ✣ ✣ ✣

તંત્રીશ્રી

જ્યોતિપુંજ તેના સફળ જીવનકાળના ૫૦ વર્ષ પુરા કરે છે. તે જાણી અંત્યત આનંદ થયો. આ પ્રસંગે અમારા અભિનંદન પાઠવું છું. જ્યોતિપુંજ ઉત્તરોતર પ્રગતિ કરતું રહે તેવી અમારી હાર્દિક શુભકામના પાઠવીએ છીએ.

***- મણીકાન્ત સી. કડકીયા - ચેરમેન (બાલાસિનોર નાગરીક બેન્ક વતી)***

✣ ✣ ✣ ✣ ✣

The Editor,

I would like to congratulate Balasinor Nav Yuvak Sangh on the completion of 50 glorious years of publication of **Jyoti Punj.**

From the humble beginning **Jyoti Punj** has become a worthy magazine eagerly awaited every month by our regular readers.

It has indeed been a source of up to date information about events and activities of Balasinorians anywhere in the world.

The editor and the entire team have done a wonderful job year after year.
The editorial and articles on various social issue have always been very interesting to read.
I wish the **Jyoti Punj** team all the best and continued success in the years to come.

***- Pravin O. Desai (Dedki)***

✣ ✣ ✣ ✣ ✣

Shri Nikhil Parikh

I wish many happy returns of the day on the 50 th birthday of "Jyoti Punj" published by Balasinor Navyuvak Sangh Mumbai.

Of the various activities of Shri Balasinor Navyuvak Sangh, Publication of "Jyoti Punj" is the most interesting and educative.

It is an organ through which the Dasha Nima Vanik Bandhus of Balasinor now living in Mumbai express their feelings, impressions of the various aspects of life - both light and serious.

There is room for several kinds of writings. The field of choice is fairly wide. The magazine contains essays, poems, reports of activities and in some cases, usefully learned articles. In short, it offers intersting reading material.

So on the 50 th birthday of "Jyoti Punj" I extend all my good wishes to team.

Good Magazine like this cannot be a short-lived publication. It is a valuable piece of enriching experience.

***- Shailendra Bhatt - (principal) - Arts & Com. College, Balasinor.***

✣ ✣ ✣ ✣ ✣

તંત્રીશ્રી,

જ્યોતિપુંજ ને પચાસ વર્ષ પૂરા થયાં વાંચી આનંદ.

અર્ધશતાબ્દિએ પહોંચેલા મુખપત્રને મારા અભિનંદન.

વર્ષોને જતાં વાર નથી લાગતી - એ પ્રમાણે એક નાનકડો વિચાર આજે એક મહાન સંસ્થાના સ્વરૂપે મૂર્તિમંત થયો છે.

જીવો અને જીવવા દો એ ભાવનાના મૂળમાં સંસ્થા શોભે છે.

સંસ્થાને ટકાવી રાખવા માટે વિચારોને વ્યક્ત કરવા માધ્યમની જરૂર પડે છે અનેતે પ્રમાણે જયોતિ પુંજનો વિકાસ થયો છે. આજે તો તે પ્રૌઢ બની ગયું છે. તેના દ્વારા અનેક સંસ્થાઓનો વિકાસ થયો છે. તેમજ નવોદિત કલાકારો, લેખકો તેમજ વિવિધ ક્ષેત્રે સહુને લાભ અને પ્રોત્સાહન મળ્યા છે.

જ્યોતિપુંજ શરૂ થયું ત્યારે કોઈને કલ્પના પણ ન હતી કે તે વેબ સાઈટ ઉપર દેશ-વિદેશમાં પણ પથરાઈ જશે. વિદેશમાં વસતા બાલાસિનોરનિવાસીઓને તેની મહત્તા ખૂબ હોય તે સ્વાભાવિક છે. પોતાના વતન અને સ્વજનોની માહિતી આ માધ્યમ દ્વારા જાણી શકે છે.

વર્ષો પહેલાં પ્રભાત ત્યારબાદ ભાવના એવા માસિકો બાલાસિનોરના યુવા વર્ગે શરૂ કરેલાં પરતું ખીલેલા પુષ્પની માફક તે ખરી પડયાં જ્યારે કમલ પુષ્પની માફક આજે સંસ્થાના સહારે જ્યોતિપુંજ સદા વિકસિત છે.

લોકો જ્યારે જન્મ દિવસની ઉજવણી કરે છે ત્યારે જેટલાં વર્ષો તેટલી મિણ બત્તીઓ સળગાવે છે અને ફૂંક મારી હોલવી નાખે

છે, પરંતુ આપણી સંસ્કૃતિ જે દિપક સળગાવે છે તેને ફૂંક મારીને હોલવતા નથી કારણ કે દિપક એ દેવનું પ્રતિક છે. અરમાન અને આશા સાથે પ્રગટાવેલ જ્યોતિપુંજમાં દર વર્ષે એક વાટ ઉમેરાતી જાય છે અને તેથી તે વધારે પ્રકાશમાન બને છે.

એકી સાથે પચાસ વાટથી સળગતો દિપક કે આરતી ભવ્ય લાગે છે, અને આલ્હાદિત બને છે.

''જ્યોતિપુંજ'' ભલે સંસ્થાનું મુખપત્ર રહે છતાં દેશ-વિદેશે તે લાડકુ બની રહ્યું હશે તેની મને ખાત્રી છે. તેની ગરિમા જળવાય અને તે સો સો વાટથી પ્રકાશમાન બનો એ શુભેચ્છા સહ.

## ચિરાયુ હો

જ્યોતિ પુંજનો પ્રકાશ, નાનકડા કોડીયામાં નાનીશી વાટ,
સહુના સહકાર સાથે પ્રગટાવી આશ, ધાર્યું નહોતુ કે? એ બનશે વિરાટ,
પથરાશે દૂર દૂર એનો વિસ્તાર. ઓળંગી જાશે જે સમુંદરની પાર!
આતુર બનીને સહુ જુવે છે વાટ, આવે ક્યારે? જ્યોતિ પુંજ ની ટપાલ,
વિકસિત હો સહુએ એ શ્રધ્ધાની સાથ, હસતો તિમિર ''જ્યોતિ પુંજ'' નો પ્રકાશ,
એક એક વર્ષ તણી એક એક વાટ, આજે પચાસવાટ સળગે, પ્રકાશ -
રહો પથરાતો દૂર દૂર દરિયાની પાર, બનો - શતદલ એ વાટને, ચિર હો પ્રકાશ
જ્યોતિપુંજને પચાસ વર્ષ પૂરાં થયાં તેની શુભેચ્છા ''જ્યોતિ પુંજ ના કોડીયામાંથી સો વાટનો પ્રકાશ પથરાય એ શુભેચ્છા.''

***- કાંતિલાલ વી. શાહ***

✣ ✣ ✣ ✣ ✣

બાલાસિનોર સમાજ અને તેના પ્રગતિ માટે કાર્યરત અનેકવિધ સંસ્થાઓને એક સુત્રે જોડતાં જ્યોતિપુંજે સમાજને એકત્રિત રાખવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ખાસ કરીને વતનથી દુર પરદેશ વસતાં મારા જેવાંઓ માટે, જે વતનનાં સમાચાર પીરસી અમારો બાલાસિનોર સાથેનો નાતો અકબંધ રાખે છે. પરદેશમાં વસતી આપણી આવતી પેઢી, આપણાં મુળ સાથે સંબંધ કાયમ રાખી શકે તે માટે હજુ અનેકો વર્ષ કાર્યરત રહી સદીની ઉજવણી કરે આજ કામના.

***- નિલેશ કડકિઆ - (બાલાસિનોર એસોશિએસન ઓફ અમેરીકા વતી)***

✣ ✣ ✣ ✣ ✣

પ્રમુખશ્રી

સહુ જ્ઞાતિજનોના પ્રિય 'જ્યોતિપુંજ'ની પાંચ દાયકાની સફળ અને લોકપ્રિય સફર બદલ હાર્દિક અભિનંદન.

ગુજરાતી ભાષાનું મહત્વ આજના આધુનિક યુગમાં નહિંવત જેવું રહ્યું છે. તેવા સમયે અને એ પણ સંસ્થાકિય પત્રકારત્વમાં ૫૦ વર્ષની મંઝીલ સફળતાપૂર્વક પૂર્ણ કરવી એ સંસ્થાના કાર્યકરોના સંનિષ્ઠ પ્રયાસોને કારણે જ શક્ય બન્યું છે.

જ્યોતિપુંજના હાલના તંત્રી શ્રી નિખિલભાઈ પરિખે આ સામાયિકનું સફળ સંચાલન છેલ્લા ૨૦ વર્ષથી કર્યું છે. એ પણ એક અનેરી સિધ્ધી છે. જે તેમના મિતભાષી સ્વભાવને કારણે જ શક્ય બન્યું છે.

સંસ્થાના સામાયિકના તંત્રીપદે ૨૦ વર્ષની સેવા એ ખરેખર તેમની લોકપ્રિયતાનો પુરાવો છે અને આજે ૫૦ વર્ષની ઉજવણીમાં એમનો અને સાથીઓનો એમને મળેલ સાથ સહકાર પ્રશંસનિય છે.

હિરક મહોત્સવ તરફ 'જ્યોતિપુંજ' આગેકૂચ કરી સફળતાને વરે એવી શુભેચ્છા સહ.

***- તુષાર ગણાત્રા ('લોહાણા હિતેચ્છુ' પ્રીન્ટીંગ પ્રેસ)***

✣ ✣ ✣ ✣ ✣

## જ્યોતિપુંજને કોટી... કોટી... પ્રણામ...

૫૦ વર્ષો પૂર્વે એક શુભ ઘડીએ જ્યોતિપુંજની સ્થાપના થઈ. સમયના વહેણની સાથે... અને પ્રગતિની પગદંડીએ જ્યોતિપુંજ પોતાની મજલ કાપતું રહ્યું. જેમ સમય વહેતો ચાલ્યો તેમ, આપણા સૌના દિલમાં જ્યોતિપુંજ માટેની ચાહત, પ્રેમ અને આદરમાં ભરતી આવતી જ રહી. જ્યોતિપુંજે આજે સમાજમાં પોતાનો એક ચોક્કસ મુકામ બનાવ્યો છે. હકીકતમાં જ્યોતિપુંજ સમાજ માટે એક અનિવાર્ય અંગ છે.

જ્યોતિપુંજ શ્રી બા.ન.યુ. સંઘનું મુખપત્ર જરૂર છે, પણ સાથે-સાથે આપણી તમામ સંસ્થાઓનો એક સરખો જ અધિકાર એના ઉપર રહ્યો છે. અને જ્યોતિપુંજે પણ ક્યારેય મા ના મમત્વ અને માસીના દુલાર વચ્ચે કોઈ ફરક કદી અનુભવ્યો નથી.

જ્યોતિપુંજની માલિકી ભલે શ્રી બા.ન.યુ. સંઘની રહી હોય, પણ જ્યોતિપુંજના દરેક સભ્ય માટે એ હંમેશ પોતીકું રહ્યું છે.

સમય, સંજોગો અને પ્રસંગને અનુરૂપ જ્યોતિપુંજમાં લખાતા તંત્રીલેખો સમાજ માટે એક દીવાદાંડી સમાન છે.

રોજ સવારે સૂરજદેવતાના કિરણો નિમયમિતપણે સમગ્ર સંસારમાં પ્રકાશ ફેલાવે છે. તેવી જ રીતે દર મહિનાની પંદરમી તારીખે નિયમિત પ્રગટ થતું જ્યોતિપુંજ સંઘની તમામ પ્રવૃત્તિઓના ઓજસ ઘેર ઘેર રેલાવે છે.

જ્યોતિપુંજમાં છપાતા લેખો, કવિતાઓ, પ્રવાસ, પર્યટનના સંસ્મરણો સમાજની લેખન પ્રતિભાનો ચિતાર આપે છે. પ્રકીર્ણ વિભાગ થકી સમાજના સભ્યોની જરૂરી માહિતીથી આપણે સૌ પરીચિત રહીએ છીએ...

આવા આપણા સૌના પ્યારા જ્યોતિપુંજના ૫૦ વર્ષની ઉજવણીમાં સહભાગી બનવા આપણે બધા ભાગ્યશાળી બન્યા છીએ..... સરકતી જતી ક્ષણોને પકડી શકાતી નથી પણ એની દિવ્ય યાદોને આપણે સોવિનીયરરૂપે કેદ કરવા પ્રયત્ન કરીએ છીએ.

આ ઉમદા ક્ષણે જ્યોતિપુંજની શરૂઆતના વર્ષોથી લઈ ઉત્સવની આ ઘડી સુધી જ્યોતિપુંજના વિકાસ અને પ્રગતિમાં પરોક્ષ યા પ્રત્યક્ષ રીતે ભાગીદાર બનનાર તમામ લોકો અભિનંદનના હક્કદાર છે.

ઈશ્વરની કૃપા વરસતી રહે... જ્યોતિપુંજ ઉત્તરોત્તર પ્રગતિ પામતુ રહે.... સમાજમાં સુગંધ ફેલાવતુ રહે એજ અભ્યર્થના.

***- અસીત ર. દેસાઈ - પ્રમુખ બા.ન.યુ.સંઘ***

✣ ✣ ✣ ✣ ✣

આપણા સમાજના મુખપત્ર જ્યોતિપુંજની આજે સુવર્ણજયંતી ઊજવણી નિમિત્તે આપણે સહુ અત્રે એકત્રિત થયા છીએ, એ આપણા માટે આનંદની સાથે ગૌરવ લેવી જેવી ઘટના પણ છે.

આજથી ૫૦ વર્ષ પૂર્વે જ્યોતિપુંજનો અંક પ્રકાશિત કરવામાં આવ્યો. આપણા સમાજના ઉત્તમ લેખકો અને કવિઓની ગર્ભિત શક્તિને પ્રકાશમાં લાવવાનો મુખ્ય ઉદ્દેશ જ્યોતિપુંજનો હતો. ઉપરાંત ઊગતી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા માટે જ્યોતિપુંજ સાહિત્યના વિશ્વમાં પદાર્પણ કરવાનું મુખ્ય પ્રવેશદ્વાર બની ગયું.

સમાજની સેવા કરવાની જે યુવાનોના હૃદયમાં તીવ્ર ભાવના હતી તેવા નવયુવાનોને શ્રી બા.ન.સંઘ નો મંચ મળ્યો અને જ્યોતિપુંજનું માધ્યમ.

# જ્યોતિપુંજ

સમાજની અનેકઅનેક વિવિધ પ્રવૃત્તિઓમાં જ્યોતિપુંજ અનોખું સ્થાન ધરાવે છે. આજ જ્યોતિપુંજના માધ્યમ દ્વારા સમાજની વિવિધ પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે. એના સચોટ લેખ દ્વારા સમાજના અનેક પ્રશ્નોને વાચા મળે છે. અનેક પ્રશ્નનોનું નિરાકરણ થયું છે. અનેક ઉગતા કલાકારોને પ્રોત્સાહન મળ્યું છે. વિશેષમાં પ્રકીર્ણ વિભાગ, જ્યોતિપુંજનું એક અભિન્ન અંગ છે. નીતનવાં બદલાતાં ટે.ને., સરનામા, રહેઠાણના કે વ્યવસાયના, શુભલગ્નોની યાદી, મૃત્યુનોંધ વિ. માહિતી ઘરે બેઠા મળી રહે છે.

શ્રી બા.ન.સંઘની સ્થાપના થયા બાદ અનેક સંસ્થાઓનો ઉદય થયો. સંઘના નેજા હેઠળ કેળવણી પામેલા કાર્યકરો આજે વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચ પદ શોભાવે છે. એ દૃષ્ટિએ શ્રી બા.ન.સંઘ માતૃસંસ્થા ગણી શકાય. દરેક મંડળોને સાંકળતી કડી એટલે જ્યોતિપુંજ. દરેક સંસ્થાઓના વિવિધ સમાચારો જ્યોતિપુંજમાં નિયમિતપણે પ્રકાશિત કરવામાં આવે છે.

આવા આપણા સહુના લાડીલા જ્યોતિપુંજને આ મુકામ સુધી પહોંચાડવામાં આપણા તંત્રીશ્રી, ભૂતપૂર્વ તંત્રીઓનો અમૂલ્ય ફાળો, એમનો સતત પરિશ્રમ અને એમની નિઃસ્વાર્થ સેવા ભાવના જ ગણી શકાય અને તેથી જ જ્યોતિપુંજને આ ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત થયું છે. અને તેથી જ આજનું આ સન્માન ઉચિત છે. ઉરાંત જ્યોતિપુંજમાં નિયમિતપણે જાહેરાત આપનારા શુભેચ્છકો અને ઉદારદિલ દાતાઓનો પણ આજની આ ઘડીએ હું હાર્દિક આભાર માનું છું.

*- પ્રદીપ કડકીઆ - મંત્રી બા.ન.સંઘ*

✣ ✣ ✣ ✣ ✣

મુખપત્ર ‘જ્યોતિપુંજ’ આજે સુવર્ણ મહોત્સવ ઉજવી રહ્યું છે. આ ઉજવણીનાં સંયોજક તરીકે હું અસીમ આનંદની લાગણી અનુભવું છું.

નવયુવક સંઘ અને જ્યોતિપુંજ બંન્ને સુવર્ણ મહોત્સવોની જવાબદારી મને સોંપવા બદલ હું, સંઘની કાર્યવાહક સમિતિનો ઋણી રહીશ.

‘જ્યોતિપુંજ’ના પ્રત્યેક વાંચકને આ અવસરની શુભેચ્છાઓ. ‘જ્યોતિપુંજ’ના આજી-માજી તંત્રીઓનો હું હૃદયપુર્વક આભાર માનું છું, તેઓની અથાગ મહેનત, લખાણો અને બાલાસિનોરની અન્ય સંસ્થાઓ સાથે સુમેળપુર્વકનાં સંયોજનને કારણે ‘જ્યોતિપુંજ’ આ શિખર સર કરી શક્યું છે. સમાજનાં વિચારોની સ્વતંત્રપણે અભિવ્યક્ત કરતું આપણા આ મુખપત્રની આપણો સમાજ માહ દર માહ આતુરતાપુર્વક રાહ જુએ છે, એવું અનેકોના મુખે સાંભળવા મળે છે, એજ ‘જ્યોતિપુંજ’ની લોકપ્રિયતા નો માપદંડ છે.

‘જ્યોતિપુંજ’ અને ‘નવયુવક સંઘ’ની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધતી રહે અને બન્નેનાં સો વર્ષની ઉજવણી આજ કરતાં ધામધુમથી ઉજવાય એ જ હૃદયપૂર્વક અભિલાષા.

*- જતીન દેસાઈ - સંયોજક જ્યોતિપુંજ સુવર્ણ જયંતિ ઉત્સવ*

✣ ✣ ✣ ✣ ✣

# મુખપત્ર ‘‘જ્યોતિપુંજ’’ના ૫૦ વર્ષ, એક સુખદ સફર

*✍ તંત્રી સ્થાનેથી*

દરેક સમાજના આચાર વિચારોના આંદોલનને ઝીલીને સમાજના લોકો સુધી પહોંચાડવાની ખાસ જરૂર હોય છે. પોતાના અને બીજાના વિચારો જાણીને મનોમંથન દ્વારા સમાજનો વિકાસ લોકો દ્વારા જ થતો રહે છે. સમાજના એક વર્ગના પ્રશ્નો, તેઓની સમસ્યા બીજા વર્ગો સુધી પહોંચાડી એ પ્રશ્નનોનું નિરાકરણ પણ પ્રશ્નોના આદાન પ્રદાન દ્વારા જ શક્ય હોય છે. સમાજને કંઈ આપવું હોય કે સમાજ દ્વારા કંઈક મેળવવું હોય તો પણ એને વાચા આપવાની જરૂર રહે છે. આવા ઘણા બધા મનોમંથનો પછી આપણા વડીલોએ આજથી ૫૦ વર્ષ પહેલાં સમાજનું મુખપત્ર શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. ગામની ત્રણ સંસ્થાઓ શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, સેવા સમાજ તથા કેળવણી મંડળ ત્યારે પ્રવૃત્ત હતી. જરૂર હતી લોકોના વિચારોને વાચા આપવાની. લોકોના મનની વાત જે મુખ સુધી આવીને અટકી જતી અને થોડાક લોકો સુધી પહોંચીને વિખરાઈ જતી એને વિશાળ સમુદાય સુધી પત્ર દ્વારા પહોંચાડવાની જવાબદારી શ્રી બાલાસિનોર નવયુવક સંઘે લીધી અને એમાંથી જન્મ થયો ‘જ્યોતિપુંજ’નો. બાલાસિનોરના સમાજનું મુખપત્ર જ્યોતિપુંજ આ નામ પણ ખુબ જ સુચક અને અર્થપુર્ણ રીતે રાખવામાં આવ્યું હતું. જ્ઞાનના પ્રકાશપુંજ દ્વારા સમાજના સુતેલા લોકોમાં જ્યોતિ, પ્રકાશ ફેલાવવાનું કામ હતું. સુરજના અંશ સમુ ‘‘જ્યોતિપુંજ’’ આજે ૫૦ વર્ષ પછી પણ સુર્યની જેમ પ્રકાશ પાથરતું રહે છે. આ પહેલાં ૧૯૫૪ થી ૧૯૫૬ સુધી જ્યોતિપુંજ વાર્ષિક અંક રૂપે પ્રકાશિત થતું હતું.

૫૦ વર્ષ પહેલાં આ પત્ર લોકો સુધી પહોંચાડવાનું દુષ્કર કાર્ય હતું. એક ચોપાનીયા માટે લોકો પૈસા ભરે અને એને આવકારે એ માટે પ્રયત્નો ખુબ જરૂરી હતાં. વડીલોએ એ શરૂઆતનું કાર્ય ખુબ મહેનતપુર્વક નિભાવ્યું અને ‘‘જ્યોતિપુંજ’’ ના પાયાને મજબુત કર્યું. લોકોના ઘરે ઘરે જઈને નવયુવક સંઘના મેમ્બરો બનાવી તેઓને ‘‘જ્યોતિપુંજ’’ આજીવન મફત આપવાનું ઠરાવવામાં આવ્યું. શરૂઆતમાં વડીલો ભેગા થઈને પોતાના હાથે એના સરનામાં લખતાં અને ‘ડી વોર્ડ’માં ઘેર ઘેર જઈને અને નાગદેવી તથા અન્ય બજારોમાં હાથો હાથ ‘‘જ્યોતિપુંજ’’ પહોંચાડતાં. પ્રથમ તંત્રી તરીકે જવાબદારી ઉપાડી ગુજરાતી સાહિત્યના સાક્ષર એવા પ્રવીણભાઈ દેસાઈએ. શરૂઆતના કપરા વર્ષોમાં તેઓએ ચાર વર્ષ આ જવાબદારી નિભાવી. તેઓનો સાહિત્ય પ્રેમ ‘‘જ્યોતિપુંજ’’ માટે લાભદાયક રહ્યો. સમાજના પ્રશ્નોની છણાવટો, લોકોની સમસ્યાની ચર્ચાઓ તો મુખપત્રમાં થતી જ. પરંતુ વાર્તાઓ, કવિતાઓ અને સુંદર લેખો દ્વારા જ્યોતિપુંજ લોકોમાં પ્રેમ પામતું રહ્યું, તે વખતના કેટલાંયે સાક્ષરોનો લાભ પણ જ્યોતિપુંજને મળ્યો અને એમ ‘‘જ્યોતિપુંજ’’ નિખરતું રહ્યું. ધીરે ધીરે એમાં બાળ વિભાગ, પ્રકીર્ણ વિભાગ, તેજસ્વી તારલાં જેવા વિભાગો ઉમેરાંતા ગયા. લોકોની સાહિત્ય ભુખ

સંતોષવા સાથે જ્યોતિપુંજ સમાજના લોકોની સફળતા પણ બિરદાવતું રહ્યું. લોકોની કલ્પનાશક્તિનો વિકાસ પણ સંઘ દ્વારા યોજાતી નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા દ્વારા થતો રહ્યો અને એનો લાભ ''જ્યોતિપુંજ'' ને મળતો રહ્યો. ઉત્તરોત્તર બાલાસિનોરની જરૂરીયાત મુજબ અન્ય સંસ્થાઓ ઉભી થતી રહી અને એના સમાચારો, દાન માટેની અપીલો એના સેવાભાવી દાતાઓને ''જ્યોતિપુંજ'' લોકો સુધી પહોંચાડતું રહ્યું અને આમ સાચા અર્થમાં ''જ્યોતિપુંજ'' બાલાસિનોરના આખા સમાજનું મુખપત્ર બન્યું. પ્રવીણભાઈ પછી આજના આપણા સૌના લાડીલા રજનીભાઈ કડકીઆ લટકારી (R.K.) એ છ વર્ષ ''જ્યોતિપુંજ'' ને પોતાની સેવા આપી. એક વર્ષ રસીકભાઈ પરીખ તાતીયા તંત્રી પદે નિમાયા ત્યારબાદ ''જ્યોતિપુંજ''ને એક પ્રખર વ્યક્તિત્વ મળ્યું. પ્રદીપભાઈ મોદી, જેણે અન્ય સામાજીક યોગદાન સાથે સાથે ''જ્યોતિપુંજ''ને છ વર્ષ સેવા આપી. બબલો બબલીની લેખમાળા દ્વારા લોકોના હૃદયમાં સ્થાન પામનાર જયંતિભાઈ કડકીઆએ એક વર્ષ તંત્રીપદ શોભાવ્યું. ત્યારબાદ એક વર્ષ પ્રવીણભાઈ પરીખ અને તેમના પછી સૌ પ્રથમ સહતંત્રી કીરીટભાઈ પરીખે (સરકાર) એક વર્ષ માટે ''જ્યોતિપુંજ'' ને પોતાની સેવા આપી. ૧૯૭૭માં ''જ્યોતિપુંજ''ને યુવાતંત્રી પંકજભાઈ શાહની સેવા મળી. તેમના છ વર્ષના કાર્યકાળ દરમ્યાન જ્યોતિપુંજે તેની ૨૫મી વર્ષગાંઠ ઉજવી. જેનું કાર્ય શેરો શાયરીના શોખીન મંગળભાઈ પરીખે ઉપાડયું. ૧૯૮૨માં ''જ્યોતિપુંજ''ને એક સાક્ષર સાહિત્ય પ્રેમી અને ખરા અર્થમાં કવિતા જીવી જાણતા તંત્રી મળ્યા ઉવીર્શભાઈ મોદી. સતત છ વર્ષ સુધી ''જ્યોતિપુંજ''ને તેઓની વાર્તાઓ, કવિતાઓ, પત્રો અને લેખો દ્વારા લોકપ્રિયતાનો લાભ મળતો ગયો. તેઓની પ્રેરણાથી ૧૯૮૮માં આ જવાબદારી મેં ઉપાડી છે. મારા પુરોગામી તંત્રીઓ અને વડીલો સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે અને તેઓ દ્વારા કંડારાયેલી કેડીને આગળ ધપાવવાનો પ્રામાણિક પ્રયત્ન કર્યો છે.

જ્યોતિપુંજે નાના મોટા નામી અનામી લેખકો, કવિઓ, શાયરીઓની કલ્પનાશક્તિને બિરદાવી સાક્ષર દેહ આપી લોકો સમક્ષ પહોંચાડીને વાંચક મિત્રોની સાહિત્યતૃષા સંતોષી છે. તંત્રી લેખો દ્વારા તટસ્થ રૂપે સમાજની સારી અને નરસી બાજુઓ, સમાજ સામે મુકી છે. જડ રિવાજો દ્વારા લોકોના થતા શોષણ કે કઠીનાઈઓને વાચા આપી છે. સમાજને હચમચાવતાં અનિષ્ટો, દુષણો સામે લાલ બત્તી ધરી છે. કોઈની પણ શેહશરમ કે ડર રાખ્યા વગર સમાજ ઉત્થાન માટેના પોતાના વિચારો તંત્રીઓએ રજુ કર્યા છે. સમાજમાં તથા દુનિયામાં સિધ્ધી-નામના મેળવનાર બાલાસિનોરવાસીઓને બિરદાવ્યા છે. સામાજીક કાર્યકરોની, દાતાઓની યોગ્ય કદર કરી છે. વતનનો નાતો પણ ''જ્યોતિપુંજ'' દ્વારા જ સમાજે સાચવી રાખ્યો છે. વિજ્ઞાન દ્વારા આગળ વધતી દુનિયાની સાથે કદમ મીલાવતાં ''જ્યોતિપુંજ''ને ઈ-જ્યોતિપુંજનું સ્વરૂપ આપીને બાલાસિનોર નવયુવક સંઘની વેબસાઈટ ઉપર દર મહિને પ્રકાશિત કરીએ છીએ. જેનો યશ સુનીલભાઈ કડકીઆ તથા અમીતભાઈ પારેખને જાય છે. આમ વિદેશ સ્થાયી થયેલા લોકોનો વતન સાથેનો નાતો અમે જાળવી રાખવા પ્રયત્નો કર્યા છે.

''જ્યોતિપુંજ''ની ૫૦ વર્ષની સફરમાં લોકોનો ખુબ ખુબ પ્રેમ આ મુખપત્રને મળ્યો છે. જાહેરખબરો દ્વારા લોકોએ ''જ્યોતિપુંજ''ને આર્થિક ટેકો આપ્યો છે. નવયુવક સંઘે પણ ''જ્યોતિપુંજ''ના નીડર તંત્રીઓનો સાથ નિભાવ્યો છે. ''જ્યોતિપુંજ''ના મુદ્રણ માટે સાથ આપનાર કેટલાંયે પ્રેસના સંચાલકો પણ ''જ્યોતિપુંજ''ની આ સફરમાં આપણા ભાગીદાર છે. આ સૌનો ''જ્યોતિપુંજ'' દ્વારા હું ઋણ સ્વીકાર કરું છું.

''જ્યોતિપુંજ''ના ૫૦ વર્ષના અંકોમાં ડુબકી મારીએ તો કેટલીયે ઉત્તમ કૃતિઓ રૂપી મોતી મળે. પ્રથમ ૨૫ વર્ષની કૃતિઓ રજત જયંતિ પ્રસંગે પ્રકાશિત સ્મરણિકામાં સમાયા હતાં. એથી છેલ્લા ૨૫ વર્ષના ચુંટેલા પુષ્પો આ સ્મરણિકા દ્વારા આપ સૌની સમક્ષ રજુ કરીએ છીએ. આ ચિરકાળ યાદ રહે એવા લેખો, વાર્તાઓ અને કૃતિઓ આપ વાંચીને સાચવી રાખશો એવી આશા છે.

અને અંતમાં છેલ્લા ૫૦ વર્ષમાં ''જ્યોતિપુંજ'' દ્વારા કોઈની લાગણી દુભાઈ હોય, અને અમે આપની અપેક્ષાએ ઉણાં ઉતર્યાં હોઈએ કે અમારી કોઈ ભુલ થઈ હોય તો દરગુજર કરશો એવી સૌ વાંચક મિત્રોને પ્રાર્થના.

આપ સૌના પ્રેમ અને સહકારથી આગામી વર્ષોમાં પણ ''જ્યોતિપુંજ''ની રોશની ઝળહળતી રહે અને સમાજમાં જ્ઞાનરૂપી જ્યોતિ ફેલાતી રહે એવી મા સરસ્વતીને પ્રાર્થના.

*- નિખિલ બાબુલાલ પરીખ*

## ''જ્યોતિપુંજ'' શું છે?

એક જ્યોતિ છે — જીવનમાં જ્યોત પ્રગટાવવાની
એક વિચાર છે. — કંઈક કરી બતાવવાનો
એક સંબંધ છે — વાંચકો સાથે જોડાવાનો
એક ઉપહાર છે — સુંદર પ્રકૃતિનો
એક સંગમ છે — સંસ્કાર અને સંસ્કૃતિનો
એક આંદોલન છે — સારા સુંદર વિચારોના સંચયનો
એક વિશ્વાસ છે — લેખક અને વાંચકનો
એક અહેસાસ છે — કસોટીમાં પાર ઉતરવાનો
એક પ્રકાશ છે — અંધકારને દુર કરવાનો
એક વિચાર છે — આપણી પ્રગતિશીલતાનો
એક આલોચક છે — આપણી જુની પુરાણી માન્યતાઓનો
એક પ્રયાસ છે — જીવનમાં ભાષા જીવંત રાખવાનો
એક નામ છે — બેનામો માટે નામ કમાવવાનો

***જ્યોતિપુંજ હતું, છે અને હંમેશા રહેશે***
***જો પ્રેમ આપનો આમ જ મળે તો***

*- સરલાબેન સતીષભાઈ મોદી*

---

## જીંદગીને માણી લઉં છું

શબ્દે શબ્દે બદલાતો જાય છે માનવ
એટલે જ માનવે માનવે શબ્દ ગોતી લઉં છું
નથી વિશ્વાસ તુજ પર અને જગત પર
એટલે જ આભ વિશ્વાસને સંભાળી લઉં છું
સંબંધોનાં મધુકોષમાં નથી મીઠાશ હવે
એટલે જ કડવાશની આદત અપનાવી લઉં છું
દહેશત છે વીતેલી પળો ઘડીમાં ભૂલાઈ જશે
એટલે જ તેને શબ્દોની સંદુકમાં છુપાવી દઉં છું
પાપ પુણ્ય કર્મોનો હિસાબ માંડયો નથી
એટલે જ કરેલાં કર્મોની માફી માંગી લઉ છું
ઓઢી કફન અરમાનનું સદાય પોઢવાનું છે,
એટલે જ ગઝલને ગાલીચે ઉજાગરાને માણી લઉં છું

*- રાજેશ નટવરલાલ કડકીઆ*

# ‘જ્યોતિપુંજ’ એકાવનમે...

***સૌ પ્રથમ તંત્રી પ્રવીણ દેસાઈની કલમે***

શિર્ષક કદાચ જુદું હોવું જોઈએ. ‘જયોતિપુંજ’ એકાવન + બે, ત્રેપનમે. પણ ના, જે મથાળું બાંધ્યું છે તે સાચુ જ છે. ૧૯૫૫-૧૯૫૬ ના બે વાર્ષિક અંકોની બાદબાકી કરી દઈએ તો એ જ સાચું.

વાત છે, ૧૯૫૭ના ૧૮મી ઓગષ્ટની. આ દિવસે આપણા સંઘે પોતાના માસિક મુખપત્ર તરીકે આ પત્રનું પ્રકાશન કર્યું. શહીદ તુલસીદાસની સ્મૃતિમાં આ દિવસ નક્કી કર્યો હતો. આનંદ એ વાતે છે કે સતત ૫૦ વર્ષથી આપણે અખંડપણે આ પત્રને પ્રગટ કરી રહ્યા છીએ, દર મહિને નિશ્ચિત તારીખે એના અંક આપ સૌને ઘરમાં પહોંચી જાય છે. આ પચાસ વર્ષમાં ઘણા ચડાવ ઉતાર નિહાળ્યા છે,આપણા આ માસિક પત્રે. સ્મૃતિની છીપ ઉઘાડીએ છીએ તો જણાય છે કે એક વેળાએ આ પત્ર ચાલુ રાખવું કે નહી તેવી મથામણ પણ અનુભવી હતી, એ કપરો કાળ હેમખેમ પસાર થઈ ગયો, અને આજે પ્રૌઢીપ્રાપ્ત આ પત્ર પચાસ વર્ષ પૂરા કરી રહ્યું છે એ અવસરે સુવર્ણ જયંતી વિશેષાંક આપ સૌ સમક્ષ સાદર રજૂ કરતાં હર્ષનો હિલ્લોળ ઉઠે છે.

રજત જયંતી વિશેષાંક પ્રગટ થયો ત્યારે ગુજરાતી સાહિત્યના દિગ્ગજ અને કવિ , લેખક, પત્રકાર હરીન્દ્ર દવેએ એનું વિમોચન કર્યું હતું. આજે એમના નામની આગળ સ્વર્ગસ્થ લખવું પડે છે એ દુ:ખદ ઘટના છે. સાહિત્યનો એક તેજસ્વી સિતારો આમ વિલય પામી ગયો.

પચાસ વર્ષ પહેલાં પ્રથમ અંક પ્રગટ કર્યો તે વખતે સેવેલી મનિષા ફળીભૂત થઈ છે કે નહીં તેનું એક વિચાર -વલોણું કરવાની આવશ્યકતા છે. સંઘના મુખપત્ર તરીકે એની પ્રવૃતિઓના પ્રસાર-પ્રચારમાં એ જરાય ઉણું નથી ઉતર્યું કિંતુ સંઘના ઉદ્દેશને ચરિતાર્થ કરવામાં આ પત્રનું યોગદાન કેટલું રહયું છે, એનું મનોમંથન કરવું આવશ્યક છે.

પત્રના માધ્યમ દ્વારા આપણે નવોદિત લેખકોને પ્રોત્સાહન પૂરુ પાડીએ એમની સર્જન શકિતને બઢાવો આપતી છીએ પ્રકીર્ણ વિભાગ, મૃત્યુ નોંધ દ્વારા માહિતીનું આદાન-પ્રદાન કરીએ છીએ. લગ્ન વિષયક માહિતી પૂરી પાડીએ છીએ. બદલાતા સરનામા, ટેલીફોન નંબરોની છેલ્લામાં છેલ્લી હકીકતથી સૌને માહિતગાર કરી સમાજ સેવાનું કામ કરીએ છે આમ અનેકવિધ માહિતી આપવા માટેનું માધ્યમ બની રહયું છે આપણું આ માસિક.

‘જયોતિપુંજ’ એના ‘તંત્રીલેખો’ થી રળિયાત બન્યું છે, એટલુંજ નહીં ભિન્ન વિચારોને પણ યથાયોગ્ય રીતે રજૂ કરવામાં અગ્રેસર રહ્યું છે. એ વાતની શાહેદી એનાં પૃષ્ઠો પૂરે છે.

રજત જયંતી અંકમાં જે લેખકોએ લેખો આપ્યા તેમાંના કેટલા ય આજે આપણી વચ્ચે રહ્યા નથી. ઉલટ પક્ષે કેટલીક નવી કલમો આપણને સાંપડી છે આ બધું હોવા છતાં એક વાતનો વસવસો જરૂર રહી જાય છે. કે આપણે આપણા યુવકોને સાહિત્યની પ્રવૃતિમાં વધુ સારી રીતે પ્રયોજી શકયા નથી. યુવા પ્રવૃતિનું મુખ્ય ધ્યેય જે યુવાનોમાં સામાજીક ચેતના જગાવવાનું નાગરિકો તરીકેની પોતાની ફરજો પ્રત્યે જાગૃત થવાનું અને લોકશાહી ના અંગભૂત તરીકે જવાબદારી વહન

કરવાનું કાર્ય કરવા અંગે એમને પ્રેરવાનો આજના સમયનો તકાજો છે.

સાહિત્ય સમાજ જીવનની આરસી છે, એ ઉકિત અનુસાર જીવાતા જીવનનું સર્જનાત્મક સાહિત્યમાં પ્રતિબિંબ પડવું જોઈએ. મનુંષ્ય જીવનની વિટંબણાઓ, એના દુઃખો, દર્દોની સાથે સાથે એના જીવનની સુખદ પળોનું પણ એ સાક્ષી બની રહે છે. આજે પચાસ વર્ષ પૂરાં કરી જયોતિપુંજ એકાવનમાં વર્ષમાં પદાર્પણ કરી રહયું છે ત્યારે પોતાની ફરજ પ્રત્યે જાગૃત રહી વધુ ને વધુ લોકોપયોગી પત્ર બની પોતાના અસ્તિત્વને સાર્થક કરવાની તમન્ના રાખે છે.

આવો, આપણે સહિયારા પુરુષાર્થ અને સહકારથી આપણા આ એકમેવ માસિક પત્રને પ્રગતિના વધુ ઉચ્ચ શિખરો પ્રતિ દોરી જઈએ.

આજના પ્રસંગો આ પત્રને આટલી લાંબી મજલ સુધી લઈ આવનાર ભૂતપૂર્વ તંત્રીઓ, લેખકો અને આપ સૌ વાચકોના સહકારની આર્થિક યોગક્ષેમની પૂર્તિ કરનાર વ્યાપારીઓ પ્રતિ આભારની લાગણી પ્રદર્શિત કરીએ છે.

---

## અનંત

તારાં મારાંમાં ફરક, જમીન આસમાનનો
તું વસે મારાંમાં, છતાં શોધું વિશ્વમાં,
આ સંતાકુકડીનો અંત ક્યારે આવશે ?
એ શોધવા જતાં આયુષ્ય ઓછું પડશે !
શોધવાનું છોડી દઈ, સતકર્મ તરફ વળ,
વખત લાગશે, સામેથી શોધતો આવશે
તું શોધતો રહીશ, આયુનો અંત આવશે,
અંત શોધીશ નહિ, કારણ એ 'અનંત' છે

*- ચંદ્રકાન્ત શાહ (ચટઈ)*

# શિખરની ટોચ પર

*- રજની કડકીઆ (લટકારી)*

હું તમારામાંનો એક જેવો !! હું શું શુભેચ્છા પાઠવું ? સંઘ અને જ્યોતિપુંજના પરિવારે આપેલ સ્નેહ-સંસ્મરણોને કેમ ભૂલાય ? ૧૮.૮.૧૯૫૦માં સ્થપાયેલ આપણા સૌની માતૃ સંસ્થા શ્રી બાલાસિનોર નવયુવક સંઘે ઓગસ્ટ ૧૯૫૮ થી પ્રથમ તંત્રી તરીકે શ્રી પ્રવીણભાઈ દેસાઈના નેજા હેઠળ જ્યોતિપુંજનું માસિક પ્રકાશન શરૂ કર્યું. અને મને સાહિત્ય ક્ષેત્રે પ્રવેશ કરવાની તક આપી. ૧૯૬૧-૬૨-૬૩ અને ૬૯-૭૦-૭૧ કાળદરમ્યાન જ્યોતિપુંજ તંત્રી તરીકે સેવા આપવાની તક આપી, તે સંઘ અને જ્યોતિપુંજને કેમ વિસરાય ?

ઈતિહાસ સંસ્થાઓના લખાય છે. જયંતિઓ સંસ્થાઓની ઉજવાય છે. બહુમાન હોદ્દેદારોના થાય છે પરંતુ ૧૯૮૨માં જ્યોતિપુંજની રજતજયંતી ઉજવાઈ અને હવે ૩.૬.૨૦૦૭ના રોજ ૫૦ વર્ષની ઉજવણી થઈ છે. ત્યારે ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છું.

સંઘે સમાજને ઘણુ બધુ આપ્યું છે, સમાજને ઉચ્ચ કક્ષાના નિષ્ઠાવાન કાર્યકરો આપ્યા છે ઉપરાંત જ્યોતિપુંજને જન્મ અને ઓપ આપી તેનામાં પ્રાણ પૂરી સર્જન કર્યું છે, તેના ઘડતરમાં વિકાસનો પાયો નાંખ્યો છે.

અલબત્ત કાળક્રમે જ્યોતિપુંજનું માળખુ બદલાતું રહ્યું છે. કાળના પ્રવાહ પ્રમાણે જ્યોતિપુંજનું જતન થતું રહ્યું છે. શ્રી નિખિલ પરીખના તંત્રી તરીકેના વડપણ હેઠળ ૧૯૮૮ થી સંપાદક મંડળ સારી કામગીરી બજાવી રહ્યા છે. તેઓ ધન્યાવદને પાત્ર છે.

સાહિત્ય ક્ષેત્રે વાડસિનોરે આપેલ યોગદાનની

વાત કરીએ તો ૧૯૧૯ થી 'અભ્યુદય', 'પ્રભાકર', 'ખીલતું પ્રભાત', 'પ્રભાત', 'ભાવના', 'જયજય', 'જનસાથી', 'લોકવીણા' આદિનો ઉલ્લેખ થઈ શકે. જનસાથી લગભગ ૪૫ વર્ષ સુધી પ્રગટ થયું અને આપણા સૌનું પ્રિય જ્યોતિપુંજ પચાસ વર્ષની મંજીલ કાપી પ્રગતિના શિખરની ટોચ પર પહોંચી ગયું છે.

આપણા વાડાસિનોરની અનેક સામાજીક સંસ્થાઓની પ્રવૃત્તીઓનો ચિતાર, વાડાસિનોરના ચમકતા તારલાઓની માહિતી, વિવિધ ક્ષેત્રોમાં ગૌરવ પ્રાપ્ત કરનાર આપણા બાંધવો, શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રે પોતનું શક્તિજળ સિંચીને નવપલ્લવિત કરનાર કાર્યકરો, નાના-ઉગતા, નામી-અનામી લેખકો, કવિઓ, અને શાયરોને તેમની કૃતિઓને પ્રકાશિત કરવા ઉદાર દિલના દાતાઓને બિરદાવવા, આદિને શબ્દ દેહે રજૂ કરવાનો યશ જ્યોતિપુંજને જાય છે.

ભૂતકાળમાં ડોકિંયુ કરીએ તો સાહિત્યની દ્રષ્ટિએ જ્યોતિપુંજે નવોદિત લેખકોને આગવી જગા આપી છે. રખડુ, તળાવના ઓવારેથી, કેદારની ટેકરી પરથી, તંત્રીલેખ, લોકવાણી, વ્યક્તિવિશેષ, શિશુવિહાર, મહિલા મિલન આદિ દ્વારા વાંચકોનાં દિલ-દિમાગ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો છે.

સાહિત્ય એ દેશનો આત્મા છે, સમાજનું દર્શન છે, સમાજ સુધારક છે અને સાચી દિશામાં સમાજને ચાબકા મારવાનું કાર્ય કરે છે. જે કામ જબાન કે તલવાર નથી કરતું તે કામ કલમ કરે છે એટલે જ કહેવાય છે કે જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ. આ બધું જ્યોતિપુંજ જેવા માધ્યમથી જ શક્ય બને છે.

દરેક સંસ્થા માધ્યમને પોતાની કેટલીક મર્યાદાઓ નડતી હોય છે. વિચારો અને પાલનમાં મતભેદો હોઈ શકે છે. જ્યોતિપુંજનું કલેવર બદલાતું રહે છે છતાંય જ્યોતિપુંજ આપણું પોતીકું છે. માટે જ આપણને સૌને પ્રિય છે. તેની પ્રગતિ અને વિકાસમાં આપણને રસ છે.

મારી દ્રષ્ટિએ જ્યોતિપુંજ માત્ર માસિક નથી. એ સમાજનું દર્પણ છે. જ્યોતિપુંજના તંત્રી અને સંપાદક મંડળે લેખન સામગ્રી ઉપરાંત સૌને સ્નેહ-પ્યાર અને પોતીકાપણું આપ્યું છે. સૌને પોતાના બનાવ્યા છે, પરિણામે આ હું લખી શક્યો છું.

આ તબક્કે હું મારા પુરોગામી, અનુગામી અને વર્તમાન તંત્રી, સંપાદક મંડળના સભ્યોના સંસ્મરણોને યાદ કરી, તેમનું ઋણ અદા કરું છું.

✣ ✣ ✣ ✣ ✣

## મારા તંત્રી તરીકેના અનુભવો....

***- રસીકભાઈ પરીખ (તાતીઆ)***

૧૯૬૮-૧૯૬૯ના વર્ષમાં ટુંકા ગાળા માટે 'જ્યોતિપુંજ' માસિકની જવાબદારી સંભાળી હતી. કાર્યકારી કાળનો સમયગાળો ટુંકો હતો. પણ એક માસિકનું સંચાલન કરવાના કાર્ય દરમ્યાન કેટલાંક અનુભવો થયા છે. એક માસિકનું, દર મહિને લેખન સામગ્રી તૈયાર કરી, તેનું પ્રકાશન કરી નિયમિત વાંચકોના હાથમાં પહોંચાડવા માટે સારું એવું હોમવર્ક કરવાનું રહે છે. એક અંકની સામગ્રી તૈયારી કરી પ્રકાશન માટે પ્રેસમાં મોકલીએ પછી તરત જ બીજા અંકની તૈયારીમાં મનને કામે લગાડી દેવું પડે છે. આમ સમયનો ભોગ માંગી લેતી જવાબદારી છે. જેનાથી થોડો પરિસ્થિતી પ્રમાણે તણાવ પણ અનુભવાય એવું બને ખરૂ. કોઈપણ તંત્રી અને તેનું તંત્રી મંડળ માસિકને

સર્વાંગ સુંદર અને લોકપ્રિય બનાવવા પ્રયત્નશીલ રહે છે. આ માટે સારૂ વાંચન, સારા વિચારોને વાગોળવાની શક્તિની કુદરતી બક્ષીસ હોય તો કાર્ય સરળ બને છે. તંત્રી તરીકે કોઈપણ વિષયની ખૂબ જ ઉંડાણપૂર્વક અને વિશ્લેષણાત્મક દૃષ્ટિથી ચર્ચા વિચારણા કરી પોતાના મૌલિક વિચારો વાંચકો સમક્ષ રજૂ કરવાની શક્તિ હોય તો સોનામાં સુંગધ ભળે.

માસિકના કાર્ય માટે સમર્પિત થઈ જવાબદારી ઉપાડનારનો અનુભવ જુદો જ હોઈ શકે છે. પરંતુ મેં તો જીવન નિર્વાહ માટે જોબ કરવાના કાર્યનો સંઘર્ષ કરતાં કરતાં તંત્રી તરીકેની જવાબદારી સંભાળી હતી. તેથી મારા માટે આ કાર્ય મુશ્કેલ કાર્ય બની રહ્યું હતું. 'જ્યોતિપુંજ' માસિકના સંચાલનમાં સહભાગી થતા તંત્રીઓ અને તંત્રીમંડળો એ ઘણું ખરૂ જીવન નિર્વાહ માટેના વ્યવસાય માટે સંઘર્ષ કરતાં કરતાં આ જવાબદારી ઉપાડી 'જ્યોતિપુંજ'ને ૫૦ માં વર્ષમાં પહોંચાડી ૫૦ મી વર્ષગાંઠ ઉજવવા જેવો પ્રસંગ શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પુરો પાડયો છે. તે લોકપ્રિય એવી આ સંસ્થા માટે ગર્વ લેવાનો પ્રસંગ છે. આ કાર્યમાં ઓનરરી તંત્રીઓ, સહતંત્રીઓ તથા તંત્રીમંડળનો સહૃદયથી સાથ સહકાર રહ્યો જ છે. પરંતુ.... છેલ્લા ૧૯વર્ષથી (૧૯૮૮ થી ) આજ પર્યંત આ કપરા કાર્યની જવાબદારી ભાઈ શ્રી નિખિલભાઈ પરીખ (લાય) સંભાળી રહ્યા છે. તંત્રી તરીકે તેઓશ્રી માસીકમાં વિવિધતા દ્વારા સર્વાંગ સુંદરતા લાવી 'જ્યોતિપુંજ'ને લોકભોગ્ય બનાવી તેની અવિરત કૂચને શતાબ્દીના વર્ષ પ્રતિ ચાલુ રાખી રહ્યા છે તે માટે તેઓશ્રીને આપણા સૌ વતી લાખ લાખ અભિનંદન. આત્મીયતાની ઉષ્મા ધરાવતા નિખિલભાઈ જન માંથી સ્વજન બની ગયા છે. પ્રભુ! તેમને ખૂબ ખૂબ શક્તિ આપે અને 'જ્યોતિપુંજ'ની અવિરત કૂચ ચાલુ રાખે એ પ્રાર્થના. આ પ્રસંગે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સેવાભાવી કાર્યકર્તાઓને મારા હાર્દિક અભિનંદન.

✣ ✣ ✣ ✣ ✣

# બબલો-બબલીના જ્યોતિપુંજને શત શત અભિનંદન

*- જયંતિ કડકીઆ (મરઘા)*

જ્યોતિ પુંજ સાથેનો મારો સંબંધ લગભગ તેના આરંભકાળથી રહ્યો. જ્યોતિપુંજ સમિતિના સદ્સ્ય તરીકે પ્રવીણ દેસાઈ અને પછીથી પ્રદીપ મોદીના તંત્રીપદ હેઠળ ૧૯૬૭-૬૮ના કાર્યકાળ દરમિયાન મને પણ તંત્રીપદની જવાબદારી સોંપાઈ. સમાજના મુખપત્રનાં તંત્રીનો હોદ્દો એને ગૌરવપ્રદ બાબત ગણી શકાય પરંતુ વર્ષો પહેલાં ટાંચી સગવડો અને મહેનત ભર્યા છાપખાનાનાં હાથેથી કરાતા કમ્પોઝીંગનો એ કાળ ખૂબ જ વિકટ હતો. જ્યોતિપુંજ પ્રકાશનની જવાબદારી લેવા અને કડાકુટભર્યા આ કામ માટે કાર્યકરો શોધવા પડતા. મુદ્રણ પહેલાના દસ દિવસ લાગલગાટ રમકડું મુદ્રણાલયમાં હાજરી આપવી પડતી. જે ૪-૫ પાનાં તૈયાર કર્યા હોય તેનું પ્રેસમાં ઊભાં ઊભાં જ પ્રુફ સુધારી આપવું પડતું અને ફરી પાકી કોપી તૈયાર થાય ત્યાં સુધી ખડેપગે હાજરી આપવી પડતી. કામધંધો છોડી, જ્યોતિપુંજના મુદ્રણ, પ્રકાશન અને પોસ્ટેજ પાછળ ઘણો સમય ખર્ચાતો.

મુંબઈમાં રહેતો આપણો સમાજ વિકસતો અને વિસ્તરતો રહ્યો હતો. તેવા આ સમયગાળામાં સમાજને સમાજની માહિતી અને પ્રવૃત્તિથી વાકેફ રાખી, સમાજને જોડી રાખવાનાં હેતુથી શરૂ કરવામાં આવેલ જ્યોતિપુંજને

કોઈ પણ ભોગે પગભર રાખવાનું હતું. શરૂઆતમાં આ અગવડતાભર્યા અનુભવો છતાં જ્યોતિપુંજ ૫૦ વર્ષની મજલ કાપી શક્યું એ અત્યંત આનંદદાયક વાત છે.

તંત્રી તરીકે અને સભ્ય તરીકે જ્યોતિપુંજમાં સંસ્થાકીય લેખો અને સંસ્થાકીય માળખામાં સુધારાવધારો કરી સમાજોપયોગી પ્રવૃત્તિને બળ મળે તેનો ઝોક વધુ હતો. મધ્યમવર્ગીય આપણા સમાજમાં ખાસ સળગતા પ્રશ્નો ન હતાં એટલે તંત્રી તરીકે સમાજ સુધારાના કે અન્ય સામાજિક લેખો ઓછા રહેતા. બબલો-બબલીની લેખમાળા દ્વારા હળવાશથી આપણા સમાજ વિશે લખ્યું. હળવી શૈલીથી ટકોર અને કટાક્ષ દ્વારા લાલબત્તી ધરવાનો નમ્ર પ્રયાસ કર્યો, જેનો લોકોએ સારો પ્રતિસાદ પણ આપ્યો. એકંદરે જ્યોતિપુંજ સાથેનો મારો અનુભવ સુખદ જ રહ્યો.

જ્યોતિપુંજના બાળપણથી કિશોરવસ્થાનાં ઉછેર કાળમાં તેનાં ઘડતરના સાક્ષરો અને વાલી તરીકે જ્યોતિપુંજ આજે જ્યારે મધ્યાહને પહોંચ્યું છે. ત્યારે તેની સાથે સંકળાયેલા અન્ય કાર્યકરો અને તંત્રીઓને બબલો-બબલીના સલામ અને જ્યોતિપુંજ સદી પાર કરી અણનમ રહે એવી ઈશ્વરને પ્રાર્થના.

✣ ✣ ✣ ✣ ✣

## મુક્તકો

દેખાયેલ નીર, નીકળશે જળ ઝાંઝવાનું નહોતી ખબર
બહુ રમ્ય પતંગિયુ, થશે દાઝવાનું, નહોતી ખબર
ઓળખું નસીબને મારા, છટકશે પવાલું નહોતી ખબર
મને લાગે છે ક્યારેક એવું,
મનડું મુઝ સ્મશાન જેવું
રોજ સળગે ચિંતા આશાઓની
'અમર' દુઃખડુ કોને કહેવું.

*- કેતન પરીખ 'અમર'*

## 'મૃત્યુ ઉપર માનવીનો વિજય

યાદ છે એ દિવસ જ્યારે આપણે
છાપાના મથાળે વાચ્યું હતું
ચંદ્ર પર માનવીના પગ
એ વાંચીને આપણે કેટલા ખુશ થયાં હતાં
અને પછી તો આવું કેટલીયવાર
વાંચ્યું હતું......
એ દિવસ પણ જરૂર આવશે
જ્યારે આપણે -
આજ રીતે વાંચીશું
પ્રાણ ઘાતક કેન્સર પર
માનવીનો વિજય
ત્યારે આપણે આ વાંચીને કેટલા ખુશ હોઈશું
ને આનંદ વિભોર થઈ બોલી ઉઠીશું
'કેન્સર ઉપર નહીં પણ મૃત્યુ ઉપર માનવીનો વિજય'

*- જયેશ ધારીઆ (દલાલ)*

## કાવ્ય

કર્યું કામ આપે ઘણા પ્યાર સાથે
વિદાય આપીએ પ્રેમના હાર સાથે
વણી લીધાં તમને જીવનતાર સાથે
સમર્પણ કર્યું છે, આ હૃદય હાર સાથે
બહેનોમાં છે નામ ઉંચુ તમારુ
બધે બોલે કામ ઉંચુ તમારું
કરી છે તમે જેટલી સેવા આજે,
બધી છે બહેનોના ઉત્કર્ષ કાજે
રહી માનની તમને લાલચ ન પરવા
લગન તમને લાગી છે કરવાની સેવા
કરે શું કોઈ આપને માન અર્પણ
કર્યું આપે સેવામાં જીવન સમર્પણ
કર્યું છે તમે કામ સુંદર અમારું
છે બાલાસિનોર આજ ઋણી તમારું

*- શ્રીમતી સરોજબેન એસ. ત્રિવેદી (બાલાસિનોર)*

# સંબંધો થકી સફળતા

- *પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પરીખ-(રોકડીઆ)*

આજના આ ટેકનોલોજી યુગમાં માણસના જીવનમાં સફળતા માટે સ્નેહભર્યા સંબંધો એ અગત્યની કડીરૂપ છે કહેવત છે કે ''જેક ઓફ વન એન્ડ માસ્ટર ઓફ ઓલ''. માણ૧ાસો આજના પોતાના રાજા છે તે માટે ઉચ્ચ વિચાર ધરાવનારા તેમજ સફળતા પ્રાપ્ત કરનારા લોકોને સતત મળતાં રહેવુંજ રહયું , સાથે સાથે જૂના સંબંધો જાળવીને નવા લાભપ્રદ સંબંધો બાંધવા એ પણ આગવી કળા છે. કોઈપણ માણસ માટે એકાદ અજાણી વ્યક્તિને મળવું એ કાયમ નવતર અનુભવ હોય છે. તે કયારેક લાભ પણ આપે છે. યા વણજોઈતી આફત પણ નોતરે એકમેકને મળતા રહેવું એ જીવનની અનિવાર્ય જરૂરિયાત છે. દરેકથી અળગો અને અલાયદો થતો વિચિત્ર ગણાતાં માણસો તેમજ એકલવાયુ જીવન જીવતા રહીને આ પરિસ્થિતી અનુભવે છે, માટે માણસે નવા સંબંધો બાંધવા અને બહુલક્ષી સદ્દુપયોગ કરવો જરૂરી છે. પરંતુ નિસ્વાર્થ ભાવનાથી વધુ ગાઢ સંબંધ બંધાય છે. અને સફળતા સાથે સંતોષની લાગણી અનુભવીએ છીએ.

અગાઉના વર્ષોમાં આ સંબંધો બાંધવા માટે સમાજ અને સામાજિક સંસ્થાઓ ભેગા થઈને વિવિધ પ્રસંગો યોજાતાં, તે ફળદાયી પૂરવાર થતાં પરંતુ આજના સમાજની વાત અલગ છે. અતિ વ્યસ્તતા, ભૌગોલિંક વિષમતાઓ વધુ જીવન જરૂરીઆતો અને આપ્તજનોથી અલગ રહેવું એ સ્થિતિ માણસને એકલવાયો પાડી શકે છે. આ સમસ્યાઓનાં ઉકેલ અર્થે આજે દુનિયાભરમાં સમાજ સુધારણા સાથે સોશિયલાઈઝીંગના નામે નિત નવા પ્રયોગો થતા રહે છે અને તેમાં સફળતા પ્રાપ્ત થાય છે, અને તેના થકી નવા સંબંધો બંધાય છે. પરંતુ આ બધા સંબંધો થયા બાદ એક તથ્ય અનુમાન એ છેકે મોટા ભાગના માણસોને અન્ય વ્યવસ્થા થકી લાભ તેમજ જીવનમાં આગળ વધવાની તક એમનાં સગાં સંબંધીઓ પાસેથી નથી મળતી. જે આ નવા સંબંધીઓથી મળે છે. અગાઉના સમયમાં માણસ સુખી હોય તો સગાંમાંના કે ગામનાં લોકોને રોજગારીની તક આપે અને પ્રગતિમાં એમનો હાથ પકડે , જયારે આજે માણસે શિક્ષણ-બુધ્ધિ-જ્ઞાન, ટેકનોલોજી થકી પોતાના સંબંધ સ્થાપવા પડે છે અને પોતાની ઉન્નતિનો માર્ગ શોધવો પડે છે. આજના સમયમાં નવા અજાણ માણસો વચ્ચે સંપર્ક અને આત્મિયતાના સંબંધો સ્થાપવાનું કામ કરતી અનેક સામાજીક તેમજ સેવાભાવી સંસ્થાઓ છે. લાયન્સ - રોટરી -જેસિસ કલ્બો તેમજ ધાર્મિક જ્ઞાતિ સંસ્થાઓ જેવી અનેક સંસ્થાઓ આધાર સ્થંભ બની રહી છે.આવી સંસ્થાઓ દ્વારા સુશિક્ષિતો તેમજ સેવાભાવી કાર્યકર્તાઓની સફળતાને વિસ્તારવા તેમજ આગળ ધપાવવા સામાજિક કાર્યો કરી આત્મસંતોષ પ્રાપ્ત કરવા કે પછી એના થકી લોકપ્રિય બનવા માટે યોગ્ય પ્લેટફોર્મ મળી રહે છે આવી સંસ્થાઓ કોઈક જનરલ કે પછી અમૂક -રસ ધરાવતી વ્યકિતઓને એક નેજા હેઠળ લાવે છે. એક વાર આ નવા સંબંધીઓ સાથે સંબંધ બાંધ્યા પછી

એનાથી જીવનમાં કારકિર્દી લક્ષી  લાભ કેમ મેળવવો એ માણસની અંગત આવડત પર આધાર રાખે છે એવીજ રીતે જૂદી જૂદી વ્યક્તિઓના સંપર્ક પછી સારા-ખરાબ વિષે સમજયા બાદ માણસ અંગત આવડત મહત્વના સંબંધો બાંધી આપવામાં નિમિત બને છે.

માણસોએ મોટા ભાગે વધું સાહસ કરવા, નવી તક ઝડપવા અને આગળ વધવા માટે ઉપરોક્ત સંબંધીઓ પ્રેરે છે કારણકે પોતાનાં સગાં સંબંધી સમક્ષ પોતે મોકળે મને વાત કરી શકતો નથી. આજનો સમય ઝડપી પરિવર્તનનો છે, ગઈ કાલના સંબંધો આજે ભૂલી જવાય છે અને વિવિધ ક્ષેત્રમાં નવા સંબંધો સ્થાપવા પ્રયત્ન કરે છે. અને આજના યુગમાં વ્યકિત કયાંથી કયાં પહોચી જાય છે.તેની જાણ પણ પોતાને હોતી નથી એ કહેવું વધુ દુષ્કર બન્યું છે. એટલાજ માટે બુધ્ધિશાળી -જ્ઞાની-શિક્ષિત વ્યકિતઓએ પોતાના કાર્ય ક્ષેત્રને સમજણ પૂર્વક સતત જાળવી રાખવું પડે છે. તે માટે જેટલા સારા અને વ્યવસાયિક સંબંધો હશે એટલી વધુ સુરક્ષિત આવતી કાલે હશે સાથે વધુ જાણવા માટે નવા વિવિધ ક્ષેત્રમાં સંકળાયેલા અને સફળતાને વર્યા છે તેવા લોકોને મળવું વધુ પસંદ કરે છે કે જેથી આવડત અને બુધ્ધિમતા બન્નેની કસોટી થાય છે. તે માટે આજનો જમાનો ઉપરોકત લખેલ કહેવત મુજબ જરૂરી છે, જેથી જીવનમાં સફળતા સાથે સંતોષની લાગણી મળી રહે અને સંબંધો પણ કાયમ માટે જળવાઈ રહે .

❖ ❖ ❖

## સંસ્થા સાથેના મારા સ્મરણો !

*- કિરીટ પરીખ*

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના મુખપત્ર ‘જ્યોતિપુંજ’ ના તંત્રી અને સહતંત્રીની રૂએ મારો અનુભવ સુખદ અને પ્રેરણાદાયી રહ્યો છે. હકીકતે આપણી આ અને અન્ય સંસ્થાઓ તો નિસ્વાર્થ સમાજ સેવાના ઉત્તમ ઉદાહરણો છે.

મારા કાર્યકાળ દરમ્યાન સદગત શ્રી પ્રવીણભાઈ રમણલાલ દોશી અમારા મંત્રી હતા. એક કુશળ અને પ્રેમાળ વહીવટી, સૌજન્ય-શીલતા અને મિઠાશ વેરતા, પ્રવીણભાઈ મારી સાથે લગભગ રોંજિદો ફોન સંપર્ક રાખે અને ઉપયોગી થાય. કોઈપણ સુયોજન માટે સહકાર અને પીઠબળ (FeedBack) જરૂરી છે. ટીમ તરીકે કામ કરવા -કરાવવા મારી સાથે જેમનો સિંહ ફાળો રહ્યો એ સર્વશ્રી નવનીતભાઈ સાં. ધારિયા (માટલી) જયંતિભાઈ કડકીયા (હાલોલવાળા) અને પ્રવીણભાઈ સા. દેસાઈને સાદર યાદ કરું છું.

આ સમયગાળા દરમ્યાન વસ્તી-પત્રકના કન્વીનર તરીકે Statistical data - graphic presentation તેમજ પાને પાને વિચાર કણિકાઓ સાથેના tabulated વસ્તી પત્રકની નવી આવૃત્તિ બહાર પડી હતી, જેમાં કમિટિના સભ્યો ઉપરાંત પ્રાધ્યાપક શ્રી ચંદ્રકાંત દેસાઈનું વિશેષ યોગદાન રહ્યું હતું.

મારા માટે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ એક એવું પ્લેટફોર્મ બન્યું કે જ્યાં અન્ય ભગિની સંસ્થાના કાર્યકરો અને એમની કાર્યશૈલીનો પરિચય થયો. પણ એક વાત સ્પષ્ટ હતી. ‘‘બધાને સમાજને યથાશક્તિ આપવું હતું.’’

આપણી સંસ્થાઓ જેમના યોગદાનથી ઉત્તરોત્તર સમૃધ્ધ અને સમાજોપયોગી બની છે તે સર્વે પાયાના પત્થરો સમા ભૂતપૂર્વ કાર્યકરો અને દાનવીરો તેમજ સંસ્થાની ઈમારતને આકૃત કરનારા સૌ વર્તમાન સમાજ સેવીઓને શ્રદ્ધા અને આદરપૂર્વક બા-અદબ !

સાંપ્રત તંત્રી શ્રી નિખિલ પરીખ સંસ્થા અને સમાજને મળેલ એક ઉપલબ્ધિ છે. આટલો સતત કાર્યકાળ અને સરળ ઉદાહરણો સાથે ઉત્તમ કથાનકો રજૂ કરવા એ એમની આગવી કોઠાસૂઝ છે. બહુ રત્ના છે વસુંધરા!

ઉત્તરોતર વિકાસ કરી પીઢતાએ પહોંચેલી આપણી આ માતૃસંસ્થા શ્રી બાલાસિનોર નવયુવક સંઘની તાકાત છે. એના યુવા અને શ્રધ્ધેય કાર્યકરો અને ખોબલે-ખોબલે આપતા દાનવીરો ઉભયના હાથોમાં સમાજનું 'યોગક્ષેમ' સુરક્ષિત છે.

'જ્યોતિપુંજ' - અર્ધ શતાબ્દિના આ 'માઈલસ્ટોન' પ્રસંગે ઋણ સ્વિકાર અને શુભેચ્છા!

❖ ❖ ❖ ❖ ❖

## જ્યોતિપુંજને સલામ..

*- પંકજ કે. શાહ*

પ્રગતિના શિખરો ઉપર સદાકાળ સલામીની ધજાઓ ફરતી રહે છે. જયોતિ પુંજની ૫૦મી વર્ષગાંઠની યાદગાર ઉજવણી થઈ રહી છે. છેલ્લા પચાસ વર્ષોથી હર મહિને પ્રત્યેક વાડસોલવાસીના ઘરે મુલાકાત લેનાર જયોતિપુંજ આપણને એક સ્વજનની ગરજ સારે છે. ચાલો આપણે સૌ, જયોતિપુંજની આ લાંબી યશસ્વી સફરને અને ગૌરવપુર્ણ કારકિર્દીની ગાથાને આપણા હૃદયની ઉર્મિઓ, દિલની ભાવનાઓ અને મનની લાગણીઓ વડે પરોવેલી માળા અર્પણ કરી, જયોતિપુંજને સલામ કરીએ.

''વો અફસાના જિસે અન્જામ તક લાના ન હો મુમકિન, ઉસે કિસી ખૂબ સુરત મોડ દેકર છોડના અચ્છા !'' જયોતિ પુંજની આજ દિ સુધીની સફરમાં જુદા જુદા તંત્રીઓ, અનેક લેખકો-કવિઓ, વિશાળ વાચકવર્ગ, તમામ સંસ્થાઓ અને માદરે વતન, બધા જ જોડાયેલા છે. અત્યાર સુધી જેટલા પણ સુકાનીઓએ જયોતિ પુંજની સંભાળ લીધી એ તમામે પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નીભાવી. અને જયારે પણ વિદાયની વેળા આવી છે, ત્યારે જયોતિપુંજને એક ચોક્કસ મુકામ સુધી લાવી, ખૂબ સુરત મોડ આપી ને જ વિદાય લીધી છે.

રવિવારની એક સવારે ''તંત્રી તરીકેના મારા સારા-નરસા સંસ્મરણો તથા થોડી ખાટી-મીઠ્ઠી યાદોઅંગે લખી મોકલવા,''

નિખિલનો મને ફોન આવ્યો. ક્ષણભર લાગ્યુ આ એક સ્વપ્ન છે, એને સ્વપ્નમાં બને એમ મન અતીતની અટારીએ પહોચી ગયું. જયોતિપુંજ સાથેના શરૂઆતથી લઈ આજના દિ સુધીના મારા તમામ નાતાઓ એક ચિત્રપટની માફક નજર સમક્ષ તરવરી ઉઠયા.

જયોતિપુંજ મારે મન તુલસીજીની પવિત્ર માળા સમાન છે. મેં જે દિવસથી જયોતિપુંજનો અંગીકાર કર્યો તે પવિત્ર દિવસથી મેં એક પરમમિત્ર , સાચો હમસફર અને એક ઉમદા સ્વજન મેળવ્યાની લાગણીથી હું સદા ભીંજાયેલો રહ્યો છું. સંબંધો સ્વાર્થના હોઈ શકે ! એમાં ઉતાર-ચઢાવ આવી શકે. પણ જયાં નાતો બંધાય ત્યાં આત્માનું મિલન થાય છે. અને જયાં આત્મા મળી જાય.એ બંધન આજીવન રહે છે. જયોતિ પુંજના સાનિધ્યમાં જીવનના અમુલ્ય વર્ષો ગાળ્યા છે, એટલે તો આજે પણ જયોતિ પુંજ માટે દિલમાં અનહદ પ્રેમ છે.

જયોતિ પુંજના તંત્રી તરીકે અને એક લેખક તરીકે વીતાવેલ યાદો એ તો જીવનનો ખજાનો છે. મીઠ્ઠી, મધુર તાજગીસભર યાદો જીવનને પ્રફુલ્લિત રાખે છે.

# જ્યોતિપુંજ

૧૯૭૨નું વર્ષ. તે જમાનામાં નવયુવક સંઘ દ્વારા નિબંધ સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થતું મેં પ્રથમ વખત નિબંધ હરીફાઈમાં ભાગ લીધો. ''યા હોમ કરીને પડો ફતેહ છે. આગે–મેં લખેલ નિબંધને પ્રથમ ઈનામ મળ્યુ. મારો નિબંધ જયોતિ પુંજ માં છપાયો. ખૂબ આનંદ થયો. વિશેષ આનંદ તો એ વાતનો થયો કે તે સમયના સંસ્થાના મંત્રી શ્રી રસિકભાઈ ગાંધી-પાકા એ મને અભિનંદન આપતા કહયું સંસ્થાને જયોતિ પુંજ માટે એક તંત્રી મળ્યો.'' પછી તો જયોતિ પુંજ માટે અવાર-નવાર લેખો લખતો ગયો અને જયોતિ પુંજ સાથે એક ઘરોબો બંધાઈ ગયો.

વર્ષ બરાબર યાદ નથી પણ એ ઘડીની યાદ આવે છે અને હું પુલકિત થઈ જાઉં છું. ''કોશિશ'' નામનો એક લેખ મેં લખ્યો હતો. એ લેખના સંદેશાત્મક શબ્દો તે વખતના તંત્રી શ્રી પ્રદિપભાઈ મોદી એ કવર પાન ૧ ઉપર છાપ્યો હતા. મારા હાથમાં જયોતિપુંજનો એ અંક આવ્યો ન હતો એટલે મને આ વાતની ખબર ન હતી. એ અરસામાં હું મુરબ્બી શ્રી કાંતિભાઈ મોદી-બંગડીને ઘરે તેઓશ્રીને મળવા ગયો હતો. તેઓના ઘરે જયોતિ પુંજ આવી ચુક્યુ હતુ અને તેઓએ વાંચી લીધુ હતું વાત-વાતમાં તેમણે મને જયારે કહયું કે '' આ વખતે તો તુ જયોતિ પુંજના કવર પાના ઉપર ચમક્યો છે..! Very Good..! keep it up..! સુંદર લખાણો લખતો રહે.'' આ શબ્દો સાંભળી મારુ મન નાચી ઉઠયું .

લગભગ ૧૯૭૬ નો એ સમય ત્યારે શ્રી પ્રદિપભાઈ મોદી જયોતિપુંજના તંત્રી હતા. તેઓ થોડા સમય માટે અમેરિકા જઈ રહયા હતા. બિરલા ક્રિડાકેન્દ્રમાં એક પાર્ટી રાખવામાં આવી હતી. ત્યાંતે સમયના સંઘના મંત્રી શ્રી પ્રવિણભાઈ દોશી એ જાહેર કર્યુ કે ''લગભગ છ માસ માટે તંત્રી તરીકેની જવાબદારી મારે નીભાવવાની રહેશે.''આ ખુબજ કઠીન જવાબદારી હતી. તંત્રી શ્રી પ્રદિપભાઈ તથા સંસ્થાના કાર્યકર્તાઓનો આટલો મોટો વિશ્વાસ સંપાદન કરી શકયો એ બદલ હું આજે પણ ધન્યતા અનુભવુ છું

૧૯૭૭ થી ૧૯૮૧-પાંચ વર્ષનો તંત્રી તરીકેનો મારો સમય કયારે વીતી ગયો એ ખબર જ ન પડી. મારી સાથે મારા તંત્રી મંડળમાં કાર્ય કરતા તમામ મિત્રોનો સતત સાથ સહકાર મળતો રહ્યો.

અમારા તંત્રીલેખો, સામાજિક ઉજવણીના અહેવાલો ખુબ પ્રશંસા પામતા.

૧૯૮૧માં તંત્રીસ્થાનેથી નિવૃત થયા બાદ પણ એક વાચક તરીકે તથા લેખક તરીકેનો નાતો તો સતત ચાલુ જ રહયો.

લગભગ ૧૯૯૫/ ૯૬માં શ્રી નવયુવક સંઘે ફરી મને યાદ કર્યો. થોડા મહિના ઓ માટે નિખિલ ઓસ્ટ્રેલિયા જઈ રહ્યો હતો. મને, સુનીલને તથા જતીનને આ જવાબદારી સોપવામાં આવી. કોઈ એક ટીમના સુકાનીપદેથી નિવૃત થયા બાદ ફરી પાછા એજ જવાબદારી માટે વ્યકિતને યાદ કરવામાં આવે, ત્યારે દિલમાં જે આનંદ અને ગૌરવની લાગણી અનુભવાય એનું વર્ણન કરવુ અશકય છે. નિખિલના સ્થાને થોડા મહિનાઓ માટે જયોતિપુંજનું સુકાન સંભાળવાનો મોકો મળ્યો તે સમય મારા સામાજિક જીવનનો અતિ ઉમદા '' Period''હતો. નવયુવક સંઘે ફરીથી મારામાં વિશ્વાસ મુકી મને બહુ જ મોટુ સન્માન આપ્યું.

સમાજમાં બનેલા સારા પ્રસંગો અંગેના લખાણો યાદ આવતાં મન હર્ષ, ઉલ્લાસ અને આનંદવિભોર બની

ઉઠે છે. સાથે દુઃખદ ઘટનાઓ અંગેના લખાણો યાદ આવી જાય ત્યારે મન દર્દ, ગ્લાનિ અને ઉદાસીનતા અનુભવે છે. થોડા વર્ષો પૂર્વે સમાજમાં બનેલી દુઃખદ દુર્ઘટના યાદ આવતા હૃદય દ્રવી ઉઠે છે. એક માસુમ પુષ્પ સમા બાળકનું ખૂબજ કરૂણ અવસાન થયુ હતુ. તેને શ્રધ્ધાંજલી આપતા હૃદયમાંથી જે શબ્દો નીકળ્યા હતા તે વાંચતા આજે પણ તમામ કુટુંબીજનોના આંખમાંથી અશ્રુધારાઓ વહે છે. મારુ એ લખાણ આજે પણ યાદ આવતાં વ્યથિત થઈ જાઉં છું આવી જ એક બાલાસિનોરની નીડર અને વિરલ વ્યકિત શ્રી નવનીતભાઈ દેસાઈના કરૂણ મૃત્યુની ઘટના કેવી રીતે વિસરી શકાય ! એમના માટે શ્રધ્ધાંજલી રૂપે મારા દિલમાંથી શબ્દોનીકળ્યા તે જયોતિ પુંજ માટે લખાયા. લખાણની એક કોપી કુટુબીજનોને પણ આપી હતી. આજે પણ સદગુણકાકી જયારે પણ મળી જાય ત્યારે યાદ કરતાં જરૂર કહી દે ''કાકા માટે તે જે લખ્યુ છે તે કાગળ આજે પણ મેં સાચવી રાખ્યો છે.'' આવી ઘણી દુઃખદ યાદો જયોતિપુંજ સાથે વણાયેલી છે.દિલથી સમાજના દુઃખમાં સહભાગી બનવાનું સૌભાગ્ય ભાગ્યશાળીઓને મળે છે. જયોતિપુંજે મને આ ભાગ્ય પ્રદાન કર્યું છે.

ઉલ્લાસમય પ્રસંગો માટે ૧૯૯૩ નું વર્ષ કેમ વિસરાય ? શ્રી ગોકુલનાથજીના નવા મંદિરના પચ્ચીસ વર્ષ પુર્ણ થયા એની ધુમધામથી બાલાસિનોર ખાતે ઉજવણી થઈ હતી. હાજર રહેલ સૌએ મન મૂકીને આ પ્રસંગને માણ્યો હતો. જ્યોતિપુંજ માં જયારે આ અંગેનો રસપ્રદ અહેવાલ છપાયો ત્યારે શ્રી નવીનીતભાઈ પરીખે (સરકાર ) મને શ્રી મોહનકાકા મોદી (દેવ) ના બોલેલ શબ્દો કહ્યો.'' મંદિરની ઉજવણીનો પંકજે લખેલ અહેવાલ મેં અનેકવાર વાંચ્યો. વારે-વારે વાચવાનું મન થાય એટલો સુંદર અહેવાલ છે.'' સમાજની પ્રતિષ્ઠિત અને અતિ માનનીય વ્યકિતના મુખેથી આ શબ્દો સાંભળવા એ જ લખનારનું સૌથી મોટુ સન્માન છે.

આ જ રીતે શ્રી ગોકુલેશ સમાજના નેજા હેઠળ અનેક સફળ યાત્રાઓના આયોજન છપાયા છે. આ યાત્રાઓના અહેવાલ જયોતિપુંજમાં વાંચ્યા બાદ અનેક લોકો, જેઓ યાત્રામાં નહોતા જોડાઈ શકયા, તેઓએ ખુશી પ્રગટ કરી છે. મને આજે પણ યાદ છે કે દ્વારકા યાત્રાનો અહેવાલ વાંચી જયોતિપુંજ ના આ ઉજવણીના સંયોજક શ્રી જતીન દેસાઈ બોલી ઉઠયા હતા. ''વાહ ! મજા આવી ગઈ વાંચવાની જાણે હું પોતે દ્વારકાની યાત્રામાં જોડાયો હોઉ એવો ભાસ થયો.''

આવા તો અનેક પ્રસંગો સ્મૃતિપટ ઉપર જતનથી સાચવેલા છે. પ્રશંસાના થોડા પુષ્પો લખનાર માટે સોનામહોરથી પણ વધુ કિંમત હોય છે.

''થોડુ ઘણુ લખી શકવાની '' આ ટેવ ના કારણે સમાજ તરફથી અનેક વાર પ્રસંશાના સુંદર "compliments" જ જીવનમાં મળેલ યાદગાર સન્માન બરાબર છે. હે ઈશ્વર તારી કૃપા અપાર છે.! તને સવાલ કરુ છુ-શું ખરેખર આ જીવ આટલા વિશાળ સન્માનને લાયક છે ?

સામાન્ય રીતે સામાજિક જીવનથી દૂર ધકેલાઈ જઈએ એટલે ''મારી હસ્તી એ રીતે મારા પછી વિસરાઈ ગઈ, આંગળી જળ માંથી કાઢી ને જગા પૂરાઈ ગઈ !'' આ હકીકતનો દરેકને અનુભવ થાય. પણ જયોતિપુંજમાં લખનાર તરીકે અને જયોતિપુંજના ભૂતકાળના તંત્રી તરીકે અમારુ એક આગવુ સ્થાન છે એ બાબત જ અમારુ મસ્તક ઉન્નત રાખે છે. પ્રભુની આસીમ કૃપાનો જ આ પ્રતાપ છે.

✣ ✣ ✣ ✣ ✣

# સ્મૃતિમંજૂષા

- ઊર્વીશ ર. મોદી (દેવ)

આયખાની ઓસરીમાં, વિશ્રાંતીની ઝૂલણ ખુરશીમાં બેસીને સ્મરણોના વિશ્વમાં વિહાર કરે છે.......ઘણો નસીબદાર છે.

આયુષ્યની વિરાટ યાત્રાના અંતિમ ચરણના પ્રથમ સોપાન ઉપર પગ મૂકીને યાત્રી સહેજ વિસામો લેવા બેસે છે અને જરાક પાછળ વળીને જુએ છે,''હું કેટલું ચાલ્યો હોઈશ? એને દેખાય છે એ વિરાટ પગદંડી જેની ઉપર ક્યાંક ક્યાંક લીલીછમ વનરાઈ તો ક્યાંક નિષ્પર્ણ વૃક્ષો, ક્યાંક રંગબેરંગી પુષ્પોનો પમરાટ તો ક્યાંક કાંટાળો થોર, ક્યાંક ઘેઘુર ઘટાદાર વડલો છે ને ક્યાંક જીર્ણ-વિશીર્ણ સપનાનો ભારો. શાંત મધપૂડાને કોઈક અટકચાળો છંછેડે ને નિમિષમાત્રમાં અસંખ્ય મધમાખી ડંખવાને આવે, એમ જ સ્મૃતિમંજૂષાને અનાયાસે હડસેલો વાગ્યો, ને એમાં ધરબી રાખેલા અસંખ્ય સંસ્મરણો અસ્તિત્વને ઘેરી વળ્યાં. સંસ્મરણો મીઠાં મધુરાય ખરા ને વળી કડવા લીમડા જેવા પણ. સંસ્મરણો કોમળ, રેશમી, મયુરપંખ જેવા પણ અને શાહુડીના પીંછા જેવા કાંટાળા પણ. આવા કંઈક સંસ્મરણોને કલમ દ્વારા વ્યક્ત કરવાનો આજે અવસર મળ્યો છે.

શરૂઆત એક રમૂજી ટુચકાથી કરીશ.

પતિ : (ડૉકટરને) સાહેબ, મારી પત્નીની યાદશક્તિ ખૂબ જ ખરાબ થઈ ગઈ છે.

ડૉકટર : એમ? શું તમારા પત્ની બધું જ ભૂલી જાય છે?

પતિ : ના સાહેબ, એમને બધું જ યાદ રહી જાય છે.

આપણી સ્મરણશક્તિનું પણ કંઈક આવું જ છે. સ્મરણશક્તિને આપણે આશિર્વાદરૂપ ગણીએ, તો એજ સ્મરણશક્તિ ક્યારેક અભિશાપ રૂપ પણ બની જાય છે. સુખદ અનુભવોનું સંસ્મરણ, ગમે તેટલી વિષમ પરિસ્થિતિમાં પણ એક હળવાશનો અનુભવ કરાવે છે અનેજાણે નવજીવન બક્ષે છે, તો દુ:ખદ સંસ્મરણો જીવનનો જાણે વિકાસ રૂંધે છે, અને સ્વવિકાસની કેડી ઉપર કાંટા બનીને માર્ગ અવરોધે છે. માનવીનું સમગ્ર જીવન, જન્મથી મૃત્યુ પર્યંત અનેક ઘટનાઓથી ભર્યું હોય છે. આવી અસંખ્ય ઘટનાઓમાંથી અમુક ઘટના, પછી તે સુખદ હો કે દુ:ખદ, આપણી સ્મૃતિમંજૂષામાં કોતરાઈ જાય છે. આવાં જ અનેક મીઠાં, મધુરાં અને કવચિત થયેલાં કટુ સંભારણા આજે આપની સમક્ષ વ્યક્ત કરું છું, ત્યારે પ્રશ્ન થાય છે કે શરૂઆત ક્યાંથી કરવી? ભાગ્યની યારી કહું કે પરમાત્માની કૃપા કહું, પરંતુ જ્યોતિપુંજના સાનિધ્યમાં ખેડેલી આ સાહિત્યયાત્રા દરમ્યાન મને મહદઅંશે સુખદ અનુભવો જ થયાં હતાં.

મારા મોટાભાઈ, શ્રી પ્રદીપભાઈ મોદીનો મને ફોન આવ્યો, અને ત્યારબાદ એક પોસ્ટકાર્ડ આવ્યું. સંસ્થાના મુખપત્ર જ્યોતિપુંજ માટે તમારી સહતંત્રી તરીકે નિમણૂંક થઈ હતી. આ જાણે મારા માટે પ્રથમ સુખદ સંભારણું. ખૂબ ખુશીની વાત હતી. પ્રારંભમાં સહતંત્રી તરીકે પ્રકીર્ણ વિભાગની જવાબદારી સોંપવામાં આવી હતી. નિતનવા બદલાતાં ટેલીફોન નંબર અને સરનામાની નોંધ પ્રકાશિત કરવાની. ઉપરાંત

શુભલગ્નોની યાદી મૃત્યુ નોંધની યાદી વિગેરે પ્રકીર્ણ સમાચારો પ્રકાશિત કરવા, શૈક્ષણિક ક્ષેત્રમાં અનેરી સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને તેજસ્વી તારલા શીર્ષક હેઠળ સંસ્થા તરફથી અભિનંદન અને શુભેચ્છા પાઠવવી. આ વિભાગનું ફલક ખૂબ જ સિમિત હતું. કોઈ વિશાળ કાર્યક્ષેત્ર ન હતું અને સાહિત્ય સાથે કદાચ આ વિભાગને કોઈ સંબંધ ન હતો. છતાંપણ જ્યોતિપુંજ સાથે સંકળાયેલા રહેવાનો વિશેષ આનંદ હતો.

મારા પુરોગામી ભાઈ શ્રી પંકજભાઈ શાહના પ્રેમાળ સુકાનીપદ હેઠળ કામ કરવાનો ખૂબ જ આનંદ આવ્યો.

પરંતુ આ સમયગાળા દરમ્યાન થયેલ એક કટુ સંભારણું જાણે આજે પણ વિસરી શકાતું નથી. સમયનો અભાવ જેમ આજે વર્તાય છે, તેમ ત્યારે પણ હતો અને આજ સમયના અભાવે એક ગંભીર ક્ષતિ થઈ ગઈ. શુભ લગ્નની યાદી પ્રેસ ઉપર છાપવા માટે આપી હતી. અંતિમ ઘડીએ કોઈ યુગલની સગાઈ રદ થઈ જે ઘડીએ જાણ થઈ, તે જ ઘડીએ પ્રેસ ઉપર જવું શક્ય નહતું, અને તેથી ફોન કરીને એ યુગલનું નામ યાદીમાંથી કાઢી નાખવા માટે જણાવ્યું. ફોન ઉપર પેલા ભાઈ બરાબર સમજ્યા નહીં અને જે યુવતીનું નામ કાઢી નાખવાનું હતું, તે રહી ગયું અને બીજા કોઈ યુવકનું નામ એની સાથે જોડી દીધું. ખૂબ જ ગંભીર ભૂલ થઈ ગઈ હતી. ઉભય પક્ષે પરિવારજનો ખૂબ જ નારાજ થઈ ગયા. માત્ર સોરી કહેવાથી એમને સંતોષ નહોતો. આજે લગભગ ૨૦-૨૫ વર્ષ બાદ પણ આ પ્રસંગ આંખ સામેથી વિસરાતો નથી.

ત્યારબાદ શ્રી પંકજભાઈ નિવૃત્ત થયા, અને જ્યોતિપુંજનું સુકાની પદ મને સોંપવામાં આવ્યું. વધુ એક સુખદ સંભારણું, જ્યોતિપુંજ હવે યુવાન બન્યું હતું. મારી તંત્રી તરીકેની વરણી થઈ. યોગાનુયોગ એજ વર્ષે જ્યોતિપુંજની રજતજયંતી વર્ષની ઉજવણી હતી. યુવાન પરંતુ ચંચળ નહીં, એવા ધીર - ગંભીર જ્યોતિપુંજને કલમ દ્વારા નવો આકાર આપવાનો હતો. એક નવું અસ્તિત્વ અને એક નવું વ્યક્તિત્વ વિકસાવવાનું હતું.

મારા ભૂતપૂર્વ દરેક તંત્રીઓએ જ્યોતિપુંજના માધ્યમ દ્વારા સાહિત્યની જ્યોત પ્રગટાવી હતી, એ જ્યોતને પ્રજવલિત રાખવાનું કાર્ય મારા માટે કપરું હતું. અને છતાં પણ કાર્યને યોગ્ય ન્યાય આપવાનો નમ્ર પ્રયાસ કર્યો. એ કાર્યમાં મને સફળતા મળી કે ના મળી એનો નિર્ણય તો આપ સુજ્ઞ વાચક જ કરી શકો, પરંતુ સંતોષ જરૂર થયો.

આપણા દેખાતા સુખી અને સમૃધ્ધ સમાજના તત્કાલીન વિવિધ પ્રશ્નોને તંત્રીસ્થાનેથી સમાજ સમક્ષ રજૂ કર્યા. સાસુ અને વહુ વચ્ચેના કલહ, કંકાસ, સાસરેથી ત્યજી દેવાઈ હોય એવી ત્યકતા, લગ્ન વિચ્છેદના પ્રશ્નો. આવા વિવિધ સળગતા પ્રશ્નો જેના કારણે દિવાળીના દિવસે પણ ઘરમાં હોળી પ્રગટતી એવા વિવિધ જટિલ પ્રશ્નોને તંત્રીસ્થાનેથી સમાજ સમક્ષ મૂક્યા. સમાજે એ લેખોનો પ્રતિભાવ દર્શાવ્યો. ક્યારેક રસ્તામાં મળી જતા, ક્યારેક ફોન દ્વારા અને ક્યારેક પત્ર લખીને સમાજ તરફથી મળેલો પ્રતિભાવ એજ એક સુખદ સંભારણું. જેમ કે એ સમયે આપણા સમાજમાં લગભગ ૩૦ થી ૩૫ યુગલ લગ્ન વિચ્છેદને આરે આવીને ઉભા હતા. ખૂબ જ જટિલ સમસ્યા હતી. તંત્રીસ્થાનેથી આ સળગતા પ્રશ્નના સંદર્ભમાં લેખ પ્રકાશિત કરવામાં આવ્યો અને પ્રતિભાવરૂપે બાલાસિનોરથી નટવરભાઈ

મોદી (જનસાથી) તરફથી પત્ર આવ્યો ''અભિનંદન, સમાજને લાલ બત્તી ધરવાની જરૂર છે.'' વિશેષમાં મારા પ્રત્યેક લેખમાં ઉંડો રસ લઈને ખૂબ જ યોગ્ય માર્ગદર્શન આપનારા મારા પ્રિય માસા તથા માસી તરફથી મળેલ સહકાર મારા માટે અમૂલ્ય રત્ન સમુ સંભારણું છે. એ વખતના મારા તંત્રીમંડળના સભ્ય શ્રી વ્રજેશભાઈ દેસાઈ, નિખિલભાઈ પરીખ તેમજ સાથી કાર્યકરોનો સાથ સહકાર મારા માટે વિશેષ સંભારણું બની રહ્યું છે. આમ કાર્ય કરવાનો આનંદ હતો પણ હવે સહેજ મુશ્કેલ બનતું જતું હતું. એક તો અગાઉ જણાવ્યું તે મુજબ સમયનો અભાવ. વિશેષમાં મારું પોતાનું વ્યવસાયનું સ્થળ બદલાયું. જે જ્યોતિપુંજના માધ્યમ દ્વારા સમાજસેવાની નેમ હતી, એ જ્યોતિપુંજ માટે સમય ફાળવવાનું વિકટ બનતું જતું હતું. ફરજ હતી જવાબદારીને નિષ્ઠાપૂર્વક નિભાવવાની, પરંતુ સંજોગો વિપરીત બનતા જતા હતા. સમાજના આગેવાન વડીલ મુરબ્બી અથવા કોઈ એવી વ્યક્તિ જેમણે કોઈ વિશેષ ક્ષેત્રમાં અનેરી સિધ્ધી પ્રાપ્ત કરી હોય. એવી વ્યક્તિનો પરિચય જ્યોતિપુંજમાં પ્રકાશિત કરવાનું શરૂ કર્યું. એવી મહાન વ્યક્તિના જીવનમાંથી બીજાને પ્રેરણા મળે એવો જ શુભ આશય હતો. ઉપરાંત જ્યોતિપુંજમાં પ્રકાશિત થતા વિવિધ લેખ, કાવ્ય, નિબંધ કે ગઝલ વાંચકને પસંદ પડયા કે નહીં એ પ્રતિભાવને પત્ર દ્વારા વ્યક્ત કરવાનું વાંચકને આમંત્રણ આપ્યું. એ સમયે સમાજના કોઈ આગેવાન કે વડીલ, કે ઉદારદિલ દાતાનું નિધન થાય, ત્યારબાદ એમને શ્રધ્ધાંજલીરૂપે જ્યોતિપુંજમાં એમની જીવન ઝરમર પ્રકાશિત કરવામાં આવતી. તંત્રી તરીકે માત્ર માહિતીનું સંકલન કરવાનું અને પ્રકાશિત કરવાનું રહેતું. એ માહિતિ સામાન્ય રીતે મૃતકના પરિવારજનો તરફથી મળતી. મારા કાર્યકાળ દરમ્યાન એવી એક જીવનઝરમર જ્યોતિપુંજમાં પ્રકાશિત કરવામાં આવી અને જ્યોતિપુંજના લગભગ ૪ થી ૫ પાનાનો વપરાશ થયો. અને મિત્રના રૂપમાં કોઈ હિતશત્રુએ મારો ગંભીર ગુનો ગણ્યો અને મારાથી સહજપણે જ્યોતિપુંજથી અળગા થવાનો નિર્ણય લેવાયો. પૂરતા સમયના અભાવે જો આપણા કાર્યને આપણે ન્યાય ન આપી શકીએ, તો એ જવાબદારી આપણે લેવી નહીં, એ મોટું સૂત્ર હું શીખ્યો.

એક લાભદાયક વાત એ બની કે મારી બાદ જ્યોતિપુંજના ભાઈ શ્રી નિખિલ પરીખના તંત્રીપદ હેઠળ વધુ ને વધુ સમૃધ્ધ બન્યું છે. એમના સુંદર પ્રેરક, ચિંતનાત્મક લેખો જનસમાજને નવજીવન બક્ષી રહ્યા છે, અને સાચી રાહ દાખવે છે. ભાઈશ્રી નિખિલને ખૂબ ખૂબ શુભેચ્છા.

અંતમાં જ્યોતિપુંજ વધુ ને વધુ ઉત્કર્ષ પામે એ જ આજના આ પુનિત પ્રસંગે ઈશ્વરને પ્રાર્થના કરું છું.

❖ ❖ ❖ ❖ ❖

## ગઝલ ગાતો નથી

ગઝલ હું એટલા માટે નથી ગાતો 'સ્મિત'
દર્દ પડયું છે હૃદયે, જે વલોવાઈ જાય છે.
ઝંખુ છું સતત તુજને, ને દૂર હું ભાગું છું.
મિલન મારૂં તુજ સંગે વગોવાઈ જાય છે.
દુ:ખી બને હૃદય જ્યારે, સહારો મેળવી લે છે,
છે જીવન કિતાબ કોરી, છતાં વંચાઈ જાય છે.
ભૂલવા સદંતર તુજને વાંચન મ્હેં વધાર્યું છે,
સ્મરણ થાય છે તારૂં, ને લીટી દોરાઈ જાય છે.
ઝુકે છે જ્યાં પ્રભુ પાસે પ્રેમી હૃદય મારું,
પ્રસંગો આપણા પ્રસાદ થઈ વ્હેંચાઈ જાય છે.

*- અતુલ રતિલાલ દેસાઈ - 'અન્જાન સ્મિત'*

# બાલાસિનોરનો ટુંકો ઈતિહાસ

આજથી લાકો વર્ષ પહેલાં ગોંદવાના યુગ પુરો થતા ઉત્તરનો યુરોપ અને એશિયાઈ સમુદ્ર એકવાર કચ્છ, સૌરાષ્ટ્ર અને નર્મદા ખીણમાં છેક અંદર સુધી ફરી વળ્યો હતો. ત્યારે વાડાસિનોરની જમીન પણ પાણી નીચે ડૂબી ગઈ હતી. સમુદ્રની નીચે ડૂબી ગયેલા ઉદરસર્પી પ્રાણીઓ, સર્પો, અજગરો, મગરો, કાચબા, માછલાં વિગેરે જલચર પ્રાણીઓના અશ્મિભૂત અવશેષોના સ્તર છેક વાડાસિનોર સુધી પથરાયા છે અને હમણાં ડાઈનાસોરના અસ્મિભૂત અવશેષો મળી આવ્યા છે. તેથી વાડાસિનોરનું નામ વિશ્વના નકશામાં આવી ગયું છે.

ત્યારપછી પાષાણયુગ પહેલાં મધ્ય જીવમય યુગને અને ગુજરાત સહિત સમસ્ત પશ્ચિમ ભારતમાં ભયંકર જવાળામુખીનો વિસ્ફોટ થયો હતો. તે વખતે આજનો ભીમભમરડો, કેદારની ટેકરીઓ વિગેરે સર્જાયા હતાં.

પાષાણ યુગ પહેલાં ફરી એકવાર સમુદ્રે વાડાસિનોરની ધરતી ડૂબાડી હતી. આમ દરિયાના પાણી, વરસાદ, નદિઓના ઘોડાપુર વિગેરેને લીધે ભીમભમરડાના પથ્થર પરની માટી ધોવાઈ જતાં આજના જેવા આકાર સર્જાયા છે.

મહાભારતની કથાએ લોકમાનસ પર વ્યાપક અને ઉંડી અસર કરી છે. તેથી પત્થરો, દરેક ગુફા, અરણ્યો વિગેરેને તેમની સાથે જોડી દેવાયા છે. તેથી લોકવાયકા મુજબ વાડાસિનોર અને તેની આજુબાજુના ગાઢ જંગલને હિડિંબવન વિસ્તાર ગણાય છે. પ્રાગૈતિહાસિક કાળ એટલે બે થી અઢી લાખ વરસ પહેલાં પશ્ચિમકાંઠાની ભૂમિ છેક આફ્રિકા સાથે જોડાયેલી હતી અને પાષાણયુગમાં અત્રે માનવ વસવાટ હતો. આ યુગનો માનવી ગુફાઓમાં કે ઝાડ ઉપર વસવાટ કરતો હતો અને પત્થરોનાં ઓજારો વાપરતો હતો. આવા માનવો નરભક્ષી હોય એ સંભવિત છે.

આ પ્રદેશમાં શિવલિંગની પૂજા અતિ પ્રાચિન છે. આ વિસ્તારમાં ખોદકામ થાય તો ઘણી પ્રાચીન ઐતિહાસીક માહિતી મળવાનો સંભવ છે. ભિમભમરડા પાસેના એક ખેતરમાં કુવાના ખોદકામ વખતે કુવામાં અંદર ઈંટથી ચણેલી નિસરણી જોવામાં આવી હતી.

બાબીઓ પહેલાંનો બાલાસિનોરનો ઈતિહાસ પણ અજ્ઞાત છે. કેટલાક ઈતિહાસકારો આ પ્રદેશ વીરપુરના સોલંકીઓના તાબે હોવો જોઈએ એવું માને છે. ધવળદેવનો પ્રપ્રૌત્ર વીરભદ્ર ચુંવાળનો કાલરીગઢ છોડી વીરપુર ગામે આવ્યો અને ત્યાંના ઠાકોર વીરા બારૈયાને મારીને ઈ.સ. ૧૨૨૫ માં તેનું રાજ્ય લઈ લીધું. તેનો વારસો કીકાજી માનસિંહ, માધવસિંહ, ગમસિંહ, પૃથ્વીપાળ સિંહ, વિક્રમસિંહ અને વિઠ્ઠલસિંહે વીરપુરમાંથી ગાદી ઉઠાવી મહી નદીના કિનારે ડીઘ્રા ગામે સ્થાપી અને તેના વંશજ ભીમસિંહે ઈ.સ. ૧૩૯૪માં ડીઘ્રામાંથી રાજધાની ઉઠાવી લુણાવાડામાં ગાદી સ્થાપી. એ રીતે વાડાસિનોરનો પ્રદેશ વીરપુરને તાબે નહિ પણ લુણાવાડાના તાબે હોવો જોઈએ. પરંતુ એક દંતકથા મુજબ આ પ્રદેશના અધિપતિઓ ડોળીઓ

રજપૂતો હતા. ઈ. સ. ૧૬૦૫માં મહમંદ બેગડાના હજુરોના સ્વારોએ આ પ્રદેશ જીતી લીધો. મુસલમાનો અને ડોળિયા રજપૂતો વચ્ચે ભારે યુધ્ધ થયું અને તેમાં તમામ રજપૂતો કપાઈ ગયા.

મહંમદ બેગડાએ આ વિસ્તારમાં એક થાણું સ્થાપી અત્રેના થાણેદારોને સફરદનખાનનો ઈલકાબ આપ્યો. પ્રદેશમાં ઓછામાં ઓછા એક હજાર આંબાના ઝાડ રોપાવાનો એક તામ્રપત્ર ઉપરનો હુકમ જોવામાં આવ્યો છે. આ પ્રદેશમાં બારૈયા, ભીલો અને કોળીઓનો ભારે રંજાડ હતો. અત્રેનું થાણું સ્થાપવાની મહંમદ બેગડાએ અગત્ય જોઈ અને એથી આ પ્રદેશના વેપારને પણ લાભ થયો.

ચાવડાઓ અને સોલંકીઓ પહેલાંના ગુજરાતના ઈતિહાસ વિષે બહુ માહિતી ઉપલબ્ધ નથી અને તેમાંય વાડાસિનોરના ઈતિહાસ વિષે તો માહિતી હોય જ ક્યાંથી? જયસિંહ સિદ્ધરાજના વખતમાં આ વિસ્તાર તેની આણ નીચે હોવો જોઈએ. આ વિસ્તારમાં આવેલી તેના વખતની વાવો પરથી આવું અનુમાન સહેલાઈથી થઈ શકે છે. વાડા અને સિનોર નામના નજીક આવેલાં બે ગામડાં પરથી વાડાસિનોર વસ્યું હોય અને ટુંકા હુલામણા વાડશોલ નામે પણ ઓળખાતું હોય!

બાબીઓ પહેલાંના બાલાસિનોરના ઈતિહાસ અંધારામાં છે. બાબીઓ પહેલાંના વાડા અને સિનોર નામના બે ગામડામાંથી બાલાસિનોરનો ઉદય થયો. આ વિસ્તારના રહેવાસીઓ તરીકે પાટીદારોની એક હજાર વર્ષ જૂની વશાંવલી જોવામાં આવી છે. આ વિસ્તારના રહેવાસીઓ તરીકે બારૈયા, કોળીઓ, ધીરધાર અને વેપાર કરતા વાણીયાઓ અને ગોરપદું કરતાં બ્રાહ્મણો હોવાનો સંભવ છે.

ત્યારપછી મોગલ શહેનશાહ અકબરે ગુજરાત પર ચઢાઈ કરી તેને જીતી લીધું. અમદાવાદમાં સુબાની નિમણુંક કરી ગુજરાતનો રાજ્યવહીવટ પોતાના હાથમાં લીધો. મોગલ બાદશાહ શાહજહાંના વખતમાં બહાદુરખાન બાબી અફઘાનીસ્તાનથી દિલ્હી આવ્યા અને મોગલ ફોજમાં જોડાયા. તેનો પુત્ર શેરખાન શાહજાદા મુરાદ સાથે ગુજરાત આવ્યો. શેરખાન બહાદુર અને બાહોશ સરદાર હતો. તેણે ચુંવાળના કોળીઓને વશ કર્યા તેથી તેને ચુંવાળ પરગણાનો થાણેદાર નીમવામાં આવ્યો. આ શેરખાનને ચાર દીકરાઓ હતા. પહેલો મહંમદ મુબારીખાન ઈ.સ. ૧૬૭૪માં કડીમાં ફોજદાર નીમાયો. બીજો મહંમદ મુજફ્ફર કડીનો સુબો હતો. ત્રીજો જાફરખાન જેના વંશજોએ રાધનપુર, જૂનાગઢ, વાડાસિનોર અને બાવટામાં નવાબી સ્થાપી. ચોથા બાઝખાનને રાણપુરમાં જાગીર મળી.

શેરખાનના મૃત્યુ બાદ જાફરખાનને ચુંવાળ પરગણાનો થાણેદાર નિમવામાં આવ્યો. તેને સફરખાનનો ઈકલાબ મળ્યો અને પાટણની નાયબ સુબાગીરી પણ મળી. પરંતુ ઈ.સ. ૧૬૯૮માં મોગલ સુબા સુજાતખાને બંડ કર્યું, જાફરખાને તેને પકડયો અને માફી મંગાવી છોડી મૂક્યો. બે ઠેકાણે તેને નાયબ સુબા તરીકે નીમવામાં આવ્યો.

આજ અરસામાં ગુજરાત પર મરાઠાઓના હુમલા શરૂ થઈ ગયા હતા. મરાઠા સરદારોએ ગુજરાતના દક્ષિણ ભાગમાં ચઢાઈ કરી. તેમને અટકાવવા નજરઅલીખાન અને જાફરખાન બાબીએ રાજપીપળાના રતનપુર આગળ છાવણી કરી લડાઈની તૈયારીઓ કરવા માંડી પરંતુ મરાઠા સરદાર ધનાજી જાદવે ઓચિંતો હુમલો

કરી જાફરખાનને કેદ કર્યો અને તેના એક બેટાને મારી નાખ્યો. જાફરખાને દંડ ભરી પોતાનો છુટકારો મેળવ્યો. તેને પાટણ પાછા ફરવું પડયું. થોડા વરસ બાદ દુર્ગાદાસ રાઠોડે ફરીથી બંડ કર્યું. જાફરખાને ફરીવાર બઢતી આપી અને તેને પાટણનો સુબો બનાવવામાં આવ્યો. આ જ વખતથી તેઓ ગુજરાતના મોટા અને આબરૂદાર મુસલમાન ઉમરાવ તરીકે પંકાયા.

જાફરખાનના બેટા મહંમદ શેરખાનને જવાંમર્દખાનનો ઈલકાબ મળ્યો અને રાધનપુરનો અધિકાર મળ્યો. પાછળથી તેના વંશજો રાધનપુરના નવાબો થયા.

તેના બીજા બેટા સલાબત મહંમદખાનને વીરમગામમાં સૂબાગીરી મળી. સલાબત મહંમદખાનના બેટા મહંમદ બહાદુરને અમદાવાદની આસપાસના પરગણાનો અધિકાર મળ્યો, અને ત્યારપછી શેરખાનનો ઇલકાબ સાથે સાદરા તથા વીરપુર (કાઠીયાવાડ) ની સૂબાની પદવી મળી. સલાબતખાનને આ ઉપરાંત બીજા બે દીકરાઓ હતા. દલીલખાન અને જમાનખાં -તેઓ બાંટવાના નવાબના મૂળ પુરૂષ.

ઔરંગઝેબના વખતમાં સલાબત મહમંદખાનને ઘોઘા (કાઠીયાવાડ) અને બાલાસિનોરની જાગીર મળી. આ જાગીરમાં તેમને જાતિ મનસબ અને અઢીસો સવારવાળું થાણું રાખવું પડતું હતું. તે જમાનામાં થાણું એટલે રૈયત અને મુસાફરોના રક્ષણ માટે ઘોડેસ્વાર તથા બંદુક - તીરકામઠાવાળું પાયદળ. અમદાવાદથી ૩૫ કોષ દુર બાલાસિનોર પાટનગર જવાના રસ્તામાં અને તેની પાડોશમાં વટેમાર્ગુઓને લુંટી લેનાર કોળીઓ વસતા હોવાથી સલાબત મહમંદખાને પાકો કોટ બંધાવ્યો અને એક ટેકરા ૨૮૨૭ ઉપર પોતાને માટે મહેલ બંધાવ્યો.

સલાબત મહંમદખાન ઈ.સ. ૧૯૩૦માં મરણ પામ્યો. તેના મરણ પછી તેના દીકરા મહંમદ શેરખાનને જુનાગઢની સૂબાગીરી મળી. ઈ.સ. ૧૭૩૨માં અભયસિંહ રાઠોડ, વડોદરામાં પીલાજીરાવના ભાઈ માધાજી ગાયકવાડે ફોજ સાથે જંબુસરથી આવી બાબીને કાઢી મૂક્યા અને વડોદરા પાછું કબજે કર્યું. હારેલ બાબી પાછા બાલાસિનોર આવતા રહ્યાં.

આ વખતે તો મરાઠા સરદારોએ ગુજરાતમાં ઘણો પગપેસારો કરી મૂક્યો હતો. તે વખતે ઘણી ખટપટો ચાલતી. અનેક વખતે પક્ષો બદલાતા. મહંમદ બહાદુર શેરખાને વખત પારખીને પોતાના થાણાં જુનાગઢ અને બાલાસિનોર સાચવીને રાખ્યાં, અને પોતે ત્યાં જ ચીટકી રહ્યાં. તેનો બેટો મહોબતખાન જુનાગઢમાં થાણું મજબુત રાખી પડયો રહેતો હતો. તો બીજો બેટો મહંમદ બાલાસિનોર પડયો રહેતો હતો. દિલ્હીની બાદશાહી ડોલી ઉઠી હતી અને મુસલમાન સરદારો જ્યાં જ્યાં તેમનો અધિકાર હતો ત્યાં ઘર કરી બેઠા.

આજ અરસામાં ઉમાબાઈના નાયબ રંગોજીએ પુનાજી વિઠ્ઠલ, ત્ર્યમ્બકરાવ અને કફરૂદૌલા સાથે લડવામાં મહંમદ બહાદુર શેરખાનની મદદ માંગી પરંતુ લશ્કરનો પગાર ચઢી ગયો હોવાથી તે મદદે ગયો નહિ. થોડા દિવસ પછી તે લશ્કર સાથે મહુધા અને નડિયાદ ગયો અને એ કસ્બા લૂંટયા. ત્યાંથી તે કપડવંજ ગયો. રસ્તામાં ત્ર્યમ્બકરાવ સાથે અથડામણ થતા તેના ઘણાં માણસો મરાયા, બીજા દિવસે રાત્રે તે નાસી છૂટયો અન કપડવંજ પાસેના રંગોજીના લશ્કર સાથે મળી ગયો.

ફરીવાર ઈ.સ. ૧૭૬૪માં મરાઠા તરફના ફકરૂદૌલા સાથે અડાસ આગળ લડાઈ થઈ તેમાં તે ઘાયલ

થયો. આ વખતે જો તેને રંગોજીનો આશરો મળ્યો ન હોત તો તેની દુર્દુશા થાત. મહંમદ બહાદુર શેરખાન ખટપટી અને મુત્સદ્દી હતો. અમદાવાદને કબજે કરવા તે ઈડરના મહારાજા આનંદસિંહજીના ભાઈ રાયસિંહજી અને ફકરૂદૌલા સાથે મળી ગયો અને અમદાવાદનો ઘેરો ઘાલ્યો. પરંતુ તેના પિત્રાઈ કમાલુદ્દીન ઉર્ફે જવાંમર્દખાન જે અમદાવાદનો સૂબો હતો તેણે મચક ન આપી તેથી ઘેરો ઉઠાવી બાલાસિનોર પાછા ફર્યો.

આ જ વરસમાં દામાજીરાવ ગાયકવાડ અને તેના ભાઈ ખંડેરાવે, બાબી કમાલુદ્દીનખાનની મદદ લઈ બોરસદના નવાબ ઉપર ચઢાઈ કરી. પોતાના મુલક સુધી ગાયકવાડ આગળ ન વધે તેટલા માટે બોરસદના નવાબની મદદમાં મહંમદ શેરખાન ઈડરના રાયસિંહજી સાથે દોડી ગયો. આખરે ઈ.સ. ૧૭૫૪માં મહંમદ બહાદુર શેરખાંને ગુજરાતની રાજખટપટોમાંથી મન ઉઠાવી લીધું અને પોતાને જુનાગઢના નવાબ તરીકે જાહેર કરી અમદાવાદના સૂબાથી સ્વતંત્ર થઈ ગયો. ચાર વરસ રાજ ભોગવી તે ઈ.સ. ૧૭૫૮માં મરણ પામ્યો.

તેનો મોટો દીકરો મોહબતખાન જુનાગઢનો નવાબ થયો. જ્યારે તેના નાના દિકરા સરદાર મહંમદે પોતાને જુનાગઢથી સ્વતંત્ર જાહેર કરી નવાબના ઈલકાબ સાથે બાલાસિનોરનું રાજ્ય સ્થાપ્યું. તે ચાલાક અને મહત્વકાંક્ષી હતો. તેની સરહદે એક બાજુ ડાકોર અને બીજી બાજુ કપડવંજ ને અને ત્રીજી બાજુ વીરપુરને અડતી હતી. તેના બાપ શેરખાનના વખતનો તેનો કારભારી સરસરામ કુશળ અને કાર્યદક્ષ હતો. તેણે મરાઠાઓની રંજાડથી બચવા રૂગનાથરાવ પાસે જઈ અડધોઅડધ ઉપજ વહેંચી લેવાના કોલકરાર કરી બાલાસિનોરને સતાવવું નહિ એવી ખાત્રી મેળવી. પણ રાજયખટપટને એ કાંઈ ઔર ચીજ છે ! શેરખાનના મૃત્યુ બાદ સુલતાન હબસી સરદારની સત્તા ખૂબ વધી હતી. તેણે મહંમદ જહાન નામના એક બીજા સરદાર જોડે ખટપટ કરી સરસરામને રૂખસદ અપાવી અને મરાઠાઓ જોડે થયેલા કોલકરારો ફેરવી તોળવવા સરદાર મહંદખાનને ભંભેરણી કરી. તે અરસામાં નવાબમાં જુવાનીનું ચંચળ લોહી વહેતું હતું. તેણે તે સલાહ માની ઉપજમાંથી અડધો ભાગ આપ્યો નહિ. આ જ અરસામાં તેણે લુણાવાડાના દીપસિંહ જોડે મળી વીરપુરના દેસાઈઓનો ભારે દંડ લીધો હતો. તેથી દેસાઈઓએ મરાઠા સરદાર સદાશીવ રામચંદ્રની મદદ માંગી. મરાઠા સરદારે બાલાસિનોરને ઘેરો ઘાલ્યો. થોડા દિવસ યુધ્ધ ચાલ્યા પછી નવાબમાં ડહાપણ આવી ગયું અને સદાશીવ રામચંદ્રને રૂપિયા, ૩૦,૦૦૦ આપ્યા. બાન તરીકે સુલતાનને મરાઠા સરદારના હાથમાં સોંપ્યો અને પેશ્વાને ખંડણી ભરવાનું કબૂલ કર્યું. પણ નવાબે ન તો ખંડણી ભરી કે સુલતાનને છોડાવવા કોઈ તજવીજ કરી, આથી સરદાર ભગવંતરાયે બાલાસિનોર પર ચઢાઈ કરી જીતી લીધું અને બાબીઓને હાંકી કાઢયા. નવાબ આજુબાજુના મુલકોને આશરે સંતાઈ ગયા. ઈ.સ. ૧૭૬૧માં જ્યારે પાણીપતના યુધ્ધમાં મરાઠાઓ હાર્યા અને નબળા પડયા ત્યારે કોળીઓની મદદ લઈ બાબીઓએ ફરીથી બાલાસિનોર જીતી લીધું. બે વરસના રાજ્યઅમલ દરમિયાન પ્રજા મરાઠાઓથી કંટાળી ગઈ હતી.

આથી પેટલાદના સૂબા અપ્પાજી ગણેશે અને દામજી ગાયકવાડે ડહાપણ વાપરી બાબીને ખેડા બોલાવ્યો અને ત્રણ હજાર રૂપિયા ખંડણી આપવાના બદલામાં વાડાસિનોર તેની પાસે રહેવા દીધું. પાછળથી

ઈ.સ. ૧૭૬૮માં ખંડણી રૂપિયા ૧૦,૦૦૦ નક્કી કરવામાં આવી. સરદાર મહંમદના મૃત્યુ બાદ તેનો દિકરો જમિયાતખાનજી ગાદીએ આવ્યો. તેના વખતમાં ઈ.સ. ૧૮૦૮માં વાંસવાડાનો પટાવત અર્જુનસિંહ ફોજ સાથે વાડાસિનોર ચઢી આવ્યો અને ભારે રકમ લઈ પાછો ગયો. ઈ.સ. ૧૮૧૬માં ભગવાનદાસ પટેલની સરદારી હેઠળ નવાબના સ્વારોએ લુણાવાડાની ઉપર ચઢાઈ કરી લૂંટયું. ઈ.સ. ૧૮૧૮માં પેશ્વાઈ ડૂબવાથી વાડાસિનોર અંગ્રેજોના અધિકારી હેઠળ આવ્યું. અંગ્રેજોએ ગાયકવાડને ભરવાની ખંડણી રૂા. ૩૬૦૧-૨-૩ નક્કી કરી અને સાઠંબા રાઠોડ તરફથી નવાબને રૂા. ૫૬૧ ખંડણી મળે તેવો પ્રબંધ કર્યો. ઈ.સ. ૧૮૨૦ના મે માસમાં સલાબતખાનનું અવસાન થયું. સલાબતખાનને કોઈ વારસ ન હોવાથી જુનાગઢે વાડાસિનોર પર દાવો કર્યો પણ અંગ્રેજોએ તે કબૂલ ન રાખ્યો. તેમણે નજીકના પિત્રાઈભાઈ આદમખાનને ગાદીએ બેસાડયો. તેઓ આદમખાન સલાબતખાન તરીકે ઓળખાયા. તેમના વખતમાં તેમના કારભારીનું નામ વજ્જુ મજમુદાર હતું. આદમખાને રાજ્યમાં ૩૦-૮-૧૮૨૦માં અફીણનો કાયદો લાગુ પાડયો. પરંતુ આ નવાબનો અંધેર રાજ્ય કારભાર જોઈ અંગ્રેજોએ ઈ.સ. ૧૮૨૨માં તેના ભાઈ એદલખાનજીને કારોભાર સોંપ્યો. તે નવ વરસ રાજ ભોગવી મરણ પામ્યો. તે વખતના પોલીટીકલ એજન્ટે ઈ.સ. ૧૮૩૧માં બાલાસિનોર આવી તેના પુત્ર જોરાવરખાનને ગાદીએ બેસાડયો અને લુણાવાડા તેમજ બાલાસિનોર વચ્ચે વીરપુર પરગણા સંબંધી તકરારનો નીવેડો લાવી વીરપુર પરગણું બાલાસિનોરને અપાવ્યું. તદુપરાંત લુણાવાડાના ભાગ બદલ રૂપિયા ૨૪૭૦ આપવા એવું ઠરાવ્યું. જોરાવરખાન ૫૧ વરસ રાજ્ય કરી ઈ.સ. ૧૮૮૨ના નવેમ્બરની ત્રીસમી તારીખે અવસાન પામ્યા.

જોરાવરખાન પછી તેનો પુત્ર મનોવરખાનજી ગાદીએ આવ્યો હતો. આ નવાબના વખતમાં પ્રખ્યાત અને લોકપ્રિય કારભારી પ્રેમચંદ કીસનદાસ હતા. તેઓ ઠાસરાના વતની હતા. તેમના અમલ દરમ્યાન વાડાસિનોર વિકસાવ્યું હતું. તે ઉપરાંત સાર્વજનિક દવાખાનું, શાળાઓ વિગેરે બાંધી ઘણા સુધારા વધારા કર્યા હતા.

મનોવર ખાનજી પછી તેના દિકરા જમિયતખાનજી ગાદીએ આવ્યા હતા. આ નવાબને નાટકોનો ઘણો શોખ હતો. તેમણે નાટક માટે એક થિયેટર બાંધ્યું હતું. તેમનાં નાટકો તેની સિનસિનેરી માટે બહુ વખણાતાં હતાં. નાટકોમાં ખર્ચ માટે હંમેશા તેમને પૈસાની જરૂરત રહેતી હતી. તેથી તેમણે નાખેલા કરવેરાથી પ્રજાની બહુ રંજાડ થતી હતી. પ્રજાએ તેની સામે ચળવળની ઝૂંબેશ શરૂ કરી હતી. આથી નવાબે એક વખત કોટ બંધ કરી માર્શલ લો જાહેર કર્યો હતો. તેમાં ઘણાંને ખૂબ માર પડયો હતો. તેમાં ઢોરમારને લીધે કલકત્તાવાળા સાંકરલાલ ગાંધીના ભાઈ ચંદુલાલનું મૃત્યુ થયું હતું અને કેટલાંક લોકો કોટ કુદી બ્રિટિશ હદમાં ભાગી ગયા હતા. ત્યારપછી પોલિટિકલ એજન્ટ પાસે રજૂઆત કરતાં પણ ઘણા બધા લોકોએ ડાકોર અને ગોધરા કામચલાઉ વસવાટ કર્યો હતો.

૧૯૪૭માં આઝાદી મળ્યાં પછી બાલાસિનોર ખેડા જિલ્લાનું મુખ્ય શહેર બન્યું અને નગર પચંયાતના હાથમાં વહીવટી સુત્રો સોંપવામાં આવ્યાં.

## દશાનિમા જ્ઞાતિનો ઉદભવ અને ધાર્મિક માન્યતાઓ :

બાલાસિનોરમાં વસતા દશાનિમા વણિકોની ઈતિહાસ દંતકથાઓ દ્વારા જાણવામાં આવે છે શામળાજી બાજુમાં ઔદુમ્બર ઋષિનો આશ્રમ હતો. ઔદુમ્બર ઋષિની પ્રેરણાથી રાજા હરિશચંદ્રે શામળાઈ આગળ હરિશચંદ્ર પુરી નામની નગરી સ્થાપી હતી. ઔદુમ્બર ઋષિના આશ્રમમાં રહેતા બ્રાહ્મણોની સેવા માટે બે વણિકો નિમાયા હતા. આ વણિકોએ એવો નિયમ કર્યો હતો કે એકે ઘી, દૂધ અને ગોળ આપવો અને બીજાએ અનાજ પુરું પાડવું. આથી આ વણિકો નિયમસ્થ અર્થાત પાછળથી નિમા વણિકો તરીકે ઓળખાયા. આ દંતકથાએ એક મીથ (Myth) છે. એક એવી દંતકથા પણ પ્રવર્તે છે કે માળવાના નિમાડ પ્રાંતમાંથી આવેલા વણિકો નિમા વણિકો તરીકે ઓળખાયા. આ વણિકોની કુળદેવી અંબામાતા હતી. ઔદુમ્બરો એ તેમને વિષ્ણુમાર્ગી બનાવ્યા હતા. આગળ જતાં જ્ઞાતિનાં આચારમાં પક્ષ પડી જવાથી તેમાં વિસા અને દશા તરીકે વહેંચાઈ ગયા હતા. દશાનિમા વણિકો વૈષ્ણવ ધર્મ પાળે છે. કેટલાંક વણિકોમાં શ્રાવક અને વૈષ્ણવો વચ્ચે રોટી બેટી વહેવાર થતો નથી. પરંતુ હવે એવો ભેદ નાબુદ થઈ ગયો છે. વિષ્ણુમાર્ગી વૈષ્ણવો શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ચીંધેલ પુષ્ટિમાર્ગ તરફ વળ્યાં. શ્રીમદ વલ્લભાચાર્યના પુત્ર શ્રી ગુંસાઈજીને સાત પુત્રો હતા. તેમના ચોથા પુત્ર શ્રી ગોકુલનાથજીના વંશજ શ્રી લક્ષ્મીજી મહારાજે આશરે એકસો દસ વર્ષ પહેલાં મોટા મંદિરમાં ગોકુલનાથજીની સેવા પધરાવી.

વ્યાપારના લાભાર્થે અને જ્યાં મજબૂત રાજ્ય વ્યવસ્થા અને રક્ષણ હોય ત્યાં હંમેશા મહાજનોના ભ્રમણ થયાં છે. ધીમે ધીમે માળવામાંથી ખસીને નિમા વણિકો શામળાજી, મોડાસા, માલપુર, લુણાવાડ, ગોધરા, દાહોદ, ઝાલોદ, કપડવંજ વગેરે ઠેકાણે વસવાટ કર્યો હોવાનુ લાગે છે. બાબીઓના વખતમાં રાજ્યતંત્ર જોડે કલહ થતાં આશરે અગિયારેક કુટુંબો બારિયા વસ્યાં હતા. બીજા કુટુંબો દક્ષિણમાં મરાઠાઓ જોડે વ્યાપારિક સંબંધોને લીધે મહાડ બાજુ વસ્યાં હતા. બારિયાની આજની દશાનિમા વસ્તીનું મૂળ બાલાસિનોર છે. બાબીઓએ પણ લુણાવાડાથી રતનજી મોદીને બાલાસિનોર બોલાવી વસાવ્યા હતા. એમ પણ બની શકે કે તેમની સાથે બીજા બે ત્રણ કુટુંબો પણ લુણાવાડાથી બાલાસિનોર આવી વસ્યાં હોય.

બાબીઓના વખતમાં બાલાસિનોરમાં સાબુનો ધીકતો ધંધો ચાલતો હતો. વહોરા લોકોએ સાબુના ઘણા કારખાનાં ત્યાં નાખ્યાં હતા. તે સમયે તેમની ઘણી સમૃદ્ધિ હતી. વહોરવાડની ખૂબ જ શોભા કરી હતી. પાછળથી ઉસમાંથી બનતા સાબૂનો ધંધો પડી ભાંગ્યો હતો. તેથી ધંધા અર્થે ઘણા વહોરા કુટુંબો બાલાસિનોર બહાર જઈ વસ્યાં હતા. મુંબઈ થી પુના જતા ગામે ગામ બાલાસિનોરના વહોરાઓ મળી આવશે.

### દશાનિમા વૈષ્ણવની પ્રગતિ

રેલ્વેના આગમને અને તૂટતા વેપારે બાલાસિનોરની પ્રજાનું ફરીથી સ્થાળાંતર થવા માંડયું. વહોરાઓની સાથે વાણિયાનું પણ મુંબઈ તરફ પ્રયાણ થયું. આશરે સો એક વર્ષ પહેલાં પોસ્ટમાં આવતા મુંબઈ સમાચારમાંની મુંબઈ વિષેની વાતથી ખેંચાઈ, લલ્લુભાઈ લાલચંદ પારેખ અને ભોગીલાલ લાલચંદ પારેખ

નામના બે ભાઈઓ પગે ચાલીને આણંદ ગયા અને ત્યાંથી રેલગાડીમાં મુંબઈ આવ્યાં. તે વખતે વસઈનો પુલ બંધાતો હોવાથી તેમને હોડીમાં બેસી ખાડી પાર કરવી પડી હતી. ત્યારપછી મુંબઈ આવ્યા ચુનીલાલ અમૃતલાલ પારેખ અને મોજીલાલ બાપુલાલ શાહ તેઓ મુંબઈ જાય કે મુંબઈથી દેશમાં આવે ત્યારે પચાસ પચાસ માણસો તેમનું સામૈયું કરવા જતાં !

પરંતુ આ પેઢીઓ ખાસ ફાવી નહિ. સમૃદ્ધિનો કાળ સાંપડયો મોજીલાલ નાથજીભાઈ શેઠ, સાંકરલાલ છોટાલાલ ગાંધી, ઓચ્છવલાલ છોટાલાલ પારેખ અને ઓચ્છવલાલ પ્રાણલાલ કચેરીઆ અને અમૃતલાલ દેસાઈના પુત્રોને ! ત્યાર પછી બબ્બે વિશ્વયુદ્ધના પ્રતાપે ઘણાયે કુટુંબોને આબાદીનાં પંથે પહોંચાડયાં છે.

પહેલવહેલા વધુ અભ્યાસાર્થે સ્વ. ડૉ. મોહનલાલ ધારીઆ ઈંગલેન્ડ, જર્મની અને અમેરિકા ગયા છે. અમેરીકા ગયેલામાંના કેટલાંક એન્ગ્લો અમેરીકન યુવતીઓ જોડે લગ્ન કરી ત્યાંજ વસવાટ કર્યો છે તો ઘણા બધાએ અમેરીકામાં કાયમી વસવાટનો પરવાનો મેળવી ત્યાં સ્થિર થવાનું નક્કી કર્યું છે. કેટલાકે સાત વર્ષના ગ્રીન કાર્ડની મુદ્દત પછી ત્યાંનું નાગરિકત્વ પણ મેળવ્યું છે. નોકરી ધંધાની ઉજ્જવળ તકોને લીધે પ્રજાનું સ્થળાંતર થતું હોય છે તેમ અમેરીકા ગયેલા આપણા લોકો ત્યાંજ વસી જશે એમ લાગે છે. આજે ન્યુર્યોક, ફીલાડેલ્ફીઆ અને ન્યુજર્સીની આસપાસ આપણાં લોકોનું સારુ એવું જુથ છે. એ ઉપરાંત ચિકાગો, વોશિંગ્ટન ડી.સી., ડેટ્રોઈટ, લોસ-એંજલ્સ, સાનફ્રાન્સિસકો અને બીજા ઘણા ગામોમાં આપણા લોકો નોકરી, ધંધા કે અભ્યાસાર્થે હાલ વસી રહ્યાં છે.

## બાલાસિનોર ભૌગોલિક દ્દષ્ટિએ

ભારતની ઉત્તર પશ્ચિમે ગુજરાત રાજ્યમાં આવેલ બાલાસિનોર - ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાનું મુખ્ય નગર છે. ૨૫૮ ચો. માઈલમાં વિસ્તરેલ તાલુકાની હાલની વસ્તી અંદાજે ૨ લાખ છે, જેમાં ૩૦,૦૦૦ લોકો બાલાસિનોર નગરમાં વસે છે. વિજળી, પાણી, ગટર, ટેલિફોન જેવી નાગરી સુવિધાઓ અને કેબલ ટી.વી. ની સગવડ પણ સુલભ છે. આર્ટસ અને કોમર્સ કોલેજ, તંત્રવિજ્ઞાન વિદ્યાલય, હોસ્પિટલ, સાર્વજનિક પુસ્તકાલય, બગીચો, સિનેમા હોલ અને અનેક શાળાઓ નગરનું ગૌરવ વધારે છે. સુદર્શન તળાવ, કેદારેશ્વર, દેવડુંગર, ભીમભમરડો જેવાં રમણીય સ્થળો બાલાસિનોરનાં સૌંદર્યમાં ઉમેરો કરે છે.

✣ ✣ ✣ ✣ ✣

## એકલતા

એકલતામાં તું સાથ નિભાવ
તારી હસ્તીનો અનુભવ કરાવ એકલતામાં તું.....
હૃદયની વીણા સુની પડે છે
સૂર છેડી ને તાર ઝણઝણાવ એકલતામાં તું......
આંખની અટારીયો શોધી રહી છે
દર્શન દઈને તું ધન્ય બનાવ એકલતામાં તું.....
હાથની હથેળી છે ચેતન વિહોણી
સ્પર્શ કરી ને તું સ્પંદન જગાવ એકલતામાં તું.....
વાચા મુખથી સ્થગિત થઈ છે
ભક્તિ દ્વારા તું ભાવ વહાવ એકલતામાં તું.....
'પમી'નું જીવન છે ગુમસુમતા ભર્યું
તારા પ્રાગટયથી મધુરી બનાવ એકલતામાં તું.....

*- પ્રવીણા લટકારી*

# પ્રીત આસોપાલવની

✍ ઉર્વીશ મોદી

અને અનુજા છ વર્ષની ઈશાને લઈને થર્ડ કલાસના ડબ્બામાં બેસી ગઈ. સામાનમાં માત્ર એક થેલી હતી અને આસોપાલવના વૃક્ષની એક ડાળી. સહપ્રવાસીઓ કરતાં વિદાય આપનારાં વધુ હતાં, અને સ્ટેશન પર આવજો કહેનારૂં કોઈ નહતું. વિદાય આપવા તો આપ્તજનો આવે, એવુ આપ્તજન એનું કોણ હતું, સિવાય કે એની આ છ વર્ષની ઈશા, અને એ તો એની સાથે જ હતી. અનુજાના ખોળામાં માથું મૂકીને ઈશા ચકળ-વકળ નયને આસપાસની પ્રવૃતિ જોઈ રહી હતી અને ઘડી ઘડી અનુજાને વળગી પડતી, જાણે કહી રહી હોય: 'મમ્મી. તું તો મને નહીં છોડી દે ને ?' એના માસુમ ચહેરાને અનુજા વહાલથી ચૂમી રહી અને ધીરે ધીરે એના માથે હાથ ફેરવી રહી એ કયાં જશે એની એને પોતાને જ ખબર નહોતી. પરણ્યાને સાત વર્ષમાં પોતાના પિયરે એક પણ વાર ગઈ નથી અને હવે શું મોઢું લઈને જવાની હતી? સાથે સાથે પોતે પોતાના ગરીબ મા-બાપ પર બોજો બનશે એવી શંકા હતી. ગરીબ મા-બાપની એકની એક દીકરી હતી ઘણી સ્વમાની પોતે જે કારણે પતિનું ઘર તજી દીધું એજ કારણ કદાચ માવતરનું ઘર તજી દેવું પડે તો ? ના, ના એના કરતા તો હું એકલી જ રહીશ. હું અને મારી ઈશા. એ નિર્દોષ બાળકીએ જન્મ પછી પ્રેમ જ કયાં માણ્યો છે ? કાશ, એના પપ્પાએ થોડો પણ પ્રેમ આ બાળકી પર વરસાવ્યો હોત, તો પરિસ્થિતિ કદાચ આટલી હદ સુધી ન વણસી જાત. પરણ્યા પછીના આજ સુધીના દિવસો એણે જે હાલતમાં કાઢયાં હતાં, એના પરથી તો એના જેવી સ્વમાની સ્ત્રીએ આ પગલું ખૂબ જ મોડું લીધું કહેવાય. સગાંઓ અને પાડોશીઓએ તો ઈશાને પાગલ કહી, પણ ખુદ એનો પતિ અને જીજીમા પણ એને પાગલ કહીને હડધુત કરવા લાગ્યાં, ત્યારે અનુજા ખૂબ નિરાશ અને નાસીપાસ થઈ ગઈ. આ બધું યાદ આવતાં અનુજાનું હૈયું ભરાઈ આવ્યું અને એની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં, ઈશા એકટીસે અનિમેષ નયને અનુજા ભણી તાકી રહી, તદ્દન શૂન્યમનસ્ક અને નિર્વિકાર ભાવે અનુજાએ ફરી ઈશાને હૃદયસરસી ચાંપી દીધી.

પાનેતરના પાલવમાં અનેક કોડ અને ઉમંગ ભરીને શ્વસુરગૃહમાં પ્રવેશ કર્યો. માબાપ ગરીબ હોવાથી કરિયાવરમાં ખાસ કાંઈ આપી શકયા નહતા. ગરીબ ઘરની કન્યા માટે જીજીમાને પહેલેથીજ અણગમો હતો એમને કન્યા કરતાં કંચનમાં વધુ રસ હતો પણ એકના એક પુત્રની ઈચ્છા આગળ જીજીમાએ નમતું જોખવું પડયું અને રીસ ઉતારી અને અનુજા પર લગ્નના ચાર છ દહાડા પછી પાડોશીઓને ઘરમાં ભેગા કર્યા અને કહેવા લાગ્યાં, શું કરે બિચારીના મા-બાપ બહુ ગરીબ છે. કરિયાવરમાં તો શું લાવવાની હતી? આ તો મેં એના અડવા હાથ જોયા ને મારાં ચાર કંકણ ઉતારીને આપી દીધાં, અને એનાં ગળાનું મંળગસૂત્ર પણ મેં જ ઘડાવી આપ્યું છે હોં. અનુજાને જીજીમાંનું આ વર્તન બહુ ખરાબ લાગ્યું અને તરત બધાની વચમાંથી ઉભી થઈને ઘરની પાછળના ભાગમાં આવેલ વરંડામાં આસોપાલવના વૃક્ષ પાસે બેસી ગઈ, ત્યાં એકલી એકલી બેસીને ખૂબ રડી, પણ જીજીમાએ એને બોલાવી

જ નહિં. ઉલ્ટાનું એ તો દાઝયા પર ડામ દેતા અનુજા જયારે રસોઈમાંથી પરવારીને જરા આરામ લેવા બેસે ત્યારે જ બાજુવાળા કાન્તાબહેનને જીજીમા બોલાવતા,'ઓ કાન્તાબેન, તમારી વહુને જરા મોકલજોને, મારૂ માથું દુઃખે છે તે જરા બામ ઘસાવો હતો અને બામ ઘસાવતા જીજીમા અચૂક અનુજાને સંભળાવતા ગરીબ ઘરની છોકરી છે તોય કામ કરવાને ટેવાયેલી નથી, બિચારી થાકી જાય છે.' અનુજા એકદમ સફાળી ઊભી થઈને બહાર આવતી, અરે બા હું તો છું પછી તમે કોઈને શુ કામ બોલાવો છો ? પણ જીજીમા અનુજાના બોલવા તરફ કોઈ લક્ષ આપતા નહી. પાડોશીની સામે પોતાની ઉપેક્ષા અને અહેવાલના થઈ જોઈને અનુજાનું અંતર ચિરાઈ જતું, એ રાત્રે પતિ પણ કંટાળ્યો અને એક દિવસ એણેગુસ્સામા અનુજાને હડસેલી દીધી,'તું મારી અને મારી બા વચ્ચે તિરાડ પાડવા માંગે છે' અનુજા પતિનો આ આરોપ સહન ના કરી શકી ત્યાર પછી એણે પતિને કહેવાનું છોડી દીધું જીજીમા તરફથી અપમાન ચાલુ જ હતા ઘણીવાર ઘર છોડીને ભાગી જવાનું મન થતુ પણ અત્યારની સ્થિતિમાં તે એમ કરી શકે તેમ ન હતી. હવે એ બે જીવવાળી હતી. અનેક ખાટી ખારી વસ્તુઓ ખાવાનું મન થાતું પણ જીજીમાં તરત ટોકતા, ના જોયો મોટો રાજકુંવર આવવાનો હશે ને ? ખોટાં લાડપાન આ ઘરમાં નહી ચાલે, એટલાં બધાં આરામ કરવાના અભરખાં બાકી હોય તો બાપને ઘરે જાવ સમજ્યાં ? પરિણામે અનુજા છેલ્લા દિવસો સુધી કામના ઢસરડામાંથી ઊંચી ન આવી શકી. આ ચોમાસામાં વરસાદ ખૂબ વરસ્યો હોવાથી પિયરનાં ગામમાં પૂર આવ્યાં હતાં તેથી એની માએ જ તેડાવાની ના પાડી હતી અને બરાબર પૂરા દિવસે અનુજાએ એક સુંદર પુત્રીને જન્મ આપ્યો. રૂપરૂપનો અંબાર એવી આ પુત્રી જાણે સાક્ષાંત લક્ષ્મીજીએ અનુજાની કૂખે જન્મ લીધો હોય પણ પુત્રી સાંભળતાની સાથે જ જીજીમાએ મોં મચકોડયું, અને કહ્યું આખરે મારાં દુર્ભાગ્યે લેણિયાત આવી અને જીજીમા અનુજાને કે બેબીને જોવા ગયાંજ નહી.

અનુજા ઈશાને લઈને ઘરે આવી શરૂઆતમાં એનો પતિ કયારેક કયારેક ઈશાને બોલાવતો પણ કંકાસ વધવાથી એ અનુજા અને ઈશા પ્રત્યે તદન બેદરકાર બની ગયો. અનુજાને એક વાતનો ખ્યાલ આવ્યો એની ઈશાનો વિકાસ બરાબર થતો નહોતો, એનું વજન વધતું નહીં અને કદાચ થોડી મંદ બુધ્ધિવાળી હતી. અનુજાના પેટમાં તેલ રેડાયું. જીજીમાને કહેવાની તો એની હિંમત જ નહોતી અને એના પતિએ પણ એ વાત પ્રત્યે દુર્લક્ષ સેવ્યું. આખરે એક દિવસ એ પોતે જ ઈશાને લઈને ડોકટર પાસે ગઈ ડોકટરે ઈશાને તપાસી, અને ક્હ્યું સારૂં થયું તમે વહેલાં ચેતી ગયાં, આવા બાળકોની ખૂબ જ મમતાથી ચાકરી કરવી જોઈએ એને ખૂબ પ્રેમ આપો તો જ કદાચ એ વિકાસ પામશે, અને કોઈપણ સંજોગોમાં હડધુત કરશો તો સમાજ માટે એ ભવિષ્યમાં બોજારૂપ બનશે. ડૉકટરે બીજું પણ ઘણું કહ્યું, અનુજાએ તો જાણે કશું સાંભળ્યું જ નહીં એની આંખે અંધારા આવવા લાગ્યાં, એને ચક્કર આવવા લાગ્યાં જાણે હમણાં જ પડી જવાશે. રહીરહીને એને ડોકટરના શબ્દો જ સંભળાયા કરતાં, આવા બાળકો... આવા બાળકો..? એટલે શું ઈશા આવાં બાળકોમાંની એક છે ? એ નોર્મલ નથી ? એ નોર્મલ નહી થઈ શકે ? ઓ પ્રભુ મને શક્તિ આપો, ધરતી મને મારગ આપ, અમ મા-દિકરીને તારી સોડમાં તાણી લે. જેમતેમ એ ઘરે આવી. ઘરે આવતાંની સાથે જ એ ભાંગી પડી. એના

માનીતા આસોપાલવના વૃક્ષ પાસે એ ઈશાને લઈને બેસીને ખૂબ ખૂબ રડવા લાગી. જીજીમાના પેટનું પાણી સુદ્ધાં હાલ્યું નહી. એમણે અનુજાને પૂછવાની દરકાર સુદ્ધાં નહીં કરી.

ધીરે ધીરે ઋતુનાં રંગ બદલાતાં રહ્યાં. હવે તો પાડોશીઓ અને સગાંઓ વાતો કરવા લાગ્યાં. ઈશા મંદ બુદ્ધિવાળી બાળકી છે એ વાત વાયુવેગે પ્રસરી ગઈ. હવે દરેક જણ ઈશાને જોતું કોઈ વિચિત્ર દષ્ટિએ. અનુજાને આ જરા પણ ગમતું નહી અને મોટે ભાગે ઈશાને લઈને અંદર બેસી રહેતી. નિત નવાં લોકો આવતા અને નિત નવાં ડોકટરોનાં નામ સૂચવતાં અનુજા આ બધાથી કંટાળી ગઈ હતી. અને બને ત્યાં સુધી કોઈની સાથે વાત જ કરતી નહી. એણે સહાય માંગી માત્ર એના પતિની જેણે સાફ નન્નો સુણાવી દીધો. મને એવા ડોકટરોનાં પગથીયાં ઘસવાનો ટાઈમ નથી. મારે તો ઓફિસનું ઘણુ કામ છે. તને પૈસા ખર્ચવાનો બહુ શોખ હોય તો એકવાર તારો શોખ પૂરો કરી લે બાકી મને તો આ કેસ સુધરે એવું લાગતું નથી.' અનુજા નિરાશ થઈ ગઈ પણ આ વખતે રડી શકી નહીં, રડીરડીને આંસુ જાણે સુકાઈ ગયાં હતાં. આસોપાલવના વૃક્ષ પાસે બેસીને એને કોઈ અનેરી શાંતિ મેળવી જાણે બે ઘડી પોતાના પિયરે જઈ આવી હોય એવો એને આનંદ થતો.

એ પોતે એકલી મન મક્કમ કરીને ડોકટર પાસે ગઈ. ઈશાની કઈ દવા કરવી, એને કઈ કસરત કરાવવી વિ... બાબતની માહિતી મેળવી લીધી. જો કે આમાં તો ખર્ચો તો ખૂબ આવે એમ હતું, અને પતિ પાસે ઈશા માટે પૈસા માંગતા સ્વામાન ઘવાતું હોય એમ લાગતું. તેથી પોતે કોઈ પાર્ટ ટાઈમ નોકરી કરી લેશે એમ વિચારતી એ ઘરે ગઈ. આજે પતિ ઓફિસથી થોડા વહેલાં આવી ગયાં હતાં. એ ઘરે પહોંચી ત્યારે મા-દિકરો કોઈ ખાનગી ગુસપુસ કરી રહ્યા હતાં. અનુજાને જોતાં જ એમની વાત અટકી ગઈ . પણ એમ જીજીમા કોઈનાથી ડરે એવાં હતા નહીં. એટલે એમણે જ શરૂ કર્યું, ''બેટા એમાં અનુજાથી ગભરાય છે શું કામ? તારી ઈશા ગાંડી છે એ વાત તો સોળ આના સાચ્ચી અને હવે તો બધા જ જાણે છે, તો પછી તું તારા મનની વાત કહી દે ને, એમાં સંકોચ શાનો રાખે છે?'' અનુજાના મોં પર ક્રોધમિશ્રતિ દુઃખના ભાવ છવાઈ ગયાં, જાણે એક ઘડી તો એવી ભાવના થઈ ગઈ કે રસોડામાંથી દસ્તો લાવીને જીજીમાના માથા પર ફટકારું, પણ એણે ઝડપથી સ્વસ્થતા સાધી લીધી, અને પતિ શું કહે છે એની ઈંતેજારીપૂર્વક રાહ જોવા લાગી. ઘણા મહીનાઓ પછી પતિએ પ્રેમથી 'અનુ' કહ્યું. 'જો અનુ આપણી ઈશા પાગલ છે, એ તો હવે તારે કબુલ કરવું જ પડશે. તો પછી આપણે શા માટે એને નાનાં બાળકોનાં પાગલખાનામાં ના મૂકીએ? હું તો ઈશાનો વિચાર કરીને જ કહું છું. તને એના ભવિષ્યનો જરા પણ વિચાર નથી આવતો ?' ના.....અનુજાએ મોટેથી ચીસ પાડી. આ વસ્તુ હું હરગીઝ નહીં થવા દઉં. તમારે જોઈએ તો અમ બેઉ મા-દિકરીને ચપટી ઝેર આપો પણ મારી લાડકીને અનાથઆશ્રમમાં હરગીઝ નહીં મૂકવા દઉ. એને જન્મ મેં આપ્યો છે. એ કષ્ટ મેં ભોગવ્યું છે, એને ઉછેરવાનો બોજો હું જ ઉપાડી લઈશ અને એટલું બોલતાં અનુજા દોડતી દોડતી વરંડામાં જતી રહી. ઈશાને વળગીને ખૂબ વહાલ કર્યું, ખૂબ બચીએ ભરી અને કીધું ભલે બેટા આ સમાજ તને પાગલ કહે પણ હું તને કોઈ દિવસ તરછોડીશ નહીં

આખરે જીજીમાએ પોતાનું ધાર્યું જ કરાવ્યું અનુજાનો પતિ અનાથઆશ્રમનું નક્કી કરીને આવ્યો. જીજીમાંએ કહ્યું, અખાત્રીજનો દિવસ સારો છે એ દિવસે તું ત્યાં મૂકી આવજે. અનુજાએ ઘણી આજીજી કરી વિનંતી કરી, કાકલૂદી કરી પણ બધું વ્યર્થ. પહાડ જેવો પહાડ પીગળે પણ જીજીમા નહીં અને અનુજા સૂનમૂન થઈ ગઈ. જીજીમાએ હવે અનુજાને પણ અર્ધ પાગલ જેવી ગણી. અખાત્રીજની પ્રભાતથી અનુજાનું હૈયું વારે વારે ભરાઈ આવતું ખૂબ રડી. ઈશાને તો બસ વળગી જ રહી. કેટલીય વાર સુધી છાતી સરસી ચાંપીને બેસી રહી, રહી રહીને એના અંતરમાંથી ઈચ્છા પ્રગટ થતી, 'બેટા એકવાર તો મને મા કહે.. ?' ને પછી પોતે હાથે બનાવેલું સુંદર ગુલાબી રંગનું ફ્રોક ઈશાને પહેરાવ્યું. ઈશા અત્યારે કોઈ પરી જેવી લાગતી હતી. એનો પતિ ઈશાને મૂકવા ગયો. અનુજા ચાહીને ત્યાં ના ગઈ. એ ત્યાંનું દૃશ્ય કલ્પી જ નહી શકતી. રહી રહીને ઈશાનો માસૂમ ચહેરો એની નજર આગળ તરવરી ઊઠતો. જીજીમાંનું હૃદય આટલું કઠોર કેમ હશે ? અનુજાના જીવનનો સૌથી દુઃખી દિવસ આજનો હતો. જીજીમા માટે જાણે એટલો જ ખુશીનો દિવસ હતો તેથીસ્તો આજે એમણે હોંશેહોંશે કંસાર બનાવ્યો હતો. જીજીમાની ખુશીનું કારણ કોઈને સમજાયું નહી. અનુજાએ જમવાની ના પાડી દીધી. એ તો એના આસોપાલવના વૃક્ષ પાસે બેસી જ રહી, સાવ એકલી, કોણ જાણે શું વિચારતી હશે. બસ કલાકો સુધી વિચારતી જ રહી. ત્યારે પછી એ દિવસો સુધી મુંગી જ રહી. ઘણીવાર આ એકલતા એને અકળાવી મૂકતી. એ કંટાળી જતી મૌનની આ વેદના એનાથી સહન થતી નહી. કયારેક કયારેક મૌનના પ્રહાર વધુ આકરા હોય છે. જીવવાની આ એકલતાએ એને ગૂંગળાવી નાખી હતી. હરીફરી ને એનું મન ઈશા પાસે પહોંચી જતુ, એ કેમ હશે, શું કરતી હશે, ચાલતા શીખી હશે ? કંઈક કેટલા વિચારો એને આવતા અને એને જોવા માટે આતુર થઈ જતી, પણ જીજીમા ઘરને અંદરથી પણ તાળું મારીને જ બેસતા જેથી આ ગાંડી ભાગી ન જાય

દિવાળીના દિવસો નજીક આવતા હતાં. અનુજા નિયમ મુજબ વરંડામાં બેઠી હતી. જીજીમા રસોડામાં મિઠાઈ બનાવી રહ્યાં હતા. એમનો પુત્ર રસોડામાં આવ્યો 'મા ! તું આટલી ઉંમરે પણ કેટલી મહેનત કરે છે, કોઈને બોલાવતી હોય તો મદદ કરવા. જોને તારું શરીર પણ કેવું લેવાઈ ગયું છે' હું કોને બોલાવું બેટા, આ પાગલની તો હવે કોઈ આશા રહી નથી, એણે મારું જીવન તો ઠીક જાણે દુઃખી કર્યું પણ તારું પણ જીવન દુઃખી કરી નાખ્યું આ ભર યુવાનીના હરવા ફરવાના દિવસોમાં પેલી તારી સાથે અતડી થઈને રહે છે તે જોઈને મને શું આનંદ થાય છે ? તારી મનની વેદના શું હું નથી જાણતી ? જુવાનજોધ પુત્રની વેદના જોઈને કઈ માનું હૈયું હાથમાં રહે ? આટલું બોલતાની સાથે જીજીમાએ રડવાનું શરુ કર્યું. એ જ વખતે દબાતે પગલે અનુજા ઘરમાં અને બારણાંની આડશે ઉભી રહી. મા દિકરાની વચ્ચેનો સંવાદ સાંભળવા લાગી. જીજીમા કહી રહ્યાં હતાં, આ વંશવેલો હવે તો અહીંયા જ પૂરો થયો. મારે જીવતા આ દુઃખ જોવાનું બાકી હતું. પછી આસ્તેથી જરા આજુબાજુ જોઈ જાણે કોઈ સાંભળી ન જાય એમ ધીરેથી બોલ્યા ગઈ કાલે કાંતાબેન આવ્યા હતા. એમના સગાની એક દીકરી માટે પૂછતા હતા. સુખી ઘરની સંસ્કારી દિકરી છે અને અનુજા વિશે જાણતા નથી. એમની મરજી છે જો તારી હા હોય તો. ના, બા-ના

કહેતા એમનો પુત્ર ઉભો થવા ગયો ત્યાંજ જીજીમાએ એનો હાથ પકડી લીધો. અને બેસાડી દીધો. તું સાંભળ તો ખરો બેટા, હું શું તારુ ભૂડું ઈચ્છતી હોઈશ? આ ગાંડીમાં તો કોઈ જાતના વેતા જ નથી, એના માટે તો હવે જીવન શું ને સંસાર શું? અનુજાને માથે વિજળી પડી. આંખે અંધારા આવવા લાગ્યાં, જાણે હમણાં ગબડી પડશે એકદમ એણે બારણું પકડી લીધું ત્યાંજ દરવાજા પર કોઈ બહારથી ટકોરા મારવા લાગ્યું. અનુજાનો પતિ એકદમ દરવાજો ખોલવા દોડયો અનાથઆશ્રમનો વોર્ડબોય હાંફતો હાંફતો દોડી આવ્યો, અને કહેવા લાગ્યો બ્હેન, બ્હેન, તમારી ઈશા સખત દાઝી ગઈ છે અને એને હોસ્પીટલમાં દાખલ કરી છે. તમને તાબડતોબ ત્યાં બોલાવે છે. અનુજા તરત સ્વસ્થ થઈ ગઈ અને પહેરેલે લુગડે ચંપલ પહેર્યા વગર વોર્ડબોયની સાથે દોડી ગઈ. જીજીમા અને એના પતિએ આ સાંભળ્યું પણ અનુજા એમની સાથે વાત કરવા પળભર પણ રોકાઈ નહી અને રજા લેવાનો તો કોઈ અર્થ હતો જ નહી. આમપણ અનુજાને હવે આ લોકો પ્રત્યે કોઈ જાતના આદરની ભાવના રહી ન હતી. હોસ્પીટલમાં ઈશાની તબિયત ગંભીર હતી. અનુજાએ ડોકટરના પગ પકડી લીધાં. મહેરબાની કરીને મારી ઈશાને બચાવી લો. ડોકટરે ધીરજ આપતાં કહ્યું બહેન તમે જરાપણ ચિંતા કરશો નહી. કેસ ગંભીર છે પણ એ જરૂર બચી જશે. એ પંદર દિવસ અનુજા હોસ્પીટલમાંજ રહી ઈશાની પાસે. ખૂબ મમતાથી એની સેવા કરી અને ઈશાને સારૂ થઈ ગયું. આખરે રવિવારના દિવસે એને હોસ્પીટલમાંથી રજા આપવાની હતી. ઈશાને હોસ્પીટલમાં રાખી એ બીલ અને આસોપાલવના વૃક્ષની એક ડાળખી લીધી. જતી વખતે બીલ અને એક ચિઠ્ઠી પતિના હાથમાં મૂકી એ નિકળી ગઈ. ચિઠ્ઠીમાં કોઈ સંબોધનો હવે અર્થહીન હતા. સમયનાં વહેણમાં ઘણા પાછળ રહી ગયા હતાં. ચિઠ્ઠીમાં લખ્યું હતુંઃ હું જાઉ છું, હંમેશને માટે જાઉ છું!! મારાં હૃદય પર મારી શોકય આવે એ પહેલાં હું વિદાય લઉં છું. એક વખત પિતાનું ઘર છોડીને અહીંયા આવી હતી ત્યારે મનમાં ઉંમગ લઈને આવી હતી અને જાઉં છું આ બીલ તમે ચુકવી દેજો, માનજો કે પત્ની અને પુત્રીની મરણોત્તર ક્રિયાનો ખર્ચ કર્યો હતો. આ વિશાળ દુનિયામાં હું કયાં જઈ રહી છું એની મને પોતાને ખબર નથી, પણ ધરતીનો કોઈ પટ તો બાકી હશે-જે અમ મા-દિકરીને પોતાનામાં સમાવી શકે.

અને અનુજા ટ્રેનમાં બેસી ગઈ ઈશાને લઈને, વિશાળ દુનિયામાં સામે એકલે હાથે બાથ ભીડવાને, અનુજાને પેલી પંક્તિ યાદ આવી ગઈ,'તારી હાક સુણી કોઈ ના આવે તો તું એકલો જાને રે..!'

⌘ ⌘ ⌘

## કોઈ મને....

સુઈ ગઈ હતી સ્વપ્નામાં
જગાડી ગયું કોઈ મને,
જાગીને જોયું તો પ્રેમની લહેર
આપી ગયું કોઈ મને,
પાછું વળીને જોયું તો દિલને
ખખડાવી ગયું કોઈ મને,
આગળ ચાલીને જોયું તો
સહારો આપી ગયું કોઈ મને
દ્રષ્ટિ હટી ગઈ તો દુનિયામાં
લાવીને મૂકી ગયું કોઈ મને

- ***સ્વીટી એમ. પરીખ (અમદાવાદ)***

# રસ્તો ખૂટયો સાગર કિનારે

*✍ નિખિલ પરીખ, ચેતન મોદી*

અદિતી એરપોર્ટથી આવીને સોફામાં જ ફસડાઈ પડી, ડુસકાં ભરતાં ભરતાં થાક અને વ્યથાથી ક્યારે નીંદરના શરણે થઈ ગઈ એની ખબર જ ન પડી. સવારે એલાર્મ રણક્યાનો ભાસ થયો. પણ ના, એલાર્મનો અવાજ નહોતો, ઘરમાં કોઈ ચહલપહલ નહોતી, ઘણા વર્ષે બહાર પંખીઓના કલરવ પ્રત્યે અદિતીનું ધ્યાન ગયું. કાગડો કા કા કરતો હતો પણ અદિતીને ખબર હતી, કોઈ આવવાનું નહોતું.

રોજ સાડાપાંચમાં ઊઠીને દોડાદોડ કરતી અદિતીને આજે જાણે કંઈ જ કામ નહોતું. નિશાંત એની આદત મુજબ તૈયાર થઈને ડાઈનિંગ ટેબલ ઉપર છાપું વાંચતો બેઠો હતો. આજે વર્ષો પછી એણે ટેબલ ઉપર ચાની સાથે અદિતીને પણ જોઈ. વીસ વર્ષ પછી આજે પહેલી વાર સવારે નિશાંત અને અદિતી સાથે ચા પીવા બેઠા હતા. આ વીસ વર્ષોમાં આવી શાંત સવાર જ ક્યાં આવી હતી.

રોહન બે વર્ષનો થયો ત્યારે મોટું સંયુક્ત કુટુંબ છોડીને બન્ને જણ પાર્લાના એક બેડરૂમના ફલેટમાં રહેવા આવ્યાં હતાં. ત્યાર બાદ પીંકીનો જન્મ થયો અને અદિતી છોકરાઓના ઉછેરમાં લાગી ગઈ હતી. રોહનને તૈયાર કરવાનો, સ્કૂલે મુકવા જવાનો, નિશાંત માટે લંચ બોક્સ ભરવાનું, પીંકીને સાચવવાની, સ્કૂલેથી લેવા જવાનું, એની સાથે રમવાનું, નવી નવી વાર્તાઓ કહેવાની, પોએટ્રી શીખવવાની, ઘરનું કામ, ક્યારેક બહારથી રડતો રડતો આવતો રોહન અને સાથે ભેંકડો તાણતી પીંકી, બન્નેને શાંત રાખતાં અદિતીના નાકે દમ આવી જતો. પણ જ્યારે રોહન ખોળામાં પીંકીને સુવાડી બાટલીથી દૂધ પીવડાવતો ત્યારે એને જોઈને એનો થાક ને આવેશ ક્યાંય ખોવાઈ જતો.

પીંકી ત્રણ વર્ષની થઈ એટલે અદિતીએ એને નર્સરીમાં મૂકી. પોની વાળેલી સુંદર લાલ ફ્રોકમાં નાનકડી બેગ અને વોટર બોટલ સાથે તૈયાર થયેલી પીંકીને લઈને એ જ્યારે પહેલે દિવસે નર્સરી સ્કૂલમાં પહોંચી ત્યારે પીંકી ખૂબ રડેલી, મમ્મી સાથે પાછા જવા. ધીરે ધીરે છોકરાઓ મોટા થવા લાગ્યા પણ બન્નેને અદિતી વગર એક મિનિટ ન ચાલે. મમ્મી મારું માથું ઓળી આપને, પીંકી બૂમ પાડે ને મમ્મી શૂઝને લેસ બાંધી આપ, લંચ બોક્સ આપ, ટાઈ બાંધી આપ રોહન બુમો પાડે, અદિતી ઘણી વાર કંટાળીને બોલી ઊઠતી આટલા મોટા થયા તો પણ જાતે માથું ઓળતી નથી ને ટાઈને શૂઝની લેસ બાંધતા આવડતી નથી. ક્યારે જાતે કરતાં શીખશો ? પણ બન્ને જણ ધરાર બેસી જ રહેતા અદિતીની રાહ જોતા. અદિતી મોઢું ચઢાવીને પણ બન્નેની ઈચ્છા પૂરી કરતી અને પછી બન્નેને ટપલી મારી હસી પડતી તમને મમ્મી વગર ચાલશે જ નહીં.

રજાનો દિવસ હોય એટલે બન્ને છોકરાઓ નિશાંતમય બની જતા. નિશાંત બન્નેને નવી નવી ગેમ રમાડતો, નવી નવી બુકસ વાંચીને સમજાવતો. ચારે જણ સાથે જ પિકનિક ઉપર નીકળી પડતા. રોક ક્લાઈમ્બિંગ કે બોટિંગ કે પછી નેશનલ પાર્કમાં પક્ષીઓ જોવા માટે જંગલ જેવા વાતાવરણમાં રખડવું. અદિતીની

ના છતાં પણ ત્રણે જણ એને પાર્કમાં મુકીને નીકળી પડતા. બહારગામના પ્રવાસમાં પણ નિશાંત બધું છોકરાઓ ઉપર છોડી દેતો. અદિતી કહ્યા કરતી હતી નાના છે, ક્યાંય ભૂલા પડી જશે, ખોવાઈ જશે, કોઈ એમને છેતરી જશે પણ નિશાંતને પુરો ભરોસો બન્ને ઉપર.

ધીરે ધીરે પીંકીને રોહન આત્મનિર્ભર થવા લાગ્યા. અદિતીનું ઓળેલું માથું પીંકી પાછું પોતાની રીતે ઓળવા લાગી. નર્સરીના દરવાજે માનો હાથ ન છોડતી, રડતી કકળતી પીંકી પોતાની સહેલીઓ સાથે એકલી ફરવા જવા લાગી. રોહન હવે જાતે જ શૂઝની લેસ અને ટાઈ બાંધવા લાગ્યો. છતાં પણ અદિતીનો હાથ લંબાઈ જતો. 'મોમ, હવે હું મોટો થઈ ગયો છું.' આ સાંભળીને અદિતીને હૃદયમાં ક્યાંક ખુશી સાથે અજંપો પણ આવી જતો. પણ અદિતીને મન છોકરાઓ હજી નાના જ હતાં. બન્નેના ટ્યુશનનો ટાઈમ સાચવવાનો, બન્નેને સમયસર ઊઠાડવાના, બેગ, લંચ તૈયાર કરી આપવાના. વાંચતા હોય ત્યારે ટેબલ ઉપર ચા નાસ્તો આપવાના, વાંચતાં વાંચતાં મોઢા ઉપર જ ચોપડી નાખીને સૂઈ જતાં. પીંકી - રોહનને પલંગ ઉપર લઈ જઈ સુવાડવાના, એમના મિત્રોના ફોન કોલ્સના મેસેજ લેવાના, ઘરે યોજાયેલ પાર્ટીઓમાં મિત્રોની સરભરા કરવાની. સમય જ ક્યાં હતો અદિતી પાસે. ઈનામમાં રોજ પીંકી અને રોહન બહાર જતાં એક કીસ કરીને 'મોમ આઈ લવ યુ' બોલી જતાં અને અદિતીને પોતાનું જીવન સાર્થક લાગતું. છોકરાઓ પોતાનાથી દૂર થતાં જાય છે એ વિશાદ એક કીસ અને એક પ્રેમાળ શબ્દમાં ભૂલાઈ જતો.

પણ કાલે બન્ને જણા અમેરિકા જતાં રહ્યા. રોહન એમબીએ અને પીંકી ફીઝીયો થેરાપીનું આગળ ભણવા. ગયા તો ફક્ત ભણવા પણ અદિતી જાણતી હતી. અમેરિકા જનારું કોઈ ત્યાંથી પાછું આવતું જ નથી. બન્નેને પ્રેમથી, આંખમાં આસું સાથે થોડા સ્મિત સાથે વિદાય તો આપી આવી, પણ ઘરે આવતાં જ એ સોફામાં ફસડાઈ પડી. વર્ષોથી અદિતી દોડતી હતી. મંજીલની ખબર ન હોવા છતાં પણ સતત દોડતી અદિતીની સામે અચાનક એક અફાટ સાગર આવી ગયો, આગળ દોડવાનો રસ્તો જ નહોતો. બસ અહીં જ સાગરકિનારે હવે બેસી રહેવાનું છે. ક્યારેક કોઈ નાવ લઈને પેલે પારથી આવશે એની રાહ જોઈને. ત્યાં જ એની નજર બાજુમાં ઊભેલા નિશાંત ઉપર પડી. ના એ સાવ એકલી નહોતી, આટલા વર્ષોથી નિશાંત સાથે નહોતો એવું નહોતું પણ છોકરાઓ પાછળની દોડમાં અદિતીની નજર ક્યારેય સાથે દોડી રહેલા નિશાંત તરફ ગઈ જ નહોતી. આજે સાગર કિનારે બન્ને જણા એકલા હતાં, પણ હવે એકબીજાની સાથે હતા. હવેનું જીવન ફક્ત એકમેક તરફ જતું હતું. હવે તેઓએ શોધવા પડશે સોશિયલ ગ્રુપો, સાંસ્કૃતિક મંડળો, સત્સંગ મંડળો અને કિટી પાર્ટીના ગ્રુપો, મહિલા મંડળો અને ગાર્ડન ગ્રુપો જ્યાં તેમને મળશે પોતાના જેવા જ અમેરિકાથી કે ઓસ્ટ્રેલિયાથી પંદર દિવસ મહિના માટે આવતાં છોકરા કે છોકરીઓની રાહ જોતાં મા-બાપો અથવા તો નજીક છતાં મનથી વિખુટાં પડી ગયેલા સંતાનોના મા-બાપો. અદિતીએ ચાનો કપ મોઢે માંડ્યો પણ ચા કરતાં એનો સહજ સરી પડેલો નિઃસાસો વધુ ગરમ હતો. નિશાંત માથે હાથ ફેરવી અદિતીને શાંત પાડવાનો નિષ્ફળ પ્રયત્ન કરતો રહ્યો અને ચારે આંખો ક્ષિતિજ તરફ મંડાઈ રહી.

છેલ્લા વીસ વર્ષથી અદિતીનું જીવન રોહન અને

પીંકીની આગળ પાછળ જ વણાયેલું રહેલું. બન્ને છોકરાઓની ઉછેરની, ભણાવવાની અને સારા સંવેદનશીલ માનવ બનાવાની જવાબદારી અદિતીએ નિષ્ઠાપુર્વક નીભાવી હતી. બંન્ને છોકરાઓના અમેરીકા જવાથી અદિતીના જીવનમાં એક શુન્યાવકાશ સર્જાયો હતો. અતિ વ્યસ્ત જીવનમાં અચાનક આવેલા આ શુન્યાવકાશથી અદિતી થોડા દિવસો માટે તો ડીપ્રેશન જેવી અવસ્થામાં પહોંચી ગઈ હતી. છોકરાઓને આટલો બધો પ્રેમ જ ન કરવો જોઈએ. જો જતાં રહ્યાં બન્ને, મને એકલી મુકીને. પહેલેથી જ લાગણીઓ ઉપર કાબુ રાખ્યો હોત તો આજે આ દિવસ ન આવત, કોઈની પણ સાથે આટલું બધુ મમત નહી સારું, જો હવે તો બન્નેની સાથે વધુ લાગણી બતાવવાની જ નથી. એમને ના પડી હોય તો મને શું છે, પરંતુ પીંકી રોહનના એક ફોનથી અદીતીના આ બધા જ વિચારો ભાંગી પડયા મોમ We Miss You, મોમ ખાવાનું જાતે બનાવવું પડે છે. બધું કામ હાથે કરવું પડે છે. ભણવાનું, પાર્ટ ટાઈમ જોબ, રસોઈ, ઘરનું કામ My God મોમ તું આ બધું કેવી રીતે મેનેજ કરતી હતી? Mom really you are great, We love you and miss you very very much અદીતીને ખોટા વિચારો બદલ પોતાની જાત ઉપર ગુસ્સો આવ્યો પણ તરત જ ડીપ્રેશનમાં આવેલા વિચારોને ખંખેરી નાખ્યા. નિશાંતના ઓફિસે જવાની સાથે જ એ પણ ઘરની બહાર નિકળી પડતી. શોપીંગ, લંચ, મીટીંગ, કીટી પાર્ટી, મહિલા મંડળ, સત્સંગ મંડળમાં એનો દિવસ ટુંકો થઈ જતો. નિશાંત સાથે એણે સોશીયલ વીઝીટો પણ વધારી દીધી હતી. પાર્ટીઓ, નાટક, પીકચર, પીકનીક બધામાં દિવસો ક્યાં પસાર થઈ જતાં એની ખબર પણ ન પડતી. પણ અદીતીને હજી પણ જીવનમાં કંઈક ખુટતું હોવાનો ભાવ સતત રહ્યાં કરતો. એ વિચારતી શું આજ જીવન છે? સમયને આમ જ વેડફી નાખવાનો છે? મારા જન્મનો હેતું શું છે? આ બધા સવાલો એને મુંઝવી નાખતાં પણ જવાબ જડતાં નહોતા.

✣ ✣ ✣ ✣ ✣

પીંકી રોહનને ગયાને એક વર્ષ વીતી ગયું. અદીતીને નિશાંત વધુ રાહ ન જોઈ શકયા. કોલેજના વેકેશન સમયે બન્ને પહોંચી ગયા અમેરીકા. બન્નેની પ્રગતિ જોઈને અદીતીને સંતોષ થયો. બંન્ને છોકરાઓ એના વગર રહેતાં શીખી ગયા હતા. બન્નેમાં પહેલા કરતા Confidence કેટલાંયે ઘણો વધી ગયો હતો. બંન્નેને અમેરીકાની હવા પાણી સદી ગયા હતા. એકલાં રહેતાં, પોતાની જીદંગીને ઉત્સાહપૂર્વક જીવતાં અને માણતા શીખી લીધું હતું. અદીતીના માથેથી ચિંતાનો બોજ હવે સાવ જ હટી ગયો. ગાડી લઈને ચારે જણ અમેરીકા ફરવા નિકળી પડયા. અદિતી પોતાના પ્રશ્નોના જવાબો અહીં પણ શોધવા લાગી. એણે પોતાની ઉંમરના યુગલો ઉપર નજર દોડાવી. અહીં તો ૪૦-૪૫ની ઉંમરે જીવનની શરૂઆત થતી હતી. છોકરાઓ તો ૧૪ વર્ષની ઉંમરે પોતપોતાના રસ્તે નીકળી પડે. છોકરાઓને પ્રેમ તો એ લોકો પણ એટલો જ કરતાં પણ એમના જવાનું દુઃખ મોઢા ઉપર પહેરીને ફર્યા કરવાનું, ધરમ ધ્યાન તરફ દિવસના છ આઠ કલાકો વિતાવી દેવાનું વલણ ત્યાંના યુગલોમાં અદિતીને ન દેખાયું.

અમેરીકાના અનુભવે અદિતી ને તેની પોતાની ઓળખ માટે સજાગ કરી દીધી. બાળકો મોટા થયા છે. તેઓ તેમની પોતાની ઓળખ ઉભી કરવા પ્રગતિ કરવા વિખૂટાં પડયા છે. પાંખો ફુટે એટલે બચ્ચાં માળો છોડી

ઉડી જ જવાનાં. પોતાનું સ્વતંત્ર આકાશ શોધવાં પછી મા નો આનંદ તો બચ્ચાને ઉડતાં અને આકાશ ખુંદતા જોવામાં જ સમાઈ જાય છે. હવે પેરન્ટસ અને બાળકો વચ્ચે (સદા) નો પ્રેમ ભલે એટલો જ રહે, પણ પ્રેમ દર્શાવવાની રીત જરૂરથી બદલવી રહી અને જીંદગી સાર્થક કરવા નવી મંઝિલ પણ શોધવી રહી.

એક દિવસ કામવાળી શાંતાબાઈના મોં પરનો વિષાદ જોઈ અદિતીથી ન રહેવાયું અને દુઃખનું કારણ પુછયું. વિધવા શાંતાબાઈના આંસુનો ધોધ તૂટી પડયો. હીબકાં અને ડુસકાં વચ્ચેના શબ્દોમાં અદિતી એટલું જાણી શકી કે, શાંતબાઈ દસમાં ધોરણમાં ભણતી પુત્રીને ભણી -ગણીને ‘મેડમ’ જોવા માંગતી હતી. પણ સારા શિક્ષક અને માર્ગદર્શનના અભાવે તેનું મન ભણવામાં લાગતું ન હતું અને સ્કુલ અને ભણવાથી દુર ભાગતી હતી. અદિતી શાંતાબાઈના દુઃખનો નિવેડો કેમ લાવવો તેનાં વિચારમાં ગરક થઈ ગઈ અને અચાનક તેના મનમાં એક વિચાર ઝબકી ગયો. રોહન અને પીંકીનો અભ્યાસ તો તેની દેખરેખમાં થયો. એ અનુભવ અહીં કેમ ન વાપરી શકાય?

શાંતાબાઈની પુત્રી રાધાનાં ટયુશનની જવાબદારી અદિતીએ ઉપાડી લીધી. એક ચેલેંજ તરીકે, કોઈપણ અપેક્ષા વગર. ભાષાનો અવરોધ જરૂર હતો. ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વગેરે અઘરાં કહી શકાય તેવાં વિષયો તો હિંદીમાં પણ સમજાવી શકાય. પબ્લીક અને ચેરીટી સ્કુલનાં શિક્ષકોની નીરસ શૈલીથી કંટાળેલી રાધાને અદિતીની સમજાવટમાં રસ પડવાં માંડયો. શિક્ષણમાંથી આનંદ પણ મળી શકે એ અનુભવથી રાધાની જીંદગી બદલાઈ ગઈ. હવે તેનો અભ્યાસ શિસ્તબધ્ધ અને નિયમિત થયો અને જ્યારે રાધાનું ૧૦માં નું પરિણામ ૮૫ ટકા આવ્યું, ત્યારે ખુશખુશાલ રાધાની આંખોની ચમકમાં અદિતીને રોહન અને પીંકીનો અણસાર દેખાયો.

રાધાની સફળતાથી અદિતીમાં એક ગજબનો આત્મવિશ્વાસ જન્મ્યો. મારી આવડતથી, હું કેમ પૈસાની સગવડ અને માર્ગદર્શનનાં અભાવે રઝળી પડતાં વિદ્યાર્થીઓને સંભાળી ન શકું? પછી તો શાંતાબાઈની ચાલમાં રહેતાં બે વિદ્યાર્થી બીજા વરસે અદિતીનું માર્ગદર્શન મેળવતાં થયાં. કશુંક કરી રહી છું! કશુંક કરી શકું છું! કોઈક અગમ્ય આનંદ અનુભવી શકું છું! કોઈકનો ખોવાયેલો સમય પુનઃપ્રાપ્ત કરી રહી છું. અનેક રોહન અને પીંકી જેવા વિદ્યાર્થીઓનું ઘડતર કરી શકું છું! આવી બધી મિશ્ર પણ રચનાત્મક લાગણીઓએ અદીતીનું મનોબળ દૃઢ બનાવ્યું. દરેક વિદ્યાર્થીઓની સફળતા કદાચ રાધા જેવી દર્શનીય ભલે ન હોય પણ, દરેક વિદ્યાર્થી પોતાની મર્યાદાઓ ઓળંગી કશુંક વિશેષ તો જરૂર પામી શકતાં.

બે ત્રણ વર્ષનાં છૂટક માર્ગદર્શન આપ્યાં પછી શાંતાબાઈની ચાલમાં રહેવાસીઓએ એક બે ઓરડીની ખોલી અદિતીને આપી. **‘અદિતી નિઃશુલ્ક શૈક્ષણિક માર્ગદર્શનાલય’** ના શ્રી ગણેશ થયાં. ઉદ્‌ઘાટન પ્રસંગે નિઃસહાય વાલીઓની આભારવશ નજરો અને ભાષણોથી અદિતી ગદ્‌ગદ્ થઈ ગઈ. ચાલનાં બાળકો એક એક કરી ગુલાબનું ફુલ અદિતીને આપવાં લાઈનબદ્ધ આવતાં ગયાં પણ અદિતિને તો દરેક બાળકમાં રોહન અને પીંકીની જ પ્રતિકૃતિ દેખાઈ રહી. હવે કેટલાંય રોહન અને પીંકીની વચ્ચે તે રહી શકશે અને તેમનું ઘડતર કરી શકશે. સ્ટેજ પર સાથે બેઠેલાં નિશાંત સાથે અદિતીની નજરો મળી જાણે કહેતી હતી દરિયા કિનારે ખુટેલા માર્ગને આજે મંઝિલ મળી ગઈ.

✤ ✤ ✤

# જનેતાનું હૈયું

✍ કાન્તિલાલ ઓચ્છવલાલ મોદી (બંગડી)

**(એક જ પ્રસંગની ટૂંકી વાર્તાનું સ્વરૂપ આ કથા તમને સમજાવી જશે. ખુલ્લી દષ્ટિ રાખી મુસાફરી કરતા લેખકે નાના પ્રસંગને કેવો હૃદયંગમ બનાવ્યો છે ?)**

રામપુર જીલ્લાનું ગામ અને અનાજના વેપારનું ધીકતું ધામ. ગામ વચ્ચે આવેલા રેલ્વે સ્ટેશનનું પ્લેટફોર્મ વ્હેલી સવારથી મોડી રાત સુધી ઉતારૂઓની અવરજવરથી ભર્યું રહે. મધરાતે છેલ્લો પેસેન્જર ગયા પછી જંપી જાય અને પ્લેટફોર્મનો કબ્જો ચોકી ભરતા પોલીસવાળા, રાત્રે સ્ટેશન ઉપર જ રહેતા થોડાક હમાલ, પોલીસ અને સ્ટેશનસ્ટાફની મહેરબાનીથી પ્લેટફોર્મ ઉપર કાયમી રહેતા રખડતા માથાભેર મવાલીઓ, ભીખારીઓ અને રઝળતાં કૂતરાં પાસે રહેતો.

આ વસ્તીમાં ચાર પાંચ વરસ ઉપર એક અર્ધી હાલેલી અબળાનો ઉમેરો થયો હતો. પ્લેટફોર્મના એક છેડે આવેલા રેલ્વે-બ્રીજની નીચેની ખાલી જગામાં એ રહેવા સુવા લાગી. પોલીસ અને બીજા દાદાઓની કૃપાદૃષ્ટિથી જ તો. ઉંમર હશે વીસ બાવીસ વરસની. ઓછાબોલી અને શ્યામવર્ણી આ યુવતી સાવ કદરૂપી નો'તિ. દિ' આખો સ્ટેશન અને આસપાસના મહોલ્લાઓમાં ભીખ માંગી પૂરૂ કરી લેતી અને રાત્રે બ્રીજની નીચે પડી રહેતી, આ યુવતિ કોણ હતી, ક્યાંની હતી, એનું કોઈ સગુંવ્હાલુ છે કે નહિ એ કોઈ જાણતું નો'તું. કોઈને એ જાણવાની ખેવનાએ નો'તી. પ્લેટફોર્મના દાદાઓ એને રાધાના નામથી ઓળખે. આસ્તે આસ્તે રાધાનો અને એમાંના ઘણાનો પરિચય વધવા લાગ્યો. દાદાઓની હવસપૂર્તિનું રાધા રમકડું બની અને હાલેલી રાધાય આખરે માનવ જ હતી ને ? પરિણામે રાધાને પડી રહેવા પૂલ-નીચેનો છેડો ક્યારેક ભૂખમાં સહારો અને ખોળે બાળક પ્રાપ્ત થયાં જનક કોણ હતો એ બાળકનો એની તો ખૂદ રાધાનેય ચોક્કસ ખબર ન હતી, એટલે બીજા કોઈને એ અંગે ખરી ખબર હોવાનો સાચો સંભવ કેટલો ? અને આપણેય એવી નાહક ખણખોદમાં પડી શું મેળવવાનું, કમળનાં મૂળ ફેંદીએ તો હાથમાં કાદવ જ ચોંટે એટલું જ.

રાધા એ બાળકની જનેતા હતી એ નક્કર અને સત્ય હકીકતથી જ આપણે સંતોષ માનીએ. રાધાના એ બાળક સાથે પરિચીત થવા એનું નામ જાણવાની સૌને જીજ્ઞાસા જરૂર થશે અને થાય જ, પણ રખડતી ભીખારી અને વધારામાં અસ્થિર મગજની સ્ત્રીના બાળકનું નામ શું વળી? રાધાનો જાયો એને 'રાધેય' કહેવા જાય તો સુતપુત્ર કર્ણ સાથે સમકક્ષ મુક્યાનો અને શરીરનો વાન શ્યામ હોવાથી 'શામળો' કહે તો શ્રીકૃષ્ણ સાથે સરખામણી કર્યાનો દોષ પડે એ કરતાં પુરાણના મુનીએ જેમ જાબાલીના પુત્રને 'સત્યકામ જાબાલ' કહ્યો હતો તેમ પ્લેટફોર્મની વસ્તીએ આ બાળકને, રાધાનો છૈયો મુન્નો જ કહ્યો.

મુન્નો રાધના વાત્સલ્યનું એકમેવ પાત્ર. એને જનક ગણો કે જનેતા રાધા જ હતી. અન્ય સંસારી ગૃહસ્થી માતા જેટલાં જ રાધા મુન્નાનાં લાડપાન કરતી. રાધાના આ લાડથી મુન્નો બગડયો. જીદ્દી થઈ ગયો.

એક દિવસ રાતની વાત છે. દિવસ આખો જોરદાર વરસાદ પડયો, બહુ જ રખડવા છતાં ભીખમાં કાંઈ જ મળ્યું નહિં. આવે પ્રસંગે રાધા તો ભૂખ્યા પેટે ચલાવી લેતી, પણ મુન્નાનું શું ? સ્ટેશન કેન્ટીનના બેરાને દયા આવી. રાધાની તપેલીમાં થોડોક ટાઢો ભાત અને દાળ પડયાં. તપેલીમાં જ દાળભાત ચોળી રાધા મુન્નાને પાસે બેસાડી ખવડાવવા લાગી. મુન્નો કોળીઓ ભરવાનુ ટાળવા લાગ્યો, એને દાળભાત નહિ રોટલી ખાવી હતી. બાળક જીદ્દે ચડયો એણે 'રોટલી જોઈએ'નું રટણ ચાલુ કર્યું. દાળભાતનો કોળીઓ ભરેલો માનો હાથ મુન્નાએ હડસેલી કાઢયો. વ્હાલસોઈ માતાએ બહુ બહુ સમજાવ્યો, પટાવ્યો; સવારે પોતે ગમે ત્યાંથી માગી લાવી એને રોટલી જરૂર ખવડાવશે એવું પ્રલોભન આપ્યું એ બધું જ વ્યર્થ ગયું. મુન્નો માન્યો નહિ અને રાધા વિફરી. મુન્ના ઉપર માર, મ્હેણાં અને ગાળોનો ધોધ વરસ્યો. તમાચા અને ગડદા પાટુના પ્રહાર વચ્ચે 'મુઆ અભાગીઆં, રોટલી ખાવાના ચસ્કા હતા તો મુઆ અભાગીયણને પેટ શું કામ પડયો ? મા ભિખારી અને બેટા ખાનજાદા, મારા રોયા જનમતાં જ મરી શું કામ ન ગયો' આવું આવું તો કવચિત જ બોલતી રાધા ઘણું ઘણું બોલી ગઈ. મુન્નો ઢોરમારના સપાટામાં ધીબાઈ, હબકી જઈ રોટલી તો શું ખાવાનું ય ભૂલી જઈ જોર જોરથી ડૂસકે ડૂસકાં ભરી રડવા લાગ્યો.

લાડકા દીકરાને મારતાં થોભેલી જનેતા એનાં આંસુ જોઈ જીરવી ના શકી. રાધાનું હૈયું ફાટી પડયું. પોતાના હાથે એણે પોતાના ગાલ અને પેટ કૂટી નાંખ્યા. ધ્રુસ્કે ધ્રુસ્કે રોઈ રહેલી જનેતાના હૈયાના ટુકડા એની આંખમાંથી બોર બોર વ્હેવા લાગ્યા. માને રડતી જોઈ ડઘાઈ ગયેલો મુન્નો ભૂખ અને મારનું દુઃખ ભૂલી રડતી માને વળગી પડયો અને એની વ્હાલભરી છાતીમાં પોતાનું માથું સમાવી રહ્યો.

મા બેટાના સુભગ મિલનનું આ પાવનકારી દ્રશ્ય જોઈ ધન્યતા અનુભવતો પ્રવાસી, મોડે મોડે આવેલી મેલગાડીમાં જગા ખોળવામાં પડી ગયો, રાધા અને મુન્નો એની આંખથી ઓઝલ થઈ સ્મૃતિના પટ પર કોતરાઈ ગયા.

**"AMIDST MY LIST OF BLESSINGS INFINITE,**
**STANDS THIS THE FORMOST,**
**THAT MY HEART HAD BLED;**
**FOR ALL I BLESS THEE, MOST FOR THE SEVERE**

***ભાવાર્થ***

***''અગણિત આશિષો મારી, માંડુ જો ક્રમવાર,***
***અગ્રેસર છે, જ્યાં વીંધાયું મુજ હૈયું આરપાર***
***દીધો કઠોર ઘાવ, કારણ ચાહું છું પારવાર.''.***

---

## ઈચ્છા

સુંગધોની સુહાસ મહેકાવા, બને જો પુષ્પ તું
ભવરો બનીને આવું તુજ થકી પરાગરજ માણવા
શીતળ ચાંદની ફેલાવવા, બને જો ચાંદ તું
તમરો બનીને આવું, તારી રોશની પામવા
વર્ષાની મ્હેંક રેલાવવા બને જો વાદળી તું
ચાતક બનીને આવું તારું અમૃત કેરું બુન્દ પીવા
મિલનનું મુહુર્ત કાઢવા, બને જો લયલા તું
સાગર બનીને આવું, તારી વાટલડી જોવા
પ્રિતનું સામ્રાજ્ય ફેલાવવા બને જો લયલા તું
મજનુ બનીને આવું પ્રાણ કેરી કુરબાની દેવા
મારા જીવનને જીવાડવા, બને જો આત્મા તુ
શ્વાસ બનીને આવું તારા અશ્વલેષમાં સમાવા
મારા પ્યારને પાંગરવા, બને જો ઈચ્છા તારી
પ્રેમ થઈને આવું સખી, તુજ કેરી પ્રિતને પામવા

***- રાજેશ કડકીઆ (ઘાયલ)***

# ગ્રીન કાર્ડની ગોરી......

✍ *મંગલદાસ પરીખ*

રશ્મિ એક સાલ પહેલાં લગ્ન કરવા મુંબઈ આવ્યો હતો. તેને ઈન્ડિયાની છોકરી સાથે લગ્ન કરવાની ખ્વાહીશ હતી. આમ તો તેણે જો ધાર્યું હોત તો લગ્ન ન્યુજર્સી-ન્યોયોર્ક કે બોસ્ટનમાં કરી શકાત. પણ મનોમન ઈન્ડીયાની છોકરી ખાસ કરીને ગુજરાતી છોકરી સાથે લગ્ન કરવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. તેની પાસે ગ્રીનકાર્ડ હતુ. સીટીઝન શીપ હતી. અને તેનો જોબ પણ સારો હતો એટલે બીજી કોઈ ચિંતા ન હતી.

રશ્મિએ કમ્પ્યુટર સાયન્સમાં માસ્ટરી મેળવી હતી અને તેથી તેને એક વિચાર સ્ફુર્યો હતો કે લગ્ન પણ કમ્પ્યુટરની મદદથી જ સાફલ્ય બનાવી શકાય. ગઈ સાલ પાછા ગયાનો અફસોસ હતો જ. પણ આ સાલ તેને પોતાની મનગમતી પત્ની મળશે જ એવી તેને સચોટ આશા હતી. કમ્પ્યુટરની મદદથી તેને એક ફોર્મ તૈયાર કર્યું હતું અને એનું ફળાધીશ ખુબ જ સારુ હશે જ એવી ચોક્કસ ખાત્રી હતી.

રશ્મિએ પોતાના સગાંવહાલાંને ત્યાં આવવાની જાણ કરી હતી અને છોકરીની તપાસ માટે પણ લખ્યું હતુ. મુંબઈ-વડોદરા કે અમદાવાદની સારી છોકરી મળે તે માટે મેરેજ બ્યુરોને જાણ કરી હતી. અને પોતાનો બાયોડેટા ફોટા સાથે રવાના કર્યો હતો.

રશ્મિ અમેરિકાથી મુંબઈ આવ્યો છે તેની જાણ મિત્રો અને સગાંવહાંલાને થઈ ગઈ. સ્નેહીઓ માટે નાની મોટી ગિફ્ટ પણ લાવ્યો હતો. રશ્મિ ખૂબ પ્રેમાળ હતો. દરેકને યાદ કરીને નાની મોટી કોઈને કોઈ ચીજ લાવતો. એ ધારત તો ત્યાં અમેરીકામાં લગ્ન કરી શકત. પણ અહીં ઈન્ડીયામાંથી જ છોકરી - પત્ની લાવવાનું તેને મન મોટું મહત્વ હતુ.

બે ત્રણ દિવસના આરામ પછી છોકરીઓના ઈન્ટવ્યુ શરૂ કર્યા. ભારતી મહેતા, આરતી શેઠ, સ્મૃતિ શ્રોફ, નીલમ શાહ, મંદાકીની મોદી, સરોજ અમીન વિ. ..... કેટલીય છોકરીઓના ઈન્ટવ્યુ લીધા પણ કમ્પ્યુટરના ફોર્મમાં આ છોકરીઓનો બાયોડેટા બંધ બેસતો ન હતો. એનાં મનમાં પાછું ચિંતન ચાલ્યું, આ વર્ષે પણ પાછા જવું પડશે એને એના કોમ્પ્યુટર મશીન ઉપર જબરજસ્ત વિશ્વાસ હતો....!

એટલામાં જ રશ્મિના કાકા મણીભાઈ વડોદરાની એક કન્યા માટે માગું લાવ્યા.

''રશ્મિ, બેટા, વડોદરાથી મારા મિત્ર અશોક પટેલની કન્યા મયૂરી માટેનું માગું આવ્યું છે.'

''કાકા હવે ઈચ્છા નથી.''

'તો બેટા પાછા જવું છે! એક વાર જોઈશ તો ના નહી પાડે' અને આમ વડોદરા જવાનું નક્કી કર્યું. આ એકવીસમું ફોર્મ હતું એક મહિનામાં આ ૨૧મું અને છેલ્લું ફોર્મ ભરાવવાનું હતું અને એ કમ્પ્યુટરમાં નવો બાયોડેટા-ફીડ કરવાનો હતો અને રીઝલ્ટ પણ કમ્પ્યુટર જ નક્કી કરશે અને રશ્મિનું ભાવી પણ કમ્પ્યુટર જ નક્કી કરવાનું હતું.

રશ્મિ અને કાકા મણીલાલે વડોદરા તરફ પ્રયાણ

કર્યું. અલ્કાપુરીમાં આવેલા મોર્ડન ટાઈપના મકાનમાં અશોક પટેલના બંગલામાં જ સીધું જવાનું હતું. એટલે હોટેલમાં જવાની ચીંતા જ ન હતી. અશોક પટેલ અને તેમના પત્ની ભારતી પટેલે રશ્મિ અને મણીભાઈનું સ્વાગત કર્યું અને એક સજાવેલ એટેચ્ડ બાથ-ટોયલેટ રૂમ ફાળવ્યો હતો. રશ્મિ બંગલાને અને તેની સજાવટને નીરખી રહ્યો હતો. બહારની લીલોતરી અને બંગલાને લાગીને ઉભેલા આસોપાલવના ઝાડો બંગલાની શોભામાં ખૂબ જ વૃદ્ધિ કરતાં હતાં. ફર્નીચર-ફીક્સચર બધુંજ વ્યવસ્થિત અને અલ્ટ્રામોર્ડન હતું.

રશ્મિ બે કલાક આરામ કરી અને તૈયાર થઈ ગયો હતો. સવારનાં છાપાં-ટાઈમ્સ-સમાચાર તથા ફેમીના વિ.. સામયિકોને ઉપર ઉપરથી જોઈ લીધાં. અને તાજી બાતમીની નોંધ કરી. પાશ્ચાત્ય દેશોની ભૂમિકા પૂર્વમાં ભજવાતી જાય છે. ગોળીબાર, બળાત્કાર, કીડનેપ, ચોરી-ચીલજડપ બધુંજ અમેરીકાની પદ્ધતિએ જ. અને પેલાં સિનેમાઓ Romance-Rape, Horror Violence આ બધું જાણે પાશ્ચાત્યની નકલ કરતાં હોય તેવા અસલી દ્રશ્યોની રમઝટ રહેતા. આ છાપાઓની ઘટના સરેરાશ રોજની હતી.

સવારે ૧૦ વાગ્યાની ફીક્સ મુલાકાત નક્કી હતી. રશ્મિ તેની છેલ્લીવારની કલ્પનાને અહીં તહી જોવા કોશીશ કરતો હતો પણ રંગીન કાચોમાંથી બહાર દ્રશ્યો ન જોવાયાં.

બહાર નાના ગાર્ડનમાં, ભારતીબેન અને અશોકભાઈએ મુલાકાતની જગા ગોઠવી દીધી. રશ્મિ તૈયાર થઈને ફાઈલ અને તેમાંના ફોર્મને ચકાસતો બેઠો હતો. નાસ્તાની વિવિધ વાનગીઓ સજાવીને મૂકી હતી, અને મયૂરી સાદાઈ પણ સુંદરતા લઈને આવી. રશ્મિ જોઈ જ રહ્યો. કશો જ મેકઅપ નહીં છતાં તેજસ્વી ચહેરો મોરની જેમ વાંકી ચૂકી થતી ડોક, સફેદ દાડમ જેવા દાંત, શ્રાવણના વરસાદને જીલતી હોય તેવી ઝુલ્ફો રશ્મિ મનોમન વિચારતો હતો - અરે જેની કલ્પના કરી હતી તેવી જ સુંદર-ચપળ-ઢેલ જેવી નાચતી મયૂરી.... !

સામ-સામી ખુરશીઓ વચ્ચે ગોળ ટેબલ ઉપર સજાવેલ ગુલાબનાં ફુલોનો ગુચ્છ અને ન્યાય આપવા નાસ્તો ચાની કીટલી, બીસ્કીટ વિ.....

રશ્મિ વિચારે છે ફોર્મ કાઢું કે નહી? મયુરી તો કમ્પ્યુટરના મશીનમાં ફીડ થાય તેવી તૈયાર કેસેટ જેવી છે અને ફોર્મ કાઢ્યું.

''મયુરી, કેટલાક પ્રશ્નો પૂછવા છે.''

''શરુ કરો, મિ. રશ્મિ.''

પહેલા બે સવાલના જવાબમાં પ્રથમ મારું નામ મીસ મયૂરી અશોક પટેલ અને બીજા જવાબમાં એકેડેમીક કેરીઅર M.A. ઈકોનોમીકસ સાથે અભ્યાસ ચાલુ.

'હા તો પૂછો આગળ'

'તમારો ગમતો શોખ'

'બેટમીંટન-ટેબલ ટેનીસ'

વધુમાં વાંચવાનો શોખ - સરસ રસોઈ બનાવવી વિ....'

ચોથો સવાલ હનીમૂન માટે હીસ્ટોરીકલ કે હીલસ્ટેશન ગમે ?

મને બન્ને ફાવશે. છતાં મીશીગન-અમેરીકા વધુ ગમે ? રશ્મિને આમાં કંઈ ખ્યાલ નહીં આવ્યો.

પાંચમો સવાલ સ્નેહ અને સંપત્તિ બન્નેમાંથી તમે

કોને પસંદગી આપશો. ‘જુઓ રશ્મિ અમેરિકામાં હોત તો કદાચ કહેત કે સંપત્તિ પણ હજુ ભારતમાં જ છું એટલે સ્નેહને પ્રથમ પસંદગી આપું છું.’

મયુરી આ જવાબ નથી બન્નેમાંથી અમેરિકા હોય કે ઈન્ડિયા પસંદગી તો એક જ ઉપર હોવી જોઈએ.

ખેર! છઠ્ઠો સવાલ સંસારમાં દીકરો વધુ ગમે કે દીકરી ?

જવાબમાં મયૂરી ટુંકો જવાબ આપ્યો મારા માટે બન્ને બરાબર છે.

આપણે બન્ને કમાતા હોઈએ - અગર એક જ કમાય અને સંજોગો વસાત જરૂર પડતાં બન્નેની આવક ઉભયપક્ષે ઉપયોગ વખતે સમાન રહે છે ?

હા, તમારો સવાલ અને જવાબ - સવાલમાં જ આવી જાય છે.

પછીનો સવાલ પતિ અને પત્ની વચ્ચેની સમજદારી કેવી હોય !

અને જવાબમાં મયૂરી હસી પડી. તમે મનુ ભગવાનનું નામ સાંભળ્યું હશે જ. કહ્યું છે કે ‘‘યત્ર નાર્યસ્તુ પુજયતે રમન્તે તત્ર દેવાતા !’’ કમ્પ્યુટરમાં મનુને ફીડ કરો એટલે જવાબ મળી જશે.

પછીનો પ્રશ્ન હતો ધર્મ અને ‘માનવતા એ ધર્મ નથી ?’

અને છેલ્લે પૂછયું રશ્મિએ ‘‘તમે ક્યારેય પ્રેમ કર્યો છે ?’’

મયૂરી હસી અને સવાલને ઉડાવતી હોય તેમ કહ્યું પ્રેમ સનાતન છે. પ્રેમ બંધન નથી. પ્રેમ એજ જીવન છે.

બધા સવાલોના જવાબ ગમ્યા. આમ કમ્પ્યુટરનો જવાબ તેના સ્વિકારમાં જ હતો. મયૂરી મનમાં વસી ગઈ હતી.

રશ્મિ અને મયૂરી બપોરના ભોજનને ન્યાય આપી છૂટા પડવા એકબીજાને અલવિદા કરી લીધું. અમેરિકા જવાનું સ્વપ્ન સાચું પડતું હતું. અગાઉના બે પ્રયત્નો ‘વિસા’ ન મળવાથી અસફળ રહ્યા હતા. આ એક સહેલોને સરળ ઉપાય હતો. મયૂરી સ્વપ્ન જોવા લાગી. મનોમન વિચારવા લાગી Every things is fair in love and war. સત્ય અને અસત્યના ઘર્ષણને મનમાંથી કાઢી નાંખ્યું. પોતાની મુરાદ પાર પાડવા કોઈપણ સાધન ચાલી શકે એ આજના જમાનાનો નિયમ હતો. અને એમાં પોતાના સ્નેહીની સંમતી હતી.

મુંબઈમાં રશ્મિ અને મયૂરીનાં ધામધૂમથી લગ્ન થઈ ગયા. આ અરસામાં અમેરિકા જવા માટેનાં કાગળો પણ ફાઈલ થઈ ગયાં. ‘વિસા’ મેળવવા પૂર્વેની બધી જ વિધિ ને રસમ પતી ગઈ હતી.

બન્ને જણાં હનીમૂન કરવા માંડુ ગયાં. માંડુ બહુજ સુંદર કુદરતી સૌંદર્યથી સભર છે. અને તેમાંય રાણી રૂપમતી અને બાજબહાદૂરના સાત્વિક પ્રેમની કહાણીનું આ સ્થળ. રૂપમતીના મહેલમાંથી તેજના લીસોટાની જેમ વહેતી નર્મદા નદીની ઝાંખી થાય. અને કહેવાય છે કે નર્મદાના જળમાં દર્શન કર્યા પછી રાણી રૂપમતી ભોજન લેતી હતી.

રશ્મિ મયૂરીને આ સૌંદર્યથી નીરખી રહ્યો હતો. પણ છતાં મયૂરી એટલી ખુશ ન હતી. થોડી વિવશતા તેના ચહેરા ઉપર દેખાતી.

મયૂરી તું ક્યારેક ક્યારેક ઉદાસ દેખાય છે ?

ના -ના એવું નથી. ઈન્ડિયા છોડવાનો વિચાર આવે છે. એટલે બીજું કંઈ નથી એમ કરીને મયૂરી સવાલને ટાળતી.

હનીમુનો સમય પસાર કરી પંચમઢીના જંગલમઢી વનરાઈઓ અને ખીણો જોઈ મુંબઈ પાછા ફર્યા. રશ્મિ ખૂબ ખુશ હતો જે જોઈતું હતું તે એને મળ્યુ હતું.

અને, એક દિવસ.... મયૂરીને વીસા મળી ગયા. રશ્મિ અને મયૂરી પ્લેનની મુસાફરીમાં જે પામવાનું હતું તેની ખુશી ચહેરા ઉપર દેખાતી હતી.

કેનેડી એરપોર્ટ ઉપર કસ્ટમની વિધિ પતાવી લીધી. ઈમીગ્રેશનની વિધીમાં હાથની છાપ-આંગળીઓની છાપ સહી સીક્કા બધી રસમ પૂરી કરવાની હતી અને છેલ્લે પાસપોર્ટ ઉપર પરમેનન્ટ વીસાનો નંબર લગાવવાનો હક્ક મયૂરીને મળી ગયો. એરોડ્રામ ઉપર લેવા આવનારાઓમાં કેતન આવ્યો હતો. કેતને મયૂરીનો હાથ પકડી લીધો અને એક ચુંબન લગાવી લીધું. રશ્મિ આ જોતો રહ્યો અને આ બધું શું ચાલે તેનો વિચાર કરતો અને પોતાના દાગીના રીસીવ કરે ત્યાં તો મયૂરી રશ્મિને ‘ટાટા’ કરી ચાલી નીકળી. ફરી મળશું. અને ‘બાય’ના છેલ્લા શબ્દે રશ્મિ ચોંકયો. આ સ્વપ્ન કે સાવ પોતાની પરણેતર આમ ક્ષણમાં ચાલી નીકળી! મયૂરીના કમ્પ્યુટરનું ફિંડીંગ કંઈક જુદુ જ પરિણામ લાવ્યું હતું. ગ્રીન કાર્ડની મયૂરી બેવફાઈની દુનિયામાં સરકી ગઈ એનું સાધન સફળ થયું. રશ્મિનો શ્વાસ શ્વાસમાં રૂંધાવા લાગ્યો મયૂરી છટકી ચૂકી હતી.

*“પથીક તું ચેતજે પથના સહારા પણ દગો દેશે*
*ધરીને રૂપ મંઝીલનું ઉતારા પણ દગો દેશે*
*મને મજબુર કરશોના નહી વિશ્વાસ હું લાવું*
*અમારો અનુભવ છે તમારા પણ દગો દેશે”*

***(ગ્રીનકાર્ડને કમ્પ્યુટરની દુનિયાનાં લગ્નનો એક નમુનો:)***

✣ ✣ ✣ ✣ ✣

## માનવી નહી મળે

શાયદ આ મારૂ સ્વપ્ન હોઈ શકે
ગઈ કાલે રાત્રે ‘અજામિલનો’
પ્રસંગ વાંચતા વાંચતા સૂઈ ગઈ હતી
મેં પણ બુમ મારી ‘નારાયણ નારાયણ’
અને ભગવાન હાજર આજ કાલ ઋષિઓએ ચિન્ધેલા
માર્ગ પર ચાલવું શક્ય નથી
મેં તો રેશનીગ બસ કે દૂધની લાઈનોમાં
ઉભા રહેવાનું ‘તપ’ કર્યું નથી
જરાએ શંકા નથી ‘પ્રભુ તું જ છે’
હવે તું આવ્યો છે તો, કેવા આશીર્વાદ માંગુ ?
આજે તારા અહીં હોવાથી
મારી ‘આજ’ ‘ગઈ કાલ’ જેવી જ હશે
મારે તો મારૂ કર્મ કરવાનું છે
ગીતામાં કેમ તારો આદેશ નથી ? તો પણ
હું આશીર્વાદ માંગુ ? તું તો છે જ લુચ્ચો
‘તથાસ્તુ’ કહીશ તો પણ
એકાદ ત્રુટિ તને મળી જશે પછી તું સંહાર કરવા જન્મ લેશે
તારા અવતારનું કારણ હું સાધારણ માણસ બનુ
ના ના.
તું જરા મોડો પડયો મુસોલીની અને હીટલર મરી ગયા
હીરોશીમાં અને નાગાસાકી
લોકો આજે પણ ભૂલ્યા નથી
તું આવ્યો છે તો જરા
N. Bomb ના સર્જકોને
N. Bomb ના સંગ્રહકર્તાને સદ બુદ્ધિ આપતો જજે
જો ચડસા ચડસીમાં N. Bomb ફુટયા તો
તને અવતાર લેવા અવસર નહી મળે
આશિર્વાદ આપવા કે સંહાર કરવા તને પૃથ્વી પર
માનવી નહીં મળે.

***- વંદના ધારિયા***

# તરસ ઝાંઝવાની

✍ *ચેતન કાંતિલાલ મોદી (બંગડી)*

''સાગર... કમઓન! બી અ સ્પોર્ટ, પાર્ટીનું નામ સાંભળીને જ તું જાણે કોઈ બીજી જ દુનિયામાં ખોવાઈ જાય છે! આજે બસ સાદું 'હાય - હલ્લો' કરી તું ખૂણામાં ભરાઈ ગયો. દરેક જણા કેવા પ્રેમથી એકમેકને ગળે મળતાં હતાં. ગયા વીકમાં જ આપણે મી.-મીસીસ કપૂરને મળ્યા હતા. દર વખતની જેમ આજે પણ કેટલા ઉત્સાહભેર તેઓ મળ્યાં અને એમની વીકએન્ડ ક્રુઝની વાતોથી બધાને કેવા પ્રભાવિત કરતા હતા? અને તું? તારાથી તારી કંપનીના કામે બેંગકોક ગયો તે અનુભવો પણ શેર ન કરી શકાય? ડાન્સ, મસ્તી અને હાસ્યની છોળો વચ્ચે તું તો બસ તારી જ દુનિયામાં! સાગર, યુ આર ઈમ્પોસિબલ. મેં જ તારી સાથે વર્ષો કાઢ્યા, બીજી કોઈ હોત તો...''

વર્ષો પહેલાંનો આ સંવાદ, તૃષ્ણાના સ્મૃતિપટ પર ફિલ્મની જેમ ભજવાઈ રહ્યો હતો. તૃષ્ણા ભૂતકાળના વમળોમાં ચકરાઈ રહી હતી. પતિ સાગરના આકસ્મિક નિધન અને એકની એક દીકરી રત્નાના તાજેતરમાં થયેલ લગ્ન બાદ તૃષ્ણા હવે એકલી જ રહેતી હતી. શુક્રવારની સાંજે બેન્કની જોબ પરથી આવી, પરવારી ટીવી સામે ગોઠવાઈ. ચેનલો બદલવા માંડી, આજે એનું મન લાગતું ન હતું. વીક એન્ડના ખાલીપાને કેમ ભરવો એના વિચારો કરતી છેવટે પલંગ પર પડી. સુવા મથી રહી. ડબલબેડ પરની એકલતા અને ઘરના ખાલીપણાથી એ વિહવળતા અનુભવતી પડખાં ફેરવતી રહી, નિંદ્રાએ પણ આજે એનો સાથ ન આપવાનું જાણે નક્કી કર્યું હતું. સાગરની જેમ જ!

પલંગ સામે પડેલાં ટેબલ પરની 'સાગર-તૃષ્ણા'ની ફોટોફ્રેમને તૃષ્ણા તાકી રહી. હનીમૂન પર પડાવેલી એ તસવીર તૃષ્ણાને ફરી ખારાશ તરફ ખેંચી ગઈ. ''સાગર, તું સરખું સ્માઈલ પણ ન આપી શકે? આ ફોટામાં જાણે તને કોઈ આનંદની લાગણી જ ના હોય એવું લાગે છે. મોં પર થોડો મલકાટ એટલે તારું સ્માઈલ. માણસે હસવું તો બરાબર જોઈએ...'' ત્યારે પણ એ સમીરના વિચારોમાં ખોવાઈ ગઈ હતી. અને આજે પણ સમીરનો વિચાર માત્ર તેને યુવાનીનાં મદમસ્ત દિવસોમાં ખેંચી ગયો.

તૃષ્ણા મધ્યમવર્ગીય સુશિક્ષિત પરિવારમાં ઉછરેલી કોલેજ કન્યા. દેખાવમાં સામાન્ય કહી શકાય, પણ નાક-નકશો સુદૃઢ એટલે આકર્ષક તો લાગતી જ. કોલેજીયન છોકરાં તેની હાજરીની નોંધ જરૂર લેતા. ભણવામાં સામાન્ય, પણ એક્સ્ટ્રા કરિક્યુલર એક્ટિવિટીઝમાં અગ્રેસર. જિંદગીના દરેક રસને માણવા ઉત્સુક. એક જ આયખામાં આ કરી નાખું અને પેલું કરી નાખુંનો અજંપો. તૃષ્ણાને હતી તરસ જિંદગીની, જિંદગી માણવાની અને કદાચ તેથી જ કામનાને તેની સાથે જ ખૂબ જ ફાવતું.

કામના, તૃષ્ણા કરતાં દેખાવડી અને સંપન્ન મહોલમાં ઉછરેલી. પ્રોટેક્ટિવ મા-બાપની વધુ પડતી કાળજીને કારણે ગભરૂ, શરમાળ અને કોન્ફિડન્સમાં થોડી ઊણી ઉતરતી. કામના અને તૃષ્ણા બન્ને એકમેકથી સાવ અલગ વ્યક્તિત્વ, એકમેકની કમી પુરી કરવા,

પોતાની અધુરપને સખીની ખાસિયતોથી પુર્ણતા આપવા, બન્નેનું નજીક આવવું અને સહિયર થવું સ્વાભાવિક જ હતું.

તૃષ્ણા - કામના બન્ને મિત્રો કોલેજમાં આકર્ષણના કેન્દ્ર નહોતા, પણ બન્નેને કોઈ નજરઅંદાજ કરી શકે, એટલા આકર્ષણકેન્દ્રથી દૂર પણ ન હતા. સવારે કોલેજના ક્લાસ, બપોરે મિત્રો સાથે ટોળટપ્પા. હસી-મજાક, મેટિની શો, રખડપટ્ટી - તૃષ્ણા અને કામના સાથેને સાથે જ હોય. મુગ્ધાવસ્થામાં બોયફ્રેન્ડઝની વાતો, ચર્ચા, અન્યોની જોડી બનાવવી અને પોતાને માટેની કલ્પનાના ઘોડાઓ બે-લગામ દોડાવવા એ કુદરતી છે અને તૃષ્ણા-કામના બન્ને સખીઓ સાવ ભોળી તો નહોતી જ.

સમીર એમના ક્લાસમાં ભણતો, ફુટડો, સંપન્ન પરિવારનું એકમાત્ર સંતાન. આકર્ષક વ્યક્તિત્વ, જોલી, રમતિયાળ, મસ્તીખોર, એ વિદ્યાર્થીઓમાં ખૂબ લોકપ્રિય હતો. 'કોલેજ ડે' હોય કે 'સોશિયલ' સમીર સેન્ટર સ્ટેજ પર હોય જ. કોલેજનો 'હીરો'. 'રોઝ ડે'ના દિવસે તો ગુલાબની દુકાન માંડી શકે એટલા ગુલાબ તેને મળતા. બસ! એકદમ ફુલગુલાબી બંદો.

'કોલેજ ડે'ના નાટકના રિહર્સલ વખતે સમીર અને તૃષ્ણા પરિચયમાં આવ્યા. ઓળખ ગાઢ બની અને મૈત્રીમાં વિસ્તરી. તૃષ્ણા સાથે કામના તો હોય જ. તૃષ્ણા-કામનાની જોડી સમીરની સોબતમાં અભેદ ત્રિપુટી બની ગઈ. જોતજોતામાં કોલેજનો મસ્તીકાળ પુરો થવા આવ્યો. સમીર-તૃષ્ણા અને સમીર-કામનાની મૈત્રી અને વિજાતીય મુગ્ધ આકર્ષણ વચ્ચેની રેખા પણ ઝાંખી થતી રહી.

જિંદગીમાં અરમાનો, અપેક્ષાઓ અને નક્કર સચ્ચાઈ વચ્ચેની રેખાઓ વિધાતા ખૂબ ચોકસાઈથી કંડારે છે. દુન્યવી ચીજો ઝાંખી પડે, દૈવી નહીં. વિધાતાને તૃષ્ણા-સમીર અને તૃષ્ણા-કામનાની મૈત્રી મંજૂર હતી પણ સાથે જીવવાની રેખા તો સમીર-કામનાની હથેળીઓ પર આંકી હતી. જીવનસાથી તરીકે સમીરે સ્ટેટસ ને અનુરૂપ કામના પર પસંદગી ઉતારી અને તૃષ્ણા બન્નેથી અળગી થઈ ગઈ. ત્રિકોણનો એક કોણ નાબૂદ થઈ ગયો. રહી કેવળ એક જ રેખા સમીર-કામના વચ્ચે.

સમીરને યાદોથી ભુલાવી ન શકતી તૃષ્ણાએ અંતે લગ્ન તો કરવા જ પડ્યા. પ્રેમમાં નિષ્ફળ તૃષ્ણાએ તડજોડ કરી સાગર સાથે લગ્નગ્રંથિથી જોડાઈ. કમને તૃષ્ણા સાગરને પનારે પડી.

સાગર, કમ્પ્યુટર એન્જિનિયર, સામાન્ય દેખાવ, ધીર-ગંભીર જણાતું વ્યક્તિત્વ. વાંચનનો જબરો શોખીન, દુનિયાનો ભાગ્યે જ કોઈ વિષય હશે જેના ઉપર એ સચોટ વકતવ્ય ન આપી શકે. કલા-નૃત્ય માણી શકે, પિછાણી શકે પણ જાહેરમાં લાગણીઓને ખોલી ન શકે. મુક્ત મને હસી શકે ખરો પણ વાંદરાવેડા પર નહીં, કોઈને સારું લગાડવા નહીં, સચોટ માર્મિક રમૂજ-બુદ્ધિપૂર્વકની રમૂજ એ દિલ ખોલી માણતો અને જેની સાથે મન મળ્યાં હોય તેવા સાથે વહેંચતો પણ ખરો. ઓફિસમાં ડાયરેક્ટરો અને તેના વૈચારિક સ્તરના સહકાર્યકરોમાં એની 'સેન્સ ઓફ હ્યુમર'ની તારીફ થતી. ટોળાં અને મેળાના દંભમાં ખોવાઈ જતો સાગર, આત્મીય મિત્ર સાથે ખૂબ ખીલતો. ઉપરછલ્લા સંબંધો કરતાં નક્કર દોસ્તી, સાગરનું સામ્રાજ્ય.

જિંદગીને દિલ ખોલી ઉજવવા ઈચ્છતી તૃષ્ણાને

જાણે બ્રેક લાગી ગઈ. હનીમૂનના પહેલા જ સપ્તાહમાં તૃષ્ણાને અહેસાસ થઈ ગયો કે સાગર એ સમીર નથી જ! સમીરની તોલે સાગર કોઈ કાળે ન આવી શકે. ક્યાં સમીરનું મુક્ત હાસ્ય, ક્યાં સમીરની અદાઓ, ક્યાં સમીરનો રમતિયાળ સ્વભાવ, ક્યાં સમીરનું.....!

સમીરનું તો 'અખિલં મધુરમ્'. મનથી તૃષ્ણા, સાગરને ક્યારેય વરી ના શકી. સાગરની પ્રત્યેક હરકતોની સમીર સાથે સરખામણી કરતી. તૃષ્ણાની કલ્પનાનો સમીર તો હતો એક 'પુર્ણ પુરુષોત્તમ'.

લગ્ન બાદ તરત જ સાગર-તૃષ્ણા તળ મુંબઈથી બોરીવલીના ફ્લેટમાં રહેવા ગયા. સાગરની કંપનીએ ફર્નિશ્ડ ઘર અને ગાડી બન્ને આપ્યાં હતાં. નાણાંકીય દૃષ્ટિએ સાગર અધધધ તો નહીં પણ સુખેથી જીવવા માટે પૂરતું કમાઈ લેતો. સામાન્ય કૌટુંબિક બધી જ જવાબદારી સાગર ઉપાડી લેતો. તૃષ્ણાની નાનામાં નાની સગવડો અને જરૂરતોનો ખ્યાલ રાખતો. ફાજલ સમયમાં ઘરનાં કોઈ પણ કામમાં તૃષ્ણાને સાથ આપતો. રસોઈ હોય કે સાફસફાઈ, સાગર સહિયારી જવાબદારી નિભાવતો, તૃષ્ણાને કોઈ વાતે ઓછું ના આવે એની કાળજીપૂર્વક ચોકસાઈ સાગર રાખતો. લાગણીઓનો આવેગ કે અતિરેક નહીં, સાગર એટલે સમજદાર, પ્રેમાળ વ્યક્તિત્વ.

તૃષ્ણાને આ જિંદગી ઘરેડમય, ડલ લાગતી હતી. જિંદગીમાં કોઈ અગવડો ન હતી, તો સાથે રોમાંચ પણ ન હતો. જિંદગીને ઉજવવા ટેવાયેલી તૃષ્ણાને તો જોઈતાં હતાં હર્ષ, ઉલ્લાસ, પાર્ટીઓ, ડિસ્કો, મુવીઝ, મોજ-મસ્તી માટે બહોળું ફ્રેન્ડ સર્કલ. સમીર કે તેના જેવો લાઈફ પાર્ટનર કે જેની જિંદગીમાં દરરોજ ઉત્સવ હોય, થ્રીલ-રોમાંચ હોય! આ બધું ક્યાં છે સાગર પાસે મને રિઝવવા માટે? કાશ! સાગરને બદલે મને સમીર...!

''તૃષ્ણા, મને લાગે છે તું આખો દિવસ એકલી એકલી બોર થઈ જતી હશે! તારી ઈચ્છા હોય તો એકાદી નોકરી કરી લે.!'' નિત્યક્રમ પ્રમાણે રવિવારે પણ સાગર મોર્નિંગ વોક પરથી આવ્યો. તૃષ્ણાની ઊંઘમાં ખલેલ ન પડે એટલે ચા બનાવી. બ્રેકફાસ્ટ ટેબલ સજાવી પછી તૃષ્ણાને જગાડી અને ચા પીતાં સાગરે વાત છેડી. ''ગઈકાલે જ બેંકમાં નોકરી ખાલી છે ની જાહેરાત હતી. કહેતી હોય તો તારી સરસ મજાની C.V. બનાવી અરજી પોસ્ટ કરી દઉં. હું માનું છું કે તને પણ સ્વતંત્રપણે ખીલવાનો અધિકાર છે. તારું ભણતર અને આવડતને ઉપયોગમાં પણ મુકી શકીશ અને ઘરની બહારની દુનિયાના સંપર્કમાં પણ રહી શકીશ.''

ઘરથી થોડા કલાકો પણ છૂટા રહી શકાય એવી સુખદ કલ્પનાની અનુભુતિએ તૃષ્ણાને બેંકની એ નોકરી મેળવવા પ્રવૃત્ત કરી. ચોકસાઈથી સાગરે C.V. અને અરજી તૈયાર કરી અને એની ઈન્ટરવ્યુ પહેલાંની સલાહ અને સુચનો, તૃષ્ણાને ઘરથી અને સાગરથી થોડા કલાકો માટે દૂર લઈ જવા કારગર નીવડ્યા. તૃષ્ણાને બેન્કની જોબ આસાનીથી મળી ગઈ.

નોકરીને કારણે તૃષ્ણાને અનેક ફાયદા થયા. જાતકમાઈથી એના કોન્ફીડન્સમાં ગજબનાક વધારો થયો. બહારની દુનિયાના સંપર્કથી એની બુદ્ધિ પ્રતિભા પણ ખીલતી રહી. એની સ્વતંત્ર ઓળખ બની. સાગરના માર્ગદર્શન હેઠળ બેન્કની પરીક્ષાઓ પાસ કરતી ઉત્તરોત્તર પ્રગતિ કરતી તૃષ્ણા આસિસ્ટન્ટ મેનેજરના પદે પહોંચી.

આ સમયકાળ દરમિયાન સાગર, તૃષ્ણાને સરખે હિસ્સે ઘરકામમાં મદદ કરતો. તૃષ્ણા થાકીને આવી હોય

અને સાગર વહેલો હોય તો તૃષ્ણા માટે ચા પણ બનાવતો અને ડીનરની તૈયારી પણ કરી રાખતો. આ જ કાળ દરમિયાન તૃષ્ણા સગર્ભા બની. તૃષ્ણા પ્રેગનન્ટ છે એ ખબર પડતાં જ સાગર આવનાર બાળક અને તૃષ્ણા પ્રત્યે ખૂબ જ સજાગ થઈ ગયો. હવે તો તૃષ્ણાને તે કંઈ જ ન કરવા દેતો. તૃષ્ણા અને તેની અવસ્થાની કાળજી સાગર કદાચ તૃષ્ણાની મા કરતાં પણ વધુ કરતો, એવું જાહેરમાં કહી તૃષ્ણાના મા-બાપ પણ સાગરને બિરદાવતા. અને જ્યારે પુત્રી રત્નાનો જન્મ થયો ત્યારે જવલ્લે જ લાગણીઓનું પ્રદર્શન કરતો સાગર તૃષ્ણાને ભેટી પડ્યો. તેને ચુમી લીધી અને આવી સુંદર ભેટ આપવા બદલ કેટલીયવાર તૃષ્ણાનો આભાર માનતો રહ્યો.

રત્ન જેવી દીકરીનું નામ 'રત્ના' પણ સાગરે જ સુચવ્યું અને આનંદના આ વાતાવરણમાં દાંપત્યજીવનમાં જુજ પ્રસંગો પર સહમતિ સધાઈ હોય, તેવાં આ નામકરણમાં તૃષ્ણા સહમત થઈ.

રત્નાના આગમન પછી પણ તૃષ્ણા-સાગરના સંબંધમાં ખાસ ફરક ના જ પડયો. સાગર પ્રત્યે તૃષ્ણાની લાગણી એવી જ રહી.!!! ''શુષ્ક'' સાગરના પ્રેમની ભરતી એને ભીંજવી ન શકી. કહોને કે તૃષ્ણાને જ ભીંજાવું ન હતું. સાગર માટે એને અણગમો કે દ્વેષ ન હતો, પણ સાગર એની કલ્પનાનો પ્રેમી કે પતિ તો નહોતો જ. તૃષ્ણા સમીરની યાદના પાશમાં બંધાઈ ગઈ હતી. અનાયાસ જ સાગરની પ્રત્યેક હરકતોને સમીરની કાલ્પનિક અદાઓ સાથે તોળતી અને મુલવતી સમીર હોત તો આ એણે આમ કર્યું હોત. સમીરે પેલું તો જરૂર તેમ જ કર્યું હોત. તૃષ્ણાની આ મન:સ્થિતિથી બેખબર સાગર, તૃષ્ણાને રિઝવવાના, એને ખુશ રાખવાના, લાગણીશીલ પતિ અને સમજદાર વ્યક્તિ હોવાની પોતાનાં સ્વભાવની કેફિયત સાચવી રહ્યો. સાગરના પ્રેમની ભરતી, ઘુઘવતી, પણ કાંઠાના કાળમીંઢ પથ્થરોને અથડાઈ પાછી વળી જતી. ભરતી પાછી તો વળી જતી પણ એ તો કેવળ નવાં જોશ સાથે વળી પાછી ઊમટવા ખડકોને ભીંજાવી, ઓગાળી તેની સાથે એકાકાર થઈ જવા. સાગર તો હતો માત્ર તૃષ્ણાનો જ, તનથી અને મનથી.

રત્નાનું આગમન અને તેનો ઉછેર, તૃષ્ણાની નોકરીની વ્યસ્તતા, એનું કલ્પનાનું આકર્ષણ, જે નથી એ પામવાની તરસ, જિંદગી માણી નથી શકાતી એનો રંજ કે કેવળ ઝાંઝવા પાછળ, મૃગજળ પાછળ ભટકવાનો તૃષ્ણાનો ચંચળ સ્વભાવ, ગમે તે હોય તૃષ્ણાનું સાગર પ્રત્યેનું અંતર ઘટી ન શક્યું. એથી વિરુદ્ધ એની કલ્પનાના સમીરની એ વધુ નજીક જઈ બેઠી.

સમીરે તેને અવગણી કામના પર પસંદગી ઢોળી. એને એ કેવળ પોતાની કમનસીબી સમજતી. ''સમીરનો શું વાક? કામના જ એને ભરમાવી ગઈ. જરા રૂપ શું મળ્યું છે, કે પૈસાના જોરે સમીરને છીનવી ગઈ! નહીં તો સમીર મારો જ હતો ને? સમીર-તૃષ્ણાની જોડી કેવી જાનદાર લાગતે. સમીર સાથે જિંદગીમાં બસ રોજ જ ઉત્સવ હોત.'' સમીર-સાગર વચ્ચે તેના મનમાં રોજ દ્વંદ્વ જામતો. આ માનસિક દ્વંદ્વમાં તૃષ્ણાનો વિજેતા તો હંમેશાં સમીર જ હોય. એનો હસતો, રમતો મજાકિયો Knight in shining armour જિંદગીના કોઈ પણ પ્રશ્નને ફાંકડી અદાઓથી હિન્દી પિક્ચરના હીરોની જેમ રમતવાતમાં ઉકેલી લેતો અજેય યોદ્ધો.

સાગરની રોજિંદી જિંદગી એટલે બસ એ જ

નિત્યક્રમ. સવારમાં મોર્નિંગ વોક, પછી ઓફિસ, સાંજે ઘરના કામમાં તૃષ્ણાને મદદ કરવી, કોકવાર ગમતાં કે અણગમતાં મિત્રો અને સંબંધીઓ સાથે મને કમને સોશિયલ ગેધરીંગ કે પાર્ટી, વીક એન્ડમાં આવશ્યક વસ્તુનું શોપિંગ કે પછી વખણાયેલું કોઈ મુવી કે નાટક રત્નાના આગમન પછી તો આ સમયપત્રકમાં, રત્ના માટે પણ સમય ફાળવવામાં આવ્યો. પણ દીકરી રત્ના એટલે સાગરનું Obsession, Passion એનું કાળજું. ઘરે આવે કે રત્નાને શોધતો ફરે. નાનપણમાં બસ દિલભરી રમાડતો, વાતો કરતો અને સ્કૂલે જતી થઈ એટલે 'રત્ના, ચાલ આપણે આ કરીએ, ચાલ આપણે ફલાણું રમીએ.' 'બેટા હોમવર્ક થઈ ગયું. કોઈ તકલીફ હોય તો સમજાવું ?'

રત્નાના ઉછેર, અભ્યાસ અને બહુમુખી પ્રતિભા ખીલવવાં સાગર હંમેશાં તત્પર અને પ્રવૃત્ત. રત્ના ભણીગણીને શું બનશે એના કરતાં રત્ના કંઈક બની જાતને પુરવાર કરી શકે, એની આગવી ઓળખ બને, જિંદગીના મુકાબલામાં સબળા બને અને સર્વાંગી વિકાસ સાધી શકે એનાં વિચારો અને પ્રયત્નોમાં સાગર પોતાનો ફાજલ સમય વીતાવતો.

રત્ના પાછળ તો તૃષ્ણા પણ ખુબ સમય ફાળવતી. નૃત્ય, ચિત્રકળા, સંગીત અને રમતગમતમાં રત્નાની રૂચિ એ એની મમ્મીનો વારસો. રત્નાનું ખિલખિલાટ હસવું, તૃષ્ણાને પોતાના હોવાપણાની અને ધરબાયેલી સુષુપ્ત લાગણીઓની પ્રતીતિ કરાવતી. રત્નાની જિંદગીને હું જાનદાર ઓપ આપીશ, તૃષ્ણાની અધૂરી ઈચ્છાઓ રત્ના સાકાર કરશે જ. જિંદગીના ઉત્સવ રત્ના ભરપૂર માણી શકે એ માટે સાગર અને તૃષ્ણા બન્ને મશગુલ હતા, પણ પોતપોતાની રીતે અને જુદાં જુદાં. જીવનનો ઉત્સવ તૃષ્ણા પોતે પણ આજે જ ઊજવી શકે. જો એ કલ્પનાના સીમાડા તોડી, હકીકત સાથે સમાધાન કરી મુક્ત મને સાગર સાથે એકાકાર થઈ જાય તો... પણ ક્યાં છે પેલી અદાઓ અને આકર્ષણ સાગરમાં ?

ઘરેડમય જિંદગી આગળ વધતી રહી તેમ તેમ જિંદગીની રાહ તૃષ્ણાને કામના-સમીર નામના મિત્રોથી દૂર તાણી ગઈ. શરૂ શરૂમાં મળવાનું થતું, પણ હવે તો ફક્ત એકલ-દોકલ ફોનની આપ-લે સુધી સંબંધ સિમિત થઈ ગયા. કામના સાથે ફોન પર થતી વાતો એ તૃષ્ણા માટે સમીરની સાથેનો એકતરફી સેતુ. સમીરની હાઈક્લાસ, હાઈ સોસાયટીમાંની રંગીનીનો આંખે દેખ્યો અહેવાલ મેળવવાનો એક ઈલમ. ઈર્ષ્યા થતી એને કામનાની, પણ કરે શું ? સમીરને પરોક્ષ પામવામાં કામના જ એની કડી હતી, અને હવે એટલે જ કામના એની મિત્ર રહી હતી. ફોન પર કામના પાસેથી સાંભળેલી મોજ-મસ્તીની વાતો, તૃષ્ણાને દઝાડતી, જિંદગીનો રસ પીવામાં એ પાછળ પડી ગઈ એની દાઝ ઉતારતી એ ફક્ત સાગર ઉપર. સાગર પર કટાક્ષ કરવો, છણકો કરવો, મ્હેણાં-ટોણાં કે કારણ વગર ચડભડ એ એનો સ્વભાવ બની ગયો. પણ સાગર તો શાંત અને લાગણી શુન્ય ભાવે 'હશે' કે 'ઠીક' કે 'સોરી' કહી વાતનો નિવેડો લાવતો.

હિંદુ પરંપરા પ્રમાણે લગ્ન એ તો સાત ભવોનો સાથ. નિયતીએ ઠરાવ્યું, કે આજથી તમે બન્ને પતિ-પત્ની એટલે પછી પડ્યું પત્તું નિભાવી લેવાનું. છૂટાછેડા કે જુદા થવું એ આપણા માટે શાપિત શબ્દો, પછી ભલે બે જીવ એક જ છત નીચે, એક જ બિછાને વિરુદ્ધ દિશામાં

મોં રાખી સુતા હોય, કે પછી એક જ બિછાને કલ્પનાતીત પાત્ર સાથે સંવનન સેવતાં હોય. સમાજમાં સમાજ માટે શરીરથી રહેવાનું તો સાથે જ.

તૃષ્ણા-સાગરની જિંદગી ઘસડાતી રહી આમ જ વીસ વરસ. કોઈ કમી ન હતી એમનાં સંસારમાં, બસ જો સાગર, સમીરની જેમ જ રમતિયાળ હોત અને જિંદગીની મજાઓ માણી શકતો હોત તો તૃષ્ણા પણ ખુશ હોત. પણ ક્યાં સાગર અને સમીર? 'સાગર પ્રેમાળ છે? હા, કબૂલ!' 'સાગર જવાબદાર છે? ચોક્કસ.' સાગર પાસે નથી તો કેવળ લાગણીઓનો આવેગ. દરેક વસ્તુને સાગર બુદ્ધિનાં ત્રાજવે તોલે, એનું કોઈ જ કામ સહજ નહીં, બધું જ વિધિસર, પદ્ધતિસર ગોઠવાયેલું અને મોનોટોનસ. ઘરેડબદ્ધ. ક્યાંય વૈવિધ્ય નહીં, કોઈ રોમાંચ નહીં, ન મુક્ત હાસ્ય કે ના કોઈ દિવાનગી કે ગાંડપણ જે જિંદગીના ખુટતાં રંગો ભરી શકે.

મુક્ત મને ઉડવા ઈચ્છતી તૃષ્ણાને મન આજ તો છે જિંદગીની મુળભૂત જરૂરિયાતો.

''સાગર તમારા પતિ છે? તેમની કારને અકસ્માત નડ્યો છે. જલદીથી તમે...'' ફોન પરનાં અપરિચિત અવાજે તૃષ્ણાને ચોંકાવી દીધી, ઝડપભેર એડ્રેસ નોંધી, રત્નાને ફોન કરી, તૃષ્ણા હોસ્પિટલ પહોંચી, કોઈ બેદરકાર, છેલબટાઉ, બાપ કમાઈ પર તાગડધિન્ના કરતો યુવક કેવળ મોજ ખાતર તેજ વેગે ગાડી હાંકતો હતો, થોડો નશો પણ કર્યો હતો. એણે ગાડી પરનો કાબુ ગુમાવ્યો, ડીવાઈડર ઓળંગી સામેથી આવતી સાગરની ગાડી સાથે સામો ભટકાયો. ગાડી બીજી તરફ વાળવાનો પણ સાગરને મોકો ન મળ્યો. તૃષ્ણા હોસ્પિટલ પહોંચી ત્યારે સાગરની હયાતિ સંકેલાઈ ગઈ હતી. કો'ક નાદાનની ક્ષણિક મોજ અને રોમાંચના પાગલપણે સાગરનાં પ્રાણ હરી લીધા.

તૃષ્ણાની આંખો ભીની થઈ ગઈ. સાગરે એને સ્વતંત્રતા આપી હતી, આગવી ઓળખ આપી હતી. એનાં માર્ગદર્શનથી જ આજે એ બેન્કમાં બ્રાન્ચ મેનેજરનું પદ પામી હતી. સાગર થકી જ મળી હતી એને પોતાની પ્રતિકૃતિ સમી રત્ના. તૃષ્ણા એટલી નિષ્ઠુર નહોતી કે સાગરની ખોટ એને ન સાલે. વર્ષોના સહવાસ પછીનું આ છુટાં પડવું પીડાદાયક હતું. મનના ખુણામાં સંતાયેલો સમીરનો હસતો ચહેરો પણ આજે તૃષ્ણાને શોકમુક્ત ન કરી શક્યો.

તૃષ્ણા આર્થિક રીતે સદ્ધર હતી એટલે સાગરની હયાતિ બાદ નાણાંકીય રીતે ખાસ ફરક ન પડ્યો. C.A. ની છેવટની પરીક્ષા આપ્યા બાદ રત્ના પણ પરણવા માટે લાયક થઈ હતી. રત્નાનો સાથે ભણતો મિત્ર અને બોયફ્રેન્ડ એ તૃષ્ણા અને સાગર બન્નેને પસંદ હતો. સાગરના નિધન બાદ, ગયા અઠવાડિયે જ રત્નાના લગ્ન લેવાયાં. રત્નાની વિદાય બાદ તૃષ્ણા સાવ એકલી પડી ગઈ.

આજે આ એકલતાનો પહેલો જ શુક્રવાર હતો. શુક્રવાર પછી આવનાર બે દિવસ એકલાં ગાળવાનાં વિચાર માત્રથી એ બેચેન હતી અને તૃષ્ણા વિચારોની વણથંભી વણઝારમાં જોતરાઈ. ફ્લેશબેકમાંથી વિચારોની ફિલ્મ વર્તમાનમાં આવી પહોંચ્યો.

મનનાં ખુણામાં રહેલો સમીર, રમતિયાળ, હસમુખો, મસ્તીખોર અચાનક કુદકો મારી તૃષ્ણાના માનસપટ પર છવાઈ ગયો. તૃષ્ણાની કલ્પનાનાં સમીરને કાળનો કોઈ જ ઘસારો ન હતો લાગ્યો, એની તો એ જ

ફાંકડી અદાઓ અને છટાઓ. સાગરના મૃત્યુ બાદ પહેલી જ વાર કલ્પનાનાં સમીરે, તૃષ્ણાના દિમાગ પર કબજો મેળવવાની શરૂઆત કરી.

તૃષ્ણાના સમીરમય મને તૃષ્ણા સાથે વિવાદ છેડ્યો, 'તૃષ્ણા હવે તો તું મુક્ત છે, આજે તારી પાસે આર્થિક સદ્ધરતા છે, સ્ટેટસ છે, ઉંમરના પ્રમાણમાં દેખાવ પણ ઠીક ઠીક છે, થોડી શ્યામ છે, પણ આજકાલ લોકપ્રિય ફિલ્મની હીરોઈનોય ક્યાં ગોરી હોય છે? એકવાર તો સમીરને મળી જો. જિંદગીને પુનર્જિવીત કર, અધુરા અરમાનો લઈ ક્યાં સુધી ભટકતી રહીશ?'' સમીરમય મનનાં જોશ સામે તૃષ્ણાનું મન હાર્યું. સમીર... સમીર... કહેતાં અચાનક એની તંદ્રા તૂટી.

હવે આજથી જ તૃષ્ણાએ પોતાની રીતે જિંદગી આગળ ધપાવવાનું નક્કી કર્યું. બધાં જ બંધનો ફગાવી સમીરની નજીક પાછા પહોંચવાનો નિર્ણય લીધો. સમીરને મળવું હોય તો કામના નામનો સેતુ હતો જ.

તૃષ્ણા : ''હેલ્લો, કોણ? કામના! તૃષ્ણા છું. બસ આજે એકદમ તારી અને સમીરની યાદ આવી. શું ખબર?''

કામના : ''અરે હા, તૃષ્ણા બહુ વખતે યાદ કરી. તને તો હું રોજ યાદ કરું છું.''

તૃષ્ણા : ''કામના, મળવાનું મન થયું છે તમને લોકોને.''

કામના : ''હું તો તને કાયમ મળવા કહું છું, પણ તું જ ક્યાં ટાઈમ કાઢે છે. જમાનો થયો તને મળ્યે, બોલ ક્યારે ઘરે આવે છે? એડ્રેસ છે કે લખાવું? આવી જા કાલે સવારે, વર્ષો થયા દિવસ સાથે કાઢ્યે, આવ... આવ રાત અહીં જ રોકાજે.''

તૃષ્ણા : ''એડ્રેસ તો હોય જ ને, તું કહે છે તો આવી જઈશ કાલે. સમીર પણ હશે ને? વર્ષો થઈ ગયા એને મળ્યે તો. ઓ.કે. હું આવું છું, કાલે સવારે.. ગુડ નાઈટ.''

કાલે સવારે સમીર મળશે, એના રોમાંચ માત્રથી તૃષ્ણા પ્રફુલ્લિત થઈ ગઈ અને એ સુખદ અનુભુતિએ એની પાંપણો મળી ગઈ. વર્ષો બાદ આ સુખની લાગણી સાથે એ શાંતિથી નિંદ્રાધીન થઈ ગઈ.

સમીરને મળવાના વિચારોમાં સવાર પણ વહેલી પડી ગઈ. તૈયાર થઈ અરીસા સામે ઊભી રહી અને અનાયાસ જ 'આહ' નીકળી ગઈ એના મુખેથી. કોઈ અકળ કારણે એનો ચહેરો આજે ખીલ્યો હતો, સુંદર દેખાતી હતી એ, ઉંમર કરતાં ઘણી નાની પણ.

''હાય કામના! કેમ છે?'' કામનાના ઘરમાં પ્રવેશતાં જ કામનાને ભેટી પડી અને એકી શ્વાસે પુછી બેઠી, કેમ છે સમીર? ક્યાં છે એ?''

''આવ, આવ તૃષ્ણા! કેટલો આનંદ થયો તને જોઈને. યુ આર લુકીંગ ગોર્જીયસ! ખુબ સુંદર લાગે છે તું આજે.'' દોસ્તીની અદાથી કામનાએ વર્ષો પહેલા તૂટેલો તંતુ સાધી લીધો.

''ઓહ, થેન્કસ. તું પણ હંમેશની જેમ જ સુંદર લાગે છે. સમીર ક્યાં છે, કેમ દેખાતો નથી? બહાર ગયો છે?'' તૃષ્ણાની અધીરાઈ વધી રહી હતી.

વાતને ટાળતી હોય તેમ કામના બોલી ઊઠી, ''અરે! આવી છે તો બેસ તો ખરી, ચાલ પહેલા બ્રેકફાસ્ટ પતાવીએ.''

''શ્યોર, આપણે ત્રણ જણ સાથે જ બેસીએ, સમીરને પણ બોલાવને.'' તૃષ્ણાની ઉત્કંઠા વધુ ગાઢ બની.

‘‘સમીર ઘરે નથી, ચાલ આપણે બે જ છીએ.’’ ઉતરડાયેલાં પણ મક્કમ અવાજે કામનાએ લગભગ ફરમાન કર્યું. કામનાનાં અવાજની મક્કમતા, તૃષ્ણાથી છાની ન રહી. શબ્દોમાં ગલ્લા-તલ્લાં કરતી કોલેજ કાળની ગભરૂ કામના બદલાયેલી લાગી. ‘‘કામના, તું ઓ.કે. તો છે ?’’

‘‘યસ, આઈ એમ ઓકે. હવે હું એકદમ ઓલરાઈટ છું.’’ છેલ્લાં ચોવીસ વર્ષની ઘટનાઓએ મને ખૂબ મજબૂત બનાવી દીધી છે. એક દિવસ એવો નથી ગયો આ વર્ષોમાં, કે મેં તને યાદ ન કરી હોય, તૃષ્ણા તને ખબર છે, હું જેમાંથી પસાર થઈ છું એ કદાચ તારા પર વીત્યું હોત, જો મેં સમીર સાથે લગ્ન ના કર્યા હોત.’’

તૃષ્ણા સાવ હેબતાઈ ગઈ. ‘‘તું શું કહેવા માગે છે ? મને કંઈ સમજ ના પાડી કામના !’’

અને કામનાની ‘‘દાસ્તાને-સમીર’’ આરંભાઈ. ‘યુ નો તૃષ્ણા, સમીર એટલે મહાદંભી, ઉપરછલ્લો માણસ. મારામાં એને ઈન્ટરેસ્ટ ફક્ત એક દેખાવડી અને ખમતીધર પિતાની પુત્રી તરીકેનો જ. એક એવી સ્ત્રી જેને એ સમાજમાં મીસીસ સમીર તરીકે પ્રદર્શિત કરી શકે. જિંદગી એટલે એને મન કેવળ મોજ-મજા. કોઈ પણ ભોગે અને કોઈના પણ ભોગે. માણસની જરૂર હોય ત્યાં સુધી એને વાપરવી અને ગરજ મટે કે ‘રામ રામ’.

તને ખબર છે તૃષ્ણા એને કુટુંબની જવાબદારી પણ નથી જોઈતી, એનાં સ્વાર્થની રમતમાં મને માતૃત્વનું સુખ પણ, એણે ન આપ્યું. લગ્નનો શરૂઆતનો કાળ અમે ખૂબ માણ્યો, પણ વર્ષ બાદ એ ભાઈનું મન ભરાઈ ગયું મારાથી, મન ફાવે ત્યારે આવે મારી પાસે. એને જિંદગીમાં રોજ નવું જોઈએ. વિવિધતાનો શોખીન ભમરો છે એ, સ્થિર થઈ રહેવું એ એનો સ્વભાવ જ નહીં. નીત નવા ફૂલો ગમે એને.

‘‘પણ કામના ! ફોન પર તું હંમેશાં કહેતી કે સમીર અને તું ખૂબ ખુશ છે’’ દિગ્મૂઢ કૃષ્ણાએ પૂછ્યું. ‘‘તૃષ્ણા મને ખબર છે, તું મારાથી નારાજ હતી. તારા જેવી દોસ્ત ગુમાવ્યા પછી મારું દિલ ક્યાં ખોલવું સમજાતું ન હતું. હું દુઃખી છું એવું કહી ડેડી-મમ્મીને પણ દુઃખી નહોતાં કરવા. મનમાં મુંઝવાતી અંતે પરિસ્થિતિનો દોર મારા હાથમાં લેવાનું નક્કી કર્યું. મારા સંજોગોએ મને મનથી મક્કમ બનાવી દીધી. આર્થિક રીતે મમ્મી-ડેડી પર બોજારૂપ ન બનું તેથી સમીરના બિઝનેસ કોન્ટેક્ટ્સ વાપરતી, અને ધીરે ધીરે સમીરનો ધંધો હસ્તગત કર્યો. ધંધા માટે એને ક્યાં ફુરસદ જ હતી ? સમીરનાં ધંધામાં સરખે હિસ્સે ભાગીદાર બની ધંધાની ભાગીદારીને કારણે લોકનજરમાં સાથે રહેવાનો અને હોવાનો ડોળ કર્યો. સમાજની સામે કામના-સમીર એક સુખી, હસમુખ યુગલ. બસ આજ ડોળ હું તારી સામે પણ કરતી. સુખી હોવાનો મુખવટો ઓઢી લીધો મેં. કામના હાફી ગઈ બોલતા બોલતા.

‘‘તો પછી આજે અચાનક આ બધું મને કેમ ?’’ તૃષ્ણાનું વધુ એક વિસ્મય.

કામના ઊભી થઈ. કબાટમાંથી સ્ટેમ્પ પેપર અને અન્ય કાગળોની થપ્પી લઈ આવી. ‘‘આજે, કારણ કે મેં હવે સમીરથી છૂટા પડવાનો નિર્ણય લીધો છે. ડીવોર્સ - છૂટાછેડા. નથી સહન થતું હવે આ બધું અને પેલ્લો લંપટ બિનજવાબદાર સ્વાર્થી હેવાન. એ માણસને કારણે

આપણી વચ્ચે અંતર પડ્યું, હવે જ્યારે એ જ નથી મારા જીવનમાં, તો આપણી વચ્ચે અંતર કેવું ?''

એક પછી એક પ્રસંગો કહેતી કામના દિલ પરનો બોજ હળવો કરતી રહી, સાથે સાથે તૃષ્ણાનો ભ્રમ પણ ચુર ચુર થતો ગયો. સમીર માટેની બધી જ લાગણીઓ રોષમાં બદલાઈ ગઈ. એના મનમાંનો સમીર ડરીને જાણે એના મનનો ખુણો ખાલી કરી ગયો.

બન્ને બહેનપણીઓ વીકએન્ડમાં બે દિવસમાં જુના દિવસો યાદ કરતાં કરતાં જુની મૈત્રી પુનઃ જીવિત કરી રહી. સંજોગોએ બન્ને પાસેથી પતિ છીનવી લીધો હતો, પણ જિંદગીની મજલમાં બન્ને આજે 'સબળા' બની હતી. પોતપોતાના પતિઓને કારણે. એક અપ્રિય પતિની મદદથી અને બીજી બેજવાબદાર, સ્વાર્થી પતિની ઉપેક્ષાથી. દરેક વીકએન્ડ હવે સાથે જ ગાળવાના કોલ આપી બન્ને સખીઓ છૂટી પડી.

ઘેર આવી તૃષ્ણા પલંગ પર ફસડાઈ પડી. જિંદગીભર તેણે સાગરમાં ખારાશ જોઈ, સાગરના પ્રેમનું ઊંડાણ માપી ન શકી. સમુદ્રને જે ખારો કરે છે, એ મીઠાં વગર તો દુનિયા બેસ્વાદ બની જાય અને એ જ સમુદ્રનું પાણી જ તો વરસાદ બનીને વરસે છે એ સત્ય તૃષ્ણાને આજે સમજાયું. મનનાં પ્રત્યેક ખુણે બસ સાગર અને એના પ્રેમની ભરતી ફરી વળી. હવે તો સાગરની યાદોને સહારે અને સથવારે જ જીવવું છે. એના જીવતાં તો હું એની ના થઈ શકી પણ તૃષ્ણા હવે સાગર સિવાય કોઈની નહીં બને એવો નિશ્ચય કરી લીધો.

'સાગર-તૃષ્ણા'નો ફોટોફ્રેમમાંનો સાગર, તૃષ્ણાને આજે મુક્ત મને હસતો જણાઈ રહ્યો.

✦ ✦ ✦ ✦

## કવિતા......

તું કેટલી અદભુત છે
શબ્દોથી બનેલી તું
ને શબ્દોને જ શોધતી તું
તારો અર્ધવિરામ પણ
જાણે પૂરો છે ને
પ્રશ્નાર્થ પણ એક જવાબ છે
તું પૂરી હોય તો પણ
એક પ્રશ્નાર્થ બની જાય
કેટકેટલાં પ્રાસ તને ને
દેશવિદેશના પ્રાસ
એક નારી તરીકેનું
આટલું બધુ સન્માન
એક માનું વાત્સલ્ય તું
ને એક પંખીનું ગીત
એક યુગલ કેરું પ્રેમ તું
ને કળીઓનું સ્મિત
ચંદ્ર સૂર્ય તારા કોખે રમે
મળે તારામાં જ રામ સીતા
નભ ધરતી મિલન કરે
તો મળે ક્યાંક ભગવદ ગીતા
તારા પર સોનું પણ ન ચઢે
ને રૂપું પણ ન ચઢે
તો ય પણ જાણે કેવો
શબ્દોનો છે ચકમકાટ
મારા હૈયાની ભીતરહાર
તું કોતરાઈ જાય પણ
આવે ન તારો પાર
આટઆટલા શબ્દો તને
ને આટઆટલો ભપકો તારો
તો ય તું લાગે પારદર્શક
'ખાલી ખાલી' જાણે કોરા કાગળ
પર શાહીથી નજર ઉતારી

*- સ્વાતિ ધારિઆ*

# પાનખરમાં વસંત

*✍ અમીતા ધારીઆ*

બારીમાંથી વાદળા વિહોણાં ખૂલ્લા આકાશ તરફ મીટ માંડીને ઊભો રહેલો આનંદ ક્યાંક કોઈ વિચારોમાં અટવાયેલો હતો. તેનું મન બેચેન લાગતું હતું. તે વિચારતો હતો કે હું કયા સંબંધે એ વિશાળ બંગલામાં જઈને તે બાળકીની તપાસ કરૂ? જેનું નામ પણ હું નથી જાણતો. અચાનક તેના મગજમાં ઝબકારો થયો અને લાગ્યું કે તે કોઈ નિર્ણય પર આવી ગયો હતો. તેના મુખમાંથી શબ્દો સરી પડયા,''ગમે તે થાય, કાલે તો હું આની તપાસ કરીશ જ. આખરે એ બાળકી છે ક્યાં?''

આનંદનો એ નિત્યક્રમ હતો. સવારે સાત વાગે ઉઠવું. ત્યારબાદ આખા દિવસ દરમ્યાન લાગતા થાક સામે શરીરને થોડું સ્ફૂર્તીલુ બનાવવા કસરત કરવી. નાસ્તો કરી તૈયાર થઈ અને ઓફિસ જવા માટે ૯-૧૦ ની બસ પકડવા બસ સ્ટોપ પર હાજરી પૂરવી. આ નિત્યક્રમમાં ક્યાંય મીનમેખ ન હોય. છેલ્લાં પાંચ વર્ષથી અવિરત ચાલતો હતો આ ક્રમ. પણ, છેલ્લાં છ મહિનાથી આમા એક ઓર ઉમેરો થયો હતો. એમ.જી.રોડ પરથી પસાર થતી બસ મધુવિહારના બસ સ્ટોપ પર ઊભી હતી. ત્યાં રોડને અડીને આવેલા વિશાળ બંગલાના બગીચામાં હસતી રમતી નાનકડી બાળકીની નજર આનંદની નજર સામે ટકરાઈ. આ વાત્સલ્યભર્યા ટકરાવના પડઘારૂપે બન્નેના મુખ પર હાસ્ય ઉપસી આવ્યું. પછી તો રોજ દસ વાગે એ બાળકીની આંખો બસની રાહ જોતી ચકળવકળ થતી હોય. અને આનંદ પણ બાળકીને હસતી રમતી જોવા મધુવિહારના બસ સ્ટોપ પર પહોંચવા થનગનતો હોય. બન્નેના ઈન્તજારનો અંત આવતો અને 'બાય બાય, અંકલ', 'બાય બાય, બેટા'ના શબ્દો હવામાં સામસામા અફળાતા. લાગતું હતું કે આંખોમાંથી વરસતો આ નિર્દોષ પ્રેમ બન્નેને દિવસ દરમ્યાન તાજગીપૂર્ણ રાખતો હશે.

પણ, છેલ્લા અઠવાડિયાથી આનંદના આ ક્રમોમાં વિઘ્ન પડયું હતું. વિશાળ બંગલાનો બગીચો ખુશખુશાલ બાળકીના હાસ્ય વગર મૃત પાય ભાસતો હતો. કાલે તો એ બાળકી દેખાશે જ. એ આશામાં આજે અઠવાડીયું વીતી રહ્યું હતું. ઓફિસેથી આવેલો આનંદ આજે ખૂબ જ બેચેન હતો. તેની આવતીકાલની આશા ઠગારી નીવડી હતી પણ, એક મક્કમ નિર્ધાર સાથે સવારની પ્રતીક્ષામાં નીંદ ક્યારે આવી ગઈ તેની પણ આનંદને જાણ ન થઈ.

આજે આનંદના કામની ઝડપ વધી ગઈ હતી. ક્યાંક જવાની ઉતાવળમાં શરીરનું અંગેઅંગ ફટાફટ કામે લાગી ગયું હતું. આનંદ રોજ કરતાં થોડોક વહેલો જ ઘરેથી નીકળી ગયો. બસમાં અનજાન ચહેરાઓ વચ્ચે બેઠક જમાવી. મધુવિહારનું બસ સ્ટોપ આવતા જ બસમાંથી ઉતર્યો. તેના પગ ધ્રુજતા હતા. મન વિચારોની રમઝટમાં અટવાયેલું હતું. દિલ બેચેન હતું. આંખોમાં એક તલાશમા હતી. આનંદે વિશાળ બંગલાનો દરવાજો ખોલી તેમાં પ્રવેશ કર્યો. વોચમેન જેવાં દેખાતા વ્યક્તિએ દૂરથી જ ઈશારો કરી પ્રશ્ન પૂછ્યો,''કોનું કામ છે.'' પ્રત્યુત્તરમાં આનંદે નાનકડી બાળકીનો ઉલ્લેખ કર્યો. ''તો તમે વાચા બિટીયાની વાત કરી રહ્યા છો. તે તો ઘરમાં નથી, પણ દાદાજી છે. તમે તેમને મળી શકો છો.'' આનંદને જોઈ

આડા અવળા કોઈ પ્રશ્ન કર્યા વગર વોચમેને જવાબ વાળ્યો.

વિશાળ બંગલાનું પ્રવેશ દ્વાર પણ તેની શોભામાં અભિવૃદ્ધિ કરે તેવું વિશાળ હતું. ડોરબેલ પર હાથ થંભી ગયો, પણ અડગ નિર્ણય યાદ આવતાં બેલ રણકી ઉઠયો. દરવાજો ખૂલ્યો. સોફા પર બેઠેલાં વયોવૃધ્ધ વ્યક્તિએ પૂછયું,''કોણ છે?'' દરવાજો ખોલવા આવનાર વ્યક્તિએ જવાબમાં આનંદ સામે નજર કરી. ''અંકલ, હું નાનકડી વાચાને મળવા આવ્યો છું. અંદર આવી શકું''? (વોચમેન પાસેથી જાણી લીધેલું નાનકડી બાળકીનું નામ દિલમાં કોતરાઈ ગયું હતું.) આનંદના આ શબ્દોએ વયોવૃધ્ધ વ્યક્તિને તેની સામે જોવાની ફરજ પાડી. નજરમાં આત્મીયતા લાગતાં ''હા, બેટા આવો'' શબ્દો સાથે આવકાર મળ્યો. ''દાદાજી, મારું નામ આનંદ છે, મારો આ બંગલા સાથેનો નાતો આ બંગલાના બગીચામાં રોજ સવારે આનંદથી ઝુમી રહેલી નાનકડી બાળકી વાચા જ છે'' આનંદે પોતાનો નિત્યક્રમ પણ જણાવ્યો. દાદાજીની એકલતાને વાચા ફૂટી, દિલ થોડુંક હળવું કરવાનો કોઈ આધાર મળ્યો હોય તેમ લાગ્યું, ''બેટા, આ વિશાળ બંગલો જોઈ રહ્યો છે ને, તેનો એશોઆરામ ભોગવવા મળે તે માટે મારા પુત્ર અને મારી પુત્રવધુએ ખૂબ મહેનત કરી એટલો બધો કારોબાર ફેલાવી દીધો કે તે મળ્યા પછી તેઓ પોતાનામાં એટલાં બધાં વ્યસ્ત છે તે તેમને વાચા બેટા માટે પણ સમય નથી મળતો. હા, તેને કોઈ તકલીફ નથી. તેની દેખભાળ કરવા ઘરમાં ચાર નોકર છે. રોજ સવારે ઉઠીને બગીચામાં ફૂલ ઝાડને રમકડાં સાથે રમતાં આનંદ માણવો તે તેનો પણ નિત્યક્રમ હતો. હવે, આનંદની ધીરજે માઝા મૂકી, ન ઈચ્છવા છતાં દાદાજીના શબ્દોને અધવચ્ચેથી અટકાવતાં તેને સીધો પ્રશ્ન કર્યો,''વાચા, અત્યારે ક્યાં છે?'' બેટા, વાચા અત્યારે એક ખાનગી નર્સિંગ હોમમાં છે. તે અઠવાડિયાથી બિમાર છે. હવે તો તબિયત સુધારા પર છે. આજકાલમાં તે ઘરે આવી જ જશે.'' દાદાજી પાસેથી નિર્સંગ હોમનું સરનામું લઈ, તેમને પ્રણામ કરી દુઃખ મિશ્રિત ખુશીના ભાવ સાથે આનંદે ત્યાંથી વિદાય લીધી. ઓફિસમાં ફોન કરીને આવી નહિ શકું તેમ જણાવી દીધું.

વાચાને મળવા થનગનતા આનંદની રીક્ષા નર્સિંગ હોમમાં દરવાજાની પાસે અટકી. વાચાને મળવા અધીરા આનંદ દાદાજીએ જણાવેલ રૂમ વિશે વોર્ડબોયને પૂછી ત્યાં પહોંચી ગયો. બસ હવે પળનો વિલંબ પાલવે તેમ નહોતો. આનંદે બારણું ખોલી રૂમમાં પ્રવેશ કર્યો. વાચા નર્સ સાથે મીઠી મીઠી વાતો કરતી હતી. વાચાની નજર આનંદ પર પડી. ક્ષણભર ખામોશી છવાઈ ગઈ, પણ બીજી ક્ષણે મૌન મૃતપ્રાય બન્યું. વાચા ખુશીથી ઉછળી પડી. ''અંકલ, તમે!'' કહી આનંદને વળગી પડી. વળગણમાં પ્રેમ અને હૂંફની તલાશ હતી. આનંદની આંખોમાં લાગીણીની ભીનાશ આવી ગઈ. અનાયસે તેનો હાથ વાચાના માથા પર ફરવા લાગ્યો. નર્સના હોઠ પર પણ સ્મિત હતું.

એટલામાં જ ડૉકટરે રૂમમાં પ્રવેશ કર્યો. વાચા ડૉકટરને પોતાના અંકલ વિષે કંઈક કહે તે પહેલાં જ વાચાના મુખ પર આનંદની લાલાશ જોઈ ડૉકટરની નજર આનંદ તરફ ગઈ. ડૉકટરને હલો કરી આનંદે પોતાની ઓળખ આપી.

ડૉકટર સાથે વાચતીત કરતા આનંદને જાણવા મળ્યું કે વાચા પાસે પ્રેમ અને હૂંફ વગરનો ખૂબ પૈસો છે. તેના મમ્મી-પપ્પા તેને ખૂબ જ પ્યાર કરે છે. પણ સમય આગળ તે પ્યાર દબાઈ જાય છે. ઘરમાં દાદાજી અને વાચા ઘણા બધા પગારદાર માણસોની વચ્ચે સાવ એકલા છે. નર્સિંગ હોમનું વાતાવરણ પારખી ગયેલી વાચાને તે એકલતામાં પાછું જવું નથી.

ડૉકટરની વાત સાંભળી થોડીવાર માટે આનંદ વિચારોમાં ખોવાઈ ગયો. તેને વાચાના મમ્મી-પપ્પાને મળવું જરૂરી લાગ્યું. વાચાને વહાલ કરી બીજી દિવસે

ફરી મળવાનું પ્રોમીસ આપી બાય બાય કર્યું.

એપોઈન્ટમેન્ટના સમય પ્રમાણે આનંદ વાચાના પપ્પાની ઓફિસે પહોંચી ગયો. જેવો વિશાળ બંગલો હતો તેવી જ આલીશાન ઓફિસ હતી. લાગતું હતું કે દિવસરાતની મહેનત કર્યા પછી જ આવી ઓફિસ મળી શકે. પણ તે માટે બાળકની વાત્સલ્યતાને નેવે ન મુકાય.

વેઈટીંગ રૂમમાં આનંદ વાતની શરૂઆત ક્યાંથી અને કઈ રીતે કરવી તે માટેના શબ્દોને મનમાં આમતેમ ફેરવતો હતો. થોડી જ વારમાં તેને વાચાના પપ્પાની કેબીનમાં પ્રવેશ મળ્યો. વાચાના મમ્મી-પપ્પાને જોઈ તેઓનામાં વ્યક્તિત્વશીલ વ્યક્તિની છાપ ઉપસી. વાતનો દોર ચાલુ કરતાં આનંદને વાર ન લાગી. કારણ તેને મનમાં પૂરતા રિહર્સલ કર્યા હતા. વળી સ્વાર્થરહિત વાત કરવામાં કોઈ ડરની લાગણી નથી હોતી.

સારાંશમાં આનંદે પોતાની ઓળખ આપી અને વાચા સાથેના નિદોર્ષ સંબંધની વાત જણાવી. વાચાની મમ્મીના મુખપર ''તો તે તમે છો ?'' ના ભાવ અંકિત થયા. વાચાના મુખેથી ઘણીવાર સાંભળેલી વાત સ્મરણમાં આવી. આનંદે વાતનો દોર આગળ વધાર્યો. ''વાચા તમારા ખૂબ જ વખાણ કરતી હતી. તે કહેતી હતી કે મારા મમ્મી-પપ્પા મને ખૂબ જ પ્યાર કરે છે, મારા માટે ખૂબ સારા રમકડાં લાવે છે પણ અંકલ, તે રમકડાં મને મારી આયા કે નોકર સાથે રમવું નથી ગમતું. મારા મમ્મી-પપ્પા મારી સાથે રમતાં હોત તો ! મમ્મી-પપ્પા મારી પાસે જેટલો સમય હોય મને વહાલ તો કરે જ છે, પણ તેમને વહાલ કરું તેવો સમય જ નથી હોતો. મારે પણ તેમની સાથે ખૂબ વાતો કરવી હોય છે. આનંદના આ શબ્દો તેઓ પર ધારી અસર બતાવી શક્યા.

વાચામાં મમ્મી-ડેડ પળભર વિચારમાં પડી ગયા તેમને લાગ્યું કે ક્યાંક તેઓની સમજણમાં કચાશ રહી છે. નર્સિંગ હોમમાં વાચાએ બોલેલાં શબ્દોનો મર્મ સમજાયો. વાચા કહેતી હતી, ''પપ્પા, મને સારુ થઈ જાય પછી પણ હું અહીં જ રહીશ. મને અહીં બહુ ગમે છે. ડૉક્ટર અંકલ, નર્સ બધાં જ લગભગ આખો દિવસ મારી પાસે જ હોય છે. બધા મને મળવા આવે છે. તેમની સાથે વાતો કરવી મને બહુ ગમે છે. રમકડાં સાથે વાતો કરીને હું કંટાળી ગઈ છું, પ્લીઝ, મને ઘરે ન લઈ જશોને !''

સાચી દિશા બતાવવા બદલ આભાર વશ થયેલા વાચાના મમ્મી-પપ્પાની લાગણીઓ વધારે શરમીંદગી અનુભવે તે પહેલાંજ આનંદે ત્યાંથી વિદાય લીધી. ઓફીસેથી આજે વહેલાં આવી ગયેલાં મમ્મી-પપ્પાને જોઈ વાચા ખુશીથી ઉછળી પડી. મમ્મીએ તેને બાથમાં લીધી. આજે તેનાં સ્પર્શમાં કોઈ ઓર જાદુ હતો. મમ્મી-પપ્પામાં આવેલું પરિવર્તન વાચા અનુભવતી હતી. પણ તેની પળોજણમાં પડવાનો નાનકડી બાળકીને કોઈ રસ નહોતો.

બીજે દિવસે સવારે વાચાને મળવા ગયેલા આનંદે તેના શબ્દોમાં તેના મમ્મી-પપ્પા તરફથી છલકાયેલો પ્રેમ ભાળ્યો. તેની આંખોની કોર ભીની થઈ ગઈ. વાચા કહી રહી હતી,''અંકલ, કાલથી હું રોજ સવારે તમને બાય બાય કરીશ. કારણ આજે સાંજે હું મમ્મી-પપ્પા સાથે ઘરે આવી જવાની છું.''

સાંજે ઓફિસેથી પાછા ફરતા બસમાં આનંદ વિચારી રહ્યો હતો. કોઈના પ્રત્યે દિલમાં ઉઠેલો નિર્દોષ પ્રેમ પ્રદર્શિત કરવામાં દેર ન કરવી. કદાચ તે વ્યક્તિ તે જ પ્યાર અને હૂંફની તલાશમાં હોય. આનંદના હોઠ પર સંતોષનું સ્મિત ફરકી રહ્યું.

***''પ્રેમ અને હૂંફ તણા શબ્દો પડયા એ કર્ણ પર,***
***ને આજ આ શબનમ મહીં એક ફૂલ તો મહેંકી ઉઠયું.''***

* * *

# અનિકેતનો ગુનો શું?

✍ *નિખિલ પરીખ*

બ્રીચકેન્ડી હોસ્પિટલના ત્રીજા માળે ૩૦૨ નંબરની રૂમમાં અનિકેત સુતો હતો. ડૉકટરે કીધું હતું ચિંતાનું કોઈ કારણ નથી. Over Exertion ના લીધે હાઈ બી.પી. હતું. થોડો વખત આરામ લેવાથી સારું થઈ જશે. અનિકેતે એની સેક્રેટરી મીસીસ ડીસોઝાને હવે ઘરે જવા કહ્યું પણ સર..... એ ખ્રિસ્તી બાનુનો અનિકેતને એકલા મુકીને જવાનો જીવ ન ચાલ્યો પણ અનિકેતે પરાણે એમને ઘરે મોકલી આપ્યાં. તમારે પણ ઘર જોવાનું ને! અહીં નર્સો અને ડૉકટર છે Don't worry, I will be alright મીસીસ ડીસોઝાએ જતાં જતાં નર્સને અનિકેતનું ધ્યાન રાખવાની ખાસ વિનંતી કરી અને બીજે દિવસે સવારે વહેલા આવવાનું Promise આપીને એમણે વિદાય લીધી. અનિકેત રૂમમાં એકલો પડયો. ત્રીસ વર્ષમાં પહેલીવાર એને એકલતાં લાગી, એવું નહોતું કે પહેલાં એ એકલો નહોતો પડયો પણ આ એકલતાં કંઈક અલગ હતી. એને આજે પહેલીવાર કોકની હુંફની જરૂર લાગી. ના! અનિકેત એકલો નહોતો, એને એક સુંદર પત્ની સોનીયા અને બે પુત્રો રોહન અને નીલય સાથેનો ચાર જણનો પરિવાર હતો. બન્ને પુત્રો ભણીગણીને વધુ અભ્યાસ માટે ઓસ્ટ્રેલીયા જઈને વસ્યાં હતાં. પત્ની સોનીયા પણ પુત્રોનું ધ્યાન રાખવા વર્ષમાં આઠ નવ મહિના ત્યાંજ રહેતી. મીસીસ ડીસોઝાએ સોનીયાને અનિકેતની બિમારીના ન્યુઝ આપી દીધા, પરંતુ ડીસેમ્બરની સીઝનમાં એને India ની ફ્લાઈટની ટીકીટ જલ્દીથી ન મળી અને આમ પણ મીસીસ ડીસોઝાએ કીધું હતું ચિંતાનું કોઈ કારણ નથી.

છ દિવસ પછી અનિકેત ઘેર આવ્યો. ઘરે જુનો નોકર રાજુચાચા તથા રસોઈયો માવજીભાઈ એની સેવામાં સતત હાજર રહેતાં પરંતુ અનિકેત પોતાના માણસોની હાજરી ઝંખતો હતો. સોનિયા હજી બે દિવસ પછી આવવાની હતી અને છોકરાઓએ તો આવવાની ચોખ્ખી ના પાડી દીધી. Dad you will be alright આટલી નાની બાબતમાં અમે નવી જોબ છોડીને ના આવી શકીએ. મમ્મી આવે છે ને, અનિકેતને ડૉકટરની ના છતાં ગુસ્સો આવી ગયો પણ સામે રોહન એકદમ ‘કુલ’ હતો. એને અનિકેતની કોઈ વાત સ્પર્શતી નહોતી. એ સહજ બોલી ગયો Dad don't be so emotional. What do you expect from us? રોહન બોલતો ગયો પણ અનિકેતના કાન સુધી એની કોઈ વાત પહોંચતી નહોતી. What you have done for us? When did you gave us time? એ એક જ વાક્યે અનિકેતને ચેતનાહીન કરી નાખ્યો.

આ શાબ્દીક પ્રહારમાંથી કળ વળતાં અનિકેતને વાર લાગી પરંતુ એણે એની જાતને સંભાળી લીધી. આમ જુઓ તો રોહન ખોટું પણ ક્યાં બોલ્યો હતો. અનિકેતની પાસે આજે એકલતાં પણ હતી અને સમય પણ, પાછળની જીંદગી વિશે વિચારવાનો. એ પાછલી જીંદગીના ભૂતકાળમાં સરી પડયો.

સંયુક્ત કુટુંબમાં રહેતા કૃપાશંકરનું અનિકેત બે દીકરીઓ પછીનું સૌથી નાનું સંતાન. શાળામાં માસ્તરી કરતાં કૃપાશંકરની આવકમાંથી બાર સાંધો તો તેર

તુટે એવી ઘરની હાલત હંમેશા રહેતી. અનિકેતના કાકાઓ પણ પરણીને સસરા નામના ઝાડનો સહારો લઈને વેલો બનવા ઘરમાંથી નિકળી પડયાં. બહેનોને પરણાવવામાં અને છોકરાંઓને ભણાવવામાં કૃપાશંકરની કેડ ભાંગી ગઈ પણ અનિકેતને ભણાવવા માટે એમણે કોઈ કચાશ ન રાખી. અનિકેતે મનોમન નક્કી કરી નાખ્યું હતું. ગરીબીના આ શાપ ને નાથી ને જ રહીશ. ભણવામાં ખુબ જ મહેનત કરી અનિકેત કેમીકલ એન્જીનીયર બન્યો. પિતાની સારી શાખથી એને સારી નોકરી પણ મળી ગઈ. પણ એના જીવને જંપ નહોતો. પોતાને જે નથી મળ્યું એ બધુ જ મારા છોકરાઓને મળે. મારી મા એ જે દુઃખ ભોગવ્યું છે એવું દુઃખ મારી પત્નીને ન પડે. બસ એક જ ધ્યેય હતું એના જીવનમાં આગળ વધવાનું. બે બહેનોને પરણાવીને જવાબદારીમાંથી જાણે મુક્ત થવાની રાહ જોતા હોય એમ મા-પિતા બંન્નેએ અણધારી વિદાય લઈ લીધી અને અનિકેત દુનિયામાં જાણે એકલો પડી ગયો. પણ ના ત્યારે એને આ એકલતા અભિશાપરૂપ નહોતી લાગતી. એને તો મહેનત કરવા માટે મોકળું મેદાન મળી ગયું. નોકરીના એક પછી એક પગથિયા અનિકેત ઝડપથી ચઢવા લાગ્યો. બહેનોના આગ્રહને વશ થઈ અનિકેતે સોનિયા સાથેનું લગ્નજીવન શરૂ કર્યું. સોનિયા એક સમજુ અને પ્રેમાળ પત્ની હતી. એ અનિકેતની સફળતા પાછળની દોડ સમજતી હતી પરંતુ બાળકોમાં આ સમજણ ક્યાંથી લાવવી. બાળકોને જ્યારે પપ્પાની જરૂર હતી ત્યારે અનિકેત તો પોતાના નવા બિઝનેસ માટે દેશ વિદેશના પ્રવાસોમાં વ્યસ્ત હતો. છોકરાઓને સારામાં સારી સ્કુલમાં ભણાવવા, એમને દુનિયામાં પૈસાથી ખરીદી શકાય એવી દરેકે દરેક ખુશીઓ આપવી. એવા ધ્યેય માટે અનિકેતે પોતાની જવાની દાવ ઉપર લગાવી દીધી. સોનિયાએ કુટુંબની અને બાળકોની જવાબદારી સમજણપૂર્વક નિભાવી પણ બાળકોના મનમાં અનિકેત માટે આવો અભાવ ક્યારે આવી ગયો એ એને સમજણ ન પડી. આજે અનિકેત પોતાના જીવનનું સરવૈયું કાઢવા બેઠો. જીવનમાં આજે એની પાસે બધું જ હતું. બંગલો, ગાડી, નોકર, ચાકર, મોટી ઓફિસ, સ્ટાફ, વિદેશમાં ઓફિસો, ઓસ્ટ્રેલીયામાં ફ્લેટ અને એણે પોતાના ગણાય એવા લોકો માટે બને એટલું બધું જ કર્યું હતું. બન્ને બનેવીઓનો હાથ પકડીને એમને વિદેશમાં પોતાની ઓફિસો સોંપી હતી. છોકરાંઓને સારામાં સારું ભણતર અને વિદેશમાં રહેવા ભણવા માટેના પૈસા બધુ જ કરી છુટયો હતો. તો ! આ બધું હોવા છતાં આજે રોહન પાસેથી આવું કેમ સાંભળવું પડયું ? શું કુટુંબની ગરીબી દુર કરવી ગુનો હતો ? બહેનો માટે છોકરાઓ માટે કમાવવું અને કમાવા માટે દિવસ રાત ન જોતાં મહેનત કરવી ગુનો હતો ? લોકો કહે છે પુરુષની જીંદગીમાં એક દાયકો આવે છે પૈસા કમાવવાનો, તો શું એ દસ વર્ષમાં મહેનત કરીને બાકીની જીંદગીનું સુખ રળી લેવું એ ગુનો હતો ? બાળકને દુનિયાનું બધુ સુખ બધુ જ ઐશ્વર્ય આપવું. જીંદગીમાં આગળ વધવા માટેની બધી જ તકો મેળવી આપવી એ ગુનો હતો ?

વાલ્યામાંથી વાલ્મીકી બનતા પહેલાંના પ્રશ્નના જવાબમાં એમના કુટુંબીજનોએ એમના પાપમાં

ભાગીદાર બનવાની ના પાડી દીધી હતી અને જ્યારે એમણે વાલ્મીકી બન્યા પછી આ ધંધો છોડયો હશે ત્યારે પાછળ એમના કુટુંબીજનોએ કેવી રીતે પુરું કર્યું હશે એનો કોઈ ઇતિહાસ આપણી પાસે નથી. પણ મેં તો મારા કુટુંબીજનો માટે કોઈ પાપ કર્યા વગર ફક્ત સખત મહેનતથી પૈસા મેળવ્યા છે. તે છતાં, સુખ અને ઐશ્વર્ય પામ્યા છતાં આજે મને મારા છોકરાઓ ગુનેગાર સમજે છે અને એના માટે એકલતાની સજા પણ આપવા માંગે છે તો આમાં મારો ગુનો શું ? મારા જેવા લાખો પુરુષો જેમણે પરિસ્થિતિ સામે થઈને આખી જીંદગી ખર્ચીને કુટુંબ માટે બધુ મેળવ્યું એ બધાનો ગુનો શું ? આટલું વિચારતા તો અનિકેતની આંખોમાંથી બે આંસુ સરી પડયા અને એને જાણે પોતાની આખી જીંદગીની મહેનત પર પાણી ફરી વળતું લાગ્યું. પુરુષ કેટલો લાચાર બની શકે છે, પોતાના જ કુટુંબીજનો પાસે, એ એણે આજે અનુભવ્યું. આપણી આજુબાજુ આવા હજારો અનિકેત રહે છે. એ આપણા ઘરનો નોકર હોઈ શકે, ઓફિસનો કર્મચારી હોઈ શકે જે પોતાના કુટુંબ માટે કમાવવા માટે પોતાના કુટુંબથી દુર રહીને વર્ષો વિતાવે છે. વર્ષમાં ફક્ત એકાદ વાર છોકરાઓ પાસે, કુટુંબ પાસે માંડ જઈ શકે છે. બાકી તો દર મહિને ફક્ત બસો પાંચસોનો ડ્રાફ્ટ જ પહોંચી શકે છે. આ લોકો મજબુરીથી પોતાના છોકરાઓથી દુર રહે છે અને દુઃખની વાત તો એ છે કે આમ છતાં એકાદ ટકો માંડ અનિકેતની જેમ સફળ થાય છે. તો આવા હજારો અનિકેતનો તેના બાળકોની નજરમાં ગુનો શું ?

✤ ✤ ✤

## વૈશાખી વાદળીને...

ઓલી વૈશાખી વાદળીને કહેજો કોઈ,
કે આજ સૂરજને ઢાંકીને ઊભી રહે,
મારા અંગેઅંગમાં લાગી એવી અગન
કે શીતળ ચાંદાની આજ મુને લાગી લગન　　ઓલી વૈશાખી
સુરજ ન ઢાંકે તો વાંધો નહી
પણ ઝરમર ઝરમર મેહ વરસે સહી
ઉરના આંગણિયે ઉગ્યાં કાંટાળા થોરની
પીડા મારે વધુ સહેવી નહી....　　ઓલી વૈશાખી
ઉછીના સપનાના મોલ લે'રાતા મારી આંખમાં,
પણ નીંદર રીસાણી છે આજ અમથી
વાતે ને વાતે એને વાંકુ પડી જાય,
કેમ કહું ચાંદની પ્રીત મને ગમતી..　　ઓલી વૈશાખી
ભૂલી પડતી કોક વૈશાખી વાદળી
આવી ઉભીતી નીજ હૃદિયાના દ્વારે,
તારે હૈયે છે ભર્યાં મેહુલાના નીર
જો ને આંખ્યું મહીથી મારા વરસે..　　ઓલી વૈશાખી
સુનું છે હૈયું ને સુનું છે ફળિયું,
સુનું આ પનઘટ ને સૂનું આકાશ રે
સૂની પછેડીના કાંટા અંગમાં ખૂંપે છે મારા,
સખી વાલમ ને દેજો સંદેશ રે...　　ઓલી વૈશાખી

- *ઉર્વીશ મોદી*

## કવિ અને કવિતા

* કવિ આત્માનો ચિત્રકાર છે
* હૃદયથી તો બધા માનવી કવિ જ હોય છે
* ક્ષણમાં જીવે એ માનવી, ક્ષણને જીવાડે એ કવિ.
* કવિ જ્યારે કવિતા લખે છે, ત્યારે તે અલૌકિક માનવી બની જાય છે.
* ભાવાનાથી રંગાયેલી બુદ્ધિ એ જ કાવ્ય છે.

# વસિયતનામું !

✍ *શ્રીમતી મુનીરા એ. વ્હોરા*

આજે શેઠ અવિનાશનું અવસાન થયે ત્રીજો દિવસ હતો. સવારથી જ હવેલીમાં કંઈક અજબ જ વાતાવરણ હતું. ઘરના નોકર ચાકર શેઠના ગમમાં ડુબેલા હતા. જ્યારે તેમના બે પુત્રો ને બે પુત્રીઓ, પુત્રવધુ ને જમાઈઓ પણ ખામોશ હતા પરંતુ એ ખામોશી મોતના ગમની કે કંઈક ઉદાસીનતાની હતી તે કળવું મુશ્કેલ હતું. નિત્યક્રમમાં ન્હાવાધોવાના કામકાજથી સહુ બે દિવસથી ઝટપટ નવરા થઈ જતા. જેથી ખરખરો કરવા આવનારાઓ લોકો પાસે સમયસર હાજર થઈ જવાય. પણ આજે તો સહુ એથી ય વહેલા પરવારીને કોઈકના આવવાની રાહ જોઈ રહ્યા હતા. ઉદાસ ને લટકતે ચહેરે તો વળી અંતરના કોઈ ખૂણે આશવદને કાંઈપણ બોલ્યા વગર મોટા ડ્રોઈંગ રૂમમાં શેઠ અવિનાશની છબી સામે કે રૂમની સજાવટ સામે જોતાં નિરર્થક દ્રષ્ટિએ સૌ સમય પસાર કરવાની ચેષ્ટામાં હતા, છેવટે ઘડિયાળે દસના ટકોરા વગાડી સમયની જાહેરાત કીધી અને તેમની પ્રતિક્ષાની પળો પૂરી થઈ. સહુની આંખો સતેજ થઈ ઉઠી. તેને એક ચમકારો ફરી વળ્યો પણ વળી તે ચમકારને આવરી લઈ ગમગીન બની રહ્યા, સ્ત્રીઓ ચુપચાપ આંસુ સારવા માંડી ને પુરૂષો માથે હાથ દઈ જમીન જોઈ રહ્યા ને આવનાર હવેલીમાં પ્રવેશ્યા.

એ હતા શ્રી ખંડિયા. અવિનાશ શેઠના વકિલ. જેમણે શેઠનું વસિયતનામું મૃત્યુના ત્રીજે દિવસે સવારના દસ વાગે વાંચી સંભળાવશે એમ નક્કી કર્યું હતું અને વકિલે વસિયતનામાનું વાંચન શરૂ કર્યું.

હું શ્રી અવિનાશ કેદારનાથ શાહ મારી પુરી સભાન અવસ્થામાં ને મારી મરજીથી મારી મિલ્કતનું આ વસિયતનામું તૈયાર કરાવું છું. જેને માટે કોઈએ મારી પર દબાણ કર્યું નથી. હું મારી હવેલી. મારી દુકાનો, મારી ટીન અને ખાદ્ય તેલનું કારખાનું તેમજ મારી બેન્કની અને ખાતે જમા રોકડ સર્વે 'સરસ્વતી અનાથાશ્રમ'ના ટ્રસ્ટીઓને દાનમાં આપું છું.

મોટા પુત્ર સતીશને જાણે તમાચો વાગ્યો હોય તેવું થયું. આ જ ડ્રોઈંગરૂમમાં વારંવાર પિતા જોડે થયેલા સંવાદો જાણે જાગૃત થઈ ઉઠયા,'તમે માર્કેટને શું સમજો બાપુજી. હવે હવા બદલાઈ છે. આજે વર્કરનો લીડર આપણા હાથમાં હોય તો બસ, વર્કરો જોડે લાગણીઓ પાલવે નહિ અને હવે આ સત્યનું પુછડું છોડો. ના ફાવે તો પડી રહો ચુપચાપ ને માળા જપો, નહિતર કોઈક'દિ તાળાં લગાવી દેવા પડશે ને ધંધાપાણી ય જશે કામથી.'

નાના કમલેશનેય જાણે પોતાની જાત ખુલ્લી થઈ ગઈ હોય તેમ લાગ્યું,'આખો દિવસ શું ડેડી કસરત ને ભણતર ને ખાવાપીવા વિષે ટકટક કર્યા કરો છો. સવાર તે કંઈ કસરતો માટે છે કે મ્યુઝીક માટે. ને સમી સાંજે ભણવાનો મુડ થાય જ કેમ? ચાર ફ્રેન્ડસમાં આવ-જાવ ના કરું. અઠવાડિયમાં ચાર-પાંચ પાર્ટી અટેન્ડ ના કરું તો અરે મારે સોસાયટીમાં મીકસઅપ કેમ થવું? પછી મને પણ મારી ઈન્ડીવીઝ્યુલ આઈડેન્ટીટી હોય કે નહિ? લાઈફ બનાવી લેવા માટે કાંઈ આ પળો પાછી નથી આવવાની તમારી જેમ વેડફી નાખવા અમારી પાસે સમય નથી.''

એકની અણઆવડત અને બીજાના ફૂવડપણે શેઠને

પોતાના પરિશ્રમિક ભૂતકાળની યાદ અપાવતા હળીમળીને જીવતા અને અવિનાશને વળી મિલ મજુર જોડે ઝઘડા કેવા કે સોસાયટીમાં આઈડેન્ટીટી મેળવવા માટે પાર્ટીની એટેન્ડન્ટસ કેવી ? એમની સત્ય, સાદર અને સદાચારના આદર્શભરી જીંદગીએ જ લોકોમાં એક અલગ આઈડેન્ટીટી ઉભી કરી હતી. આગવી પ્રતિભા ને પૈસાના ઘેલા પુત્રો જોડે પુત્રીઓ પણ કાંઈ ઓછી ઉતરે તેવી નથી તેમ શેઠનું બહુ મોડે ખબર પડી. દીકરીઓની સાંજ કલબમાં ગયા વિના દિલચસ્પ નથી જતી. મનગમતા જોડે પરણી તો ય પિતાની મિલ્કતના આશરે પતિઓને મહેલોની ઝાંખી કરાવતી પૈસાના વટે ને તવંગરના જોરે સાસરિયામાં હંમેશા સૌને કેમ ચકાચૌધ કરી નાખવા તે પેંતરાઓ રચવામાં મશગુલ રહેતી. એ ઓછું હોય તેમ પુત્રવધુઓ પણ ઘરમાં સહુ જોડે સોનામાં સુગંધ ભળે એમ ભળી ગઈ તેમને મન સસરા કેવા ને વાત કેવી. આગવી પ્રતિભાના આગ્રહી પુત્રોને મિલો, પેઢીઓની આશા પર ઘેર આવતી જતી પુત્રીઓના વલણથી અવિનાશ શેઠ જોડેના તેમના સંબંધોની ને લાગણીઓના ઝીણા તાણાવાણા શેઠની માંદગી દરમિયાન તો છેક અદ્રશ્ય થઈ ગયા હતા. જાણે તેમની પિતાની હુંફ કે વાત્સલ્ય નહિ પણ માંદગીના પરિણામની જ આતુરતા હતી.

વસિયતનામું વાંચન ક્યારે પુરુ થયું તેની કોઈને ખબર ન પડી. સહુને હવે વાસ્તવિકતા અને પોતપોતાના અસ્તિત્વની સાચી જાણ થઈ.

આત્મગ્લાનિ અનુભવતા અને ભુલોનો એકરાર કરતા હોય તેમ દરેકે જાણે વિસિયતનામા પર નહિ પણ પોતાની જીંદગીની વિતેલી પળોના હિસાબના સરવૈયા પર હસ્તાક્ષર કરતા હોય તેમ સહી કરી.

✤ ✤ ✤

## 'ઝાકળ'

બગીચામાં.
વ્હેલી સવારે લટાર મારતાં
આ,
અસંખ્ય ઝાકળબિંદુઓથી શણગારાયેલ
પાંદડાઓ મને-
પ્રિયતમના વિરહમાં
મોતી સજાવી બેઠેલ
ઉદાસ પ્રિયતમાની,
ઝુકી ગયેલ-
થાકી ગયેલ-
હારી ગયેલ-
પાંપણો જોવા લાગ્યા!
શું
આ ઝાકળનો વરસાદ
તમને
સૂયના પ્રેમરૂપી પ્રકાશને પામવા
અનંતકાળથી
તડપી રહેલ-
થાકી ગયેલ, હારી ગયેલ
અંધારી રાત્રિના
મૂક રૂદન સમાન નથી લાગતો?
મને તો લાગે છે!
કારણ-
જો એવું ના હોત
તો પેલા ગાંડા 'અમર'ના ઓશિકા પર
રોજ રાત્રે
ઝાકળ કયાંથી પડત?

*- કેતન પરીખ 'અમર'*

# જીવનનું માધુર્ય (લઘુ કથા)

*પારીન્દ્ર કડકીઆ*

આખા ગામમાં તૈયારીઓ થઈ રહી છે. મહેમાનો આવવાના છે. શાસ્ત્રીજીની ભાગવત સપ્તાહનું આયોજન કરવાનું છે. એમાંથી જે દક્ષિણા મળે તેનાથી ગામની હોસ્પીટલમાં દસ નવા વોર્ડ ઉભા કરવાના છે. ઘણું કામ બાકી છે.

છે, સમાજનું જ કામ પણ નીતીનભાઈને ત્યાં જાણે લગ્ન હોય તેવી તડામાર તૈયારી ચાલે છે. પારુલબેન નીતીનભાઈના ધર્મપત્ની. ઠાવકા, કાર્યકુશળ પણ જરા સંકોચી સ્વભાવના.

નીતીનભાઈ ગામના નાના વેપારી. વેપાર નાનો પણ મન અતિ વિશાળ. સમજદાર, કાર્યકુશળ અને સંતની સેવામાં સદા તત્પર. ગામનું કોઈ પણ આયોજન કરવાનું હોય તો નીતીનભાઈ અગ્રણી. સમાજમાં થતી બધી સેવાઓમાં અચૂકપણે યોગદાન આપે.

હોસ્પીટલમાં આજુબાજુના ગામડાંઓથી ઘણા દરદીઓ આવે. બધાને કાંઈક શારીરીક તકલીફ. હોસ્પીટલ નાની પડે. ડૉકટર અને સ્ટાફ ઘણો સારો તેથી તેની નામના ચારેકોર. વધારે વોર્ડની તાતી જરૂર હતી. હોસ્પીટલ સમિતિમાં ઠાકોરભાઈ, જયંતિભાઈ, વિજયભાઈ, નિખિલભાઈ, નિતીનભાઈ વગેરે બધા હતા. સમિતિમાં ચર્ચા શરૂ થઈ. નીતીનભાઈએ જણાવ્યું કે શાસ્ત્રીજીને બોલાવીને ભાગવત સપ્તાહનું આયોજન કરો. નારાયણની ભજન-સેવા કરો. મહાલક્ષ્મી સ્વયં આવશે. લોકોને નીતીનભાઈમાં વિશ્વાસ. સમિતિએ કહ્યું,''નીતીનભાઈ આગળ થાવ, અમને વાત ગમી છે'' નીતીનભાઈએ શાસ્ત્રીજીને લખી ભાગવત સપ્તાહ કરવાનું આમંત્રણ આપ્યું. આજીજી કરીને દિવસો નક્કી કરી લીધા.

શાસ્ત્રીજી નિરાગ્રહી, અપરિગ્રહી કશી અપેક્ષા નહિ. જીવનની બધી ક્ષણો લોકસેવા અર્થે વિતાવવાનો નિશ્ચય. પ્રેમાળ વ્યક્તિત્વ અને પ્રભાવશાળી વક્તવ્ય. પ્રેમથી લોકો તેમને ગુરુજી કહે.

નીતીનભાઈને ત્યાં જ ઉતરવાના છે. ઘરનો એક ઓરડો સાફ થઈ રહ્યો છે. પારૂલબેન પોતે જ સવારથી કામમાં લાગી ગયા છે. વચમાં વચમાં નીતીનભાઈને ટોકતા રહે છે,''તમારે તો ફક્ત કહેવાનું જ છે પણ જો છે કોઈની મદદ ? શાસ્ત્રીજી આવશે તો ઓરડો ચોખ્ખો જોઈએ. સુંદર રંગોળી થવી જોઈએ. આ વખતે રંગ પણ કરાવ્યો નથી. ખાટલો, ખુરશીઓ વગેરે સુશોભીત જોઈએ. તમને શું છે ? લોકો શું કહેશે ? તમે તો બધાને ભેગા કરી જાણો પણ ઘરનું કામ તો મારે જ કરવાનું ને !''

નીતીનભાઈ કહે, ''જો હું પણ કામ કરું છું ને, આ સપ્તાહ માટે માંડવો બાંધવો છે. બધા આમંત્રીતો માટે ઉતારાની વ્યવસ્થા કરવાની છે. સ્ટેજ, હારતોરા, બુકસ્ટોલ, ડોનેશન કુપન - બધાનું આયોજન કરવાનું છે. હું પણ કામ કરું જ છું ને.'' ''શું ધૂળ કામ કરો છો ? તમારે તો કેટલા સેવકો છે ! આ શાસ્ત્રીજી આવશે તો તેમને માટે રસોઈ મારે જ કરવાની છે ને ? તથા તેઓ સાત દિવસ રહેશે તો કેટલાંય લોકો એમને મળવા આવશે. બધાની આગતા-સ્વાગતા, બધા માટે ચા-પાણી કરવાના. એક માણસ કેટલું કરે ? તમને મારી

કાંઈ પડી નથી. જો મારું પિયર નજદીક હોત તો હું જતી જ રહી હોત.'' પારુલબેન ગુસ્સામાં બોલતા રહ્યાં, ''કોઈ દિવસ પણ શહેરમાં લઈ જતા નથી. પિકચર, નાટક કાંઈક દેખાડતા નથી. પાટણ, દ્વારકા, શ્રીનાથજી કશે ફરવા લઈ જતા નથી. કહો છો કે બધે બહુ ખર્ચા થઈ જાય. ધંધામાં સારી આવક થશે ત્યારે લઈ જઈશ. આ દસ દસ વર્ષથી ધંધો સારો જતો જ નથી. શું દસ વર્ષમાં નવી સોનાની બંગડીઓ કરાવી છે? નવી સાડીઓ અપાવી છે? એ બધામાં ખર્ચ નહિ કરો પણ આવા આયોજનમાં પાંચ દસ હજાર ખર્ચી કાઢશો.

''તમારી સાથે મારું જીવન જ નિરસ અને ખાટું થઈ ગયું છે'' હવે રડતાં રડતાં ચાલુ રાખ્યું,''મારે પિયર સારું હતું! જો આવું જ કરવું તું તો લગ્ન શા માટે કર્યા. સાધુ થવુ તું ને. કર્યા કરો સમાજ સેવા. કોઈને ત્રાસ તો નહિ.''

નીતીનભાઈ હેબતાઈ ગયા. બોલ્યા,''શું થઈ ગયું, ગુસ્સે કેમ થાય છે? આપણે તો સમાજનું સારું કામ કરીએ છીએ. ભગવાન આપણે ત્યાં મહેર કરશે. તું તો બધુ જ જાણે છે.''

''તે તમને શોખ હોય તો કર્યા કરો પણ તમારી બાયડીને શા માટે ત્રાસ આપો છો? હું ગુરુજી સિવાય કોઈની ખાતેદારી કરવાની નથી, કહી દીધું.''

નીતીનભાઈ સમસમી ઉઠયા પણ શાંત રહ્યાં. મનમાં વિચાર્યું કે પારુલને પૂછીને જ ગુરુજીને પોતાને ત્યાં રાખવાની વ્યવસ્થા કરી હતી. તે વખતે તો ખૂબ ઉત્સાહીત હતી. તો આ શું થઈ ગયું? મહેમાનોની સેવા તો કરવી જ જોઈએ ને? ઘરમાં આવેલ મહેમાન તો ભગવાનના જ રૂપ છે. આવી રીતે વર્તન કરે તો તેનો શો ઈલાજ? સાચે જ પારુલને પિયર મોકલી દેવી જોઈએ. પછી વિચાર્યું કે હું પણ પારુલની જેમ સામે ગુસ્સે થાઉં તો મારામાં અને એનામાં શો ફેર? છતાં જો સંત સેવામાં કે ઈશ્વરસેવામાં કાંઈક બાધા નાખશે તો તેની ખેર નથી. 'નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે.' પણ આ બધા વિચાર બાજુએ મૂકી કાંઈ બોલ્યા વગર જ તે ઘરની બહાર નીકળી ગયા. બધો ઉત્સાહ જાણે મોળો પડી ગયો હતો. ત્યાંજ સામે ઠાકોરભાઈ અને જયંતિભાઈ મળ્યા. મોઢા પર કાંઈક પણ દાખવ્યા વગર નીતીનભાઈ ઠાકોરભાઈ અને જયંતિભાઈ સાથે બાકીની વ્યવસ્થાની ચર્ચા કરવા લાગ્યા. ઠાકોરભાઈએ પૂછયું,''શાસ્ત્રીજી ક્યારે પધારવાના છે?'' નીતીનભાઈ કહે,''એક જ કલાકમાં'' પૂછયું,''તૈયારી થઈ ગઈ?'' નીતીનભાઈ કહે, 'પારુલે કરી છે.'

ઘર સુંદર રીતે સજાવેલું હતું. આંગણામાં તુલસીનો ક્યારો સુશોભીત હતો. સુંદર ફુલોના કુંડાઓની હાર લગાવી હતી. વાડીને ચૂનો અને ગેરૂથી રંગેલો. આંગણામાં સુંદર રંગોળી કરી હતી. માળિયા પરથી નવા વાસણો કાઢયા હતા. ડાયનીંગ રૂમ, ડ્રોઈંગરૂમ બધુ જ સુંદર લાગતું હતું. બારી પર નવા પડદા નાંખ્યા હતા. બધું જ સુંદર પણ જાણે કાંઈક ઉણપ હતી. બધી વ્યવસ્થા જોઈ નીતીનભાઈ ઘરમાં આવ્યા પણ મન ખિન્ન હતું. તેમને થયું,'' આટલું સુંદર આયોજન પણ ઘરમાં તો આગ લાગી છે. પારુલને વાણીમાં સંયમ નથી. દર વખતે કોઈક તો બખાળો કરે જ છે. સ્વાદિષ્ટ બાસુંદીમાં લીંબુના ફૂલ નાખો તો કેવો ઘાટ થાય બસ તેમ જ!''

પારુલને પણ થયું કે પોતે ગુસ્સામાં ઘણું બોલી ગઈ, પણ હવે શું થાય? નીતીનની માફી તો ન જ માંગુ કારણ હું ખોટી તો નથી જ, શું લોકો માટે જ મારે ઘસાયા કરવાનું?

ત્યાં તો વિજયભાઈ અને નિખિલભાઈ શાસ્ત્રીજીને લઈને આવી પહોંચ્યા. બોલ્યા,''પારૂલભાભી, ગુરુજી આવી પહોંચ્યા છે.'' પારુલભાભી હાથમાં આરતીની થાળી લઈને ઉભા. નીતીનભાઈ હાર લઈને. શાસ્ત્રીજીની આરતી ઉતારી અને હાર પહેરાવ્યા. શાસ્ત્રીજી સાથે આખો રસાલો ઘેર આવ્યો. બધાને ખુરશીઓ પર તથા શાસ્ત્રીજીને સોફા પર બેસાડયા.

શાસ્ત્રીજી ખુબ ખુશ હતા. બોલ્યા આવું સુંદર આયોજન એક ઈશ્વરીય પ્રેરણા અને સંકલ્પ જ છે.

પારૂલ સામે મળી પણ બેઉએ એક બીજા સામે જોયું પણ નહિ. જાણે અબોલા લીધા હોય. નીતીનભાઈ ઘર તો ઘણું સુંદર, સુશોભીત કર્યું છે ને ? નીતીનભાઈએ કહ્યું, 'એ તો બધુ પારુલ સંભાળે છે' બધા એક પછી એક પારુલબેનના વખાણ કરવા લાગ્યા. પારુલબેને બધા માટે ચા-પાણી બનાવ્યા. નાસ્તો બનાવ્યો. નીતીનભાઈને એમ કે હમણાં છણકો કરશે પણ એવું કાંઈ બન્યું નહિ. બધાને સંતોષ થઈ ગયો. નીતીનભાઈની ખિન્નતા પણ કાંઈક ઓછી થઈ.

શાસ્ત્રીજી ઓરડામાં તૈયાર થવા ગયા. પારુલબેન પોતાના બેડરૂમમાં તૈયાર થવા ગયા. કબાટ ખોલી જોયું. એ જ સાડલા અને સેલા. કેટલો શોખ છે મને, પણ નીતીન કાંઈ અપાવતો જ નથી.' મન રડું રડું થઈ ગયું. પણ એક સુંદર સેલું કાઢયું અને પહેર્યું. નીતીનભાઈ પણ તૈયાર થવા આવ્યા. જોયું કે પારૂલ સુંદર દેખાતી હતી પણ મનમાં થયું કે આ બહારની સુંદરતા શું કરવાની જો મન જ ખરાબ હોય તો ? છતાં મહાપ્રયાસે બોલ્યા,'' પારુલ તું સુંદર લાગે છે.'' પારૂલ મનમાં હરખાઈ પણ કાંઈ બોલી નહિ અને બહાર નિકળી ગઈ. તેને લાગ્યું કે હું કેટલું ગુસ્સે થઈ પણ નીતીન કાંઈ બોલ્યા જ નહિ. મારે ગુસ્સો નો' તો કરવો પણ શું કરું ? નીતીન મને સમજતો જ નથી.

બધા તૈયાર થઈ ગયા. શાસ્ત્રીજી પણ તૈયાર હતા. ઉદઘાટન માટે બધા નિકળ્યા. યજમાન તરીકે નીતીનભાઈ અને પારુલબેન પણ બેઠા. પૂજાવિધિ પછી શાસ્ત્રીજીનું સુંદર પ્રવચન શરૂ થયું. પ્રવચન શરૂ થતાં જ મન પ્રસન્ન થઈ ગયું. પારુલબેન તો જાણે ભૂલી જ ગયા કે તેમણે કેટલો બળાપો કાઢેલો અને નીતીનભાઈને કેટલું માઠું લાગેલું.

સત્સંગનો એ પ્રભાવ હતો. શાસ્ત્રીજીએ પ્રવચનમાં કહ્યું હતું કે અતિથિ તો દેવનું જ રૂપ છે. મનુષ્યે ઘસાઈને ઉજળા થવું જોઈએ ! સેવાના ભેખધારીઓ મૂર્ખા નથી. ઈશ્વરનું ભજન લોકોની સેવા દ્વારા વધારે સારી રીતે થાય છે. જો આ કાર્યમાં દરેક વ્યક્તિ પોતાનું યોગદાન આપે તો કાર્ય સિધ્ધ થાય અને તેની ફળશ્રુતી રૂપે કુટુંબ અને સમાજમાં સુખશાંતિ વધે. આ બધામાં પત્નીએ પતિને સહયોગ દેવો જોઈએ. જેમ અમારા પારૂલબેન નીતીનભાઈને દે છે તેમ !

ઘેર આવી પારૂલબેન ખૂબ ખુશ. નીતીનભાઈ કહે,''કેમ ગુસ્સો ઉતર્યો નથી ?' પારુલબેન કહે,'માફ નહિ કરો ?' નીતીનભાઈએ તેને આંલિગનમાં લીધી કહ્યું,''હવે તું ખૂબ સુંદર લાગે છે.'' પારુલબેન કહે એ ''બધું તમારે લીધે. તમે સમાજસેવા કરો છો, હું તો કાંઈ કરતી નથી.'' નીતીનભાઈ ''એવું નથી આખું ઘર તો તે જ સાચવ્યું છે ને ? બસ બધી પરિસ્થિતિમાં આનંદથી રહેતા શીખવું જોઈએ. જે મળ્યું છે તેનો સ્વિકાર કરી દીધાનો આનંદ બધાને ખુશી આપીએ એ સારું જીવન. તે જીવનની મધુરતા બધે ફેલાય. પ્રેમ આપો અને પ્રેમ લણો. આનંદ આપો અને આનંદ લણો. આ જ રહસ્ય છે. માધુર્યસભર જીવનનું ગુરુજીએ આપણને કેવું સુંદર સમજાવ્યું.'' પારુલ,'તમે જ મારા ગુરુજી છો.'

✤ ✤ ✤

# અબદિન બીતત નાહીં. ।

*✍ પ્રવીણ દેસાઈ*

આ આકાશને પણ શું સૂઝયું ? આટલી મોડી રાત્રે જાણે પોતાની સમગ્ર શકિત લઈ એ પૃથ્વી પર તૂટી પડયું હતું ! ગાંડીતૂર બની વર્ષા વરસી રહી હતી. આકાશનાં નયનોમાંથી જાણે વરસતાં અશ્રુવારિ વડે એ સ્નાન કરી રહી હતી.

અગિયાર...બાર..બે..ત્રણ..પાંચ. પડોશીની ઘડિયાળમાં પડતા ટકોરા હું બરાબર ગણતો રહ્યો. આખી રાત વીતી ગઈ પણ ઊંઘ આજે મારાથી રીસાઈ ગઈ હતી. વહેલી પરોઢે આવતી મંદ વાયુલહરીઓ ઘડીક આહ્લાદક અનુભવ કરાવી જતી હતી. થોડીવાર થઈ અને પડખું ફરવા ગયો ત્યારે ખબર પડી કે મારાં અશ્રુબિંદુઓનો અસ્ખલિત પ્રવાહ ઝિલી ઓશિકું ભીનું થઈ ગયું હતું કેમે કરી સાંજની વાત મારા માનસપટ પરથી ખસતી નહોતી. એના જ વિચારોએ મારી નિદ્રા હરી લીધી હતી.

ગઈકાલે સાંજે પાંચ વાગે અમે મળ્યાં ત્યારે બધું બરાબર હતું એમ ન કહી શકાય. એ ખૂબ ગંભીર હતી. હું પણ નક્કી કરીને ગયો હતો કે, '' આજે ગમે તેમ કરીને ય હૈયાની વાતને વાચા આપી દઈશ. એની પાસેથી લગ્નનું વચન મેળવી લેવા પૂર્વ તૈયારી ય કરી રાખી હતી. કેમ વાત કરવી, શું બોલવું, મારા ભાવો કેવી રીતે વ્યકત કરવા વગેરે અગાઉથી નક્કી કરી રાખ્યું હતું.''

આટલી તૈયારી હોવા છતાં જયારે એ મળી ત્યારે હું બધું ય વિસરી ગયો. એનાં મોહક નયનો, એનું એ સુંદર વદન અને એની ચિત્તહારી દેહલતાને નિહાળવામાં જ હું મશગૂલ બની ગયો ! એના ભરાવદાર શ્યામ કેશ સાથે રમત કરતાં કરતાં હું અનેરો આનંદ અનુભવી રહયો હતો.

ત્રણેક વર્ષ પણ નહીં થયાં હોય. આટલો સમય એ બહુ લાંબો ગાળો તો ન જ કહેવાય! કવિ સંમેલનમાં તે દિવસે મારી બાજુની ખાલી પડેલી બેઠક પર આવીને એ બેસી ગઈ હતી. કવિતામાં દિલચશ્પી ઘણીય હોવા છતાં એ રાત્રે તો એ જ મારા માટે કવિતા બની ગઈ હતી. ઘડીક ; પોતાના કપાલ પર, ઉપર ફરતા વીજળી પંખાને લીધે ઊડી આવતાં ઝુલ્ફાંને એ ઠીક કરતી હતી તો સારું કાવ્ય આવતાં કે બે -ચાર સારી પંક્તિઓ કોઈ કવિના મુખેથી સરી પડતાં એ ઝૂમી ઊઠતી. કવિતા પરત્વેની એની સૂઝ અને રસે મને એનામાં રસ લેતો કરી દીધો !

ત્રણ વર્ષના આ ગાળામાં હું પણ કવિની કોટિમાં મૂકાઈ ગયો. ત્યાર પછીનાં થોડાંક કવિસંમેલનોમાં અમે બન્ને મળ્યાં. પ્રથમ મૂક રહી આંખો વડે વાતો કરી. એકવાર એના આશ્ચર્ય વચ્ચે જયારે મેં મારી પ્રથમ જ કવિતા 'પ્રશ્ન ?' આવા સંમેલનમાં રજૂ કરી ત્યારે સંમેલન પૂરું થયા બાદ એણે, મારા હાથમાં હાથ મેળવી; મને અભિનંદન આપ્યાં હતાં એ દૃશ્ય તો આજે ભૂલવા મથું છું તોય ભુલાતુ નથી!

અને વહી જતાં વર્ષોમાં અમારો પરિચય વધતો ચાલ્યો. અવરનવર મળવું એ સહજ બની ગયું. મારી નવી કૃતિનું સૌ પ્રથમ વાચન હું એની પાસે કરતો. નિકટતા વધતી ગઈ.

એક દિવસ સાંજે સિનેમા જોઈ અમે છૂટાં પડયાં ત્યારે જરા અમસ્તી વાતમાં હું નારાજ થઈ ગયો. એ પણ ગંભીર બની ગઈ. બહું લાંબા વખત સુધી અમે

મળ્યા નહી! લગભગ ત્રણેક અઠવાડિયા નીકળી ગયાં હશે, એક દિવસ સાંજે મારી ઑફિસ પર એનો ટેલિફોન આવ્યો અને અમે પાછાં મળ્યાં. જૂની વાત ભુલાઈ ગઈ. એ રોષ, ગુસ્સો બધુ ઓગળી ગયું. સમંદર કાંઠે જઈ અમે રેતીમાં બેઠા અને અલકમલકની વાતો કરી.

' હું જાઉં છું '' છૂટા પડતી વખતે એણે કહયું.

''એ તો સમજી શકાય છે.'' મેં જવાબ વાળ્યો.

''પણ હું બહારગામ જાઉં છું. એણે ઘટસ્ફોટ કર્યો.

''કયાં, કેમ, કયારે?'' હું વિહ્વળ બની પૂછી બેઠો.

''અમસ્તી, થોડું બહાર જઈ આવું એમ મનને ઘણા દિવસથી થતું હતું. કાલે વહેલી સવારે જ નીકળીશ, મારે ગામ જવા.''

''ભલે, પાછી આવે એટલે જણાવજે,'' મેં એને વિદાય આપતાં કહ્યું.

લગભગ બે મહિને એ પાછી આવવાની હતી. ત્યારે મને એનો પત્ર મળ્યો! આવતાંવેત જ સાંજે મને મળવા માટે એ ઑફિસ પર આવી.

''ચાલ આજે ઘણા દિવસે મળ્યા છીએ, મારે થોડી વાતો કરવી છે.'' એણે કહ્યું.

ઑફિસનું જરુરી કામકાજ આટોપી હું નીકળી પડયો.

''કેમ આટલી ગંભીર થઈ ગઈ છે?'' રસ્તે જતાં મે પૂછયું પણ જવાબ ન મળ્યો. અમારા હંમેશના નિશ્ચિત સ્થળે જઈ અમે બેઠા. એ મારી લગોલગ બેઠી અને અનિમેષ નયને મને નિહાળી રહી હતી, જાણે આ પહેલાં મને કદી કયારેય જોયો ન હોય!

''આમ શું આંખો ફાડીને જોઈ રહી છે?'' હું ખૂબ વ્યગ્ર થઈ ગયો હતો.

ટપ...ટપ.. ટપ.. જવાબને બદલે એની આંખોમાંથી અશ્રુબિન્દુઓ સરી પડયાં. મેં એનાં આંસુ મારા હાથરૂમાલ વડે લૂછી નાખ્યાં, એના કેશમાં મારાં આંગળાં ફેરવતાં, એક હાથે, એના ઢળી ગયેલા મસ્તકને મારી સામે ઊંચુ કર્યું. એ કંઈ જ ન બોલી. ઊલ્ટું દ્વિગુણિત વેગે આંસુનો પ્રવાહ વહી રહ્યો! એણે પોતાનું માથું મારા ખભા પર ઢાળી દીધું

''પણ કૈ કહે તો ખરી શું થયું છે તને ?'' એની પીઠ પર વહાલભર્યો હાથ ફેરવતાં મેં પૂછયું.

''મને કાલે સ્ટેશન પર મળવા નહીં આવે?'' હું કલકત્તા જાઉં છું'' બીજું કંઈ પણ આગળ પૂછું તે પહેલાં કૈંક સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતાં એ બોલી ઊઠી.

મારા આશ્ચર્યને કોઈ સીમા જ રહી નહોતી એનું આજનું આ વર્તન મારા માટે સાવ નવા અનુભવ સમું હતું

'' કહેને કાલે આવશે ને સ્ટેશન પર?'' મને મૂક બની ગયેલો ભાળી એણે એજ પ્રશ્ન ફરી પૂછયો.

મેં સંમતિદર્શક ડોકું ધુણાવ્યું.

'' તો હું જાઉ? મોડું થઈ રહયું છે.'' જાણે મારા જવાબ માટે જ ખોટી થતી હોય એમ એણે કહ્યું.

''ભલે.'' ઘણું બોલવું હતું છતાં એક અક્ષરે ય બોલી શકાયો નહી.

હું ઘરે પહોચ્યો ત્યારે મારામાંનું ચેતન સાવ ચાલ્યું ગયું હતું. શું હશે? એને કેમ કંઈ કહ્યું નહી! કાલે કલકત્તા શા માટે જાય છે? વગેરે પ્રશ્નોએ મને મૂંઝવી દીધો હતો.

અને બીજા દિવસે સાંજે જ્યારે હું સ્ટેશન પર પહોચ્યો ત્યારે ગાડી ઉપડવાને કેવળ પાંચ જ મિનિટની વાર હતી. બહાવરો બની ગાડીના દરેક ડબ્બા પર, હું મારી નજર ઠેરાવતો જઈ રહ્યો હતો ત્યાં એણે જ બૂમ મારી ..''એ...! '' અને મારી ગતિ થંભી ગઈ. બારીમાંથી ડોકું બહાર કાઢી એ પ્લેટફોર્મ પર નજર નાખતી ઊભી

હતી. હું એની પાસે જઈ ઊભો રહી ગયો. ખૂબ ત્વરાથી ચાલતાં ચડેલી હાંફ હજુ ઉતરી નહોતી અને પ્રથમ વર્ગના એ ડબ્બાની ખૂબ નજીક સરકતાં હજુ તો મારા મનમાં ; ગઈકાલે છૂટા પડતાં, ઉઠેલા પ્રશ્નોના જવાબ લેવાનું હું વિચારી રહ્યો હતો. ત્યાં એણે કહ્યું '' તને મારી વર્તણૂકને લીધે ખૂબ આશ્ચર્ય થયું હશે નહિ ?

હું કંઈ બોલ્યો નહીં, કેવળ એની આંખોમાં મારી આંખો પરોવી અનિમેષ નયને એને નિહાળી રહયો હતો ત્યારે બીજી બે આંખો દૂરથી અમારી ચોકી કરી રહી હતી. તેનો મને ખ્યાલ પણ ન હતો.

ગાડી ઉપડવાની વ્હીસલ વાગી. સિગ્નલ મળી ગયુ હતું ગાડીની વિલંબિત ગતિ સાથે, મને દ્વિધા માં મૂકીને જતી મારી પ્રેયસીનો થોડો વધુ સહવાસ મેળવવા; હું મારી ગતિનો તાલ મેળવી રહયો હતો. લગભગ અર્ધ પ્લેટફોર્મ વટાવી ચૂકેલી ગાડીના એ ડબ્બામાંથી મને છેલ્લું આવજો કહેતાં પહેલાં એ બોલી ઊઠી. '' અરે હા, આમની ઓળખાણ કરાવતાં તો હું ભૂલી જ ગઈ! આ છે ગૌરાંગ,'' બેઠક પર થી મારી સામે અપલક તાકી રહેલ પુરુષ તરફ નિર્દેશ કરતાં એણે ઉમેર્યું ''મારા પતિ''. એના એ છેલ્લા શબ્દોની સાથે જ ગાડીનો એ ડબ્બો પ્લેટફોર્મ વટાવી ચૂકયો હતો. હું પહેલા વર્ગની એ બારી તરફ અન્યમનસ્ક બની નિહાળી રહયો.

પડખું ફરી વીતી ગયેલી વાતને ભૂલવા મથતો હતો ત્યાં વાતાવરણને ભેદી રેડિયો સીલોન પરથી આવતા ગીતના સૂરો મારા કર્ણપટ પર અથડાઈ રહયા હતા. ''અબદિન બીતત નાહી.''

✤ ✤ ✤

## રસ્તો ભાગે છે.....

રસ્તો ભાગે છે
આભની હોડમાં, મૂકી સર્વસ્વ
પોતાનું લંબાઈને પાતળો થતો-
વળી ગયેલી કેડવાળો....
રીંછની ખૂંપી ગયેલી આંખોથી જોતો
દૂર દૂર ક્ષિતિજને પામવા રસ્તો ભાગે છે
કેટલાયે કાળચંદ્રોના ઘર્ષણથી
છુંદાયેલો, ઘવાયેલો, ગભરાયેલો,
દમભીડીને અનિમેષ નજરે,
પામવા પેલા ધ્રુવને,
વંથેળિયામાં ધુમરિયો ખાતો,
બાથમાં ભરી લેવા
અખિલ બ્રહ્માંડને રસ્તો ભાગે છે.

*- અતુલ રતિલાલ દેસાઈ (દેડકી)*

## વિપર્યય

પિતા જ્યારે હોતા નથી
અને મા વધારે વૃદ્ધ થતી જાય છે
ત્યારે એની આંખમાંથી પ્રશ્ન ડોકાયા કરે છેઃ
''આ પુત્ર મને સાચવશે ખરો ?''
પણ એ પ્રશ્ન શબ્દ બનીને હોઠ ઉપર નથી આવતો,
આ એ જ મા, જેણે મને ફૂલની જેમ સાચવ્યો,
જે મારાં પગલાં પાછળ અધ્ધર ટિંગાઈ રહેતી,
હું મોટો થઈને ટટ્ટાર ઊભો રહ્યો ત્યાં સુધી આ એ જ મા -
જે મીઠાં હાલરડાંના ઘેનમાં મને ડુબાવી પછી જ સૂતી,
આજે એ ઊંઘમાંથી ઝબકી ઝબકીને જાગી ઊઠે છે
પણ બોલતી નથી
એના ધ્રુજાતા હાથમાંથી વારેવારે એક શંકા છટકી જાય છે
કે દીકરાનો હાથ એને દગો દેશે તો ?
હું એને ટેકો આપી શકું એવું કશું જ નથી કરી શકતો
ફક્ત મને મારા હાથ કાપી નાખવાનું મન થાય છે.

*- વિપીન પરીખ*

# પ્રેમની પરબ

*✍ નિકેશ જયેન્દ્ર ગાંધી*

નીરવની આંખોમાંથી ઉભરાતા આંસુની વ્યથા તેના માતા-પિતાને મન પણ એક સમસ્યા બની ગઈ હતી! બિચારો સીધો-સાદો, છોકરો! યૌવનના પ્રથમ પગલે જ ઠોકર ખાઈ બેઠો! મિત્રો અને પરિવારજનોના મનમાં પણ એ જ વાતનું દુઃખ હતું.

નીરવ અને છાયાની જોડી પણ કેવી રૂપાળી! બંનેની આંખમાંથી નીતરતા સાત્વિક ભાવો, સૌમ્ય ચહેરો, વાણીમાં મૃદુતા અને માધુર્ય, વ્યવહારમાં ઠાવકાશ અને ઠરેલપણું. એકબીજાના પૂરક બનવા માટે જ જાણે કે, એ બંને ધરતી પર અવતરિત થયાં હતાં.!

છાયા નીરવને રોજ ઘેર મળવાં આવે અને ડ્રોઈંગરૂમમાં બંને જણ આરામ ખુરશીમાં બેસી રોજબરોજની એકબીજાના અનુભવોની વાતો કરે પણ કશા યે શોર કે ઠઠ્ઠામશ્કરી વગર! બંને વાતોમાં એટલાં ઓતપ્રોત થઈ જતાં કે રામો ચા-કોફી મુકીને જતો તેનું પણ ધ્યાન ન રહેતું.

નીરવના ઘરમાં બધા પરિવારજનોને છાયા પસંદ હતી. નીરવના મમ્મી વારંવાર છાયાને કહેતાં કે,"તું અને નીરવ ખુલ્લી હવામાં ફરવા જતા હોય તો?" પણ છાયા હસતાં હસતાં કહેતી કે " જો આપણે આનંદની પાછળ પડીએ ને, તો આનંદ આપણને પાછળ મુકીને આગળ નીકળી જાય છે! તમારા નીરવને પણ બેફામપણે વિહરવાનું પસંદ નથી" આને જ કારણે નીરવના મમ્મીને છાયાની સમજ અને ગાંભીર્ય વિષે લાગણી ઉપજતી અને મનોમન પોતાની પુત્રવધુના લક્ષણ જાણે બારણામાંથી જોઈ લીધા હોય તેમ મનમાં ને મનમાં ભગવાનનો પાડ માનતા.

છાયાના ઘેરથી છાયા અને નીરવના લગ્ન બની શકે તેટલી ત્વરાએ ગોઠવી દેવાની સમંતિ પણ અપાઈ હતી અને સારો દિવસ જોઈ એક સમારંભ યોજીને બંનેએ પ્રણયનું પટાંગણ પાર કરી પરિણયના રંગભવનમાં પ્રવેશવાનું નક્કી કર્યું. બંને જણ ભવિષ્યની કલ્પના કરતાં પોતાના દિલના અરમાનો પૂરાં કરવા થનગની ઉઠયા. બે પ્રેમી પંખીડા આજે ચોખ્ખાં ગગનમાં વિહરવા પાંખો ફફડાવી તલપાપડ થઈ રહ્યાં હતાં.

પણ, અચાનક છાયા ક્યાંક ચાલી ગઈ. લગ્ન તારીખ વીતી ગઈ. પણ છાયા પાછી ના આવી. ઉદાસ ચહેરે ઝરૂખામાં બેઠો નીરવ છાયાના ઘર ભણી અનિમેષ નયને નિહાળી આંસુ સારતો બેસી રહેતો પણ છાયા ના આવી તે ના જ આવી. તેના જીવનમાં હર્ષોલ્લાસ બાદ દુઃખના વાદળ છવાઈ ગયા હોય તેમ મૌનની મૂર્તિ બની છાયાની પ્રતીક્ષામાં જ જીવન ગુજારવાનું નક્કી કર્યું.

ત્યાં જ રામો એક પત્ર લઈને નીરવ પાસે આવ્યો. ખબર નહિ કેમ પત્ર જોતાં જ પોતાના અંતરમાં હલચલ મચી ગઈ. જાણે પત્ર કોઈ સંદેશો લાવ્યો હશે કદાચ છાયાનો હા, અક્ષર તો છાયાના જ હતા. નીરવના મુખ પર જાણે છાયા જ પાછી આવી હોય તેવો ભાવ જોઈ શકાતો હતો પણ, કાગળ વાંચતાની સાથે જ ચહેરા પર આવી ખુશીની લાગણી પળવારમાં શમી ગઈ.

છાયાએ લખ્યું હતું કે,'નીરવ, મારા વિષે તિરસ્કારજનક વિચારો સેવે તેવું તારું મગજ નથી. એટલે હૃદયનો બોજ હળવો કરવા બે શબ્દો લખું છું! પણ, હું તારી અપરાધિની નથી. નીરવ, તું અનરાધાર વરસતો રહ્યો છે અષાઢી મેઘની જેમ પણ ત્યારે મને ય ક્યાં ખબર હતી ઉપરથી સરસ દેખાતી જીવનની ધરતી ખારોપાટ છે. મારી પાસે જે કાંઈ સુંદર હતું, વિમલ હતું. ઉદાત્ત હતું, તે તને આપતી રહી. પણ, એ બધું એક સામટું સમાજની સાક્ષીએ આપવાનો વારો આવ્યો, ત્યારે! મને મારા જીવનની વાસ્તવિકતાનો અનુભવ થયો.

હું જાણું છું કે તારો વિશુધ્ધ પ્રેમ હંમેશા મને ઝંખે છે. પરંતુ નીરવ તારી પ્રેમરૂપી ઝોળીમાં હું નિરાશા અને વ્યથા ભરવા નથી માંગતી. તારી ખુશીના ખજાનામાં મારી લાચારી રૂપી ઝેર આવી અહર્નિશ પહેરો ભરતો રહે અને અંતે તારા હાથમાં નિરાશાની ભસ્મ સિવાય કશું જ ના આવે, એવી લાચાર સ્થિતિમાં તને જોવા નથી ઈચ્છતી, એટલે જ ભાગી છું. તારાથી અને તારા વિશુધ્ધ પ્રેમથી અને કદાચ હું પાછી પણ આવું પણ તું મને પહેલાના સ્વરૂપમાં નહીં પામી શકે. છાયાના છાંયડામાં તું હવે વિસામો લઈ શકે તેમ નથી. હું તને કદી સુખી નહીં રાખી શકું. એટલે તું મને મારી પાસેથી માંગવાની જીદ ના કરીશ. તારું આનંદથી મહેકતું સુખી જીવન એ જ મારી અંતિમ આરઝૂ છે. એ આરઝૂ ફળીભૂત થઈ છે, એમ ખબર પડશે, ત્યારે વગર બોલાવે દોડી આવીશ પણ તું મારે ખાતર, આપણા પ્રેમના ખાતર તારા મમ્મીની મરજીથી બીજે લગ્ન કરી નાખજે તો કદાચ આપણો પ્રેમ સાચો છે તે પુરવાર થશે.

અને નીરવ આંસુ લૂછીને ઊભો થયો અને પૂજામાં બેઠેલા મમ્મી પાસે જઈને કહ્યું,'મમ્મી, છાયાની રાહ આપણે ક્યાં સુધી જોઈશું? તને ઠીક લાગે ત્યાં મારા લગ્ન ગોઠવી દો'' અને નીરવ ત્યાંથી ચાલ્યો ગયો પણ તેના દિલના એક ખૂણામાં હજીય છાયાની યાદની નિર્મળ જ્યોત સળગતી હતી તેને તે કેવી રીતે બુઝાવી શકવાનો? અને તે બુઝાવવા પણ માંગતો નહોતો.

✤ ✤ ✤

---

## બાપુ

તમો રામને, રાવણે ઠાર કર્યો બાપુ,
　　આ કલિયુગ છે, સતયુગ નથી બાપુ (૧)
તમારા નામ થકી, ચરી ખાઈએ બાપુ
　　રામ નામે પથ્થર, તરી ગયા બાપુ (૨)
તમો નથી રહ્યા તો શું થયું બાપુ?
યાદ કરવા ઉત્સવ ઉજવીએ બાપુ
　　એમાંય અમારો સ્વાર્થ સમાયો બાપુ (૩)
તસ્વીર, પ્રતિમા, કે સમાધિ થકી બાપુ
　　ખરડાઈ ગયેલી પ્રતિષ્ઠા સંવારે બાપુ (૪)
'રામરાજ' સપનું છીનવાઈ ગયુ બાપુ,
　　'રાવણરાજ' સ્થાપાયું, તમો ના રહ્યા બાપુ (૫)
સ્વરાજ અપાવી, તમો તો, ચાલ્યા ગયા બાપુ,
　　ગુલામથીયે બત્તર જીવન જીવી રહ્યા બાપુ (૬)
સમજાય છે હવે, શા માટે યાદ આવે રે બાપુ,
　　સ્વાર્થ અમારો, ખુરશી પ્રેમ છુટતો નથી બાપુ (૭)
હિંસાએ અહિંસાને, ગોળી દીધી બાપુ,
　　તમો જીવીત નથી, સારૂ થયું બાપુ!
નહી તો રોજ રોજ આમરણ ઉપવાસ,
　　ઉપવાસ કરી કરીને, મરવું પડત બાપુ (૮)

*- ''ચાંદશા'' - ચંદ્રકાંત શાહ (ચટઈ)*

જ્યોતિપુંજ

# ...... અને હું વંદો

✍ હિતેન્દ્ર દેવદત્તભાઈ ત્રિવેદી (વાડાસિનોર)

વંદાનું તો મારું ખોળીયું જ છે બાકી મારો આત્મા.... મારા આત્માની કહાણી અનોખી છે. મને યાદ આવે છે મારો માનવદેહ હું પ્રખર વિદ્વાન શ્રી જગન્નાથ પંડિત. લોકો મને માન-પાનથી જોતાં કારણ કે મેં મારા પાંડિત્ય દ્વારા અનેક ચંદ્રકો મેળવ્યા હતા. જે આખાએ જગતને સુવિદિત છે. લોકો મને માનથી જોતાં અને હું તેઓ તરફ ઉપેક્ષા સેવતો કારણ કે હું કોણ? મોટો વિદ્વાન! મારી પાસે ઘણું બધું છે તેમ લોકો માનતા. જે અક્ષરસહ સાચું અને તેથી મારામાં દિવસે દિવસે અહં વધતો જતો હતો અને હું મારામાં રહેલું કોઈને પીરસતો નહિ અને હું એમજ માનતો કે મારામાં જે કંઈ છે પ્રાપ્ત કરવાનો અધિકાર કોઈને નથી. અલબત્ત મારો શિષ્ય થવાને કોઈ લાયક નથી, શક્તિમાન નથી.

લોકો મારી પાસેથી કંઈક મેળવવા જાત જાતના નુશખા કરતા. અનેક મથમણ અને પ્રયત્નો કરતા. કેટલાક એમ પણ માનતા કે મેં મારી વિદ્વતાં દ્વારા સોનુ બનાવવાની સિદ્ધિ પણ પ્રાપ્ત કરી છે, અને તેથી અનેક ઘણી દુ:ખદ ઉપેક્ષિત વૃત્તિ, અપશબ્દો, કટુવચનો અને બિલ્કુલ ક્રુર વર્તન અને તે પણ એવું જ કે જે સહજ સ્વભાવે માણસ હડકાયા કુતરાં સાથે વર્તે. તેમ છતાં પણ કેટલા બગચેલાઓ આ બગભગતને વળગી રહેતાં. તેઓના વર્તને મારી વિદ્વત્તા થોડે અંશે ડગાવી કારણ કે હું પણ એક જીવ છું અને જીવમાત્રને આંધળી કોઠી હોય છે. જે રોજ પુરતા રોજ ખાલી. તેથી આવા બગચેલાઓ માટે દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીએ એ રાહે હું ઝુકાનેવાલા બની ગયો! અને તે રીતે મારી મોટી ચિંતા આર્થિક પ્રવૃત્તિની (જો કે વિચારોમાં ક્ષુલ્લક) દૂર થઈ.

મારી વિદ્વતાનો હું ઉપયોગ ન કરતાં તેને લોકોને આપી વધારવાને બદલે મારામાં જ કાટ ખાવા દેતો. કેટલા મને કહેતા કે પંડિત વિદ્યા તો આપવાથી વધે. અમને પણ થોડો લાભ આપો ત્યારે હું રાતી આંખ કરી જવાબ દેતો,'મારી પાસે શિખવા માટે તમારી પાસે અધિકાર જ ક્યાં છે? એ માટે તમારે અનેક જન્મો લેવા પડશે.'

અને તેથી લોકો મારે ઉપર મુજબની પ્રસાદી અને વાગ અમૃત આરોગતાં તેઓ મારી પીઠ પાછળ પ્રત્યાઘાતરૂપે શબ્દ પ્રસાદી ઓકતાં...

ના જોયો હોય તો મોટો પંડિત જાણે આખી દુનિયાનું જ્ઞાન એનામાં જ ભર્યું છે.

તો બીજો કોઈ જવાબ દેતો હેં પંડિતના માથામાં આખી દુનિયાના જ્ઞાનનો ભાર ભર્યો છે તે એવોય ચાલી કેવી રીતે શકે છે?

અરે એ તો વિદ્વાન ન કહેવાય એ તો બહુવિદ કહેવાય જેમ માણસ ઊડી શકતો નથી પણ તેનું ભૂત-

તે પંડિત જગન્નાથ ભૂત થશે?

અરે ભૂતેય થાય ને પિશાચ પણ થાય અને જો બૈરી હોત તો ડાકણ કે ચૂડેલ જ થાત,

તે જીવ અવગતીયો જ થશે નંઈ,

સો ટકા નંઈ પાંચસો ટકા. કારણ કે એ પુસ્તકીયો કીડો એની વાસના એના જ્ઞાનમાં જ અંતે પુસ્તકોમાં જ રહી ગઈ અને તેથી મને લાગે છે કે આવતો અવતાર વંદાનો જ થવાનો.

અને એના શબ્દો આજે અક્ષરઃ સત્ય નીવડ્યા. અને હું મારો બીજો અવતાર વંદા સ્વરૂપે જન્મ્યો. કારણ સ્પષ્ટ છે, મેં મારી વિદ્વત્તા મારામાં ભરેલી રાખી. કાયમ એકલો અને અતડો રહ્યો, કોઈને કંઈ જ સરળ, સહજ રીતે આપ્યું નહીં. મારા પાંડિત્યનું વિદ્વત્તાનું માધ્યમ માત્ર મારા અને પુસ્તકો વચ્ચે રહ્યું. આમ તો મેં અને મારા પુસ્તકાલયમાં ન હોય તેવા અને તેટલા પુસ્તકો વસાવ્યા, અને દરેક પુસ્તકનું પાને પાનું લીટીએ લીટી અને શબ્દે શબ્દ હું પૂરેપૂરો સમજાય ત્યારે જ પુસ્તક હેઠું મુકતો કોઈની પાસે મારા વાંચ્યામાં ન આવ્યું હોય એવું પુસ્તક જોઉં અને તેની સાથે મારો સ્વાર્થી જીવ (પુસ્તક પડાવવા પુરતો) સંબંધ બાંધવામાં એક્કો અને સામો માણસ મારી વાકપટુટાથી અંજાઈને મને પુસ્તક આપતો જે હું આ ભવે પણ પરત કરી શક્યો નથી - શકતો નથી.

અને આખરે મારો માનવદેહ વંદાના ખોળિયામાં આવીને પડ્યો અને તે પણ મારા પોતાના પુસ્તકાલયમાં આવેલી મારી વાંચવાની અધૂરી રહી ગયેલી બંગાળી પુસ્તિકાના પાન નં. ૧૮૨ ઉપર.

વંદાના અવતારરૂપે આવ્યા પછી મારા પુસ્તકો પૈકી ૮૩ પુસ્તકો મેં પૂરા કર્યા! (અલબત્ત કોચી કોચીને) જીવન જીવી રહ્યો છું. માણસોમાં જેમ જીવનના પ્રકાર છે કે બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, શુદ્ર, તેમ અમારા જાતીભાઈઓની માફક મેં કદી નર્કાગારમાં (બાથરૂમ, સંડાસ, ગટર) વગેરે કામ તો નથી કર્યું અને હું એટલો બધો ભાગ્યવાન છું કે મારે સદ્‌ભાગ્યે નર્કાગારના દર્શન પણ નથી કરવા પડ્યા. કારણ કે સાહિત્ય જીવ ખરો ને! પણ આજે મને પશ્ચાતાપ થાય છે કે જ્યારે જ્યારે નવોદિત સર્જકો મારી પાસે આવ્યા ત્યારે મેં તેમને તુચ્છકાર્યા. તેમના કાવ્યોને પ્રોત્સાહન ન આપ્યું કે કોઈની વાર્તાઓ વાંચી નહીં કે કોઈના નાટકો કે વિવેચનો ઉપર સૂચન કે માર્ગદર્શન આપ્યું નહીં. હા, કોઈના સારા વિચારોમાં મેં મરચું - મસાલો ભભરાવી મારા નામે કૃતિઓ ચડાવી દીધી ખરી! લોકો મને બળજબરીથી જ્યારે જ્યારે સમારંભમાં લઈ ગયા ત્યારે ત્યારે લોકોને ન સમજાય તેવા શબ્દોમાં ભાષણો કર્યા અને લોકો ન સમજી શકતા કારણ કે કોઈને અધિકાર ન હતો ને!

વંદાની સાથે બેઠેલો જોઈ બહારથી આવેલી તેણી ભડકી અને તેના ડાબા પગમાંથી જમણા હાથે ચંપલ કાઢીને બિચારા વંદાને રામશરણ કર્યો.

'હે રામ '! દેહ ત્યાગ કરતાં વંદાના છેલ્લા શબ્દો હતા તેના મૃતદેહ ઉપર મારી આંખમાંથી બે આંસુના ટીપાં સરી પડ્યાં. મેં તેણીને માંડીને વાત કરી. ત્યારે તેણીના મોંમાંથી પણ તે જ શબ્દો સરી પડ્યા કે...

આ વંદો... જગન્નાથ પંડિત! વધુ ઉગ્ર સ્વરે તેના વાગબાણ ફેંકવા લાગી. હજી પણ તે વંદો તરીકે જન્મોજન્મ જીવશે, રીબાશે કારણ કે તેણે મારું કાવ્ય ફગાવી દીધું હતું અને કહ્યું કે મોટી કવિયત્રી ના જોઈ હોય તો? અને છતાંય હું ગમ ખાઈને બીજી વાર મારી વાર્તાને યોગ્ય ઓપ આપવા તેની પાસે લઈ ગઈ તે હજુ સુધી મને પાછી તો નથી આપી પણ ઉપરથી તેમાં થોડો સુધારા-વધારા તથા ભાષા ફેર કરીને તેના નામે છપાવી દીધી!

'સાલો જન્મો જન્મ રહેશે ?'

અને હું સ્તબ્ધ નયને, વિચારશૂન્ય મને વંદાના દેહને કંઈ કેટલીયે વાર સુધી નીરખતો રહ્યો હોઈશ તેનું મને ભાન ન રહ્યું. અને મનોમન ભગવાનને મેં કહ્યું કે જો તે પંડિતમાં અભિમાન અને અતડાપણું ન ભર્યું હોત તો લોકો તેને પુજતા હોત પણ ભગવાન તમને પણ તમારું સ્થાન ન ડગી જાય તેવો સ્વાર્થ હશે!

✤ ✤ ✤

# સેક્સ મારી દષ્ટિએ

*✍ સરલા સતીષ મોદી (દેવ)*

જીવનમાં સેક્સ (કામ) એક એવો નાજુક વિષય છે કે માનવી તે પ્રગટ કરવાને બદલે ગુપ્ત રાખવાનો વધુ પ્રયાસ કરે છે. તેથી એ વિષયનું યોગ્ય જ્ઞાન તેને મળતું નથી. માનવીએ જીવનના વિવિધ ક્ષેત્રે શોધખોળો અને સંશોધનો કર્યા છે. કળા અને વિજ્ઞાનમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. પરંતુ સેક્સ વિશેનું તેનું અજ્ઞાન, અધૂરપ ઊડીને આંખે વળગે એવી જણાશે. તે એમ માને છે કે સેક્સ વ્યક્તિનું અંગત અને ગોપનીય પાસું છે. આથી એના વિશે વાતચીત કરતા પણ તે શરમ અનુભવે છે. સેક્સ વિશે ફક્ત યુવા વર્ગ જ નહીં પરંતુ પરિણીતો અને આધેડ વયના સ્ત્રી-પુરુષો પણ ભાગ્યે જ સાચી માહિતી ધરાવતા હોય છે. આ અજ્ઞાન અને અધકચરા જ્ઞાનને પરિણામે તેના જીવનમાં સમસ્યાઓ સર્જાય છે. વિકારો અને વિકૃતિઓ પેદા થાય છે તેનું જીવન અસહ્ય બની જાય છે અને સાંસારિક જીવનમાં અશાંતિ અને અંજપો નિર્માણ થાય છે. સાચી માહિતીનો અભાવ અને ખોટી શરમ અને સંકોચને કારણે તે ગેરમાર્ગે દોરાવનારી જાહેરખબરો અને ઊંટવૈદોનો આશરો લેતો થાય છે. છેવટે તેનું પરિણામ અસાધ્ય બિમારીરૂપે આવે છે, જેનો ઈલાજ કરવો કઠીન બની જાય છે.

સેક્સ - યૌન સંબંધોનો ઉલ્લેખ થતા જ સેક્સ એટલે મૈથુન. સેક્સ એટલે સંભોગ એવી છાપ આપણા માનસપટ પર તત્કાળ ઉપસી આવે છે. પરંતુ આપણે વિસરી ગયા છીએ કે આપણા પુરાણગ્રંથો અન શાસ્ત્રોમાં ધર્મ, અર્થ અને મોક્ષની જોડે કામ (સેક્સ)ને પણ જીવનમાં ચાર પરમ ધ્યેયમાંનો એક ગણવામાં આવ્યો છે. અહીં સેક્સની વ્યાખ્યા માત્ર મૈથુન કે સંભોગ પુરતો જ સીમિત નથી. સેક્સની ગણના સફળ જીવનના અનિવાર્ય અંગ તરીકે ગણાતી હોય ત્યારે કામની અર્થછાયા જીવનમાં ઘણી વ્યાપક સ્વરૂપે અનુભવી શકાય છે. જીવનમાં સંપૂર્ણ સમતુલા સિદ્ધ કરવા માટે કામકળાને આત્મસાત કરવી જરૂરી છે. માનવીના વ્યક્તિત્વનો, તેની નીજી ઓળખ તો સર્વાંગી વિકાસ સેક્સની સંપૂર્ણ સમજ વિના અધુરો છે. લગ્ન એક ફરજ અને પ્રજોત્પાદની પવિત્ર જવાબદારી ગણાતી હોય તો મુક્ત સહચર્ય જમાનાનો તકાદો છે. શરીરની કામેચ્છાને તેના સંપૂર્ણ વ્યાપ સાથે સંતોષવાની હોય એ કાંઈ પાપ નથી કે જેને માટે ઈન્દ્રિયદમન કરવું પડે. વાત્સાયન યુગની પ્રજામાં એ સમજદારી હતી અને તેથી જ તેઓ અપરાધની ભાવના વિના સેક્સને ઉપભોગી શકતા હતા. દેવદેવીઓના મંદિરોની દિવાલો પર કામક્રીડામાં રત યુગલોના અદ્ભુત શિલ્પો કોતરાવી શકતા હતા.

ભૂખ અને તરસની જેમ જ સેક્સ પણ માનવીની મૂળભૂત જરૂરિયાત છે. એક યા બીજા કારણે સેક્સથી વંચિત રહી જનાર વ્યક્તિના જીવનમાં કશુંક ખૂટે છે. તાણેલો, બાંધેલો સંયમ કે દમન વ્યક્તિની ભૂખ ઘટાડતી નથી, પરંતુ સેક્સનું દમન, બંધન, સંયમ જ વિસ્ફોટક આઘાતો અને હોનારતો સર્જે છે. આપણા જીવનમાં ગેરસમજની બાબતમાં ઈશ્વર પછી બીજા ક્રમે સેક્સ આવે છે. ઈશ્વર વિશે જે કાંઈ ગેરસમજ હોય તે સર્વથા ક્ષમ્ય છે કારણ કે ગેરસમજ માટે માણસ કરતા ઈશ્વર વધારે જવાબદાર છે. ઈશ્વરે અવ્યક્ત તે અચિંત્ય રહીને માનવીને માટે ગોટાળા સર્જયા છે. અનાદિ અને અનંત એવી સર્વવ્યાપક સનાતન અને અશરીરી ચેતનાને જાણી જોઈને એણે એવી રીતે રમતી મેલી છે કે માણસ ગોથા ખાતો જ

રહે અને અંધારામાં બાખોડિયા ભરતો રહે. એવી જ ગેરસમજ આપણે સેક્સ અંગે ધરાવીએ છીએ અને અંધારામાં બાચકા ભરીએ છીએ. સેક્સ અંગેની ગેરસમજ માટે તો માનવી પોતે જ જવાબદાર છે.

જીવસૃષ્ટિની ઉત્પત્તિ, એના સાતત્ય અને સંવર્ધન માટે જવાબદાર એવી દિવ્ય તથા દેખીતી ઘટના અંગેની માણસની સમજ સાવ અધુરી, અધાર્મિક અને અવૈજ્ઞાનિક રહેવા પામી છે. આ ઘટનાને જગતના સર્વ લોકો સેક્સ કહે છે. સેક્સની ખૂબી એ છે કે સર્જન અને કહેવાતા સર્જનહારની રહસ્યમય નિગૂઢ અને અપ્રત્યક્ષ લીલાનો દાર્શનિક પુરાવો આટલો સચોટ બીજી કોઈ ઘટનામાં જડતો નથી. ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા ન થઈ શકે. આ સકલ અસ્તિત્વ કેટલું વિવિધરંગી, રમણીય અને રોમાંચક છે. આવા મનોહરી અસ્તિત્વની જાળવણી સેક્સ દ્વારા થાય છે. જે પરમચેતના અવ્યક્ત છે અને સૃષ્ટિ પર જે કાંઈ વ્યક્ત છે બન્નેને જોડનારી કડી તે સેક્સ છે. વ્યક્ત અને અવ્યક્ત વચ્ચેના આવા રહસ્યમય સેતુને ખોખલી ધાર્મિકતા કે પછી ડગલે ને પગલે આપણને ડરાવતી - દબાવતી જડબેસલાક સામાજિકતાને નામે અવગણવાનું માણસના હિતમાં નથી. આવી અવગણનાને કારણે ઘણા ઉપદ્રવો સર્જયા છે. આ ઉપદ્રવો ઘણુ ખરું નરી આંખે ન દેખાય તેવા રહ્યા છે. આવા અનેક ઉપદ્રવના મૂળ માણસના અચેતન મનમાં રહેલા છે.

સેક્સ જેવી પવિત્ર અને પ્રભાવક બાબત સાથે પાપ અને બિભત્સતા જોડાઈ જાય એ આપણું દુર્ભાગ્ય છે. માણસે કરેલા તમામ અત્યાચારોમાં જો કોઈ સૌથી મોટો અને ઘાતકી અત્યાચાર હોય તો તે છે સેક્સ અંગેની પૂર્વધારણા અને ખોટી માહિતીના કારણે પોતાની જાત સાથે કરેલો અત્યાચાર. સેક્સ અંગેના પૂર્વગ્રહોને કારણે આવો સ્વલક્ષી અત્યાચાર તથાકથિત ધાર્મિકતા સાથે જોડાતો રહ્યો છે. સેક્સને ધર્મમાં પહોંચેલી કન્યાઓ જોડે બેસીને સેક્સના એ આવિષ્કારને કઈ રીતે જીરવી શકાય? સેક્સના એ આક્રમણને ખાળવા જેટલા આપણે પુખ્ત અને પ્રબુદ્ધ બન્યા નથી. સેક્સ અને વાસના વચ્ચેની પાતળી ભેદરેખા સમજવાની છે. કામવાસના એ કેવળ ઈન્દ્રિય આવેગ પૂરતી મર્યાદિત નથી. તેમાં શારીરિક સુખ સાથે માનસિક સંતોષને તૃપ્તિ મળે છે. તેમાં ઈન્દ્રિય, સ્ત્રી-પુરુષોના સંબંધો, લગ્નજીવનનું સ્વાસ્થ્ય, દાંપત્યજીવનની ગરિમા, શારીરિક તંદુરસ્તી, કુટુંબ કલ્યાણ અને સમાજની સુખકારીના અનેકવિધ પ્રશ્નો સંકળાયેલા છે. સેક્સ વિશેની પૂરતી જાણકારી વિના, સેક્સ અંગેના શાસ્ત્રોક્ત જ્ઞાન વિના આ પ્રશ્નોના ઉકેલ શોધવાના મિથ્યા પ્રયાસમાં આપણે અટવાયા છીએ.

સદીઓથી જોડાઈ ગયેલી પાપગ્રંથિને કારણે સેક્સને વૈજ્ઞાનિક રીતે સમજવાનું દૂર ઠેલાતું ગયું. ધર્મગુરુઓએ આ ગ્રંથિને પોષવાનું જ કામ કર્યું છે. પાપગ્રંથી જીવનનું ખૂબ મહત્ત્વનું પરિબળ જ નહીં, મુક્તિ આપનારું પરિબળ પણ છે. સેક્સ એ જીવન શક્તિ છે. પ્રેમની અભિવ્યક્તિનું નિમિત્ત છે અને જીવનની એકતા - સમગ્રતાને પામવાની આપણી ઝંખનાનું સંગીત છે. નિક ડગ્લાસનું મંતવ્ય સેક્સના રહસ્યને સમજવામાં ખપ લાગે તેવું છે. એ કહે છે, Sexual liberation implies the libertion of the whole being : body, mind and spirit. This holistic view point is an essential ingredient to understand the sexual secrets.

સેક્સમાંથી છૂટકારો એનો અર્થ શરીર, મન અને આત્મા સહિત સમગ્ર અસ્તિત્વની મુક્તિ એવો થાય. આવો અખિલાઈભર્યો દૃષ્ટિકોણ સેક્સના રહસ્યોને સમજવાની પૂર્વશરત ગણાય.

✤ ✤ ✤

# માણસ વંદનીય હોય પૂજનીય તો ફક્ત ઈશ્વર

✍ નિખીલ પરીખ

આપણો ભારતદેશ એટલે રાજાઓ, નવાબો, બાદશાહોનો દેશ. તેઓના બીજા સારા, ખરાબ ગુણોને જવા દઈએ તો પણ બધામાં એક ખાસિયત સામાન્ય જોવા મળતી અને તે એ કે દરેકને ખુશામત અને જી હજુરીઆઓ આજુબાજુ ન હોય તો ચેન ન પડે. રાજા ખુશામતથી રીઝે તો ગામના ગામ આપી દે અને રૂઠે તો ફાંસી, રાજાનો પડયો બોલ ઝીલવા પ્રજા તૈયાર, રાજા એટલે ભગવાન. એ કહે, એ કરે એ બધામાં પ્રજાને પુરેપુરો વિશ્વાસ. એ નીમે એ પ્રધાન, નીમે તે મંત્રી કે સેનાપતિ, રાજાનો વારસદાર નમાલો કે પોણીયો હોય તો પણ લોહી તો ખાનદાનીને ? રાજાના કુંવર હોય, કુંવરી હોય કે રાણીબા બધા જ પુજાય. ઈતિહાસ સાક્ષી છે કે આટલાં બધા રાજાઓમાં આંગળીના વેઢે ગણી શકાય એટલાં જ રાજાઓએ પ્રજાના વિશ્વાસને એમની ભક્તિને, એમના પ્રત્યેના અહોભાવને સાર્થક કર્યો છે. પરંતુ ભારતદેશના લોકોની વ્યક્તિ પુજા કરવાની આદત આજે પણ એવી જ છે.

રાજાઓ ગયા તો નેતાઓ આવ્યા, ધર્મગુરૂઓ, અભિનેતા, રમતવીરો આવ્યા દરેક ક્ષેત્રમાં માંધાતાઓ આવ્યા. વર્ષોથી પડેલી Hero Worship વ્યક્તિ પુજાની આદત હજી ગઈ નથી. અમિતાભના અને સાઉથની હીરોઈનોના મંદિરો બનાવવામાં આવ્યા એને હું આ બાબતની ચરમસીમા કહીશ. આજે પણ હીરો હીરોઈનો શું ખાય છે, શું પીએ છે, કેવા કપડાં પહેરે છે, એમનું શું ગમે છે, કોની પાર્ટીઓમાં જાય છે, કોની વધુ નીકટ છે, કોની સાથે ઉઠે, બેસે કે સુએ છે, કઈ ગાડી વાપરે છે. એમાં લોકોને વધુ રસ છે. એને લગતાં ગોસીપ મેગેઝીનો ભરપુર વંચાય છે. પોતાના પતિ કે પત્ની વિશે ખબર ન હોય એટલી ખબર લોકોને આ હીરો હીરોઈનોની હોય છે. કોઈપણ હીરો હિરોઈનને એટલાં તો માથે ચઢાવી દઈએ છીએ કે પછી અપેક્ષા પૂર્ણ ન કરે તો ગુમનામીમાં ફેંકાઈ જાય છે. પરંતુ એટલી વારમાં વ્યક્તિ પુજા માટે બીજા હાજર જ હોય. સચીન હોય કે શહેવાગ રાતોરાત ક્રિકેટ પ્રેમીઓના ભગવાન બની જાય. ગમે એટલું કમાતા હોય એને નવી ગાડી ઉપર ડયૂટી કે ઓકટ્રોય ભરવી જોઈએ કે નહી એ માટે જનમત લેવાય. જાણે કે આ બધા ઉપરથી ઉતરી આવ્યા હોય. પોપ સ્ટારો કીસ કરે અને સાથે ડાન્સ કરે તો તે વ્યક્તિના ભાવ રાતોરાત વધી જાય.

ધંધામાં પણ એજ વ્યક્તિ પૂજા. મોટા મોટા ઉદ્યોગપતિઓની વાત જવા દઈએ. પણ નાના નાના બજારોમાં પણ એજ. આ અમારા કાથાબજારના કીંગ, આ કાગળ બજારના, આ ઈલેકટ્રીક બજારમાં કે હાર્ડવેર બજારના કીંગ, દરેક જગ્યાએ લોકોને કીંગ બનાવી દઈએ. ડાયમંડ કીંગના ઘરે લગ્નમાં હાજરી આપવા તો રીતસરની પડાપડી થાય. આમંત્રણ મળે એવી વ્યક્તિ માટે પણ અહોભાવ જાગે.

રાજકારણીઓની તો એ જ રાજાઓ જેવી વાત. રાજાઓ ગયા ને રાજકારણીઓ આવ્યા. સમાજનો સડો, ગંદકી સંસદમાં જવા લાગ્યો. નેતાઓની પત્નીઓ અને બાળકો પણ પુજાય છે. વંશવારસાગત રાજગાદીની પ્રથા

આજે પણ છે. હીરો વર્શીપીંગમાં લાલુ પણ પુજાય અને જયલલિતા પણ પૂજાય. ધર્મગુરૂઓ તો પહેલેથી હતાં. એમાં ભળ્યા સમાજ સુધારકો, કથાકારો, વાર્તાકારો, સાધુ મહારાજો, બાવાઓ, બેટીજીઓ, બાપુઓ આ બધાએ સમાજમાં સુધારો કર્યો કે નહીં, લોકોના જીવન સુંદર બનાવ્યા કે નહી એની વાત જવા દો. એ બધાના જીવનધોરણ જરૂરથી સુધરી ગયા. કથાકારો ફક્ત ધર્મગ્રંથોને સમજાવે વચ્ચે વાર્તાકાર થઈને લોકોને ધર્મના સારા વિચારો ગળે ઉતારે એટલે એમના પ્રત્યે માન હોય એ ઠીક છે, પણ એના મોઢામાંથી આપણી ઉપર થુંક ઉડે તો પણ જાણે અમૃતના અમી છાંટણાં થયા હોય એવો અહોભાવ શા માટે ? આપણને ત્યાગ ભક્તિ બલિદાનની વાતો શીખવવાની પણ પોતાની સ્વચ્છંદી એશોઆરામભરી જીવન શૈલીનું શું ? જવાબ હાજર છે,''મોટા લોકો જે કરે તે નહી પણ જે કહે તે કરવું જોઈએ'' એક માણસ એક સાધુ પાસે ગયો. કહે મા'રાજ મને કંઈક બનવું છે. કંઈક શીખવો, ગુરૂ કહે મારા આશ્રમમાં રહેવું પડશે. રોજ પાંદડા પડે એ વાળવા પડશે, મારા પગે રોજ ચંપી કરવી પડશે, આશ્રમના વિવિધ કામ કરવા પડશે. તો હું તને મારો શિષ્ય બનાવું. પેલો માણસ કહે,'તો પછી તમે શું કરશો ?' ગુરૂ કહે હું તો બસ એક બાજુ બેસીને તને હુકમો કરીશ અને તારી સેવાનો લાભ લઈશ. પેલો માણસ કહે મહારાજ તો પછી એક કામ કરો મને ગુરૂ બનાવવાનું જ શીખવો. એમાં મને વધુ રસ પડે છે.

આપણે વ્યક્તિના વિચારો કરતાં, એના કાર્યો કરતાં વ્યક્તિને વધુ મહત્વ આપીએ છીએ. એ વ્યક્તિને મહાન ગણીએ છીએ એની પુજા કરીએ છીએ અને જ્યારે એ વ્યક્તિ પ્રત્યેનો અહોભાવ તુટે એટલે એનું કાર્ય એના વિચારો મહાન હોવા છતાં એ કાર્ય છોડી દઈએ છીએ. પાંડુરંગ શાસ્ત્રીની બાબતમાં, એમની ઉચ્ચ સામાજીક સુધારાની વિચારણા અને પ્રવૃત્તિને કેટલાંયે લોકોએ છોડી દીધી. એટલે માન વ્યક્તિને અપાયું એના વિચારોને નહી. રજનીશજીને ઓશો કે ભગવાન ન બનાવ્યા હોત તો કદાચ આપણને વધુ ઉત્તમ વિચારો વધુ લાંબા સમય માટે મળ્યા હોત.

ધર્મગુરૂઓમાં પણ વંશ જોવાય છે. જ્ઞાન અને ભક્તિ નહિ. ધર્મકાર્યોમાં શ્રધ્ધા હોવી જોઈએ. એના બદલે ધર્મગુરુઓમાં અને એના ઠાલા વચનોમાં વધુ શ્રધ્ધા ધરાવીએ છીએ. આપણને સારા વિચારો કે કર્મો દ્વારા નહીં પણ ઝારીઓ ભરીને, ગંગાસાગરમાં ડુબકીઓ મારીને કે પછી બેઠકો કરીને પુણ્ય મેળવવું છે કારણ કે શોર્ટકટ ધર્મગુરૂઓએ બતાવ્યો છે. આજે ધર્મ એ ધંધો થઈ ગયો છે. અને ધંધામાં ધર્મ રહ્યો નથી. સમાજમાં પણ તાલેવંત વ્યક્તિઓ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પૂજાય છે. ''વ્યક્તિ નહી સંસ્થા મહાન છે'' એ ફક્ત કહેવાની વાતો છે. કેટલાંક બની બેઠેલા પ્રતિષ્ઠિત માણસો જ સમાજના ધારા ધોરણે નક્કી કરતાં હોય છે. એમનો પડયો બોલ ઝીલાય છે અને કીંગમાંથી કીંગમેકર થઈને આવા લોકો આર્શીવાદ આપતાં ફરતા હોય છે.

ઘણાં લોકો પ્રસિધ્ધ વ્યક્તિની આજુબાજુમાં બીજા કારણથી ફરતાં હોય છે, એ કારણ છે મળતી પ્રસિદ્ધિ. ફલાણો ફલાણાની બહુ નજીક છે એમ કહેવડાવવાથી પણ ઘણાં લાભ થતાં હોય છે. એકવાર એક માણસ ઉપર રાજા ખુશ થઈ ગયા. એજ ''માંગ માંગ તને શું જોઈએ'' વાળી વાત પેલા માણસે કહ્યું, રાજા મારે કંઈ ન જોઈએ ફક્ત દરબારમાં આપની બાજુમાં રોજ ઉભો રહેવા દો અને એક બે વખત તમારા કાનમાં કંઈક કહેવા દો. રાજાને નવાઈ લાગી પણ કહી દીધું તથાસ્તુ. રોજ પેલા માણસને

રાજાના કાનમા વાત કરતાં જોઈને બધા દરબારીઓને થયું નક્કી આ માણસનું રાજા સાંભળે છે. એ માણસ રાજાનો ખાસ અંગત માણસ લાગે છે. એટલે રોજ પછી લોકો પોતાનું કામ કઢાવવા પેલાને ભેટ સોગાદો આપતાં થઈ ગયાં. બસ આજ વસ્તુ મોટી વ્યક્તિના હજુરીયાઓને જોઈતી હોય છે. શંકર સાથે પોઠીયો પુજાય એ આનું નામ.

કોકની રમત ગમતી હોય, એકટીંગ ગમતી હોય, કોઈના આચાર વિચાર પ્રત્યે માન થતું હોય, કોઈની વાતો કે લખાણ ગમતું હોય એને વખાણવામાં કે બિરદાવવામાં એને માન આપવામાં કે નમન કરવામાં કંઈ ખોટું નથી. પરંતુ વ્યક્તિપુજા દ્વારા એને ભગવાન બનાવી દેવામાં ખોટું છે. માણસને માણસ જ રહેવા દો. ઈશ્વર ન બનાવો કારણ કે ત્યાંથી જ એ વ્યક્તિના પતનની શરૂઆત થતી હોય છે. વ્યક્તિ પુજાનો પ્રારંભ થાય પછી એ વ્યકિતની આજુબાજુ સંતકથાઓ અને દંતકથાઓ ગુંથાય છે, ચમત્કારોની વાતો વહેતી થાય છે, એમના જન્મદીનની ઉજવણી શરૂ થાય છે, પગે લગાય છે, પગ ધોવાય છે, એની ચાખડીની સ્થાપના થાય, એમની પધરામણી થાય, ફોટાઓની વહેંચણી થાય અને એમની એક અમી દ્રષ્ટિ આપણ પર પડે તો ધન્યતા અનુભવાય. આમ વ્યક્તિપૂજા કરતાં કરતાં જ કદાચ આપણા દેવી દેવતાઓની સંખ્યા કરોડો ઉપર પહોંચી હશે. હજી એમાં નવા દેવી દેવતાઓ ઉમેરાતા જશે કારણ કે વધુને વધુ લોકો ઘુંટણીયે પડતાં જાય છે. શ્રી પી.જે. પ્રુદો એ કહ્યું છે ''મોટા માણસો મોટા છે એનું કારણ એ છે કે આપણે એમને ઘુંટણીએ પડેલાં છીએ.'' માટીપગા માનવીઓને મહાન બનાવવાનો આ ધંધો બંધ કરીને ખુદ ઉભા થવાનો, ખુદ બુલંદ થવાનો પ્રયત્ન થશે તો જ સમાજની સાચી ઉત્ક્રાંતી થશે.

✤ ✤ ✤

## ગુજરાતી ભાષા.... મને બહુ ગમે

ભાષાના બગીચામાં ખીલવું મને બહુ ગમે
ને મને કોઈ સમજે તો બોલવું મને બહુ ગમે
શબ્દોના લાલીત્યને સાહિત્યમાં સમજવું..
ને અલ્પજ્ઞાનની ઉન્નતિના અહંકારમાં રાચવું.... મને
રૂપક અને અલંકારોની નગરીમાં વિહરવું.
ને સાજનની વેણીમાં ગુંથાયેલા શબ્દોની સુંગંધ.... મને
મનમાં ઉમટતી ઉર્મિઓને શબ્દો આપવાનું
ને પછી સાજનની આંખોમાં ઉભરાતા પ્રેમમાં પલળવું... મને
ભાષા રૂપે પ્રસરતી સંસ્કારોની ફોરમ...
ને કુમળા (માનસ) છોડ પર એને પાંગરતો જોવાનું...મને
વિચારવલયને આકારતું આ શબ્દકોષ...
ને ઠરી જતી આ રજળિયાત ભાષાને મઠારવી.. મને
જન જનમાં વ્યાપે જો માતૃભાષાનો પ્યાર તો...
અંગ્રેજીથી પીડાતા દર્દીઓને આ કાવ્ય સંભળાવવું... મને

*- સંગીતા નિખિલ પરીખ*

---

## રસ્તો ભાગે છે.....

રસ્તો ભાગે છે
આભની હોડમાં, મૂકી સર્વસ્વ
પોતાનું લંબાઈને પાતળો થતો-
વળી ગયેલી કેડવાળો....
રીંછની ખૂંપી ગયેલી આંખોથી જોતો
દૂર દૂર ક્ષિતિજને પામવા રસ્તો ભાગે છે
કેટલાયે કાળચંદ્રોના ઘર્ષણથી
છુંદાયેલો, ઘવાયેલો, ગભરાયેલો,
દમભીડીને અનિમેષ નજરે,
પામવા પેલા ધ્રુવને,
વંટોળિયામાં ધુમરિયો ખાતો,
બાથમાં ભરી લેવા
અખિલ બ્રહ્માંડને રસ્તો ભાગે છે.

*- અતુલ રતિલાલ દેસાઈ (દેડકી)*

# એક પત્ર

✍ *શશીકાન્ત કડકીઆ*

**પ્રિય ઊર્વિશ**

આમ તો રામચરિત માનસ ભારતની પ્રજાને નિરંતર મદદ કરનારો, લોકભાષામાં લખાયેલો ધર્મગ્રંથ છે. બાઈબલ અને શેક્સપિયરને ભેગા કરીએ તો તેની સરખામણી તુલસીદાસનો રામચરિત માનસ ગ્રંથ સાથે થાય એટલું ઊંચું એનું હિંદી ભાષામાં મૂલ્ય છે. લોકો તેને રામકથા તરીકે સાંભળે છે. આધ્યાત્મિક પુરુષો તેને એક આધ્યાત્મિક રૂપક રૂપે જુએ છે અને આધ્યાત્મિક અર્થ કાઢે છે.

હું અહીં તને જે કહેવા માગું છું તે છે એનામાં આવતો સામાજિક સંદર્ભ. હું મુળ ચોપાઈઓ નહીં ઉતારું. રામ પોતે જ કબંધ રાક્ષસ ગંધર્વ બન્યો ત્યારે બોલે છે કે શાપ આપનાર, મારનાર, કઠોર વચન કહેનાર વિપ્ર પૂજ્ય છે એમ સંતો કહે છે. ચારિત્ર્ય અને ગુણ વગરના વિપ્રને પૂજવો જોઈએ પરંતુ ગુણથી ભરેલા અને જ્ઞાનમાં પ્રવીણ એવા શુદ્રને ન પૂજવો. તુલસીના મનમાં બ્રહ્મમાં રમણાર એવો વિપ્ર હશે. પરંતુ જન સામાન્યને ગળે આ વાત ઊતરશે નહીં. ત્યારે ચાર વર્ણની શૃંખલા અતૂટ હશે.

ઢોલ, મૂર્ખ, સમુદ્ર, પશુ અને નારી આ બધા મારને યોગ્ય છે એમ રામ સમુદ્રને કહે છે. વળી નારદને કહે છે કે કામ ક્રોધ લોભ વગેરેમાં દારૂણને દુઃખ આપનાર માયારૂપ નારી છે. તેઓ વર્ષાઋતુને વર્ણવતા લક્ષ્મણને કહે છે કે નારી સ્વતંત્ર થવાથી બગડી જાય છે. આ બધા વિધાનોનો શો આધ્યાત્મિક અર્થ થતો હશે તે સમજાતું નથી. પરંતુ આજના સામાજિક પરિપ્રેક્ષ્યમાં તો ચોખ્ખું દેખાય છે કે સામાન્ય નારીને માટે તુલસીના સારા ઉદ્ગાર નથી. ક્યાંય પુરુષની કામુકતા, આક્રમણ શીલતા, યુદ્ધખોર વૃત્તિ વિશે તેમાં લખાયું નથી. તુલસીને માયામાંથી છોડાવનાર જ એની પત્ની રત્નાવલી હતી. તુલસીદાસની મેં ઉપર કહેલી સ્ત્રી વિશેની વાત આજના સમાજને ખૂબ ખૂંચે છે, માંડવી ઊર્મિલા, શ્રુતકીર્તિ ને સીતા આપણા દેશની આદર્શ નારી છે. એવી તો ઘણી બધી નારી મહાભારતમાંથી આપણને મળશે. શબરી જ મહાન સંત નારી હતી. ભક્તિનું મૂર્તિમંત શિલ્પ હતી.

છતાં એક વાત કરી લઉં. આજે ય બહુ શિક્ષિત પુરુષો સ્ત્રીને મારે છે, સ્ત્રીના વ્યક્તિત્વનું સન્માન ભાગ્યે જ થાય છે. આપણી પુરૂષ પ્રધાન સંસ્કૃતિ છે. પુરુષના અસપ્રજ્ઞાત (unconscious) મનમાં સ્વામીપણાની ગ્રંથિ સુપ્ત રહેતી હશે, જે સમય પાકતાં જાગી ઊઠતી હશે, આજે નારી સાથેનો અભિગમ ઊંચો નથી જ. સ્ત્રી વ્રતો કરે છે, પુરુષ કોઈ વ્રત નથી કરતો. પુરુષ સ્ત્રીનું સમર્પણ માગે છે પણ પોતે સ્ત્રીને સમર્પિત થતો નથી. સ્ત્રી એના જીવનનો માત્ર એક ભાગ છે. આ બધું આપણે જોઈએ છીએ ત્યારે લાગે છે કે નરના જેટલું મૂલ્ય નારીનું આપણા સમાજમાં પૂરેપૂરું ક્યારે ચરિતાર્થ થશે એ વિશે ચોક્કસ કહી શકાય નહીં. નારી-શિક્ષણ, નારી-જાગૃતિ, પુરુષમાં રહેલા મુખ્યત્વનો પ્રબોધ, જીવનના દરેક ક્ષેત્રે નર નારી વચ્ચે ભેદનો અભાવ આ બધું જ્યારે સમજપૂર્વક આવશે ત્યારે નારીનું મૂલ્ય ઉજ્જવળ થશે.

# જ્યોતિપુંજ

એક બીજી વાત, મોરારિબાપુએ એક વાર કહેલું કે જો ધર્મ બધાને જોડશે નહીં, તો બીજું કોણ જોડશે? માનવ-ધર્મ એની અમર્યાદિત વિશાળતામાં જોડવાનું કામ કરે છે. પરંતુ ચોકઠામાં પુરાયેલા ધર્મો ને સંપ્રદાયો કદી માનવ માનવ વચ્ચે સેતુરૂપ બન્યા નથી. ચોકઠાબળથી આ ધર્મોએ તોડવાનું કામ કર્યું છે. ખ્રિસ્તી ધર્મના પ્રોટેસ્ટટોને આખા ને આખા બાળી મૂકવામાં આવતા. હિંદુઓને કાફરો ગણીને ઈસ્લામના અનુયાયીઓએ ઓછો જુલમ ગુજાર્યો નથી. આજે શીખ ધર્મીઓ હિંદુઓને શત્રુ ગણે છે અને હત્યાકાંડ સર્જે છે. આપણા સંપ્રદાયોએ શિવ, રામ, કૃષ્ણના ભક્તો વચ્ચે ભેદની દિવાલો ચણી છે. કોઈ સંપ્રદાય મુક્ત મજાવાળો નથી. સંપ્રદાય એટલે જ મુક્ત મનનો અભાવ એક પ્રકારનું બંધન, ગ્રંથિ અને અસહિષ્ણુતા.

માનવોને જોડનાર આજે બે જ વસ્તુ છે. વિજ્ઞાન અને અધ્યાત્મ. વિજ્ઞાને દુનિયાને નાની કરી મુકી છે. અને મનુષ્યોને એકબીજામાં રસ લેતા કર્યાં છે. આધ્યાત્મ (સૌમાં એક જ આત્મા છે) મુક્તિનો પથ દાખવે છે ત્યાં વાડા નથી, ત્યાં તોડવાની વાત નથી એ તો સૌના દિલને જોડે છે.

પ્રિય ભાઈ, આપણે આ સંપ્રદાયોથી ઉપર ઊઠવું જોઈએ, નહીંતર આપણા મન ધાર્મિક દૃષ્ટિએ રોગિષ્ટ બનશે. આજના યુગની માગ છે કે ખુબ મુક્ત મનના રહીએ. સહિષ્ણુ બનીએ, સમતા જીવનમાં કેળવીએ. સ્ત્રી-પુરુષમાં ભેદ ન જોઈએ અને એ બન્નેના વ્યક્તિત્વને શોભાસ્પદ માન્યતા આપીએ. તો જ ઈતિહાસના આપણે ગુનેગાર બનતાં અટકીશું. આપણે સ્ત્રીને મા તરીકે ખુબ ઊંચું સ્થાન આપ્યું છે. કોઈએ કહ્યું છે કે ભગવાનથી બધે ના પહોંચાય એટલે એણે માતા સર્જી પરંતુ એ યાદ રાખવું ઘટે કે માતામાં રહેલી નારીનું ગૌરવ એક મનુષ્ય તરીકે પૂરેપૂરું સચવાવું જોઈએ, તેના સ્વત્વને, તેના અનેકવિધ વિકાસને તેના વ્યક્તિત્વને સમાનતા, પ્રતિષ્ઠાને આદર સાથે સામાજિક જીવનમાં વિશેષ સ્થાન મળવું જોઈએ. તો સ્ત્રી પણ બુદ્ધ, જડ, ચોકઠારૂપ સંપ્રદાયોના કર્મકાંડમાંથી બહાર આવશે અને ભાવિના નાગરિકોને તેમના સંતાનોને ખુલ્લા હૃદયથી તે મુક્ત મનથી જીવનને સમગ્રપણે સ્વીકારવામાં પ્રેરણારૂપ બનશે.

તારા તંત્રી લેખો મને લગે છે. એ માટે મારા અભિનંદન. આ તો એક વાત મનમાં હતી તે તને સમાનધર્મીને કહેવા બેઠો. મારા વ્હાલા.

❖ ❖ ❖

---

## ઝંખના

તને ન સમજી શકયાં,
કે હું શષું ઝંખુ છું
અરે! તમારી મમતામાં,
ભૂલી ગયો છો શું
શોધું જીવનની રાહમાં,
કોને કહું મારું
પ્રેમ-તરંગ આવેશમાં
ના-દિલને રોકું!
પરવા ના - છે દુનિયાની,
કદમ માડું છું!
હુશ્ન-બહાર અદાઓમાં,
પુષ્પ નીચે દેખું! તમે ન સમજી......

*- કીર્તિ મોદી (બોરીવલી)*

# ભક્તિ સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રીમદ વલ્લભાચાર્ય
## (૧૪૭૯ – ૧૫૩૦)

ભારતની પદયાત્રા દરમ્યાન અડેલથી વ્રજ તરફ જતાં આગ્રા નજદિક ભક્ત - કવિ સૂરદાસ શ્રીમદ વલ્લભાચાર્યને મળવા આવે છે. ત્યારે કૃષ્ણ પ્રેમી સૂરદાસને આચાર્યશ્રી પ્રભુના ગુણગાનનું કીર્તન સંભળાવવાનું કહે છે પણ સૂરદાસના આ ભજનમાં વિષાદનો ઓછાયો જ દેખાય છે, કૃષ્ણનું આનંદસ્વરૂપ નહિ. આથી મહાપ્રભુજી નારાજ થાય છે. તેના આ રોતલ સ્વભાવને બદલવા જણાવે છે પણ જન્મથી દુ:ખને જ વરેલા આ કવિ પાસે કૃષ્ણની તે મસ્તી ક્યાંથી આવે ? આ પ્રસંગે તેને ઈશ્વર દર્શન કરાવી કૃષ્ણ-લીલા બતાવે છે. આ ઘટના બાદ સૂરદાસનું અંદરનું રૂપ જ બદલાઈ જાય છે ને તે પછી પ્રભુ-લીલાના ભજનો ગાવા માંડે છે. પરિણામે પુષ્ટિ માર્ગના અષ્ટ મંડળમાં તેમનું સ્થાન અંકિત કરે છે. કહેવાય છે કે તેમણે કૃષ્ણ ભક્તિના લાખેક પદો રચી પ્રભુની ગોદમાં તે સમાઈ ગયા. આવા અનેક લોકોને કૃષ્ણ ભક્તિનો સાચો રાહ દાખવી પુષ્ટિ માર્ગના આ પરિવ્રાજકે સમાજની તાસીર બદલી નાખી ને નિરાશ તથા નિરુત્સાહી પ્રજામા નવચેતના આણી.

સ્વાભાવિક છે કે આ સંત પુરુષે માનવદેહ ધારણ કરી યુગ પરિવર્તનનું જે મહાન કાર્ય હાથ ધર્યું તેની આછી રૂપરેખા આપી સૌને તેમનો પરિચય કરાવાય. અને તેથી તેના આ વિશાળ સાગરમાંથી નાની ગાગર દ્વારા આચમન કરાવી ગમતાનો કરીએ ગુલાલ મુજબ અહીં તેમના માનવ સ્વરૂપનું દર્શન કરાવવાનો બાલિશ પ્રયાસ માત્ર છે. તેમને મૂલવવાની કે ન્યાય અપાવવાની મારાથી ચેષ્ટા પણ ન થાય.

***'ગણ્યો આનંદ અક્ષરનો, અન્ય દેવોય પ્રાકૃત,***
***પૂર્ણાનંદ હરિરૂપે, કૃષ્ણ એ જ ગતિ મમ.'***

શ્રી કૃષ્ણની અનન્ય ભક્તિ સિવાય બીજું જેને કાંઈ સૂજયું નહિ તેની પ્રતીતિ તેમના આ 'કૃષ્ણાશ્રય' પદમાં આપણને જોવા મળે છે. આવી જ ઘેલછા તેમના 'મધુરાષ્ટકમ' સ્તોત્રમાં પણ છતી થાય છે.

***'અધરં મધુરં વદનં મધુરં નયનં મધુરં હસિતં મધુરમ્ ।***
***હૃદયં મધુરં ગમનં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્ ।।'***

આથી 'ચિન્તા સન્તાન હંતારો' આ શ્લોક દ્વારા પોતાના શિષ્યોની ચિંતા હરનારા એક ગુરુજન તરીકે પ્રસ્થાપિત કરી આપણે પ્રથમ તેમને પ્રણામ પાઠવીએ. પછી તેમણે જે ક્રાંતિકારી ધર્મ પ્રવર્તકનું વિરાટ કાર્ય જ્ઞાન, ભક્તિ અને કર્મના સંગમ દ્વારા પોતાના જીવન થકી કરી બતાવ્યું તેનો આસ્વાદ તેમના જીવનવૃત્તાંત, તેમની ફિલસૂફી, તેમની ભારતની ત્રણ પદયાત્રાઓ તથા તેમના કવનથી મેળવીએ. આટલું જ નહિ પણ આજના જેટ યુગ માટે તે પ્રસ્તુત છે કે નહિ પણ તપાસસું.

સન ૧૪૭૯ની સાલમાં ભારતના મધ્ય પ્રદેશમાં એક અસાધારણ પરિસ્થિતિ વચ્ચે આ પવિત્ર પુરુષનો જન્મ થયો, જે ઘટના સ્વયં ચમત્કારી હોય તેમ તેની વિગતો જોતા સૌને લાગશે. તે વેળા કાશીમાં રહેતા

# જ્યોતિપુંજ

તેમના મા-બાપ - શ્રી લક્ષ્મણ ભટ્ટ ને ઈલામાગારુ- મુસ્લીમ આક્રમણથી ડરીને દક્ષિણ ભારત તરફ આવી રહ્યા હતા. પરંતુ કુદરતને કરવું તે આ કપરા કાળમાં જ ચંપારણ છોડયા બાદ જંગલ વિસ્તારમાંથી પસાર થતાં નદી કાંઠે એક શમી વૃક્ષ હેઠળ માતા ઈલામાગારુને પ્રસવ થયો. આવી કટોકટી વખતે આ બાળકને સાથે તો ના લઈ જવાય. આથી વિષાદ સાથે કપડામાં વિંટાળી તેને ત્યાં જ છોડી દીધું અને પોતે આગલે ગામ જવા રવાના થયાં પણ આ જગત ઉધ્ધારક આમ તરછોડાયેલો થોડો જ રહે ? તે રાતે જ તેના માબાપને સ્વપ્નમાં પ્રભુએ આ બાળક પાછું લઈ આવવા આદેશ કર્યો. તે અનુસાર તેઓ પાછા વર્યાને ત્યાં શું જોયું ? કપડામાં વિટાળેલું આ બાળક રમતું હતું ને ચોપાસ અગ્નિજવાળા તેનું રક્ષણ કરતી હતી. માએ તરત પોતાના બાળકને અશ્રુ સહિત ગોદમાં લીધું ને પોતાના વ્હાલથી નવાજી દીધું. પછી તે નજદિકના ચૌરા ગામે જાય છે. જ્યાં તેના ઉછેરની બધી જવાબદારી તેમના શિષ્ય ઉપાડી લે છે. મૂળે તો તેમના પિતા તે જમાનાના પ્રખર પંડિત હતા ને શ્રી કૃષ્ણના પરમ ભક્ત. આ કારણે ચોપાસ તેના અનુયાયીઓ પથરાયેલા હતા. હવે અહીં કાશીમાં પરિસ્થિતિ થાળે પડતાં શિષ્યોના કહેવાથી સપરિવાર તેમના પિતા પાછા કાશી આવ્યા. મા બાપે અહીં ૧૧ માં દિવસે તેમની નામકરણ વિધિ કરીને ‘વલ્લભ’ નામ રાખ્યું.

તેમનું બાળપણ અસાધારણ હતું. તેમાં તેમની તીવ્ર યાદશક્તિ ને પ્રખર બુદ્ધિના કારણે તે બીજા બાળકોથી અલગ પડતા. ઘરમાં પિતા શાસ્ત્રજ્ઞ ને વાતાવરણ ધાર્મિક. આથી પણ નાનપણથી તેમનામાં ધર્મશાસ્ત્રના અભ્યાસની તાલાવેલી દેખાય છે. સાતમે વર્ષે તેમની ઉપનયન વિધિ કરીને તેમને ગાયત્રી મંત્ર આપ્યો. પછી તેમના પિતાએ નિષ્ણાતો રાખી તેમને ચાર વેદો શીખવાડયા ને પોતે તેમને યજુર્વેદની સંહિતા શીખવાડી. તેમના ગુરુ પાસેથી ભગવદ્ ગીતા, નારદ પંચરાત્ર ને અન્ય ધર્મ શાસ્ત્રોનું જ્ઞાન લીધું. કુમાર વય પૂર્વે તેમણે ભારતીય ફિલસૂફીની છ શાખાઓ જાણી લીધી. આથી દસમા વર્ષે તેમની કાશીના પંડિતોમાં ગણના થવા માંડી ને તેમણે ‘બાલ સરસ્વતિ’નું બિરુદ મેળવ્યું. સન ૧૪૯૦માં તેમના પિતાનું અવસાન થતાં તેમના જીવનમાં નવો વળાંક આવ્યો.

લોક સંપર્ક સિવાય પોતાને લાધેલું જ્ઞાન ને ધર્મની સાચી સમાજ સમક્ષ સીધી પહોંચાડવી અશક્ય જણાતા ભારતભરની પદયાત્રા હવે અનિવાર્ય બની. આટલી નાની વયે આવું ભગીરથ કાર્ય શરૂ કરવું તે કોઈ નાની સૂની વાત નહોતી, પરંતુ પ્રભુનો સાથ ને તેની સતત પ્રેરણા આ માટે તેમને કટિબધ્ધ કરે છે. તેમની ત્રણ -ત્રણ પરિક્રમા પાછળ ઈશ્વરનો આ સંકેત જ મુખ્ય હતો. આ પ્રવાસયાત્રા દરમ્યાન તેમને કેવી પરિસ્થિતિનો સામનો કરવાનો આવે છે અને તે કેવી રીતે તેમાંથી પાર ઉતરે છે તેનો આ અદ્દભુત પ્રસંગ સચોટ બયાન કરે છે.

પંદરમી સદીમાં ભારત મધ્ય યુગની અસર હેઠળ ગરીબાઈ ને નિરક્ષરતાથી પીડાતું હતું. ચોપાસે ધાર્મિક અંધાધુંધી પ્રવર્તતી હતી, કેન્દ્ર સરકાર પર ત્યારે મુસ્લીમ સલ્તનત હેઠળ સિંકદર લોદીનો જુલ્મી વહીવટ ચાલતો હતો. પ્રભુ-ભક્તિ તો જન સમાજમાંથી જાણે વિસરાઈ ગઈ હતી. આવા કપરા કાળમાં લોક-જાગ્રતી આણવા આ યુગ પુરુષ અનેક કઠીનાઈનો સામનો કરતો માતૃભૂમિની અખંડ પરિક્રમાએ નિકળ્યો તેમની આ

પદયાત્રામાં ફરતા ફરતા તે દક્ષિણ ભારતના તુંગભદ્રા નદીના કાંઠે આવેલ ભવ્ય ને સમૃધ્ધ વિજયનગરમાં પ્રવેશ કરે છે. તે વેળા ત્યાંનો રાજ્ય કારભાર માધવના વૈષ્ણવ પંથી શ્રી કૃષ્ણદેવરાય સંભાળતા હતા. આ હિંદુ રાજાના ન્યાયી વલણ ને ઉદાર નીતિના કારણે બીજા ધર્મના લોકો પણ ત્યાં સુખેથી જીવતા હતા. આ, બાલ-સરસ્વતીના આગમન સમયે રાજ દરબારમાં માધવપંથી શ્રી વ્યાસતીર્થ ને શ્રી શંકરાચાર્યના કેવળ અદ્વૈત વાદના પંડિત વિદ્યાતીર્થ વચ્ચે ઉગ્ર વાદવિવાદ ચાલી રહ્યો હતો. વિષય હતો બ્રહ્મન, જીવ ને જગત એકબીજા સાથે કઈ રીતે સંકળાયેલા છે ? બંને પક્ષના પંડિતોની દલીલો ૨૮ દિવસો ચાલી. અંતમાં માધવપંથ તેમાં હારી રહ્યો હતો તે જાણી આ ચર્ચામાં ભાગ લેવા ને પોતાના વિચારો વ્યક્ત કરવા શ્રી વલ્લભાચાર્યે માંગણી કરી. આ નાજુક પરિસ્થિતિમાં માધવના વૈષ્ણવ પંથની તરફેણમાં નિજી મત આપી આખી બાજી બદલી નાખી. તેમની દલીલનો મુખ્ય સૂર આ પ્રમાણે હતો : ગીતા, ભાગવત, બ્રહ્મસૂત્ર ને વૈદિક ઉપનિષદોના આધારે બ્રહ્મ વ્યક્ત ને અવ્યક્ત બંને છે. તે જેમ નિર્ગુણ-નિરાકાર છે તેમ સગુણ-સાકાર પણ છે. આથી તૈતરિય ઉપનિષદમાં બ્રહ્મને સચ્ચિદાનંદરૂપ માનેલ છે. તેનું વિધાયકરૂપ તેમજ નકારાત્મકરૂપ બંને સત્ય છે. જ્યારે જીવ પરમનો અંશ છે, તેથી તે સત્ય છે. ગીતાજીમાં 'મમૈવાંસો જીવલોકે જીવભૂતે સનાતન' આ શ્લોક દ્વારા તેનું સમર્થન પણ કર્યું છે. પરંતુ તેમાં માત્ર સત ને ચિત જ છે, આનંદનો તેમાં અભાવ છે. સંપૂર્ણ શરણાગતિ સાથે આ જીવ જો પ્રભુ ભક્તિ કરે, તેની પૂરા ભાવે સેવા કરે, તો તે ઈશને પામી શકે. આ દાસ્ય ભક્તિ દ્વારા આપણે સેવક ને પરમેશ્વર આપણો સ્વામી છે, તેનું તેમણે પ્રતિપાદન કર્યું. પણ તે સાથે નરમાંથી નારાયણ બનવાનો માર્ગ મનુષ્ય માટે પ્રભુએ ખુલ્લો રાખ્યો છે, એમ તેમણે જણાવ્યું અને જગત બ્રહ્મનનું સર્જન હોઈ, તેની ક્રિડા માટે તેને ઊભું કરેલું હોઈ તે પણ સત્ય જ છે. ને શ્રી શંકરના માયાવાદનો વિરોધ કરતાં તેમણે જણાવ્યું કે માયા તે બ્રહ્મનનું સ્વરૂપ છે. તે નકારાત્મક કે અજ્ઞાનરૂપે અસ્તિત્વ ધરાવતું નથી. કેવળ અદ્વૈતવાદમાં માત્ર બ્રહ્મન એકલાને સત્ય સ્વરૂપે સ્વીકાર્યું છે. જગત તો પડછાયારૂપ, સ્વપ્નવત્ માન્યું છે, જેનો કોઈ પુરાવો ઉપનિષદો કે ગીતાજીમાં જોવા મળતો નથી. વળી જ્ઞાન સિવાય ભક્તિને આત્મસાક્ષાત્કારમાં તેઓ સ્થાન આપતા નથી. આથી તે માત્ર શ્રી શંકરની કલ્પના જ છે. આમ માયાવાદનું ખંડન કર્યા બાદ માધવના દ્વૈતવાદને પણ આધાર વગરનું પુરવાર કર્યું. તેમના સ્પષ્ટ વિચારો, યોગ્ય દલીલો ને સાચી હકીકતો દ્વારા આ રીતે પોતાનો શુધ્ધ અદ્વૈત બ્રહ્મવાદ સમજાવી પુષ્ટિ માર્ગની ભૂમિકા તેમણે ઊભી કરી. ખંડન-મંડન દ્વારા સમાજ સમક્ષ પોતાના વિચારો પ્રસ્થાપિત કરવાનો તે જમાનો હતો. ધર્મ પરિવર્તનની આ ક્રાંતિએ સમાજને સાચા ભક્તિ માર્ગ તરફ વાળવા પ્રેરી. તેમના આ વિજયે રાજ-પરિવાર તો તેમનો અનુયાયી બન્યો સાથે 'જગદ્ગુરુ' તથા 'મહાપ્રભુજી'નું બિરુદ પણ તેમને પ્રાપ્ત થયું. અને રાજ દરબારમાં તેમનો કનકાભિષેક કર્યો, જે સોનું તેમણે ગરીબ બ્રાહ્મણોમાં વહેંચી દીધું.

આજની આધુનિક સગવડો તે કાળે ન્હોતી. પૂરા રસ્તાઓ પણ બન્યા ન્હોતા. સંદેશ વ્યવહારની ક્રાંતિ તો હજી છેટે હતી. સમાજ પણ સુસ્ત ને સ્વાર્થમાં

રચ્યોપચ્યો હતો. તે કાળે સમસ્ત ભારતની પદયાત્રા કરવી તે વિચારમાત્ર ચોંકાવનારો ગણાય. આ સમયે આટલી કુમળી વયે આવું દુષ્કર કાર્ય હાથમાં લેવાનું સાહસ સ્વયં અદભુત કહેવાય. આ પ્રવાસ દરમ્યાન જ આપણને તેમના અમૂલ્ય સ્તોત્રો ને ગ્રંથો પ્રાપ્ત થાય છે. તેમની ગોકુલની યાત્રા વેળા 'યમુનાષ્ટકમ્' મળે છે તો વ્રજભૂમિની પરિક્રમામાંથી આપણને 'મધુરાષ્ટકમ્' સ્તોત્રનો લાભ થાય છે. ષોડશ ગ્રંથ ને તેમનું ભાષ્ય સાહિત્ય, તેમની ટીકા કૃતિઓ ને તત્ત્વાર્થદીપ નિબંધો જેવું વિશાળ ને ગહન ધાર્મિક સાહિત્ય પણ આ યાત્રાની ફળશ્રુતિ. સિકંદર લોદી જેવા પરધર્મીનું હૃદયપરિવર્તન ને ચૈતન્ય મહાપ્રભુજી સાથેનો અપૂર્વ મેળાપ આપણને અહીં જ સાંપડે છે. આ પ્રવાસ દરમ્યાન જૈન આચાર્ય જોડેનો સંવાદ ને પોતાના વિચારોનું પ્રતિપાદન નોંધપાત્ર છે. યજ્ઞદ્વારા થતી પશુના બલીની પ્રથા બંધ કરાવવાના પ્રસંગો પણ બને છે. જે પ્રાણીમાત્રમાં ઈશ્વરનો અંશ જોતા હોય તે કોઈપણ રીતે હિંસાનો સ્વીકાર ના જ કરી શકે. ભૂતમાત્ર પરની કરૂણા તેમના દિલમાં સતત વહેતી હોય એવા પણ પ્રસંગો તેમના આ પ્રવાસ વેળા જોવા મળે છે. જાતિભેદ કે લિંગભેદ તેમણે ક્યારેય માન્ય કર્યા નથી. મંદિર સૌને માટે છે ને ત્યાં ઈશ્વરનો વાસ હોઈ નાનામોટાના ભેદભાવ તેમને માન્ય નથી. પોતે સાદું જીવન જીવી લોકોને સાદા ને સરળ જીવન જીવવાની વાત કરે છે. પરિગ્રહ કે કાંચનનો મોહ તેમને ક્યારે સ્પર્શ્યા નથી. તેમને જ્યારે ધન મળ્યું છે ત્યારે તે ગરીબ બ્રાહ્મણોમાં વહેંચી ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે. તે જ્યાં ત્રણ દિવસથી વધારે રહ્યા ને ભાગવતનું પારાયણ કર્યું તે ૮૪ સ્થળોને મહાપ્રભુજીની બેઠકો ગણવામાં આવે છે. પ્રજાને પ્રભુ-ભક્તિ તરફ વાળવા તેમણે બ્રહ્મસંબંધની વાત કરી છે. તેમાં ઈશ્વરનો મંત્ર કાનમાં આપી તેનું રટન કરવાથી મનુષ્યનું મન શાંત થાય ને તે પ્રભુ-ભક્તિ તરફ વળે તે આશય મુખ્ય છે. તુલસીની માળા ને કપાળે તિલક કરવા પાછળ પણ ભગવાનનું સતત સ્મરણ રહે તે જ ભાવ છે. વાસ્તવમાં, આ દરેક વિધિઓ ધર્મના નામે દાખલ કરી તેમને વૈજ્ઞાનિક અભિગમ ને ફાયદાઓ ધ્યાનમાં લીધા છે. તેઓ સમાજમાં જુદો ચોકો ઉભો કરી, નવો સંપ્રદાય સ્થાપી તે દ્વારા ભાગલા પાડવાની તો હિમાયતી ના કરે. સમાજ એક બનીને રહે ને માત્ર સેવા-ભક્તિ મારફતે ઈશ્વરને ભજે તે તરફનો તેમનો ઝોક હંમેશ જોવા મળે છે. તેમનો શુધ્ધ અદ્વૈત બ્રહ્મવાદ આ કાજે છે. તેઓ 'જગદગુરૂ' ને 'મહાપ્રભુજી' ના ઉપનામ પણ આ કારણે યાત્રા દરમ્યાન પામે છે.

આ પદયાત્રા દરમ્યાન તે વિઠોબાના દર્શને પંઢરપુર જાય છે. અહીં સ્વપ્નમાં તેમને પ્રભુ તરફથી ગૃહસ્થી બનવાનો આદેશ મળે છે. સમાજના ધારણ માટે લગ્ન-સંસ્થા જરૂરી છે. ને ઘરસંસાર ભોગવતા ઈશ્વર પ્રાપ્તિ થઈ શકે આ માન્યતા એમાં દ્રઢ થાય છે. આથી તે કાશીની યાત્રા દરમ્યાન પોતાની જ્ઞાતિના તૈલંગ બ્રાહ્મણ દિવાન ભટ્ટની કન્યા મહાલક્ષ્મી સાથે પોતાના કુટુંબીજનોની હાજરીમાં લગ્ન કરે છે ને ગૃહસ્થાશ્રમ માંડે છે. આપણે ત્યાં વૈદિક સંસ્કૃતિમાં ચાર આશ્રમની વ્યવસ્થા બતાવી છે. તેમાં ગૃહસ્થાશ્રમ

પણ છે જ. આ પછી તેમને બે બાળકો થાય છે. ગોપીનાથજી ને વિઠ્ઠલનાથજી. જે બંને સ્વયં વિદ્વાન ને ધર્મપરાયણ હોઈ તેમનું કાર્ય આગળ વધારે છે. આજે વિશ્વભરમાં બે કરોડથી પણ વધારે લોકો જે પુષ્ટિ માર્ગે વળ્યા છે તે તેમના અથાક પ્રયત્નોનું પરિણામ છે.

જેવું તેમનું જીવન ભવ્ય ને પ્રાતઃસ્મરણિય છે તેવો જ તેમના મૃત્યુનો પ્રસંગે ઊજળો ને ચિરસ્મરણિય રહે તેવો અપૂર્વ છે. અંત સમય નજીક આવતા પોતાનું કાર્ય સમાપ્ત થયેલું સમજી સન ૧૫૩૦માં તે સન્યાસ લે છે ને કાશીના હનુમાન ઘાટ પર જાય છે. તે વેળા તેમના બે પુત્રો તેમના ગયા બાદ પોતાની શી ફરજો તે જણાવવાનું કહે છે. માત્ર સાડા ત્રણ શ્લોકમાં તેઓ જમીન પર લખી બતાવે છે, જે શિક્ષા શ્લોકીથી જાણીતા છે. પછી તે ગંગામાના ખોળે સૌ ભક્તની હાજરીમાં શરણ લે છે.

ભારતીય સંસ્કૃતિમાં તેમનું પ્રદાન અપ્રતિમ છે. માનવદેહ ધારણ કરી સમાજને પતનના માર્ગેથી વાળી યોગ્ય રાહ દેખાડયો ને હિંદુધર્મને પુનર્જીવિત કર્યો. તેમનું આ યોગદાન ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાશે. ભક્તિમાર્ગનું પ્રથમ ચરણ તેમના આ પુષ્ટિ માર્ગથી મંડાયું. જેના પર આગળ જતાં આખીયે ઈમારત ચણાઈ, જેમાં બાલ-કૃષ્ણાની સેવા પછી યોગેશ્વરની આરાધના દ્વારા ભક્તિ માર્ગનું બીજું ચરણ દર્શાવ્યું છે. તેમનું સમગ્ર જીવન અને કવન મારફતે રજુ થતી તેમની વિચારધારા જોતાં બાહ્ય કર્મકાંડને બાજુએ રાખી વિચારીએ તો આજે પણ પ્રભુ ભક્તિનો તેમનો સેવા માર્ગ આબાલવૃધ્ધ માટે એટલો જ પ્રસ્તુત છે. તેમાં સંઘબળ સાથે infrastructure જેવું માળખું તૈયાર કરી જો આપણા બાળકો સમક્ષ તેમની ભાષામાં તે રજુ કરવામાં આવે ને તેમાં જો સાતત્ય જળવાઈ રહે તો ભાવિ પેઢી સુધી તેને જીવંત રાખવું અશક્ય નથી. હકીકતમાં આજના આધુનિક યુગમાં સંદેશ-વ્યવહારનો અપ્રતિમ વિકાસ, વૈજ્ઞાનિક અભિગમ ને બૌદ્ધિક પ્રગતિ જોતાં આ કાર્યને ઘણો વેગ મળે એમ છે. આ માટે અહંનું નિરસન કરી ને માત્ર સમાજનું હિત ધ્યાનમાં રાખી નિરપેક્ષ પ્રેમ સાથે આ કાર્ય હાથ ધરવાની તાતી જરૂર છે. તેમાં કોઈ નેતા નથી કે ન કોઈ વિશેષ અધિકારી. આપણાં મંદિરો દ્વારા માત્ર તેનું માર્ગદર્શન મળતું રહે તે જોવાનું રહ્યું. બાકી સમાનતાના સ્તર પર વિશ્વ સ્તરે આ માર્ગ વિસ્તરી શકે એટલી ક્ષમતા તેનામાં છે અને આજના યુગમાં તેની માગ પણ છે.

મારી કાલીઘેલી ભાષામાં આ સંતપુરુષને જે રીતે સમજ્યો છું તે રીતે અતિશયોક્તિ વિના મનુષ્યરૂપે તેમને અહીં રજૂ કરેલ છે. તેમાં જો કોઈનું દિલ દુભાયું હોય તો તેમની અત્રે માફી ચાહું છું. આ પુણ્ય વિભુતિને નત મસ્તકે શ્રધ્ધાંજલિના શબ્દ સુમન અર્પી તેમના પદ દ્વારા પરમ તત્ત્વ એવા શ્રી કૃષ્ણ પ્રેમને વાગોળતા આપણે વિખૂટા પડીએ.

***'સર્વદા સર્વભાવેન ભજવા વ્રજાધીપને,***
***માનવીનો એ જ ધર્મ, કદીયે અન્ય કો નથી'***

- જે શ્રી કૃષ્ણ -

સંદર્ભ ગ્રંથો : 1. Jagad Guru Shrimad Vallabhacharya : Neralla Family.

2. Shrimad Vallabhacharya : His Philosophy & Religion : J.G. Shah

***રજૂકર્તા : ભગેશ કડકિયા, યુ.એસ.એ.***

✤ ✤ ✤

# what is there in the "Name" (‘‘નામ’’માં તો વળી શું બળ્યું છે?)

✍ પંકજ. કે. શાહ

હમણાંજ છાપામાં એક સમાચાર વાંચ્યા.-આપણા ભારત દેશના એક ગામમાં ‘‘નામ નો ભારે મહિમા છે’’. અહીંના ગ્રામ્યવાસીઓ પોતાના બાળકોના મસ મોટા અને અજબગજબના નામો પાડે છે. કોઈ બાળકનું નામ રાષ્ટ્રપતિ, રાજપાલ, હાઈકોર્ટ કે કમીશનર રાખવામાં આવ્યું છે. તો કોઈક બાળકનું નામ એસ.પી, ડેપ્યુટી કે હવાલદાર છે. ઘણા મા-બાપે બાળકનું નામ આઈ.જી, પ્રમુખ, જનતા કે કોંગ્રેસ પણ રાખ્યા છે. એક શાળાની શિક્ષિકાનું નામ સોનિયા ગાંધી તો વળી એક વ્યક્તિનું નામ રાજીવ ગાંધી છે. આવા તો અનેક મોટા નામો ધરાવતી અસંખ્ય વ્યકિતઓના નામ રાખવા પાછળ ગામજનોનો એક જ ઉદ્દેશ છે, કે ગામમાં આમૂલ પરિવર્તન આવે અને આવા નામો થકી દરેકને મોટા કાર્યો કરવાની પ્રેરણા મળે. શેકસપિયરે કહ્યું છે’’ નામમાં તો વળી શું બળ્યુ છે.’’ પરંતુ આ સમાચાર વાંચ્યા બાદ આપણને જરૂર લાગે કે નામમા તો ઘણું બધુ સમાયેલું છે.

આ ભિન્ન કિસ્સો વાંચ્યા બાદ મને શ્રી બા.ન.યુ.સંઘ પ્રકાશિત આપણું વસ્તીપત્રક યાદ આવી ગયું આ વસ્તીપત્રક વાંચતા આપણને વિવિધ ખીજોનો વિપુલ ભંડાર મળી રહે છે. દુનિયામાં ભાગ્યેજ કોઈ વસ્તી પત્રક હશે, જેમાં તમને ભાત-ભાતની અને જાત-જાતની અનેક ખીજો એક સાથે વાંચવા મળે. આ દૃષ્ટિએ આપણુ વસ્તીપત્રક ખરેખર અણમોલ છે.

ખીજના કારણે આપણે ત્યાં વ્યકિતની તરતજ ઓળખ થઈ જાય છે. દેડકી, પાકા, ભડકી, સમડી, લેહેંટા, બખલી, માછલી, ભટ્ટી, લાલખાં, બેરા, સરકાર, વરખા, ટોકરશી, મરઘા, ફાંફાં, ઘંગેલા, વલ્લભઘેલા, મલમ, ચૌધરી, બનડા, ફાડીયા, બાટલા, લટકારી, ચોકશી, ઓટલાવાળા, ખીસાદાર, લાય વિ.વિ. ખીજો આપણને જરૂર રોજિંદી લાગે, પણ બહારની કોઈપણ વ્યકિતને આ એક વિસ્મયમાં મુકી દે એવી ખીજો અજાયબી લાગે. આ બધી ખીજો કેવી રીતે પડી તેનો ઈતિહાસકાર આપણી તમામ ખીજોનું જો પૃથ્થકરણ કરી આપે તો ખરેખર જ્ઞાન સાથે ગમ્મત પણ મળી રહે! આપણા સમાજમાં’’ ખીજ દ્વારા થતી ઓળખથી વ્યકિત પોતે તો ધન્યતા અનુભવે છે જ, પરંતુ સાથો-સાથ સમગ્ર સમાજ પોતે એક તાંતણે બંધાયો હોય એવી અનુભૂતિનો અહેસાસ પામે છે. શેકસપિયર જો વાડસોલ ગામમાં અવતરે તો એ પણ ખીજોનો આ સુંદર ખજાનો નિહાળી બોલી ઉઠે કે જે ‘‘શાન’’છે, એ આ ‘‘ખીજમાં’’ જ છે. એ જરૂર બોલી ઉઠે કે મારી પણ એક ખીજ પાડી લો, ભાઈ!

નામની વાત નીકળી છે તો કોઈ માને યા ન માને, આજના યુગમાં નામનો ભારે મહિમા છે. સમાજ હોય કે પછી રાષ્ટ્ર, નામની તો ભારે બોલ બાલા છે. નામ છે, તો વટ છે. નામ છે, તો ભાવ છે. પણ જો નામ રગદોળાયું તો કોઈ ભાવ નથી કોઈ માન નથી. કોઈ સન્માન નથી, કોઈ આદર નથી.

ઉગતા સૂર્યની પુજા કરવાની અને અસ્ત પામતા

સુરજદાદાને તિલાંજલી આપવાની, જમાનાની તાસીર છે. આ સત્ય કયારેય બદલાવાનું નથી. આપણા લગભગ તમામ સામાજિક સબંધો ''નામ'' રૂપી વર્તુળની આસપાસ ભમતા હોય છે. વ્યકિતનું નામ જેમ-જેમ મોટું થતુ જાય, વ્યકિતની સત્તા જેમ જેમ વિસ્તાર પામતી જાય, તેમ-તેમ એની આજુબાજુનું સર્કલ પણ વિસ્તાર પામતુ જાય. શેર માર્કેટના આંકની જેમ વ્યકિતની લોકપ્રિયતાનો ગ્રાફ જો ઉંચે ચઢતો જાય તો એની આજુબાજુ ફરતા લોકો મધમાખીઓની જેમ એ વ્યકિતની ચોમેર વીંટળાઈ રહે, શેકસપિયરે ભલે કહ્યું કે નામ માં શું રાખ્યુ છે, પણ સત્ય હકીકત એ છે કે જો સંસારમાં કોઈ સત્વ હોય, કોઈ દમ હોય કે કોઈ ગુણ હોય તો તે માત્ર ''નામ'' અને ''નામ'' માં છે.

નામ મેળવવુ, પ્રતિષ્ઠા મેળવવી, કીર્તિ પામવી, વાહવાહ કમાવવી-આ બધું સરળ, સહેલુ અને આસાન નથી. બજારમાં એવું કોઈ ઔષધ નથી જે થકી માનવી રાતો-રાત નામના રળી લે. નામના એ કોઈ જાદુઈ છડી નથી કે પલભરમાં એનો સાક્ષાત્કાર થઈ જાય.

સતત પુરૂષાર્થ, વર્ષોની તપશ્ચર્યા, અવિરત મહેનત, કાંઈક મેળવવાની લગન અને સુંદર ભાગ્ય. આ બધાનું વ્યવસ્થિત રૂપાંતર, થાય ત્યારે જ નામના રૂપી ઐશ્વર્ય પામી શકાય. હા ! ઘણીય વાર બાપ-દાદાઓએ મેળવેલી નામના આપોઆપ સંતાનોને મળી જતી હોય છે. પરંતુ એને જીવંત રાખવા સંતાનોએ પણ પ્રયત્નશીલ રહેવું પડે છે.

લોકો વિવિધ રીતે અને વિવિધ ક્ષેત્રે નામના મેળવતા રહે છે. કોઈ વ્યકિત ખૂબ ધન-દોલત, સંપત્તિ કમાય એટલે એનું નામ ચમકવા માંડે. કોઈ વ્યકિત સારા સામાજિક કાર્યો થકી નામ કમાય. કોઈ દાનવીર મોટા-મોટા દાન દ્વારા નામ મેળવે. શિક્ષણ ક્ષેત્રે અવનવી ડિગ્રીઓ સંપાદન કરી માનવી ઓળખ ઊભી કરે. ઘણા લોકો સામાજિક સંસ્થાઓમાં ઉંચા-ઉંચા હોદ્દાઓ ગ્રહણ કરવા માંડે એટલે બધા એને ઓળખતા થાય. કોઈ પણ ક્ષેત્રે નામના મેળવવા વ્યકિતએ સતત પ્રયત્નશીલ રહેવું પડે છે અને ''નામ'' કમાવાની મહેચ્છા કોને ન હોય ? પ્રત્યેક વ્યકિતની એક ઝંખના હોય છે કે સમાજમાં મારુ સ્થાન હોય. ચાર માણસો મને પુછતા આવે. મારુ નામ સદા ઉંચે રહે. મારી ખ્યાતિને કદી આંચ ન આવે.

પોતાના નામનો ડંકો વગાડવાની તાલાવેલી માત્ર સમાજમાં રહેતા લોકોને છે એવું જરાય નથી. અસામાજીક તત્વોમાં પણ નામનું ભારે વળગણ છે. શોલે પિકચરના ગબ્બરસિંહના મોઢે બોલાયેલ તમામ ડાયલોગો આજે પણ લોક જીભે છે. એમાં એક ડાયલોગ છે ''મેરા નામ પુરા મીટ્ટીમે મિલાકે આ ગયે ઉસકી સજા મિલેગી, જરૂર મિલેગી.'' ત્યારબાદ પોતાના નામને ડુબાડનાર પોતાના સાથીઓને ગોળી મારી દે છે. માનવી નાનો હોય કે મોટો, સારો હોય કે ખરાબ દરેકના હૈયે પોતાના નામનો ડંકો વગાડવાની ઝંખના છુપાયેલી હોય છે.

પણ ખ્યાતિ મેળવવી એટલી આસાન નથી. ધાક બેસાડવી રમત વાત નથી. દરેકને આ સિધ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. હજારોમાં કોઈ એકાદ વ્યકિત નામના મેળવવા સદ્‌ભાગી બને છે. નામના મેળવી લીધા બાદ એને ટકાવવી પણ એટલી જ અઘરી છે

નામના મેળવ્યા બાદ માનવી પર્વતની ટોચ ઉપર

વિહરતો થઈ જાય છે. અહીં જો એ સમતોલપણુ ન જાળવી શકે તો ગબડી પડવાનો પણ ભય રહે છે અને સફળતાના શિખર ઉપરથી એક વખત મનુષ્ય ગબડવા માંડે પછી એની કિંમત કોડીની થતી જાય છે. સગા-સબંધીઓ, મિત્રો, ચાહકો બધાજ એક પછી એક સાથ છોડતા જાય છે. પ્રશંસાના પુષ્પો લઈ ફરતા લોકોના હાથમાં નિંદાઓના કંટકો આવી જાય છે. Hero માંથી પલભરમાં માનવી zero બની જાય છે. આ એક કડવી, કઠોર અને દર્દનાક હકીકત છે. નામ પાછળ ભાગતા દરેક વ્યકિતએ આનો સ્વીકાર કરવો જ રહ્યો. જીવનમાં પછડાટનો અનુભવ થતાં જ એક હાહાકાર અને ફિટકારનો સામનો કરવા સજજ રહેવું પડે છે. આવા કપરા સમયે શેકસપીયરની થીયરી ''નામમાં તો વળી શું બળ્યું છે''- જો અપનાવી શકાય તો મુશ્કેલીઓ અને વિટંબણાઓ સામે લડી લેવાની હિંમત કદાચ મળી શકે છે.

સમય બડા બલવાન. વકત સામે માનવી લાચાર છે. વકત કોઈની પણ શેહશરમ રાખતો નથી. સમય કયારેય કોઈનેય છોડતો નથી. એક સમય હતો જયારે શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી-દાદા ભગવાન તરીકે પુજાતા. સમયની બલિહારી જુઓ. એજ સ્વાધ્યાય પરિવાર આજે ટીકાપાત્ર બન્યો છે.

કુદરતે આપણને જે કાંઈ આપ્યુ છે તે શાશ્વત નથી. અચાનક આપણી પાસેથી છીનવાઈ જાય તો એ સહન કરવાની શકિત મનુષ્યે જાતે જ કેળવવી પડે છે. જીવનમાં કયારેક એવી ક્ષણ આવી જાય છે કે જીવનભરની મહેનત, લગન, ધૈર્ય અને પુરૂષાર્થથી મેળવેલી નામના પલભરમાં ધુળધાણી થઈ જાય છે. ભારતીય ક્રિક્ટ ટીમ વિશ્વકપ સ્પર્ધામાં બાંગલાદેશ અને શ્રીલંકા સામે હાર્યાબાદ 'સુપર-૮' માંથી બહાર ફેકાઈ ગઈ ત્યારે જે આક્રોશ વ્યકત થયો તે અવર્ણનીય છે. ઠેર ઠેર ટીમ ઈન્ડિયાની સ્મશાન યાત્રાઓ નીકળી, નનામીઓ બળી, તમામ હીરોના પોસ્ટરો ઉપર કાળો ડામર લાગ્યો, ગધેડા ઉપર ક્રિકેટરોના બાવલા બેસાડી દેશભરમાં ફેરવવામાં આવ્યા.

રાતો-રાત ક્રિકેટરોના ભાવ ગગડયા. સમગ્ર પ્રજા થૂ-થૂ કરવા લાગી. બ્રાન્ડ એમ્બેસેડરોના દાંડિયા ગુલ થઈ ગયા. પરાજયનો સ્વીકાર કરતાં રાહુલ દ્રવિડે કહ્યું,''અમે નાઃલાયકો છીએ, સૌરવ, સચિન, રાહુલ જેવા મહાન ખેલાડીઓને લાગેલી નાલેશી શેકસપીઅરના શબ્દો ''નામમાં તો વળી શું બળ્યુ છે ? ભુસી શકશે ખરા ? હારેલી ટીમ ફરી આત્મવિશ્વાસ કેળવી ઉભી થાય અને ૨૦૧૧ નો વિશ્વકપ જીતી લાવે તો આજના zero ફરી આવતી કાલના Hero બની શકે.

જે નામના નામષેશ થઈ ગઈ હોય એને પ્રસ્થાપિત કરી શકાય છે. દરિયામાં ડુબી ગયેલા નામ ફરી પાછા સપાટી ઉપર લાવી શકાય છે. સુર્યાસ્ત બાદ પાછો સુર્યોદય થાય છે. રાત પછી દિવસ આવે છે. અંધકાર બાદ રોશની પણ આવે છે. બહોત મુશ્કીલ હે ગીરકર સંભલના પરંતુ હૈયામાં હામ હોય અને જીગરમાં હિંમત હોય તો પછડાટ પામ્યા બાદ પણ માનવી ઉભો થઈ શકે છે. ભૂસાઈ ગયેલા નામ પાછા સજીવન થઈ શકે છે. આ સદીનો મહાન અભિનેતા શ્રી અમિતાભ બચ્ચનનો દાખલો બેમિસાલ છે. એક જમાનામાં અમિતાભનો સિતારો બુલંદ હતો. સંજોગ એવા સર્જાયા

કે અમિતાભનું જીવન રાખ બની ગયું પણ કોઈ શું બોલે છે, એની પરવા કર્યા વગર ધીરે-ધીરે પણ મક્કમતાથી એમને ડગ ભરવા માંડયા. કાળચક્ર એવુ ફર્યું કે રાખમાંથી ઉભા થઈ પાછા તેઓ આસમાનની બુલંદીએ પહોચ્યા. આવું સૌભાગ્ય તો માત્ર મહાન વ્યકિતઓના લલાટે જ લખાયુ હોય.

પરંતુ સામાન્ય માનવી પણ પોતાને મળેલ ઠોકરો પચાવી જાણે, પોતાની ભૂલો ચકાસી લે, પોતાની જાતને ફંફોળી લે અને ફરી પાછો ઉભો થવા પ્રયત્ન કરે તો શ્રી ઠાકોરજી હંમેશ એને સહાય કરે જ છે. પોતાની આંતરિક શકિત ઉપર ભરોસો રાખી માનવી આગળ ધપે, તો કુદરત એને ફરી એકવાર બેઠો થવાનો મોકો જરૂર આપે છે.

એક વાર ''નામ'' ગયુ તો એ કાંઈ જીવનનો અંત નથી. પરંતુ રાખ થઈ ગયેલ ''નામ''ને ફરીથી પ્રજવલ્લિત બનાવવાની એક પ્રકિયા છે. નામ જાય એટલે આઘાત લાગે. લોકોની ટીકાઓના બાણ છાતીમાં ભોંકાય. જિંદગાની ભયાનક લાગે ! જીવન રાખ બનતુ લાગે. પણ પછી આગળ શું ? માનવીએ પરાજયનો સ્વીકાર કરી સંઘર્ષનો અંત આણવો અથવા હારમાં બોધપાઠ લઈ નવા સંગ્રામ માટે સજ્જ થવું ? નિર્ણય આ stage માંથી પસાર થનાર વ્યકિતએ પોતે કરવાનો છે.

ઠોકરો ખાઈને પણ સતત દોડતા રહેનાર વ્યકિતઓને ઈશ્વરનો સાથ જરૂર સાંપડે છે. રાખમાંથી પણ નવસર્જન પામવાની તક પ્રભુ જરૂર આપે છે.

*- પંકજ શાહ*

✤ ✤ ✤

## તલ ચુમવા દે તારૂં !

આ પુનમના ચાંદની કહે નજર ઉતારૂં,<br>
ગોરી તારા ગાલ પર, લાગે તલ સારૂં... ૧

અથડાયા અજાણતા આપણા અધર અને<br>
સ્પર્શી જાણે વિજળી શરીરે આખા મને<br>
સ્વાદ પ્રથમ ચુંબનનો હાય! કેમરે વિસારૂં.<br>
ગોરી તારા ગાલ પર.... ૨

ઝૂકી'તી પાપણ, જરા કંપ્યું'તુ હોઠોનું ફુલ,<br>
શરમાયુ'તુ ટપકુ કાળુ, જાણે કહે કરી ભુલ,<br>
કરવા ફરી ભુલ એજ નાચે મન મારૂ,<br>
ગોરી તારા ગાલ પર.... ૩

આ નાનકડા તલથી ક્યારેક ઈર્ષ્યા એવી આવે<br>
કાળો ભમરો ચૂસે રસ, મને જે બહુ ભાવે,<br>
રોજ સવારે જન્મેલી, ઈચ્છાઓ સાંજે મારૂ<br>
ગોરી તારા ગાલ પર.... ૪

ઝગમગે આ તારલિઓ, તુઝ મુખડું મલકતાં,<br>
ઉછળી નૌકા સાગરમાં, પવનનાં ફરકતાં,<br>
હાસ્યની લહેરોમાં તણાયું, દિલડું બિચારૂં,<br>
ગોરી તારા ગાલ પર.... ૫

આજ તું જીદ છોડ, અથવા કહે કે જીવ છોડ,<br>
તૈયાર છોડવા જીવન, મરતા પહેલા જો દિલ ન તોડ,<br>
અંતિમ ઈચ્છા 'અમર'ની તલ ચૂમવા દે તારું,<br>
ગોરી તારા ગાલ પર.... ૬

*- 'અમર' (કેતન સ. પરીખ)*

✤ ✤ ✤

# ગાંડા ગણાવું મને ગમે છે

✍ *નિખિલ પરીખ*

ચોમાસાની વહેલી સવારે કેન્હેરી કેવ્સ ગયા હતા. સુંદર વાતાવરણ હતું, થોડું ધુમ્મસ, જીણો ઝરમર ઝરમર વરસાદ, આજુબાજુ લીલોતરી અને શરીરને ગમે એવી ઠંડક. વાતાવરણને માણતા છોકરાઓની સાથે ગુફાઓ જોતા હતા, ત્યાં એક ગુફામાંથી સુંદર ભજનનો અવાજ આવ્યો. અંદર જઈને જોયું તો એક ભાઈ ગાઈ રહ્યાં હતાં. ભજન મરાઠીમાં હતું. મારી સાથેની મારી કઝીન સ્વાતિ જે પોતાના છોકરાઓને લઈને અમેરિકાથી આવી હતી, એ બધા જ શાંતિથી એ ભાઈની બાજુમાં ગોઠવાઈ ગયાં. શબ્દો કોઈને બહુ સમજ નહોતા પડતાં. પણ ભજન, એનો રાગ, સુંદર વાતાવરણ અને ગુફામાં પડઘાતો અવાજ પંદર મિનિટ સુધી બધાએ જ માણ્યો. બીજા પણ કેટલાય લોકોની અવરજવર ચાલુ હતી. કોક ભજન સાંભળવા અટકી ગયા તો કેટલાક કુતુહલથી ગુફામાં ડોકિયું કરીને આગળ ચાલી ગયા. ભજન સાંભળીને જ્યારે ગુફામાંથી બહાર આવ્યા ત્યારે મન તરબતર હતું. ત્યાં બહાર બે જણને વાતો કરતાં સાંભળ્યા, 'કોણ આટલું મોટેથી ગાતું હતું.?' 'હશે કોઈ ગાંડો, બૈરાએ ઘરેથી કાઢી મુક્યો હશે એટલે આ ગુફામાં ગાવા આવ્યો હશે, એટલા મોટેથી સવાર સવારમાં ભજનીયા ગાય તો ઘરવાળા કાઢી જ મૂકે ને.'

મનને એક આઘાત લાગ્યો. ભજન સાંભળીને તૃપ્ત થયેલું મન ગ્લાનિથી ભરાઈ ગયું. સવારે મોર્નિંગ વોકમાં પણ ઘણીવાર એવું થાય છે. વોકમેન લગાવીને સંગીત માણતા કેટલાક લોકો ક્યારેક સંગીતની ધુનમાં થોડા નાચતાં નાચતાં ચાલતાં હોય, કેટલાક હાથ પગ થોડા વધુ પડતા હલાવીને ચાલતા હોય, કેટલાક ભજન કે ગીત ગુનગુનાવતાં ચાલતાં હોય, હાસ્ય ક્લબના લોકો મોટે મોટેથી દિલ ખોલીને હસતાં હોય, દોડીને એકબીજાને તાળી આપતાં હોય ત્યારે અચુક સાંભળવા મળે 'ગાંડા છે' કોઈ માણસ દિલ ખોલીને હસે તો પણ ટીકા અને સંવેદનશીલ માણસો કોઈનાં દુ:ખે જાહેરમાં રડી પડે તો પણ ટીકા. સમાજના કાઢેલા નિયમો કે એટીકેટની બહાર આપણે કંઈપણ કરીએ તો ટીકા સાંભળવા મળે. પણ શા માટે? માણસની પોતાની લાઈફ છે, પોતાનું વ્યક્તિત્વ છે. પોતાની લાગણીઓ છે. મનમાં કોઈ ઈચ્છા થાય છતાં એટીકેટનો વિચાર કરીને મનની ઈચ્છાને દબાવીને જીવવાવાળા ડાહ્યા! અને ઈચ્છાને પ્રદર્શિત કરનારા ગાંડા આ કેવો નિયમ? આપણી આજુબાજુ નજર કરીએ તો કેટલા લોકો પોતાને ગમે એવું જીવન જીવે છે? ફક્ત આંગળીના વેઢે ગણી શકાય એટલા જ. બાકીના બધા સમાજના નિયમોમાં મન મારીને જીવ્યે જાય છે. 'કોઈ શું કહેશે' એ એમનાં જીવનમાં મુખ્ય બાબત અને પછી દરેક બાબતમાં મન મારીને જીવવાનું. ના ગમતું હોય છતાં, મિત્રો સાથે કારણ વગરની ઠઠ્ઠા મશ્કરીમાં જોડાઈને

માપસર હસવાનું, માપસર બોલવાનું, તો તમે ડાહ્યા. પહેરવા ઓઢવાની બાબતમાં પણ સ્ત્રીઓએ મન મારીને જીવવું પડે છે. હવે ઉંમર થઈ કહેવાય. આવા કપડા ના પહેરાય, લગ્નમાં જઈએ છીએ પેલા હીરાનો સેટ પહેરે તો, કોઈ શું કહેશે. ફલાણા કુટુંબની વહુ થઈને સાવ આવો દાગીનો પહેરાય? સંબંધોની બાબતમાં પણ એવું, ન ગમતાં પણ પ્રતિષ્ઠિત, પૈસાદાર સંબંધીઓ મિત્ર સાથે સારું રાખવું પડે. વાર તહેવારે એમનો આડંબર અને મોટાઈ સાચવવા એમના ઘરે કે સંગાથે જવું પડે. આવું મનને મારીને જીવવાનું ક્યાં સુધી? જાહેરમાં પોતાની લાગણીઓ પ્રદર્શિત કરનાર પણ ટીકાનો ભોગ બને છે. કોઈને મળીને પ્રેમથી ભેટીએ તો ટીકા, મોટેથી ખુલ્લા દિલે હસીએ તો ટીકા, પીક્ચર જોતા જોતા લાગણીના પ્રવાહમાં તણાઈને આંખમાં આંસુ આવી જાય તો ટીકા. કોઈએ મને કહ્યું કે એવું જાહેરમાં પોતાની લાગણીઓનું પ્રદર્શન ના કરે તો ના ચાલે? પણ ભાઈ આ બધી લાગણીઓ બેંકમાં થોડી જમા કરી શકાય કે પાછળથી ધીરે ધીરે ચેકો દ્વારા ઈસ્યુ કરી શકીએ. આ બધી લાગણીઓ સહજ છે. એને દબાવીને શા માટે જીવવાનું? મને તો એવા અલગારી જીવો ગમે છે જે લોકોની ટીકાની પરવા કર્યા વગર, પોતાની પોઝીશન, પોતાની પ્રતિષ્ઠાનો વિચાર કર્યા વગર જીવે છે. પોતાને મનગમતાં કાર્ય કરે છે. એટીકેટના બંધનોમાં પોતાની જાતને બાંધ્યા વગર મુક્ત વાતાવરણમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. ટીકાઓની પરવા કર્યા વગર પોતાને યોગ્ય લાગે એવા સારા કામો કરે છે. બાલાસિનોરની બજારની દુકાનોમાં ગાદી તકીયે ગામની સમસ્યાઓની ફક્ત ચર્ચાઓ કરતા વડીલો કરતાં, હોસ્પિટલો, સ્કૂલો કે આદીવાસીઓના ગામમાં સેવા આપતાં વડીલો મને ગમે છે. હોસ્પિટલોમાં ટ્રસ્ટી થઈને લાગતાં વળગતાને ચીઠ્ઠી આપીને માથું ઊંચું રાખીને ફરતાં મહાનુભાવો કરતાં, હોસ્પિટલમાં જઈને ગરીબ દર્દીઓને મદદ કરતા, જનરલ વોર્ડમાં એકલા લોકોને દીલાસો આપતાં કે સારું વાંચન કરી તેઓની એકલતા દૂર કરતાં અનામી માણસો મને ગમે છે. ફૂલોના ભારેખમ બુકે અને આર્ચીઝના મોટા મોટા શુભેચ્છા કાર્ડ કરતાં પ્રેમથી લખેલા બે શબ્દો અને આશીર્વાદની એકાદ નાનકડી ચીઠ્ઠી મને ગમે છે. મોટી હોટલોમાં કે રીસોર્ટોમાં મિત્રોના ટોળા સાથે ખા ખા ખી ખી કરવા કરતાં મને ગમતાં અને લાગણીઓને સમજતાં એક મિત્ર સાથે ઈરાનીની હોટલમાં બેસી વિચારોની આપ-લે કરવી મને ગમે છે. ધર્મના નામે ઉત્સવો, ધર્મગુરૂઓ માટેની નિષ્ઠા પ્રદર્શન કે જાત્રાઓ કરતાં કટુંબમાં સૌની સાથે બેસીને રોજ કરાતી પ્રાર્થના કે ભજનકિર્તન મને ગમે છે.

આ બધી વસ્તુઓ અને સમાજની પરવા કર્યા વગર કામ કરતાં લોકો મને ગમે છે. કારણ કે તેઓ પોતાની રીતે સમાજની વિરુદ્ધ થઈને પણ, લોકોની ટીકાઓની પરવા કર્યા વગર જીવે છે. બાકીનાઓ સામે કોઈ ફરિયાદ પણ નથી કારણ કે જો એ લોકો ખરેખર પોતાની ઈચ્છાથી આવું જીવન જીવતા હોય, મનનું કહ્યું કરતાં હોય તો મને ટીકા કરવાનો કોઈ અધિકાર નથી. બાકી મનને મારીને જીવવા કરતાં 'ગાંડા' ગણાવું મને ગમે છે.

✤ ✤ ✤

# વિખરતા સ્વપ્નો !

✍ મુકેશ એચ. ગાંધી

દિવસભરની દોડ, અથાગ પરિશ્રમ, માનસિક તનાવ ને વ્યર્થ આશાઓને લઈને આજનો માનવી જીવનના એક પછી એક વર્ષો વિતાવતો જાય છે. જીવનમાં મળેલી થોડી આનંદની પળો ને મીઠા સંભારણા બનાવી એકાંતમાં માણતો હોય છે. જીવનને સફળતાની વરમાળા પહેરાવવા ઉત્સુક માનવી સ્પર્ધાના દેખાદેખીના યુગમાં ધીરે-ધીરે બાલ્યાવસ્થાની નિર્દોષતા, યુવાનીની સ્ફૂર્તી, મસ્તી, અલ્લડતા, મોજભરી પળો, ગુમાવતો જાય છે. જે નક્કર વાસ્તવિકતાના ચિત્રમાં, આંતરમને સજાવેલ સુંદર રંગીન સ્વપ્નોને વિખરાતા જુએ છે ને મનનો મુઝારો વધતો જાય છે.

આમ જુઓ તો કોઈક માણસની જિંદગીની સર્વ ઈચ્છાઓ પૂર્ણ થઈ જતી હોય છે. ને ઘણાંની આખી જીંદગી ચાલી જાય, પણ એની એક પણ ઈચ્છા પૂર્ણ થતી નથી!

ઘણાં જીંદગીમાં કદી કાંઈ જ નથી માગતા એને બધું જ મળી જતું હોય છે અને ઘણા જિંદગીભર માગી માગીને મરી જતાં હોયછે. પણ તોય મળતું નથી!

આ જીવનની લીલા અનેરી છે!

માણસમાં ઈચ્છા, ઝંખનાના દરિયા છલકતા હોય છે, પણ ઘણાંના દરિયા ઘૂઘવતા હોય, ને ઘણાંના દરિયા સુકાઈને બળબળતાં રણ બની જતા હોય છે. જીવનની આ અસમાનતાને આપણે જાણવા છતાંએ સમજી શકતા નથી ને 'નસીબની બલિહારી' કહીં મન મનાવી લેતા હોઈએ છીએ.

માણસ જે જીવે છે, ભોગવે છે, માણે છે, સહન કરે છે એ પ્રત્યેક પરિસ્થિતિમાં સંતુષ્ટ નથી. સુખમાં સુખ ટકશે કે નહિ એનો ભય, દુઃખ સહન થશે કે નહિ એનો ભય, વાસ્તવમાં સુખ-દુઃખનો સમતુલ્ય કરતાં આવડે એ જ માનવ. કવિએ યોગ્ય જ કહયું છે.

દુઃખની ઉડાડે ધૂળ તે શયતાન હોય છે,<br>
વહાવે સુખનુ ઝરણ તે ભગવાન હોય છે,<br>
બન્નેનો મન મેળ નિપજાવી સાધે જે જિંદગી,<br>
મારું છે માનવું કે એ ઈન્સાન હોય છે.

જીવન જે રૂપે મળ્યું તે માણવાની કળા બધાને હસ્તગત નથી હોતી. પણ મળ્યું તે જીવન વેડફી દેવાની આદત ઘણા માનવીઓમાં હોય છે.આનુ કારણ-જીવનમાં દષ્ટિનો અભાવ.

પ્રત્યેક માનવીને પ્રભુએ આંખ આપી છે. પણ બહુ જ થોડી આંખોને આંજણ મળ્યું છે. આંખોનું આંજણ એટલે સમજણની અમીદષ્ટિ. આંખને દષ્ટિ ન મળે તો આંખ જુએ તો ઘણું પણ સમજે કાંઈ જ નહિ, ને આ કોરી કોરી આંખ સ્વપ્નોના ચિતરામણ કરવાનું શરૂ કરી દે. સ્વપ્ન જુએ, સ્વપનો માણે ને સ્વપ્નસૃષ્ટિમાં મ્હાલે ને કયારેક અમૃત કામનાથી જન્મતા નિઃષ્ફળ સ્વપ્નોમાં ધ્રુસકે ધ્રુસકે રડી પણ લે. પણ વિખરાતા સ્વપ્નોને જો સમજણની સમદષ્ટિનું આંજણ મળી જાય તો..નિરર્થક જીવન સાર્થક થઈ જાય. જીવનનો હેતુ સમજાઈ જાય. ગતાનુગતિકતાના ચકરાવામાંથી જીવન બહાર નીકળી, ખુલ્લા ઉજાસભર્યા આકાશ તરફ જોતાં જ સ્વપ્નનોની સૃષ્ટિમાંથી બહાર આવી જાય ને મનને એક જ સૂચન કરી દે.

*ભ્રાંત સ્વપ્ના વિસરાવી દઉ,*<br>
*મનને ઉમંગ આપે એ સ્વપ્ના સજાવી લઉ,*<br>
*જીવનને સાર્થકતા આપે એ સ્વપ્ના સમજી લઉ.*

✤ ✤ ✤

# ઈબ્સનની નોરા અને આપણો સમાજ

✍ પ્રવીણ દેસાઈ

(પૂર્વભૂમિકા : આ લેખનો સંદર્ભ તંત્રી નિખિલ પરીખે ઓગસ્ટ-૯૭ના અંકમાં આપણા સમાજની સળગતી સમસ્યા પ્રત્યે કરેલા અંગુલિનિર્દેશ સાથેનો છે. આદરણીય શશિભાઈ કડકિયાએ પોતાના પુનર્મુદ્રિત પત્રમાં આ સમસ્યા અને તેના નિરાકરણ અંગેની કેટલીક વાતોનો ઉલ્લેખ કર્યો છે. વકરતી જતી આ સમસ્યાને નજરઅંદાજ કરવી પાલવે તેમ નથી. એનું કોઈક હલ સમાધાન શોધવામાં આપણે નિષ્ફળ જઈશું તો લગ્નજીવનના પ્રશ્નોનો સરવાળો નહી ગુણાકાર જ થવાનો છે.)

આંગ્લ લેખક ઈબ્સનના વિશ્વવિખ્યાત નાટક 'ડોલ્સ હાઉસ'માં નોરાનું પાત્ર એક બંડખોર આધુનિક નારીનું પાત્ર છે.એ પુરુષની કઠપૂતળી બની જીવવા માગતી નથી આ નાટક એક માણવાલાયક સાહિત્યકૃતિ છે. લંડનમાં એના હજારો સ્ટેજ-શો થઈ ગયા છે. ગુજરાતીમાં પણ ઘણાં વર્ષો પહેલાં 'ઢીંગલી ઘર'ના નામે સ્ટેજ પર રજૂ થયું હતું એના અંતમા નોરા પોતાના બાળકોને, પતિને અને ઘરને છોડી જતાં જોરથી બારણું બંધ કરી નીકળી જાય છે એનો અંત હૃદયસ્પર્શી છે .એક આધુનિક નારી, સ્વતંત્ર નારી જેણે આર્થિક ક્ષમતા પ્રાપ્ત કરી લીધી છે; પોતાના ખંડિત થતા લગ્નજીવન પ્રત્યે આનાથી વધારે સારો પ્રત્યાઘાત ન જ આપી શકે. એના માટે આવું વર્તન એક સહજ પ્રકિયા છે.

આ નાટકની વાત છે. નવલકથા, વાર્તા, નાટક કે કવિતા જેવા સાહિત્યપ્રકારોમાં જીવાતા જીવનની તાસીર પ્રગટે છે. એ જીવનનો અરીસો છે. તે વાત સાચી પરંતુ નોરા જે કરી શકે તે કોઈપણ પરિણીત સ્ત્રી જેનું લગ્નજીવન ભંગાણને આરે આવી ઉભું હોય તે આવું કરી શકે ખરી? આ બહુ મોટો પ્રશ્ન છે. વર્તમાન સામાજિક-આર્થિક સંદર્ભમાં એનો ઉત્તર બહુધા ના માં જ સાંપડે. નારીનું પાત્ર ભજવતી નાટકની નાયિકાનો સૌ પ્રથમ પ્રત્યાઘાત આ જ હતો. :હું આવું ના કરી શકું.

ઉપર વર્ણવેલા પ્રસંગને નજર સમક્ષ રાખી આપણા સામાજિક જીવનની ઘટનાઓને તપાસવાનો અત્રે ઉપક્રમ છે. એમાં આવતા ઉલ્લેખોનું સામ્ય કદાચ કોઈના જીવનમાં બનેલી ઘટનાઓ સાથે હોઈ શકે એવું બને પરંતુ એમાં કોઈને નીચા-જોણું થાય કે એમનું મન દુભાય તેવો હેતુ નથી. આટલો ખુલાસો લેખના પ્રારંભે આવશ્યક સમજું છું જેથી કોઈને મનદુ:ખનો અવકાશ ન રહે.

આપણે ત્યાં વિવાહ માટે છોકરા-છોકરીને મળવાનો, જોવાનો પ્રસંગ થાય છે. તેમાં આપણે અતિરેકની સીમારેખા ઓળંગી ગયા હોઈએ તેવું લાગે છે. કોઈની દીકરી કે બહેનને લગ્નના બજારમાં પ્રદર્શનની ઢીંગલીની જેમ વારંવાર પરીક્ષા આપવી પડે છે. છોકરો દસ-વીસ છોકરીઓને જોવા -મળવાનો આગ્રહ રાખે એ સામે તો વાંધો ન હોઈ શકે. પરંતુ મળવા અગાઉ બંને જણા એકબીજાની વિગતો -Bio-Data-કુટુંબની જાણકારી, રસના વિષયો, ગમા-અણગમા વિશે થોડીક જાણકારી મેળવી લે, એકબીજાને આડકતરી રીતે જોઈ લેવાય જેથી છેવટની મુલાકાત વેળા હા-ના નો બહુ અવકાશ ન રહે . કદાચ પસંદગી-ના- પસંદગીનો પ્રશ્ન ઉભો થાય ત્યારે ય કોઈપણ એક

પક્ષની બદનામી થાય એ રીતે નહીં કિંતુ ખૂબ સાલસતાથી -સૌજન્યપૂર્વક ના પાડવામાં આવે તો સંબંધોની ગરિમા જળવાઈ રહે અને લગ્ન -સંબંધ બાંધ્યા બાદ જીવનમાં કટુતાને ખૂબ ઓછો અવકાશ રહે.

અહીં એક સંબંધીનો કિસ્સો ટાંકવાનું મન થાય છે. તેઓ દીકરા માટે છોકરી જોવા જઈ રહ્યા હતા તે પહેલાં જ બન્ને એક મિત્રને ત્યાં એકબીજાને જોઈ ચૂકયાં હતાં. પેલા સંબંધીએ પોતાના દીકરાને કહયું. જો ભાઈ તું છોકરીને જોઈ ચૂકયો છે. તને તે પસંદ પણ પડી છે. ભલે આપણે ઔપચારિકતા ખાતર તેને મળવા બોલાવીએ પણ કોઈની દીકરીને ના પાડવા માટે જ આપણે જતા નથી એ વાત તું ધ્યાનમાં રાખજે. અલબત મુલાકાત વખતે તમારા શોખ, રસ-રૂચિ વગેરે જાણી લો એમાં કૈં ભિન્નતા હોય તો જુદી વાત છે. અને તેઓ છોકરી જોવા સહકુટુંબ ગયાં માતા-પિતા, દીકરો વગેરે, જેથી પાછું ફરી મળવાનો પ્રસંગ ગોઠવવો ના પડે ને એક જ મિલને વાત નક્કી થઈ ગઈ. ગોળધાણા વહેંચાઈ ગયા. અન્ય કુટુંબીઓને પણ જાણ કરી દેવામાં આવી આજે તો એવું બને છે છોકરો-છોકરી મળે, મા-બાપ મળે વળી અન્ય નજીકનાં સગાં સંબંધી મળે, આ માટે એક, બે કે ત્રણ-ચાર વાર છોકરીને જવું પડે ત્યારે પેલી કન્યાની માનસિક પરિસ્થિતિ કેવી થતી હશે, એનો તો આપણે વિચાર સુધ્ધાં નથી કરતા! આવી પરિસ્થિતિ અનિવાર્યપણે નિવારવી જ રહી.

આપણે ત્યાં શું કે બીજા સમાજમાં શું? છોકરીનાં માતા-પિતાને બીજી કક્ષાના નાગરિક હોય તેવો વ્યવહાર કયારેક નજરે પડે છે. ત્યારે આવો વ્યવહાર કરનાર મા-બાપે ખ્યાલ તો રાખવો જ જોઈએ કે પોતે પણ એકાદ દિકરીનાં માતા-પિતા હોઈ શકે છે. હા, આમાં અપવાદરૂપ કિસ્સાઓ પણ જોવા મળે છે. જેમાં વેવાઈઓ સમાન ભૂમિકા પર સંબંધો વિકસાવી શકતા હોય છે. જયાં આવા સમકક્ષ સંબંધો વિકસે છે ત્યાં સામાજિક સંબંધો ગૌણ બની જાય છે ઔપચારિકતા કે વહેવાર ટકતાં નથી રહી જાય છે કેવળ નિખાલસ મૈત્રીસંબંધો.

પહેલાંના સમયની સરખામણીએ આજે સ્ત્રી-પુરુષોના હળવા મળવાના અનેક પ્રસંગો આવતા હોય છે. સાંસ્કૃતિક કાર્યક્રમ, સમાજિક મેળાવડા, સહ-શિક્ષણની શાળા-કોલેજો, પ્રવાસ-પર્યટનો વગેરે એના આધારસ્તંભ છે. વળી શિક્ષણનો વ્યાપ વધતાં નર-નારીના સંબંધોમાનું ચોખલિયાપણું ઓછું, કદાચ નહિવંત થઈ ગયું છે. આધુનિક સ્ત્રી, યુવતી કે કિશોરી મહદઅંશે વિજાતીય વ્યકિતઓ સાથેના પોતાના સંબંધો ખૂબ સહજ-સરળતાથી વિકસાવી શકે છે ને ટકાવી પણ રાખે છે. કંઈક અંશે એ થોડી નચિંત, નિષ્ફિકર અને 'બિન્દાસ' બની ચૂકી છે. આવી પરિસ્થિતિમાં સ્ત્રી કે પુરુષનો માનસિક કે વ્યકતિગત વિકાસ પણ થતો જાય છે. આ તંદુરસ્ત સમાજની નિશાની છે.

આજે મહત્વનો પ્રશ્ન છે. આપણા સમાજમાં સ્ત્રી-પુરુષના દાંપત્યજીવનમાં તિરાડ પડવી, લગ્નજીવન ખંડિત થવું લગ્ન પછી તુરંત જ કે કેટલાંક વર્ષો બાદ છૂટાછેડા લેવા પત્નીને ત્યજી દેવી વગેરે કિસ્સા સતત વધતાં જાય છે. એનાં કારણો તપાસવાની આવશ્યકતા જણાય છે. બીજાં અનેક કારણોમાં મહત્વનું કારણ એકબીજા સાથે અનુકુળતાથી - Adjustment- રહેવાની વૃતિનો અભાવ મુખ્ય છે. વળી સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બને છે. કયારેક સાસુ તો કેટલાક કિસ્સાઓમાં છોકરીની માતા પણ આવાં લગ્નજીવનને વેર-વિખેર કરી નાખવામાં કારણભૂત બને છે. આ બધામાં સમાધાન નહીં કરી શકવાની શક્તિનો અભાવ જ મુખ્ય

ભાગ ભજવે છે. વહુ દીકરી બની શકે કે સાસુ મા બની શકે એ ઘરની સંવાદિતા પ્રસન્નકર બની રહે છે.

લગ્નજીવનનાં પ્રારંભનાં બે-ત્રણ વર્ષ ખૂબ જ અગત્યનાં છે. એક કુમળો છોડ પોતાની ભૂમિ, વાતાવરણ, હવા-પાણી વગેરેમાંથી ઉખેડી સાવ જ નવા વાતાવરણમાં રોપીએ અને એની જે દશા હોય છે. તેવી જ દશા નવી-સવી પરણીને આવેલી પુત્ર-વધુની હોય છે. રહેન-સહેન, ખાવું-પીવું, પહેરવું, ઓઢવું, સ્વભાવ વગેરે બાબતોનો એણે મેળ મેળવવાનો હોય છે. ત્યારે એની લાગણીઓને સમજવામાં આવે તો નવા વાતાવરણમાં એ સારી રીતે ગોઠવાઈ શકે.

મનુષ્યમાં અહમ ન રહે કે એની માત્રાને બને એટલી ઓછી કરી શકાય તો સમાજ સુખી બની જાય. લગ્નજીવનને ખંડિત કરવામાં વ્યકિત-વ્યક્તિઓ વચ્ચેના અહમનો ટકરાવ એક મહત્વનું કારણ છે. એકબીજાના કુટુંબીજનોને સમજી, એમની જરૂરીયાતો સમજી શકય હોય ત્યાં નિખાલસ વાતચીત વડે આવા ટકરાવને નિવારી શકીએ કે સીમિત કરી શકાય તો આપણી મોટા ભાગની સમસ્યાઓ ઓછી થઈ જાય. આવું શક્ય ન હોય ત્યાં સંપૂર્ણ મૌન, કેવળ થોડાક દિવસનું એ પણ એક રામબાણ ઈલાજ બની શકે. અહીં એક ઉદાહરણ રજૂ કરવાનું મન થાય છે.

મારા જ એક ખાસ મિત્રની દીકરી આઠ-દસ વર્ષ પહેલાં લગ્ન કરી સાસરે ગઈ. કુટુંબીઓએ ગોઠવેલાં લગ્ન હતાં. ચાર-છ મહિના પછી મળી ત્યાંરે મેં પૂછયું ''કેમ બેટા ! સાસરે બધું ઠીક છે ને . બરાબર ચાલી રહયો છે તારો સંસાર?'' ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં ય કાયમ હસતી રહેતી યુવતિએ હસીને જ જવાબ આપ્યો: ''કાકા એમાં તો એવું છે કે મને એકલીને પાંચ કે છ વ્યકિતનું કુટુંબ થોડું અનુકુળ થઈ શકવાનું છે? અનુકુળતા તો મારે જ કેળવી લેવાની અને તે હું બરાબર સમજી ગઈ છું તમે તમારે નિષ્ફિકર રહો મારા સંસારને કાંઈ થવાનું નથી.'' આવી શ્રધ્ધા, આવી જીવનદ્રષ્ટિ જ વ્યકિતને પોતાનો સંસારસાગર હેમખેમ પાર કરવામાં સહાયક બને એ નિર્વિવાદ છે. એમની એક બીજી દીકરી મા-બાપને ઘરે હતી ત્યારે થતું આ પરણીને જશે તો એના સ્વભાવે કરી દુ:ખી થઈ જશે. ઘડીક વારમાં ગુસ્સે થઈ જવાનો એનો સ્વભાવ એના સંસાર-જીવનને છિન્નભિન્ન તો નહી કરી નાખે? પણ કોણ જાણે કેમ આજે ચાર-પાંચ વર્ષના સમયગાળા પછી એ પાતાના સંસારમાં સરસ રીતે ગોઠવાઈ ગઈ છે. આવું ય બને છે! ઉલટ પક્ષે વહુ ઘરે આવે તે પહેલાં સાસુના કાને કે વહુના કાને આવેલી જાત જાતની વાતોથી બન્નેના મનમાં એક પ્રકારની એવી ગ્રંથિ બંધાઈ જાય છે કે જયાંસુધી તેઓને એકબીજાના સ્વભાવનો અનુભવ ના થાય ત્યાં સુધી મનમાં સંગ્રહી રાખેલા એકમેક પ્રત્યેના પૂર્વગ્રહો દૂર નથી થતા. આવા કિસ્સાઓમાં ખૂબ ધીરજથી નિખાલસ વાતચીત ને વર્તનથી -સંવાદથી એકબીજાનું મન જીતી શકાય ને જે પૂર્વગ્રહો બંધાઈ ગયા હોય તેને દૂર કરી શકાય. સંસારિક જીવનમાં આ બધી વાતો ખૂબ મહત્વ ધરાવે છે.

સામાન્ય રીતે આપણો સાધન-સંપન્ન સમાજ છે. આજે પ્રેમલગ્ન અથવા આંતરજ્ઞાતિય કે આંતરપ્રાંતિય લગ્નો થવા માંડયા છે. આ માટે થોડાંક વર્ષો પહેલાં જે વિરોધ હતો તે હવે સાવ નગણ્ય થઈ ગયો છે.આ આવકારદાયક વાત છે પરંતુ આવાં લગ્નો જયારે ભંગાણને આરે આવી ઉભાં રહે છે ત્યારે વધારે સહન કરવાનું મોટે ભાગે સ્ત્રીના ફાળે જ આવે છે. આધુનિક નારી શૈક્ષણિક પ્રગતિને કારણે આર્થિક રીતે પગભર થઈ શકવાની ક્ષમતા ધરાવતી હોવાથી પોતાના

જીવનમાં આવી પડતા આવા પડકારોનો હિંમતપૂર્વક મુકાબલો કરી શકે છે. આ સંદર્ભે એક કિસ્સો યાદ આવે છે. સાત-આઠ વર્ષ પહેલાં એક કિશોરી, હજુ માંડ અઢારનું વય પૂરું થયું હશે; એણે મારા એક મિત્રના ભાઈ સાથે મા-બાપના વિરોધને ગણકાર્યા વગર આંતરજ્ઞાતિય લગ્ન કરી લીધાં. મા-બાપને આઘાત લાગ્યો. દીકરી સાથેના સંબંધો કપાઈ ગયા. અલબત સમય જતાં જેમ બધે બને છે એમ એ સંબંધો પૂર્વવત થઈ ગયા. આઠ વર્ષે પુખ્તતા ધારણ કરનાર કિશોરીમાંથી યુવતી બનેલ એ બાળાનું ભ્રમનિરસન થઈ ગયું એણે પોતાના પતિને કહયું મારો ભ્રમ ભાંગી ગયો છે હું પળવાર પણ તારી સાથે મારું જીવન નિભાવી શકું એમ નથી. અણસમજણી-સ્વપનીલ-ઉંમરે કેવળ સિનેમાના પ્રભાવ હેઠળ કે ઘરની પરિસ્થિતિને કારણે પ્રેમલગ્ન કરતાં અપરિપકવ છોકરા છોકરીઓનો ભ્રમ ભાંગી જાય છે ત્યારે એમને બહુ મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે. આવું બને ત્યારે છોકરીને મા-બાપ કે ભાઈ - ભાંડુઓની હૂંફની આવશ્યકતા રહે છે. પરિસ્થિતિવશ એનો સ્વીકાર કરી એની જીવનનાવને યોગ્ય પ્રવાહમાં ભેળવી દેવાની પણ આપણે તૈયારી રાખવી જોઈએ.

લેખના અંતિમ ચરણમાં પ્રવેશીએ તે પહેલાં આ વાતો પણ વિચારી લઈએ. સામાન્ય રીતે લગ્નસંબંધો સરખી કક્ષાનાં કુંટુંબો વચ્ચે બંધાય તે સરાહનીય બની રહે. પૈસાપાત્ર, મધ્યમવર્ગ, ઉચ્ચમધ્યમવર્ગ કે ગરીબ કુટુંબો વચ્ચે સમાન કક્ષાએ બંધાતા સંબંધોમાં અને એને જાળવી રાખવાની બાબતમાં ખાસ મુશ્કેલી વર્તાતી નથી. એટલું જ નહીં માનસિક સુમેળ શૈક્ષણિક લાયકાતો વગેરે બાબતોનું ધ્યાન રાખવામાં આવે ત્યારે પણ તકલીફ કે સંબંધો તૂટવાની શકયતા કદાચ સોએ દસ ટકા હોઈ શકે પણ એથી વિપરિત પરિસ્થિતિમાંના લગ્નસંબંધોને ટકાવવા ખૂબ મુશ્કેલ છે.

કોઈ પુરુષ પોતાની પત્નીને મારપીટ કરે એનો કોઈપણ સંજોગોમાં બચાવ ન જ થઈ શકે. છતાં સ્ત્રી પોતાના જ માણસ તરફથી થતો માનભંગ મને-કમને સ્વીકારી લે છે. પરંતુ જયારે પતિની હાજરી કે ગેરહાજરીમાં સાસુ. સસરા કે નણંદ દિયર આવો માનભંગ કરે તો તેની સહનશકિતની સીમારેખા બહાર નીકળી જાય છે. ભલે જૂજ અપવાદરૂપ પણ આવા કિસ્સા આજે સમાજમાં બની રહ્યાં છે. ઘણાંબધાં પ્રસંગોમાંથી થોડાક લોકોના ધ્યાન પર ચડે છે, જયારે સ્ત્રી આવાં કોઈક કારણસર ગૃહત્યાગ કરી દે છે પછી મધ્યસ્થી વાટાઘાટો અને અંતે તો સ્ત્રીએ જ મોમાં તરણું લઈ પાછા શ્વસુરગૃહે જવું પડે છે, આવી માનહાનિ સ્ત્રીના ગૌરવને હણી નાખે છે. બનવું તો એવું જોઈએ કે આવા સંજોગો કુટુંબમાં ઉભા જ ન થાય. કુટુંબની દરેક વ્યકિતને આપણે સાથે રાખીને ચાલી શકીએ, એની માન-મર્યાદાને જાળવી શકીએ એવો માહોલ સર્જીએ તો એ આદર્શ પરિસ્થિતિ ગણાય વળી આજે કાનૂન પણ આવી મારપીટ કે સ્ત્રી સાથેના ક્રૂર વર્તાવ માટે ખૂબ કડક બની ગયો છે. જેનો આશરો જો સ્ત્રી લેવા જાય તો સાસરિયાંને નાહક કોર્ટ-કચેરીના ચક્કરમાં અટવાવું પડે. હજુ આપણી બહેનો-દીકરીઓનાં હૈયા સાબૂત છે અને આવું કોઈ અંતિમ પગલું ભરાયુ નથી એનો સંતોષ છે પરંતું સાવ અસહ્યય સંજોગોમાં તેઓ આવું કૈં કરી ન બેસે એ માટે સામાજિક સંબંધોને એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જ રાખવા આપણા સૌ માટે હિતાવહ છે. આ બાબતનો એક નેત્રદીપક દાખલો મારી નજર સમક્ષ તરવરી ઉઠે છે તે આવા જ માહોલમાં સપડાયેલી એક સ્ત્રીને જયારે સલાહ

આપનારે રહયું કે ''તું કેમ આ બધું સહન કરી લે છે? શા માટે પોલીસમાં ફરિયાદ નથી કરતી?'' ત્યારે એણે આપેલો જવાબ ''મારે મારાં બાળકોના ભવિષ્યનો તો વિચાર કરવો જોઈએ ને.'' આપણને એની સૂઝ-સમજ અને સહનશક્તિ અંગે વિચાર કરવા પ્રેરે છે.

અને છેલ્લે, માતાપિતા સાધન-સંપન્ન હોય, ચાર-પાંચ દિકરીને વળાવાની હોય એમાંથી બે-ત્રણનાં લગ્ન થઈ ગયાં હોય. આ પરિસ્થિતિમાં દરેક મા-બાપ પોતાના સામાજિક મોભા અનુસાર દિકરીઓને કરિયાવર-વહેવાર આપતાં જ હોય છે. એમાં એકને વધારે કે બીજાને ઓછું એવી અન્યાયી દ્રષ્ટિ તો એ રાખે જ નહીં. પોતાની જાતને પ્રગતિશીલ કહેવડાવતો આપણો સમાજ જયારે કોઈ સાસરિયાં વધારે કરિયાવર લાવવા માટે પોતાની વહુને મજબૂર કરે ત્યારે પ્રગતિશીલતાના દંભનો પર્દો ચીરાઈ જાય છે. આવા કિસ્સા ભલે થોડા પ્રમાણમાં પણ આજકાલ બની રહયાં છે!

અહીં નિર્દિષ્ટ તમામ બાબતોનો સમગ્રપણે વિચાર કરીએ તો જણાશે કે વ્યકિતના લગ્નજીવન પર આ બધી બાબતો વત્તે-ઓછે અંશે અસર કરે જ છે. જીવન ને સંવાદી, એકરાગવાળું, સરળ અને સહ્ય બનાવવું હોય તો સમાજે અને સમાજના એકમ આપણે સૌએ આ બધી વાતો પર ઉંડું ને ગંભીર મનન કરવું પડશે. લગ્નજીવનનો પાયો છેઃ વફાદારી, વિશ્વાસ અને શ્રધ્ધા. એકમેકને સમજવાની, અનુકુળ થવાની તત્પરતા. આ બધું ન હોય એ લગ્ન-જીવન ભાંગી પડવાની અણી પર પહોંચી જવાની શકયતા રહે છે. એને ભાંગતું આપણે જ અટકાવી શકીએ. અન્યથા આધુનિક નારી, ઉપર જણાવ્યું તેમ પેલી ડોલ્સ હાઉસની નાયિકા નોરાની જેમ આપણા ઘરનું બારણું બંધ કરી પછાડી ઘરની બહાર નીકળી જશે ને એના પડઘા સમગ્ર સમાજમાં આખી દુનિયામાં પડઘાશે. આપણે એ રસ્તે તો નથી જવુંને? આનો જવાબ મેળવવા મથવું પડશે, નહીતર નોરા જે પાશ્ચાત્ય સંસ્કૃતિનું પ્રતિક છે અને ભાષાથી માંડી સંસ્કૃતિ સુધીના પશ્ચિમના પ્રવાહમાં આપણે જે ઝડપથી તણાઈ રહ્યાં છીએ તે જોતાં આપણા સમાજમાં પણ આવી નોરા બહુમતિમાં આવી જશે. આપણે સવેળા જાગીએ અને આનું નિરાકરણ લાવીએ એજ સમાજના શ્રેષ્ઠ હિતમાં છે.

❖ ❖ ❖

## એટલે ...... તું

સ્વપ્નો અને સ્મૃતિઓ વચ્ચે
એક નદી, એ નદી એટલે તું
પક્ષીઓ શિકારીની આંખો વચ્ચે
એક થડકાર એ થડકાર એટલે તું
તડકાની કોર અને ઝાકળ વચ્ચે
એ જન્મપત્રી એ જન્મપત્રી એટલે તું
નહી વરસેલો મેહ અને રણ વચ્ચે
એક ડૂમો એ ડૂમો એટલે તું
વિશ્વશાંતિની લાશ અને અણુબોમ્બ વચ્ચે
એક શિશુ એ શિશુ એટલે તું
ડુંગરની નીર્જનતા અને કેડી વચ્ચે
એક ડગલું એ ડગલું એટલે તું
ચોખ્ખું ચણાક ફળીયું અને સળી વચ્ચે
એક ડમરી એ ડમરી એટલે તું
થીજેલાં શબ્દો અને ભડભડ બળતા
મૌન વચ્ચે એક અતીત
એ અતીત એટલે તું
હા, એ...ટ...લે.... તું.....જ

*- રાજેશ નટવરલાલ કડકીઆ*

# સીમિત મર્યાદા

✍ *ઉષા એસ. ધારીયા*

ઘરની સીમા, ગામની સીમા, દેશની સીમા, ખંડની સીમા, સીમા એટલે સૂચક રેખા દર્શાવે. પરંતુ માનવી માટે એવી કોઈ સીમા નથી હોતી. તેના માટે હોય છે મર્યાદા. મર્યાદામાં રહીને આપણે જીવન વ્યતીત કરીએ. ઈશ્વરના પંચમહાભૂતને પણ મર્યાદાની સીમિત રેખામાં રહીને જ કામ કરવાનું હોય છે. શ્રી સૂર્યનારાયણ તેની સીમિત મર્યાદાનું ઉલ્લંઘન કરે તો? યા પવનદેવ, યા ધરીત્રીમાતા યા જલદેવ એટલે કે શ્રીજુમને મહારાણીમા ગંગામૈયા, મહાસાગરો, અન્નદેવ દરેક પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરે તો? પ્રલયકારી તાંડવ સર્જાય જ ને. વળી વાવાઝોડું, ભૂકંપ, જ્વાલામુખી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુનામી આવે જ આવે. પરમ બ્રહ્માંડમાં આ પાંચે તત્ત્વને પણ સીમિત મર્યાદાનું રેખાંકન છે. એ જ રીતીએ માનવી હર જીવંત પશુપંખી વગેરેના શરીરને એક આવરણ આપેલું છે. આ આવરણ ન હોય તો? નીચેથી રક્તમાંસથી લદાયેલું શરીર જોઈ આપણે સુગાઈ જઈએ. પ્રભુએ દરેકને માટે સીમિત મર્યાદાનું રેખાંકન કરેલું જ છે અને એનું ઉલ્લંઘન એ વિચારે મન ભયભીત થાય છે. એક સુંદર દૃષ્ટાંત. આપણી જીભને સીમિત મર્યાદામાં રહેવાનું હોય છે, અને એ મર્યાદા ચૂકે તો જીભ દાંત નીચે કચડાઈ જાય. માનવીની સમજ માટે આ દૃષ્ટાંત સંપૂર્ણપણે સુલભ છે. ભગવાનની શ્રીકૃષ્ણની સોનાની દ્વારિકા નગરી સાત વાર સમુદ્રના તળિયે દટાઈ ગઈ હતી. એવી જ રીતે રશિયાનું તાશ્કંદ પણ કંઈ કેટલીવાર સમુદ્ર તળે ગયું છે, આ તો સર્વે કોઈ જાણતા જ હશે, હવે સીમિત મર્યાદાના આ શિર્ષકને સોચ આપીએ.

અત્યાર સુધી આપણે દેશ, ખંડ, ઘર અને પંચમહાભૂત અને દેહના આવરણની સીમિત મર્યાદા જાણી. પણ માનવી ઊંડાણ માટે કોઈ સીમિત મર્યાદા ખરી? એ માટે પણ પ્રભુજીએ સંતોષની સીમા રેખા દોરેલી છે. આ સંતોષ એ એક એવું અણમોલ ઘરેણું છે પરંતુ મનની ભૂખ, તનની ભૂખ એને સંતોષનો આંકો ખરો? માનવ લાખોપતિ હોય એને કરોડો કમાવાની ભૂખ, એમના શરીર ઘરડાં થાય, શરીરના ગાત્રો શિથિલ થાય પણ શેરોની લેવડદેવડમાં રચ્યાપચ્યા રહેવાના અભરખા ઓછા નથી થતા. આ મિલકતો મહેલાતો અહીં જ રહી જશે અને આપણે ઠાલે હાથ પ્રભુના દરબારે જવાનું થશે. પેટને પણ આંકો હોય. પણ મનની ઉડાણને આંકો જ નથી હોતો. પેટ ભરાય પછી ગમે તેવી મધમધતી મિઠાઈ યા ચટપટા ફરસાણ હોય તો ખાઈ જ ન શકીએ. અને વધુ ખાવાની કોશિશ કરો તો બહાર આવે, અપચો થાય. શરીરનું સ્વાસ્થ્ય બગડે, અને સ્વાસ્થ્ય બગડે એટલે તો પછી કશું વ્હાલું નથી લાગતું, ન પ્રભુ સાંભરે કે ના ઘરનું સુખ સાંભરે. આ એક ઉદાહરણ જીવ્હાની મર્યાદાનું વિચાર્યું કે ભાવતાં ભોજન જોઈ મર્યાદા સીમા ઓળંગીએ તો? આ તો થઈ ખાવાની વાત. આજ રીતે જીભનું બીજું કાર્ય છે વાચા. આ જીભેથી બોલાયેલા વેણ પાછા નથી ખેંચાતા, જેમ કમાનમાંથી નીકળેલું તીર પાછું ન વળે તેમ બોલાયેલા શબ્દો પાછા ગળાતા નથી. વાચા થકી વેર બંધાય છે. પ્રભુજીએ જીભ અને વાચાની બે સીમિત મર્યાદા આંકી છે. ભજન અને ભોજન. વધુ ખાવાથી વધુ બોલવાથી યા અપશબ્દો બોલવાથી (ગાળ) સીમિત મર્યાદાનું ઉલ્લંઘન થાય અને એ પ્રભુજીના ચોપડે જમાઉધાર ખાતામાં સારું, નરસું પાપપુણ્ય જમા થતું

રહે છે અને કર્મબીજ રોપાઈ જાય છે. આ કર્મબીજ કોઈ સંચિત કર્મની જેમ મોડું ઉગે, જેમ ઘરમાં કમાયેલા રૂપિયા બધા એક સાથે નથી ખર્ચાતા તેમ વળી બીજું શરીર અને મન માટે બીજું એક મર્યાદાનું આવરણ રેખા પ્રભુજીએ દોરેલી છે અને એ છે વય મર્યાદા.

માનવીને ઘરડાં થવું ગમતું નથી. અને છતાં જેમ સવાર બપોર અને સાંજ થાય તેમ બાળપણ યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. આનું એક ઉદાહરણ જણાવીશ કે ગૌતમ બુદ્ધ જ્યારે નાના હતા રાજકુમાર સિદ્ધાર્થ ત્યારે તેમને આ ત્રણે માનવ શરીરની અવસ્થાને જોઈ અને તેઓ સંસાર અને રાજવૈભવ છોડી ગૌતમ બુદ્ધ બન્યા. આ તો આપણે ન કરી શકીએ, સંસાર છોડી પણ ન શકીએ, પણ બાળપણ, યુવાવસ્થા અને જરાવસ્થાને અનુરૂપ આપણું આચરણ શું અને કેવું હોય એ વિચારીએ તો ? શરીરને મોટા થયા પછી બાળપણ અને યુવાનીના જોમ સાથે આપણે ન સરખાવીએ. આજની ભદ્ર સમાજની મહિલાઓ વાળને ડાય કરી જુવાન દેખાવાનો એક અણછાજતો પ્રયાસ કરી રહી છે. કંઈક મહિલાઓ પોતાના પરિધાનને યુવા પરિધાન સાથે કદમ મિલાવતી થઈ છે. આ એક ઉદાહરણ છે. દાદીઓ પંજાબી પહેરે યા વહુઓ પંજાબી પહેરે યા પેન્ટશર્ટ પહેરે અને એની પોતીઓ પણ પંજાબી યા પેન્ટશર્ટ પહેરે. ત્યારે મર્યાદાનું ઉલ્લંઘન થતું દેખાય છે. પૌત્રીઓ પણ શરમાતી ફરે છે. મનુષ્યને સીમિત મર્યાદા સાથે એક અનમોલ ચીજ ભેટ મળી છે અને એ છે બુદ્ધિ, વિચારશક્તિ. હા આપણે પંજાબી કોમના હોઈએ તો આ બરોબર છે. પરંતુ આપણે ગુજરાતી હોવા છતાં વેશ પરિધાનમાં આ ઉલ્લંઘન શાને ? જ્યારે ઘણાના વરો સ્વર્ગે સિધાવ્યા હોય અને કાં તો ઘડપણે ડોલતાં હોય તેની સામે ભદ્ર મહિલાઓની આ વેશભૂષાનું પરિવર્તન હાસ્યાસ્પદ બને છે. એક તો લથડબથડ ચરબીયુક્ત જાડા શરીરો અને દલીલોમાં બોલે કે પંજાબી પહેરવાથી સરળતા રહે છે પરંતુ એની વિચારશક્તિ ત્યારે બોખલાય છે. નારીનું શીલ, શીયળ અને સુંદરતા સાડીમાં જે નિખાર લાવે છે તે પંજાબીમાં નહી. આ તો સીમિત મર્યાદાનું એક ઉદાહરણ છે. બંધ બેસતી પાઘડી રખે કોઈ પહેરી લેતાં. હું પોતે જરાયે જૂનવાણી નથી પરંતુ શરીરની જે મર્યાદાવસ્થા આપી છે એ વિચારી શકું છું. આ જ રીતે પુરુષોની દોડ પણ ઓછી નથી. અને એથી જ સિનિયર સીટીઝન ડોલતાં જ રહે છે અને યુવાનો કરમાઈને ખરી પડે છે. આપણા સમાજની ઘણીબધી વિધવા મહિલાઓ એક દાખલારૂપ છે. દવાઓ ખાવાની, અને મારે આટલું ચાલવું જ જોઈએ, આવા ઘણા ઘણા વિચારો જેમ કે મન થોડીને ઘરડું થાય છે, અને યુવાનો નાના નાના કરમાતા જ રહે છે. સિનિયર સીટીઝનો રંગાતા જિંદગી વીતાવતા હોય છે. આ તો સીમિત મર્યાદાનું ઉદાહરણ છે. બાકી તો અપની સોચ અપની હૈ!!

ગૌતમ બુદ્ધ, મહાવીર સ્વામી, ઈસુ, રામ, જે મર્યાદા પુરુષ હતા જે નજરીએ જુઓ...

**''ઉંમરકી ઉંમરકી સોંચ પ્યારે**
**મોહકા પરિગ્રહ છોડ પ્યારે**
**બહુત નાચ નાચ્યો પ્યારે**
**અબ તો પ્રભુજી સે પ્યાર કર લે''**

મનને, તનને બહુ જ નચાવ્યા વિના શાંત મનથી પ્રભુ ભક્તિમાં એકાગ્ર થઈ વિચારજો કે ગયા દિન અને બાકી રહ્યા દિનની બાદબાકી કરી પ્રભુ ભક્તિનો સરવાળો અને જેમ મયુરેશ બાવાએ કલશ ભરી લાવવા કહ્યું હતું તેમ કલશમાં ભક્તિના કંકર ભરતા રહો જેથી પ્રભુ મિલનની પ્યાસ છીપાય. સંસારનો વારસો અને ભક્તિરસ કુંભથી સાત પેઢીના તમે તારણહાર બની શકશો. કરેલા સારા કર્મથી વિધિના વિધાન પણ ફેરવી શકાય છે અને

એ એ અપવાદને કોઈ મિથ્યા ન કરી શકે. કહે છે લક્ષ્મીજી પણ ત્રીજી પેઢીએ ચાલ્યા જાય છે એ વિધાનને પણ તમે જુઠલાવી શકો છો. લક્ષ્મીજી ચંચળ છે પણ ના ઠાકોરજીના પત્ની લક્ષ્મીજી જ્યાં ઠાકોરજી રહે ત્યાંથી લક્ષ્મીજી વિદાય કદી ના લે એ વિદીત છે. અને ભક્તિ એટલે નામ જપ સાથે ભજન કિર્તન અને સાથે સેવાના કામ, પર આત્માનું કલ્યાણ મનને મારવાની જરૂરત નથી અને પ્રભુજીને ખરીદી શકાતા નથી. ભક્તિમાંનો ભાવ પ્રભુ તોલે છે. ભક્તિ કેટલી કરી એ તોલતા નથી. અંતરનો આવિષ્કાર, આર્તનાદ સાથે નિર્મળ મનની ભક્તિને પ્રભુજી તોલે છે અને એ પણ સીમિત મર્યાદાની સંગમાં. વળી મોટી ઉંમરના ભાઈઓ-બેનો સેવા કરતાં હોય અને 'બીયર એટલે તો પોણી' કહેતા હોય છે. શું એ પાણીને ઝારીજીમાં ભરી શકાય? ભક્તિ કલશમાં ભરી શકાય? ઘેર ઘેર સેવા કરતી બેનો કાંદા લસણ મશરૂમને વર્જ્ય ગણનાર બેનો જીમલેટ એટલે 'લેડીઝ ડ્રીંક' કહેતી હોય છે. તનની શુદ્ધિની આવશ્યકતા તો છે જ પરંતુ મનની શુદ્ધિ અને નિર્મળતા એ પહેલું સોપાન છે. આઠ દિવસે એકાદ વાર હોટ ડ્રીંક લેવાય એમાં દારૂડિયા ન થઈ જવાય. કંઈક બેનોની આ દલીલ છે પરંતુ મદ્યાર્કથી ઘેર ઘેર ડાયાબીટીઝ અને બલ્ડપ્રેશર ઘર કરે છે, હાર્ટએટેકને પણ નોતરુ દેવાઈ જાય છે બ્લોક નળીઓને માટે બાયપાસ જરૂરી બને છે. આ બધું પથ્ય આહાર અને વિચારની મર્યાદાનું ઉલ્લંઘન છે એ જુઠલાવી ન શકાય.

હૃદયમાં પર આત્મા માટે દયા અનુકંપા જગાવો કોઈને ઠંડીથી રક્ષણ આપો તો ધાબળાનું વિતરણ કરો. ઘર ન હોય એને ઘરની છત આપો. અંધજનોને આંખ અને આંખના ઓપરેશન કરાવી આપો. કોઈને કેલીપર, તો કોઈને સાંભળવાનું ઈયરફોન આપો. કોઈ ગરીબ કિસાનના ખેતરે કૂવો ખોદાવી આપો. એક વયોવૃદ્ધ બેનને બોલતાં સાંભળ્યા કે રૂા. ૨૦૦ કરોડના ખર્ચે સ્વામીનારાયણનું મંદિર બંધાવવાનું છે. પરંતુ અમારા ઘરની જર્જરિત છતને રીપેર કરાવવાના પૈસા નથી. કદાચિત અમે ઘરમાંના સર્વે એવા એક સાથે દટાઈ જઈશું. બેન નાનું મોટું દરજી કામ કરે છે. આંખોએ સુઝતું નથી તોય, આવા બેનોને મદદ કરવા હાથ લંબાવો. તમારા મનને ઉછળતું રોકો. ઘડપણને એક અનેરો સ્વાદ આપો અને તમારા જીવનની મોજ-મસ્તીના ખર્ચામાં કટોતી કરીને પુણ્યાઈ મેળવો એનો તોલ પ્રભુજી પહેલો જ કરશે. રક્તદાન શિબિર કરો અને બીજા શિબિર કરો તો ગરીબો માટે જ એન્ટ્રી રાખો. મનને મર્યાદાની સીમામાં રાખો. આગળ કહ્યું તેમ બાળપણ, યુવાની અને જરાવસ્થાને ઓળખીને એ જ રીતનું વર્તન આચરણમાં મુકો. પ્રભુભક્તિનો કલશ ભરાશે અને પ્રભુ મિલનની પ્યાસ બુઝાશે. સંસ્કારનો વારસો આપી શકશો. બાપ-બેટો, જમાઈ દીકરીઓ સાથે હોટ ડ્રીંક પાર્ટી મનાવે એમાં ગૌરવ લેવાનું નથી રહેતું. યુવાનો, ફ્રેન્ડસ ક્યારેક મસ્તીમાં મંગલ મનાવે, પણ ઘડપણને એમાં ઘોળવાનું ન હોય. દાદા બન્યા પછી પૌત્રીઓ તમને સર્વ કરે એ શું શોભાસ્પદ લાગે છે? મનને મારવાની જરૂરત નથી. સીમિત મર્યાદામાં રાખો એનું જ નામ સાચી મરજાદ. મરજાદ એટલે ફક્ત નાહીને કોઈને અડક્યા વિના ખાવું પીવું, સેવા કરવી ઠાકોરજીની એથી આગળ ઉપર જણાવ્યું તેમ ગૌતમ બુદ્ધ તો ન બનીએ પણ આપણી ઉંમરના બાધ સાથે પર કલ્યાણ માટેની સેવા અને મુખ મેં હરિ નામ જાપ... સીમિત મર્યાદાનું આ છે નામ.

❖ ❖ ❖

# દંપતિની મહત્વકાંક્ષા

*✍ શ્રીમતી કોકીલાબેન જયંતીલાલ કડકીઆ (સીકંદ્રાબાદ)*

**સદગુરુ ૐ નમઃશિવાયઃ**

***(લગ્નની વિવિધ રસમોની પાછળ સમાયેલો ગહન ભાવાર્થ લેખિકાએ આપણને સમજાવ્યો હતો. એ લેખના અનુસંધાનમાં આ લેખ રજૂ કરીએ છીએ.)***

સંસારમાં દંપતિ પ્રીતિને ખૂબ જ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થયું છે. સંતાન પ્રીતિ અને દંપતિ પ્રીતિને યોગ્ય દિશામાં કેળવવામાં આવે તો તે પરમ ધર્મ પ્રત્યે ખેંચી જાય. પતિ-પત્ની મળી દંપતિ થાય છે. બન્નેના હિતનો જ્યાં પૂરો મેળ સધાય એ આદર્શ યુગલ કહેવાય, જેમાં બન્ને મળીને આખા જગતની સામે ઉભા રહી શકે. સીતા રામ, સાવિત્રિ-સત્યવાનને શાસ્ત્રોએ આદર્શ દંપતિ કહ્યાં છે. જ્યાં નિતાન્ત પૂર્ણત્વ છે, એકમેકમાં સંપૂર્ણ સમાઈ જવું તે પવિત્ર ફરજ છે.

સામાન્ય રીતે પતિ પોતાની પત્ની પ્રત્યે હંમેશા ઈચ્છતો હોય છે કે મારી પત્નીને માટે હું ખૂબ સુંદર શણગારનાં સાધનો લાવી દઈશ. તે ખુશ થઈ જાય તેવું ફર્નીચર, ફલેટ, ફ્રીઝ, ફીયાટ અને ફોન વસાવી આપીશ. બસ એને એમ થાય કે મારા પતિએ મારી બધી હોંશ પૂરી કરી.....

પત્ની એવી આશા રાખે કે મારા પતિને ભાવતાં ભોજન કરાવી, ઘર, વ્યવહાર અને પોતાનું સૌંદર્ય વ્યવસ્થિત રાખીને રીઝવીશ. આ રીતનાં વિચાર ઘણા ખરા યુગલોમાં જોવામાં આવે છે. ને તે માનવીય સ્વભાવ છે. તેમાં અજુગતુ કશું જ નથી. પણ મારો કહેવાનો આશય નીચે મુજબનો છે. જો આપણી આ સામાન્ય આકાંક્ષાએ રાખીને થોડો વધુ આકાંક્ષા ઉમેરીએ તો કેવું સારું ? પતિ-પત્નીના લગ્નના ફળરૂપે પરમાત્માના આશિર્વાદરૂપે સંતાનપ્રાપ્ત થાય છે. સારા સંતાનની દૃઢ આકાંક્ષા સેવી હોય તો જરૂર સારું પરિણામ આવે. દા.ત. મહાન માતા મદાલસાએ તેનાં ચારેય પુત્રોને જન્મતાંજ જ્ઞાન આપ્યું. તેણીની મહત્વકાંક્ષા બ્રહ્મજ્ઞાની સંતતિની હતી. તો પરિણામે તેને બ્રહ્મજ્ઞાની પુત્રો ઉત્પન્ન કર્યા. માતા જીજાબાઈ, પુતળીબાઈ વિ. ને મહાન દેશભક્ત પુત્રની ઝંખના હતી. તો શિવાજી, ગાંધીજી, જવાહર, સરદાર વલ્લભભાઈ જેવા દેશપ્રેમીજનો આ સદીમાં જ થયા. ધ્રુવ, પ્રહલાદ, નરસિંહ મહેતા, મીરાંબાઈ જેવા ભક્તો પણ માતા-પિતાની ઈચ્છાએ થયાં.

અદિતિએ અને દેવકીએ કઠોર તપશ્ચર્યા કરી તો સ્વયં પ્રભુને તેમના ઉદરમાં આવવું પડયું ને કૃષ્ણ અને વામન અવતાર લેવો પડયો. અત્રી અનસૂયાની ભક્તિએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ત્રણેયને પુત્રરૂપે દત્તાત્રયે મેળવ્યાં. પિતૃઓની ત્રણેય પુત્રીઓ સારી કન્યા માટે વ્રત અને તપ કરીને તેમની દૃઢ ઈચ્છાથી એકને હિમાલયની પુત્રી રૂપે સતીના નામે પાર્વતીમાતા સુપુત્રીરૂપે મળ્યાં. બીજી બહેનને જનકનાં પુત્રી સીતાજી અને ત્રીજી બહેનને વૃષભાનુના પુત્રી શ્રી રાધાજી મળ્યાં. મારું કહેવું એટલું જ છે કે આપણે જ્યાં સુધી સંસારમાં છીએ ત્યાં સુધી કાંઈક ને કાંઈક આશા-ઈચ્છા, મહત્વાકાંક્ષા તો રહેવાની જ. તો દરેક દપંતિ પોતાની ઈચ્છાનું સ્તર જરા

ઉંચુ લઈ જાય તો પરિણામ કેવું સારું આવે! પ્રજા જે નિર્માલ્ય, નિસ્તેજ અને પ્લાસટીકનાં રમકડાં જેવી એક બીબામાં ઢાળેલી ઢીંગલી જેવી બનતી જાય છે. તેની જગ્યાએ સમજદારીપૂર્વક દૃઢ ઈચ્છા કરે, તો દેશપ્રેમી, વિદ્યાપ્રેમી, વિજ્ઞાનપ્રેમી, સંગીતપ્રેમી, સાહસિક, પ્રભુપ્રેમી, સુદંર અને તંદુરસ્ત પ્રજા ઉત્પન્ન કરી શકે. મન હોય તો માળવે જવાય. એ પ્રમાણે દરેક યુગને સારા સંતાનની તીવ્ર ઈચ્છા હોવી જોઈએ. લગ્ન જીવનમાં જેમ હરવું ફરવું, હનીમુન પર જવું, ઘર વસાવવું વિ. જે ધમાલ હોય છે તેના કરતાં કરોડો ઘણી વધુ શક્તિ સારી સંતાન માટેની ઝંખનામાં ફેરવાવી જોઈએ. કુંભાર જેમ ચાકમાંથી તેની ઈચ્છા પ્રમાણે કુંજો, ઘડો, માટલું વિ. જાતજાતનાં માટીનાં વાસણો ઘડે છે તેવી જ રીતે મા-બાપની ઈચ્છામાંથી જાતજાતની યોગ્યતા ધરાવતી સુંદર-તંદુરસ્ત, સંસ્કારી અને વિવિધતાથી ભરેલી સંપતિ આપણે મળવી શકીશું.

હજુ મોડું નથી થયું. હજુ આપણામાં ઋષિમુનિનું લોહી વહે છે. સૈકે સૈકે આત્મદર્શી પુરુષોએ આ ભૂમિને પાવન કરી છે, તેને પ્રગટ કરવાની દિશામાં જો આપણે નિશ્ચય કરીએ અને તે નિશ્ચય ધીરે ધીરે આખા ભારતવર્ષમાં ફેલાય તો બીજી સદીમાં ફરીથી એક વખત ભારતભૂમિ તેના જૂના સદગુણો, સંસ્કારો અને પવિત્રતાથી ભરાઈ જાય. આ દુનિયામાં માનવીય શક્તિ એટલી બધી છે કે તે ધારે તે કરી શકે પણ ક્યારે તેનું મન અને હૃદય આ વસ્તુની અગત્યતા સમજે, અને પછી તે તરફ વળે. પ્રજા તેની ભૌતિક સંપત્તિ યા પરાક્રમથી નહીં પણ તે યુગનાં ઉત્તમ પુરુષોથી જ જીવંત રહે છે.

❖ ❖ ❖

## ન જાણ્યું જાનકી નાથે...

પુષ્પ-પાંદળી પર જામેલાં નીર-બુંદ સમા<br>
નયન ને, હથેળીના સહારે દીર્ઘદૃષ્ટિ કરાવતી,<br>
પ્રિયતમા પ્રિયતમ પાસ આવવાને મથતી હતી.<br>
પછી તો શબદચિત્રમાં જ નીરખીને,<br>
મળ્યાનો આનંદ એકમેકને લૂંટવાનો હતો.<br>
શબ્દચિત્રને હકીકત બનાવ્યું પ્રિયતમે,<br>
મુંબઈમાં નવોઢાનો અવતાર અર્પી તેને.<br>
રીતરસમમાં પાક્કી એવી પ્રિયતમનાં,<br>
બેસતી પ્રિયતમ પાસ ભોજનના સમયે.<br>
એક કર વડે વીંઝણો ઝુલાવતી,<br>
ભોજન આરોગવા મથતા જીવાતને ભગાડવા.<br>
ને બીજા કર વડે કોળિયા ભરાવતી,<br>
કયાંક ભૂખ્યો ન રહી જાય પ્રિયતમ મહોરો સમજી.<br>
નિદ્રાવશ બનતાં નયન પ્રિયતમનાં,<br>
કાચનાં કંકણ તણા આછા રણકારથી.<br>
ને ઝબકી ગયો પ્રિયતમ ઘડીકમાં તો,<br>
ધડાકો કયાંકથી રણકાર દબાવી ગયો'તો.<br>
ચીસ એક સરી પડી પ્રિયતમાના મુખ મહીંથી,<br>
પ્રિયતમને ચૂમતા પહેલાં જ થાંભલે પડયો'તો.<br>
પડયો સીધો પ્રિયતમા પર 'ને પડયા બન્ને સાથે,<br>
મકાનના પાયા આજ નિંદ્રાવશ બની જવાથી.

*-બંકીમ આર. પરીખ (કાંદિવલી)*

'ઓ સુંદર પૃથ્વી, ઓ ધરતી! તું કેટલી અદભુત છે! કેટલી ભરપૂર છે! પરંતુ તારા ઉપર જીવનાર કયો મનુષ્ય તારા સૌંદર્યને જોઈ શકે છે! આહ! જીવન જીવવું તે કેટલું રહસ્યમય અને ભર્યુંભર્યું છે, પરંતુ માણસને તેની ખબર નથી અને આ ભરપૂર જીંદગીમાંથી આખરે તે ખાલી હાથે જ વિદાય લે છે.'

# દસમો ભાગ

✍ *નવનીતલાલ ચંદુલાલ સરકાર*

પૈસો કમાવવો એ ખોટું નથી પરંતુ પૈસાનો દુર્વ્યય કરવો એ ખોટું છે. લક્ષ્મી એ તો આપણી 'મા' છે. મા નો ઉપભોગ ના થાય! લક્ષ્મીનો ઉપભોગ ન થાય, ઉપયોગ થાય. ઈશ્વરે લક્ષ્મી આપી હોય તો લક્ષ્મીના દાસ બનીએ. લક્ષ્મીના પતિ ના બનીએ. લક્ષ્મીનો પતિ તો એકલો નારાયણ છે.

શ્રીસુક્તમમાં લખ્યું છે, तां म आवद जातवेदो लक्ष्मीम् अनपगामिनिम्। હું એવી લક્ષ્મી કમાઉં જે લક્ષ્મી મારો આત્મા ઉન્નત કરે. મારું જીવન ઊર્ધ્વગામી બને. એવી લક્ષ્મી ન જોઈએ જે મને રડાવે.

## સત્યનો રાહ

તુલસીદાસે કહ્યું છે,

**પાણી બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ**
**દોનો હાથ ઉલચીયે યહી સજ્જન કા કામ!**

નાવડીમાં પાણી ભરાય અને ઉલેચીયે નહીં તો નાવડી ડૂબી જાય. ઘરમાં લક્ષ્મી વધે એને સારા માર્ગે નાખી એ નહીં તો બુદ્ધિ ભ્રષ્ટ થાય.

પૈસો જરૂર જ કમાઈએ પરંતુ અધર્મની એક પણ કમાઈ આવી ન જાય એનું સતત ધ્યાન રાખીએ. લસણની એક જ કળી મણભર બાસુંદીને બગાડી નાખે છે. ઝેરનું એક જ ટીપું હર્યુંભર્યું જીવન રગદોળી નાખે છે. માટે નીતિથી કમાયેલો પૈસો ધર્મમય કહેવાય. શક્તિ હોય છતાં ઉછીના લાવેલા પૈસા પાછા ન આપીએ એ અનીતિ! એક કહીને બીજું આપીએ, ઈંગ્લિશ કહીને દેશી આપીએ. આ પણ અનીતિ! બાપે આપેલા રૂપિયા કોઈને ખબર ન હોય અને બાપ ગુજરી ગયા પછી ભાઈને એનો હિસ્સો ન આપીએ એ પણ અધર્મ! આવી અધર્મની કમાણી રડાવશે જ્યારે સચ્ચાઈની કમાઈ ભલે થોડી હશે જીવનમાં શાંતિ આપશે.

## ધનને શુદ્ધ કરો

ધનની શુદ્ધિ દાનથી થાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે તમારી કમાણીનો દસમો ભાગ સત્કર્મ માટે અલગ કાઢો. તમો મહીને જે કામય તેનો દસમો ભાગ અલગ ડબામાં મૂકી દો. પ્રભુને નામે સત્કાર્ય માટે મૂકેલા ૧૦ ટકા તમને ફાવે તે સારા માર્ગે આપો. દવાખાનામાં આપો. ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવામાં આપો અગર તો કોઈ જરૂરિયાતમંદોને આપો. ગાયો માટે આપો કે દુષ્કાળ નિમિત્તે આપો પણ આપો જરૂર! અને જો દરેક આવું કરે તો કેટલી મોટી ક્રાંતિ થાય! સમાજમાં કોઈ લાચાર ના રહે, કોઈ ભૂખ્યો ના રહે.

## સહાય કરે રઘુવીર

આ તો દસમો ભાગ આપવાની વાત છે. વાદળા તો બધુ જ આપી દે છે. હોય એટલું બધું જ પાણી પૃથ્વી ઉપર ફેંકી દે છે. પાછા બાર મહિનામાં હતાં તેવાં ને તેવાં જ! વૃક્ષ પોતાની ઉપર આવેલા બધા જ ફળો

આપી દે છે. એકાદ-બે પણ રાખતું નથી. બીજે વરસે પાછાં એવાં ને એવાં. ધરમ કીયે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર... જરા કરી તો જુઓ!

પૂજ્ય મુરારીબાપુ ખાસ દસ ટકાનો આગ્રહ રાખે છે અને આવકના ૧૦ ટકા એટલે ઈન્કમટેક્ષના અઢાર હજાર કાઢ્યા પછીના નહી. પગારમાંથી બે હજાર રોકડા હાથમાં આવતા હોય તો બસો રૂપિયા કાઢો. કોઈને સવાલ થશે કે બે હજારના પગારમાંથી આ જમાનામાં બસો કાઢવા કેમ? ના ના. આવી ગણતરી ના ગણશો. સમજ જો પગાર ૧૮૦૦ છે. પણ સાચા દિલથી બસો કાઢશો તો કરીશ્મો જોજો! કદાચ અણધાર્યો પગાર વધી જશે અને મોટા ખર્ચમાંથી બચી જશો. આ ગેબી હાથ છે. આપણે શું જાણીએ? આમ ૧૦ ટકા કાઢ્યા પછી જે ખાશો તે પ્રસાદ કહેવાશે... મહાપ્રસાદ બનશે... નહીં તો ગીતાની ભાષામાં 'ચોર' કહેવાશો. 'यो भुक्ते स्तेन एव सह' મારો ભાગ કાઢ્યા વગર જે ખાય છે તે પાપ ખાય છે. તે ચોર છે. સ્વયં કૃષ્ણ ભગવાન બોલ્યા છે. આપણને કોઈ ચોર કહે તે ગમશે? એક સાધારણ મનુષ્ય આપણને ચોર કહે તો પણ આપણે સહન કરી શકતા નથી તો ઈશ્વર ચોર કહે તે કેમ સહન થાય?

## પ્રભુ પરમ સત્યે તું લઈ જા

ગઈ ગુજરી ભૂલી જાવ. गत न शोचनीयम જાગ્યા ત્યારથી સવાર ગણો. અને આજથી જ નિશ્ચય કરો કે મારે પાપ કરવું નથી. ઈશ્વરનો ભાગ અલગ કાઢવો જ છે. ૧૦૦ રૂપિયા કમાણી થાય કે એક અલગ ડબામાં ૧૦ રૂપિયા મૂકી જ દો. સમાજ તમારી પાસે આટલું જરૂર માગે છે. જેમ તમારી કમાણીમાં સરકારનો પણ થોડો ભાગ છે તેમ સમાજનો પણ થોડો ભાગ છે અને એક વાર આ કરી તો જુઓ! તમારા ઘરમાં કેવી શાંતિ રહેશે! દીકરો દારૂ નહીં પીએ! પરણેલી દીકરી દુઃખી નહીં થાય! કોઈ વહુને સાસુ કુંભારજા નહીં કહે! વહુ સાસુને ડોકરી નહીં કહે! દીકરાઓ ક્લબોમાં ભટકશે નહીં! મા-બાપનું સંતાનો માન રાખશે! કેટલી બધી ક્રાંતિ થશે? દરેક ઈચ્છે છે કે આવું થાય તો સારું. પણ કોઈને ભાગ કાઢવો નથી! જે ઘરમાં આવો ભાગ નીકળશે એના સંતાનોમાં ઈશ્વર સદ્‌બુદ્ધિ મુકશે એના સંતાનો સ્વાધ્યાય કરશે. કથાવાર્તા કરશે. ગીતા સાંભળશે... જરા વિશ્વાસ તો રાખો!

## જબ દંત ન થે... તબ દુધ દીધો
## અબ દંત દીધો... (તો) ક્યા અન્ન ન દેહી?

**માના પેટમાં ધાવણ કોણે બનાવ્યું?** કીડીના આંતરડાં બનાવનારના હાથ અને એ ઓજાર કેવાં હશે? આ બ્રહ્માંડો કોની શક્તિથી લટકી રહ્યા છે? વગર થાંભલે આકાશ કોના આધારે અદ્ધર ઊભું છે? સફેદ ઘંઉ ખાઈને લોહીનો રંગ લાલ કોણ બનાવે છે? સૂર્ય કોની આજ્ઞાથી નિયમિત આવે છે? એક પણ રવિવારે રજા પાડતો નથી?

આ અદ્‌ભુત શક્તિને કોણ પાર પાડે? અને દરેક સત્કાર્યમાં ઈશ્વરની અદૃશ્ય શક્તિ જરૂર મદદ કરે છે.

મહાભારતનું યુદ્ધ પૂરું થઈ ગયા પછી ભગવાને અર્જુનનો રથ દૂર જંગલમાં ઊભો રાખ્યો. રથમાંથી ઘોડાઓને અલગ કર્યા પછી ભવગાને અર્જુનને રથમાંથી નીચે ઊતરી જવા કહ્યું. અર્જુન નીચે ઊતર્યા પછી ભગવાને જેવો રથ ઉપર રાખેલો હાથ હટાવી દીધો કે

તરત જ આખો રથ ભડ ભડ બળીને ખાખ થઈ ગયો. ત્યારે ભગવાને અર્જુનને કહ્યું કે કૌરવોએ છોડેલા આન્યાસ્ત્રોએ તને અને તારા રથને કયારનાય બાળીને ખાખ કરી નાખ્યા હોત. પરંતુ મારી અદ્ભુત શક્તિએ તને બાળતાં અટકાવી રાખ્યો છે.

ઈશ્વરની આ કૃપાશક્તિ આપણને દેખાતી નથી પરંતુ તમે આરંભેલું કોઈ સત્કાર્ય, કોઈ યજ્ઞ નિર્વિઘ્ને પાર પડે ત્યારે સમજજો આ સફળતામાં ઈશ્વરની અદ્દશ્ય શક્તિ કામે લાગી છે.

માટે સત્કાર્ય માટે થોડુકં ધન અલગ કાઢવાનું નક્કી કરજો. કોઈ સાથ કશું જ લઈ નથી ગયો. કરેલા કર્મો જ સાથે આવે છે. અને જો નહીં કાઢો તો પછી ઈશ્વર બીજી રીતે પણ છીનવી લેશે. ઈન્કમટેક્ષવાળાને પ્રેરણા આપશે. કોઈ ચોરી થઈ જશે, મોટી બીમારી આવશે. પરાણે આપવું પડશે. તેના કરતાં સમજીને આપવું શું ખોટું ? ભગવાન કહે એકાદશી કરો. પરંતુ મનીરામ કહે 'ભૂખ્યું કેમ રહેવાય ? આપણાથી તો ભૂખ સહન થાય નહીં.' તો ભગવાન કહે બેટા, હવે જોજે, ભગવાને ટાઈફોઈડને આજ્ઞા કરી જા પેલાને સુરણ અને મોરીયો તથા દૂધ ખાવા મલતું હતું છતાં તે અગ્યારસ ના કરી તો હવે ૨૧ દહાડા મગના પાણી ઉપર રહેજે.

સંતો કહે છે પુત્રો ધક્કા મારીને ઘરમાંથી બહાર કાઢી મૂકે તે પહેલાં મનથી ઘરને અને ઘરની માયા છોડજો. ઈશ્વર ધક્કો મારીને છીનવી લે તે પહેલાં યોજના કરજો અને દસમો ભાગ અલગ કાઢી જીવન કૃતાર્થ કરજો.

✤ ✤ ✤

## સમયની પાબંધી

''હું અંદર આવું કે''
અરે વાહ, અંદર આવ્યા પછી.
પૂછવાની અદાએ, વારી લીધો મને.
ખરેખર, સમયની પાબંદી,
ઘડીયાળના ટકોરે આવી,
નજર મળી ના મળી, ઘાયલ કીધો મને.
તું આવે, બહાર લાવે,
પુષ્પ, સુગંધ મહેકાવે,
હાજરીની કસમ મુજને,
મહેફીલમાં રંગ લાવે.
રાત દિ'વિતી ગયાં,
તડકા, છાયડામાં,
પાનખર, વસંતમાં, વર્ષા સરકતાં ગયાં.
કરવી'તી ઘણી વાતો,
વિસામો લેવો'તો !
પણ હાય ! તને નિરાંત કયાંથી ?
કયારે આવી, ઉડી ગઈ.
આખંના પલકારે,
વીજળીના ઝબકારે,
ઘડિયાળના ટકોરે !
વિખૂટાં પડયાં, બસ, એક ઝાટકે !

*''ચાંદશા''*
*ચંદ્રકાંત શાહ (ચટઈ)*

* શબ્દ કવિને અમર બનાવે છે, જ્યારે કવિ શબ્દને ભાગ્યવાન બનાવે છે.
* કવિ વિપત્તીમાં જે કાંઈ શીખે છે તેનો બોધ તેની કવિતામાં ઉતરી આવે છે.
* કવિતા ગહન હૃદયગમ્ય સત્યનો આલાપ છે.

# તૃષ્ણા (પૂર્તિ કે નિવૃત્તિ)

*✍ કિન્નરી અક્ષય સેવક*

આધુનિક યુગનો માનવી તૃષ્ણાથી દોડી રહ્યો છે તો બીજી તરફ એ જીવનની સંતૃપ્તિની શોધ કરી રહ્યો છે અને પરિણામે એક વિચિત્ર પરિસ્થિતિનું સર્જન થાય છે.

આજના યુગમાં જેની પાસે પૈસા નથી એની દયા ખાવ, જેની પાસે તૃપ્તિ નથી એની દયા ન ખાવ. આજની આપણી સામાજિક વ્યવસ્થાએ સદૈવ પૈસાને જ ગૌરવ આપ્યું છે. સમાજ ન હોય તો પૈસાનું કંઈ જ મૂલ્ય નથી. આજનો સામાજિક વ્યવહાર એકમાત્ર આર્થિક ધોરણે જ ચાલે છે. જ્યારે તૃપ્તિ એ સામાજિક નહીં પણ આંતરિક દશા છે. આથી આર્થિક ધોરણની સર્વોપરિતા તોડવી હશે તો સમાજની વ્યવસ્થા બદલવી પડશે.

આથી આજનો સમાજ એ બીજું કંઈ જ નથી પણ વ્યક્તિની નબળાઈ પર ઊભું થયેલું દંભ અને પાખંડનું, વહેમ અને રૂઢિઓનું, સ્વાર્થ અને ક્રુરતાનું એક વિષચક્ર છે. જીવનને યશોજ્જવળ કરવા સામાજિક મોભી અનિવાર્ય છે. એવો ભ્રમ આપણામાં સામાન્યરીતે પોષાતો આવ્યો છે. પરંતુ જેને આપણે સમાજ તરીકે ઓળખીએ છીએ તો બીજું કશું જ નથી પણ આપણા જ સ્વાર્થમુલક અહંને આપેલો આકાર છે. જે સમાજ આપણે આપણી ચોતરફ રચ્યો છે તે આર્થિક કુદરતી, કૌટુંબિક, નૈતિક કે કોઈપણ આપત્તિ આવતાં આપણી પડખેથી સરી પડે છે. જેને આપણા માનતા હોઈએ છીએ તે આપણા રહેતા નથી. આથી સમાજની રચના પોકળ ભ્રમ પુરવાર થાય છે. વસ્તુતઃ આપણે એકલા જ હતાં, એકલાં જ છીએ અને એકલા જ રહેવા સર્જાયેલા છીએ.

એક સનાતન સત્ય એ પણ છે કે આપણો સમાજ વ્યક્તિ કરતાં તેની આર્થિક તાકાતને જ ચાહે છે અને પૂજે છે. વ્યક્તિ તરીકેનું અંતર્ગત, અનંત મૂલ્ય સ્વીકારાતું નથી. સમાજ તો એટલું જ જુએ છે કે લગ્ન કે અન્ય પ્રસંગોએ થાળીમાં કેટલી વધારે વાનગીઓ પીરસી શકો છો અને આપ આપની માનસિક ગંદકી પર ધનદૌલતની રૂપેરી ચાદર બીછાવી શકો છો. આપણી કમનસીબી છે આજની આર્ય સંસ્કૃતિ, જ્યાં માતા-પિતા અને ગુરૂ કરતાં ય ઉચ્ચ સ્થાન કાળા-ધોળા, કાવા-દાવા કરનાર વ્યક્તિઓને અપાય છે. પૈસાથી પણ ઊંચું સ્થાન જ્ઞાનનું છે, આનંદનું છે, નિર્ભયશક્તિનું છે તે સત્ય સ્વીકારવું જ રહ્યું.

ખરા અર્થમાં શ્રીમંત બનવા તૃષ્ણાની પૂર્તિ નહીં પણ તૃષ્ણાથી નિવૃત્તિ લેવી પડશે. જીવનમાં પૈસો જ સર્વસ્વ નથી. પરેસવાનો (ખરી મહેનતાનો) પૈસો રળનાર ધૂર્ત વિદ્યાઓ અજમાવતો નથી. પૈસો તાકાત નથી, રોગ છે, હૃદયની મુલાયમતાનો, આત્માની અગણિત તાકાતનો એ ધ્વંશક છે. દુઃખ આપણને પ્રિય લાગે છે કેમ કે દુઃખને જ આપણે અંતિમ સત્ય માનીએ છીએ.

આપણો સંસાર કેવળ તૃષ્ણાઓને સહારે જ ઊભો

છે જે તૃષ્ણા દુ:ખમાંથી જ ઉત્પન્ન થઈ છે. દુ:ખમાં ઉછેરાઈ છે અને વધુ ઊંડા અને વ્યાપક દુ:ખમાં લય પામે છે. તૃપ્તિ વૈજ્ઞાનિક હકીકત છે. જે વાસ્તવિકતા સાથે સ્પર્શ કરાવે છે અને એવું આત્મ સંવેદન થતાં તૃષ્ણાના બધાં ભ્રમો વિસરાઈ જાય છે.

અગર દુ:ખને દુ:ખરૂપે સમજો તો વાસ્તવિક સુખ શું છે એ સમજાશે. દુ:ખ દુ:ખરૂપ છે એ વેદના જાગ્રત કરવા જ શાસ્ત્રો સંસારસ્વરૂપ કહ્યું, ક્રમસત્તાનું અને આત્મસત્તાનું સ્વરૂપ કહ્યું અને કર્મસત્તા અને આત્મસત્તાના આધ્યાત્મિક સંગ્રામમાં મુખ્ય ફાળો આપનાર ધર્મ સત્તાનું સ્વરૂપ કહ્યું.

આમ જોઈએ તો દરેક વ્યક્તિ જન્મથી તો બાળક જ હોય છે તે કંઈ જન્મથી કઠોર હૃદય નથી હોતી. હા, દયામાં સંવેદનશીલતાની વધઘટ થોડે ઘણે અંશે જરૂર હોય છે. ભાગ્યે જ કોઈ એવું બાળક હોય છે જેને જાતજાતના વિવિધ આકારનાં છીપલાં, પીછાં, ચિત્રો, સ્ટેમ્પસ વગેરે ભેગું કરવામાં આનંદ ન આવે. આ બધું ભેગું કરવાનો જે આનંદ છે તે મોટા થયાં પછી એટલા રૂપિયાની નોટો ભેગી થાય તો પણ નથી આવતો. એનું કારણ છે કે જીવનના કપરા ચઢાણ ચઢવાના સમયે મોટાભાગની વ્યક્તિઓ હૃદયની સંવેદનશીલતા ગુમાવી બેસે છે. ને આ રીતે કઠોર થઈ ગયેલ હૃદયમાંથી બાળપણની સાથે જ આનંદ પણ થઈ જાય છે તિરોધાન.

એક વખત બાળપણમાં સ્કૂલમાં સાથે ભણતા મિત્રોનો અચાનક વર્ષો પછી ભેટો થઈ જાય છે. બન્ને જીવનને મધ્યાને ચઢેલ સ્થિતિ પર હોય છે અને મધ્યાને જ તો ખરો તાપ-તડકો હોય ને? શીખેલ અનુભવોથી ભવિષ્યનું ઘડતર કરવાનું હોય એટલે શારીરિક અને માનસિક બોજ વધારે હોય એ સ્વાભાવિક છે. એકે પૂછ્યું, ''કેમ છે?'' 'શું ચાલે છે આજકાલ?' બીજી વ્યક્તિએ જાણે ગાડીના ટાયરમાંથી હવા નીકળી પંકચર પડ્યું હોય એમ ઉત્તર આપ્યો 'બસ... ચાલે છે એક બાજુ ઘર ચાલે, બીજી બાજુ છોકરાઓ મોટા થાય છે, સંસાર ચાલ્યા કરે છે. પણ તું જિંદગીની રેસમાં કયા મુકામે પહોંચેલ છે?' બીજી વ્યક્તિ કહે છે, 'ઉપરવાળાની કૃપાથી ઘર અને સંસાર ખૂબ જ સરળતાથી 'પાર કરવાની' કોશિષ કરું છું. કપરા સમયે દુ:ખને ઘૂંટડે ઘૂંટડે હૃદયમાં ઉતારું છું કે જેથી સુખ સરળતાથી ક્ષમ્ય થઈ શકે.'

એકદમ એક સરખી પરિસ્થિતિમાં પણ આ વ્યક્તિનો જિંદગી પ્રત્યેનો હકારાત્મક અભિગમ એને ખૂબ જ સહજ, સ્ફૂર્તિમય અને સ્વચ્છ જીવન પ્રદાન કરે છે. આપણે માત્ર જીવન તરફનું વલણ અને અભિગમ અકબંધ રાખવાના છે પછી જીવનમાં રણ તો લીલાછમ જ રહે!

કાશ! પુરૂષ ઓફિસમાં જતી વખતે ક્લબમાં જતી વખતની હળવાશ લાવી શકે!

કાશ! સ્ત્રી રસોઈ કરતી વખતે કોઈ નવી રેસીપી શીખતી હોય એટલી હળવાશ લાવી શકે!

કાશ! એક મોભાદાર, અદ્યતન ફાઈવસ્ટાર હોટલના મોટા, ઠંડા એસી રૂમના જાજરમાન ટેબલ ઉપર સ્વાદિષ્ટ મોગલાઈ વાનગીઓ આરોગવાનો સંતોષ એક જિદ્દે ચઢેલ નાદાન બાળકને રીઝવવામાં આવે તો?

એટલે જ કહું છું કે આનંદનો આધાર પ્રવૃત્તિમાં નહીં પણ વૃત્તિમાં છે.

✤ ✤ ✤

# સ્મશાન વૈરાગ્ય

*✍ નિખિલ પરીખ*

હમણાં એક સંબંધીની સ્મશાનયાત્રામાં જવાનું થયું. સ્મશાન વૈરાગ જેવું થયું અને એ જ વિચારોમાં હું એ રાત્રે સૂઈ ગયો. સપનામાં મેં મારું મૃત્યુ નિહાળ્યું. મારું શરીર જમીન ઉપર સફેદ ચાદરમાં પડેલું. પોચા ગાદલાનું સુખ એની પાસેથી છીનવી લેવામાં આવ્યું. પાસે દીવો કરેલો એટલે પંખો પણ બંધ. બાજુમાં બેઠેલા વડીલ બધા સગાંઓને ફોન કરી રહ્યા હતા. નિખિલભાઈ ગયા નવ વાગે કાઢી જવાના છે. મને લાગ્યું જાણે કાઢી મૂકવાનો છે મને. ઘરની બહાર, દુનિયાની બહાર લઈ જવાના છે એમ ના બોલાય? ખેર આત્મારૂપે અવાજ તો કોઈ સાંભળે નહીં કોને કહ્યું...? ટેલીફોનમાંથી કેટલાકના ઘરે પણ જઈ આવ્યો. શું થયું...? પેલો નિખિલ ગયો, નવ વાગે કાઢી જવાના છે. હાય હાય, છોકરાઓની સ્કૂલનું મોડું થઈ જશે. હજી તો ડબ્બા ભરવાના બાકી છે. પપ્પુની આજે પરીક્ષા છે. ભણાવવાનો પણ હતો. સાંજે સમીરભાઈની પાર્ટીમાં પણ નહીં જવાય. આવતા શનિવારની પાર્ટીમાં પણ નહીં જવાય. આવતા રવિવારની પિકનિક પણ ગઈ તેર દિવસ પણ નથી થતાં. ઊઠમણું મને લાગે છે મંગળવારે આવશે. એ રાતે તો નાટક છે. કંઈ નહીં વહેલા જઈને નીકળી જઈશું. પણ પછી જમવાનું? આપણે એકલા હોઈએ તો હોટલમાં જમાય, આ તો બધા હોય તો ખરાબ લાગે. પાર્ટી કે મીટિંગમાં ન જમાય. બાકી બધું ચાલે. ચાલો ભાઈસાબ હવે થોડી મદદ કરો અને ઓફિસે ફોન કરી દો કે આજે મોડું થશે. પિકનિકની પણ ના પાડી દો. એ લોકોની વ્યથા મારાથી જોવાઈ નહીં. પાછો મારા શરીર પાસે આવી પહોંચ્યો. થોડું મોટું, થોડું નાનું ડૂસકું, મારી પાછળ રડાઈ રહ્યું હતું. કેટલાક દુઃખમાં તો કેટલાક બીજાને રડતાં જોઈને રડતાં હતાં. અર્થીને ફૂલહારનો સામાન લાવવાનું કામ બે જણને સોંપાઈ ગયું. બે જણને સ્મશાને રવાના કર્યા. એક મિત્રને મારી ઈચ્છા યાદ આવી એટલે ચક્ષુદાન પણ થઈ ગયું. એ વાતનો આનંદ થયો. કંઈ નહીં તો બે અંધજનોને દૃષ્ટિ મળશે. અને એમના દ્વારા પાછી દુનિયા જોઈ શકાશે. એનો સંતોષ પણ થયો. લોકો સફેદ કપડામાં આવવા લાગ્યા. ટોળે મળીને કેવી રીતે મૃત્યુ થયાની ચર્ચા કરતાં હતાં. કાલે તો મને મળ્યો હતો, અમે લાસ્ટ વીકમાં સાથે જ હતાં. હવે નવો તંત્રી શોધવો પડશે. સારા લેખ લખતો તો, ઠીક છે ભાઈ બધી ગામની પંચાતો લખતો તો ઘણા સારા લેખકો છે. પણ આ ભાઈ જ્યોતિપુંજ છોડે તો ને. વધુ સંભળાયું નહીં. ચર્ચા કરી શકાય એવી સ્થિતિ પણ નહોતી. મારા શરીર માટે ટેમ્પરરી પથારી તૈયારી થઈ રહી હતી. કાથીની દોરીઓ વાંસને વિંટળાઈ રહી હતી. બાંધવાવાળા બે ને સલાહ આપવાવાળા દસ જણ આજુબાજુ હતા. આપણામાં સાદડી ના હોય, બરાબર બાંધજો. લાશ પડી ન જાય. શરીર કચકચાવીને બંધાઈ ગયું. ઉપરથી શાલ, આવી ગરમીમાં શાલ? આજ શાલ કોઈ જીવતા ગરીબને આપી

હોત તો? પણ ચાલે રિવાજ છે. પછી ચાલી ફુલહારની વિધિ. કેટલાક લોકોને જબરજસ્તી હાર આપવામાં આવ્યો તો કેટલાકે માગીને લીધા. શરીર ઉપર ફૂલોનો ઢગલો. શું કામનો? જીવતાં જીવંત પ્રશંસાના બે ફૂલો પણ ન આપનાર આજે ફુલહાર ચઢાવી રહ્યા હતા. પણ એક વાત તો છે, જીવતાં કોઈ પણ સન્માન, ફુલહાર, શાલ કે મોમેન્ટો ન મેળવનાર વ્યક્તિઓ પણ સમાજની મોટી વ્યક્તિઓ દ્વારા, સગાવ્હાલા, મિત્રો દ્વારા આવું સન્માન આ જગતમાંથી જતાં પહેલાં પામે જ છે. ઊભા ઊભા નહીં તો સુતા સુતાં, પછી તો! કાંધે ચઢ્યો. 'શ્રી રામ જયરામ શ્રી રામ જયરામ'ના નારા વચ્ચે લોકોના ખભે ખભે, શું ઠાઠ હતો મારી ઠાઠડીનો. સ્મશાનમાં લાઈન હતી. કોકે કહ્યું ગીતાનો પંદરમો અધ્યાય બોલવો જોઈએ, પણ આવડે છે કોને? કંઈ નહીં ચાલે બધું, જલદી કરો દસ વાગ્યા. સારું થયું ઈલેક્ટ્રિકમાં લાવ્યા. જલદી પતશે અને ખાલીપીલી ચારસો કિલો લાકડાં બાળીને જંગલો ખલાસ કરવાના.

શરીર ઉપર ઘી લગાડવામાં આવ્યું. જીવતા તેલ માલિશ કરાવાતી આજે તો ઘી માલિશ. બધાને સુખડની નાની નાની લાકડીઓ આપવામાં આવી. સુગંધ નહોતી પણ સુખડ જેવી જ લાગીતી તી. કંઈ નહીં સંતોષ થાય આપણાને પણ સુખડના લાકડે બાળ્યા. સ્ત્રીઓને સ્મશાનમાં જવાનો રિવાજ નથી. એટલે કદાચ સ્ત્રીઓ શરીરને જ સર્વસ્વ માનીને એવી આળપંપાળ કરતી હશે. ખેર મારા શરીરને ભઠ્ઠીમાં નાખીને લોકો વાતોએ વળગ્યા. ટોળટપ્પાને જોક પણ ચાલુ હતા. વાતાવરણ હળવું હતું. દોઢેક કલાક તો થશે જ. હાથ જોડીને સૌને વિદાય અપાઈ. છાપામાં બાલાસિનોર દશાનીમા મરણના શીર્ષક હેઠળ મારા બધા જ સંબંધો છપાયા. જ્યોતિપુંજમાં મૃત્યુ નોંધમાં આત્માને શાંતિ અપાઈ. પ્રાર્થના સભા યોજાઈ. ઘણા પ્રેમથી આવ્યા ઘણા લોકલાજે આવ્યો તો ઘણાં સફેદ કપડાં ઘણા વખતથી વપરાયા નથી માટે. છેલ્લે મોટી રજા અપાતા હું એટલે કે આત્મા પણ પરમાત્મા તરફ રવાના થયો. બારમાં તેરમાની વિધિ વગર પણ, મહારાજાઓની સિફારીશ વગર પણ. પરમાત્મા આત્માનો સ્વીકાર કરે જ છે. પછી એ દુષ્ટ આત્મા હોય કે સારો આત્મા. એના બધા જ પાપ કે પુણ્ય કર્મો સાથે એનો સ્વીકાર થાય છે. તેરમાનું જમાડ્યાથી એના પાપ કે પુણ્યને કોઈ વહેંચી નથી શકતું. આ બધું જ્ઞાન મને સ્મશાન વૈરાગ્યથી મળ્યું.

સ્મશાનમાં જ આપણને સમજાય છે કે જે પદ, પ્રતિષ્ઠા, પૈસો, રૂપ, વિદ્વતા ઉપર આખી જિંદગી અહંકાર કરતાં રહ્યા એ બધું લાશની જેમ એક બાજુ પડ્યું છે. જેની કોઈને પડી પણ નથી. ઘરના જે સરનામાં ને તમારી સાથે આખી જિંદગી જોડાયેલું રાખો છો ત્યાંથી તમને તમારો આત્મા ગયા પછી વહેલામાં વહેલી તકે કાઢી મુકાય છે. ખાસ મિત્રો કે સંબંધીઓ પણ સ્મશાનથી આગળ તમારો સાથ નથી આપી શકતા. પરંતુ આ બધી જ સમજણ સ્મશાનમાંથી બહાર નીકળ્યા બાદ ભુલાઈ જાય છે. એટલે તો આને સ્મશાન વૈરાગ્ય કહ્યું છે. ક્ષણભરનો વૈરાગ્ય. સપનાની જેમ જ આ વૈરાગ્ય પણ સ્મશાનની બહાર નથી ટકતો અને જેમ ઉંઘમાંથી જાગ્યા બાદ આપણે રોજબરોજની રૂટીન જિંદગીમાં જોડાઈ જઈએ છીએ એમ સ્મશાનમાંથી બહાર આવીને શરીર અને મનનાં એ જ ખેલ પાછા શરૂ કરી દઈએ

છીએ. જાણે આપણે અમર છીએ અને આપણો અંત કોઈ દિવસ થવાનો નથી પણ સ્મશાનને કારણે આપણને જીવનનું મુલ્ય વધુ સમજાય છે. આપણને મનુષ્ય દેહ મળ્યો અને જીવવાનો સમય મળ્યો. તો જીવનને કઈ રીતે વધુ ને વધુ સમૃદ્ધ કરવું એ મહત્ત્વની વાત સમજાય છે.

સપનામાંથી જાગ્યા બાદ સંદીપ ભાટિયાની એક
કવિતા
યાદ આવી ગઈ એના દ્વારા આ વાત અહીં પુરી કરીએ

માણસ જેવો માણસ ક્ષણમાં ધુમાડો થઈ જાય
એ કંઈ જેવી તેવી વાત નથી

ઘરઘર રમતાં પળમાં કોઈ પૂર્વજ થઈ પુજાય
એ કંઈ જેવી તેવી વાત નથી

વીતી પળના પડછાયાને પકડી રાખે કેમ
કાચ નદીને પેલે કાંઠે કંકુ, કંકણ, પ્રેમ
તારીખીયાને કોઈ પાને સૂરજ અટકી જાય
એ કંઈ જેવી તેવી વાત નથી

હથેળીઓની વચ્ચે એના ગુંજ્યા કરશે પડઘા
હુંફાળા એ સ્પર્શ ત્વચાથી શ્વાસ જાય કે અળગા
ઘડી પહેલાં જ ઘર કહેવાતું દીવાલો કહેવાય
એ કંઈ જેવી તેવી વાત નથી

સુરજનો અજવાસ ગોખમાં દીવો થઈને ફરકે
સ્તબ્ધ ઊભેલી રેત શીશીમાં રેત હવે નહીં સરકે
પાંપણ ઉપર દર્પણ જેમ જ ઘટનાઓ તરડાય
એ કંઈ જેવી તેવી વાત નથી

✤ ✤ ✤

## મજા આવી....

નંદીને ઝાંઝવા સમજી તડપવામાં મજા આવી
જગતને વહેમ સમજી નિજને છળવામાં મજા આવી
તમે અમૃત પીધું એનો નથી અફસોસ લગીરે ય
અમોને ઝેર ચાખીને પરખવામાં મજા આવી
તમે દોડીને સીધાં ગંતવ્ય પર દોડી ગયાં કિન્તું
અમોને ડગલે ને પગલે અટકવામાં મજા આવી
તમે મઝધારે ડૂબીને રતન અણમોલ લઈ આવ્યા
અમોને છીછરાં જળમાં છબછબીયામાં મજા આવી
ધરમ આનંદના ગ્રંથો ઉકેલ્યાં છે પંડિતોએ,
અમોને વેદનાનાં ગ્રંથ ભણવામાં મજા આવી
ઘણાંએ નિજનું ધન અન્યોને અર્પણ કરી દીધું,
ઘણાંને ધન અન્યોનું હડપવામાં મજા આવી
ફક્ત પુણ્યોએ કોમળતા અને સુરભિ કર્યા અર્પણ,
પરંતુ કંટકોને તો ખટકવામાં મજા આવી
હતાં જે સંત માનવની કરી સેવા હરખ પામ્યાં,
હતાં જે દુષ્ટ બીજાને કનડવામાં મજા આવી.
'ઘાયલ' આગને શીતલ બરફને ઉષ્ણ હું કહું છું,
સમજની આવી નાદાની સમજવામાં મજા આવી.

*- રાજેશ નટવરલાલ કડકીઆ*

## - : આંક : -

અહો ! આમને આમ વરસ પર વરસ
સરસ વહી , ચાલ્યાં
કહો કેટલાં રહ્યાં ? કેટલાં સહ્યા-ચહ્યાં
કે મહાલ્યા ?
હજુ રામ દરબાર કેટલું બાકી ઉધારૂં ?
સાંજ... સવેળા...
મેળવવા સૌ આંક !
રાત પડતાં અંધારૂ !

*- વિનોદ અધ્વર્યુ (માજી આચાર્ય બાલાસિનોર કોલેજ)*

# તાવડીનું તથ્ય

*✍ કાન્તિલાલ ઓચ્છવલાલ મોદી*

સલીયાવાડી દરવાજા બહાર, પ્રેમચંદપરા પાસે લવારીયાંનો પડાવ પડયો હતો. દસબાર કુટંબનો કાફલો, ગાડાં, બળદ કે ગધેડાંને માથે ઘરવખરી લાદીને ફરતો ફરતો વાડાસિનોર આવ્યો હતો. ગામમાં ફરીને જૂના લોખંડનો ભંગાર અને ભાંગેલા ડબા ઉઘરાવી દરેક કુટુંબ પોતપોતાની આગવી રીતે એના રૂડા રૂપાળા ઘાટ ઘડે, ચારણા, ચારણી, સાંડસી, તવેથા, ઝારા, ઝારી, લોઢી, ચેરીયાં, ચીપીઆ, ચીમટા, ડાબલી, ડબલાં બનાવે. મા-બાપ ઘાટ ઘડે અને છોકરાં ગામમાં ફરી વેચે. પત્નિ ધમણ ધમે અને પતિ લોઢાં ટીપે. આમ આખું કુટુંબ મા, બાપ, છોકરાં સ્ત્રી , પુરુષ, બચ્ચાં બુઢા સાથે મળી પુરૂષાર્થ કરી રોટલો રળે. મર્યાદિત જીવન જરૂરિયાત આસાનીથી મેળવી લઈ, સતુંષ્ટ રહી સંસારમાં ''સહવિર્યમ કરવા વહૈ'' ની પ્રાચીન આર્યભાષાના મંત્રને જાણે અજાણે મૂર્તિમંત કરતાં હતાં.

રણછોડ આ કાફલાનો આગેવાન-મુખી હતો. રણછોડનો બોલ ભાગ્યે જ કોઈ ઉથાપતું. આધેડ ઉંમરે, ઓડીયાં વાળ, વાંકડી મુછો, ભરાવદાર કાળી ભમ્મર દાઢી, મેશ આંજેલી આંખો, કચ્છાદાર ધોતી, પહેરણ, બંડી અને રાજસ્થાની પાઘ પહેરતો પંજહથ્થી ઉંચાઈ અંગ પડછંદ મહેનતકશ દેહવાળો રણછોડ, સાચે જ સોહામણો, સહજ આંખોમાં વસી જાય એવો મર્દ હતો. કુટુંબમાં માત્ર રણછોડ અને રાણી એની વ્હાલસોઈ પત્નિ બે જ હતાં. પેટે વસ્તાર નહિં હોવાનો; બેમાંથી એકેયને અસંતોષ નહતો. ઈશ્વરની મરજી ગણી બંને એકબીજામાં ઓતપ્રોત રહી, રોજી રોટી રળવામાં શું, કે સંસારના સુખદુઃખમાં શું, સહભાગી બની કલ્લોલ કરતાં, ગાડુ એમનું હરતુ ફરતુ ઘર. ગોરસ આમલીના ઝાડ નીચે માંડેલા એ ઘરની આડમાં, ટાટના પડદા બાંધી, રણછોડે એની લુહારની કોઢ બનાવેલી. આ કોઢમાં રણછોડ લોઢાં ટીપી-ઘાટ ઘડે, અને રાણી ધમણ ખેંચે, પોતે અહુમહુ ને બેજ જણ. પરચુરણ ઘરવપરાશની ચીજ વસ્તુઓ બનાવે, તો તે વેંચવા જનારૂ ત્રીજું જણ ન મળે, એટલે રણછોડે વેપારી બજારની જણસ બનાવવાનું રાખ્યું હતું. જૂના લોખંડના પાટાના ટુકડા ટીપીને એ ઘોડા અને બળદના પગમાં જડવાની નાળ બનાવતો ગામનો એકનો એક નાળબંદ, મહંમદીઓ એનો ઘરાક.

રણછોડ નાળ ઘડે અને પાસે આવેલા અસ્તરની બહાર, જાંબુડીના છાંયે, મહંમદીઓ, ગામમાં અને ગામડાંના ગાડાં ખેંચતા બળદો અને જીપ, મોટર અને બસની ઝપાટમાંથી માંડ બચેલા, રહ્યાસહ્યા ઘોડાંઓને નાળજડે મહંમદીઆની દુકાન એની જાડી સુતલીના થેલામાંની એક બે હથોડી, બે ત્રણ મારફા-કાનસ, જાનવરની ખરીના વધેલા નખ છોલવા માટેનું ધારદાર દાતરડું, નાળના ખીલા, એક બે રાશના ટુકડા, સાંડસી, તરાશ અને લાકડાના ત્રણ પાંખીયા ટેકામાં જ સમાઈ જતી. રણછોડ અને મહંમદનો આ ધંધો સહકારી ગણીએ તો સહકારી અને મુક્ત સાહસ ગણીએ તો ખાનગી-મુડીવાદી ( ! ) વેપાર હતો એમાં આજના કહેવાતા સહકારી ધંધાના દૂષણ અને ખાનગી વેપાર સાથે સંકળાયેલ શોષણનું તત્ત્વ મુદ્દલે ન હતું એટલો ફરક રણછોડ અને મહંમદ-રામ-રહીમના આ બંદા મિયાં-મહાદેવની આ

# જ્યોતિપુંજ

શ્રમજીવી જુગલ જોડી, પૂર્ણપણે ધર્મનિરપેક્ષ અને શોષણવિહીન સમાજવાદીનું જ જીવન જીવન જીવતા, એ રીતે તો એમનું જીવન, નિરંતર સમાજવાદની પોપટપંચી કરતા, કરચોરી અને ભ્રષ્ટાચારમાં ગળાડૂબ ડૂબેલા સમાજ અને સરકારના મોભીઓ માટે આચાર-સંહિતાની ગરજ સારે એવું હતું. પણ આપણા આ કથાનકને, રણછોડ અને મહંમદના સહકારી વેપાર સાથે હાલ સંબંધ નથી. આપણો મતલબ તો રણછોડ ઘડતો એ નાળ થી છે. લોખંડના જુના વપરાયેલા પાટાનો એક નકામો ટુકડો કાંઈ કેટકેટલી લીલી સુકી વેઠી લોકોપયોગી નાળમાં રૂપાંતર પામે છે, એમાં સંતાએલા મર્મથી છે. એ મર્મને સમજવા, આત્મસાત કરવા, ચાલો આપણે રણછોડ લુહારની કોઢમાં ડોકીયું કરીએ.

રણછોડની સામે ભઠ્ઠી લાલચોળ તપી રહી છે. રાણી ધમણ ખેંચે છે. હાથમાંની સાંડસી લંબાવી પાસે પડેલાં જુના લોખંડના ઢગલામાંથી રણછોડ એક ટુકડો ખેંચે છે. કામનો છે કે નકામો એ તપાસે છે. બોદો લાગે તો ફેંકી દે છે અને બીજો ટુકડો લે છે. કામમાં આવે એવો લાગે કે એને ભડભડ બળતી ભઠ્ઠીમાં નાંખી તપાવે છે. તપીને લાલચોળ અને નરમ થાય એટલે બહાર કાઢી એરણ ઉપર મૂકી ઘણથી ટીપી સરખો કરે છે એને લાગલોજ પાસે પડેલી પત્થરની પાણીની કુંડીમાં નાંખે છે. ટાઢો પડે એટલે ફરીવાર એને ભઠ્ઠીમાં નાંખે છે. પૂર્ણપણે તપે એટલે બહાર કાઢી છીણી ને ઘણના ઘા પાડે છે. યોગ્ય માપમાં કપાઈને નાળનો આકાર અપાય ન અપાય કે પાછો પાણીની કુંડીમાં ઝબકોળાય છે. પુનશ્ચ ભઠ્ઠીની આગમાં તપવાનું. નાળનો અવતાર પરીપૂર્ણ કરવા એમાં ઘીસી પડે છે, અને ઘીસીમાં ખીલા ઠોકવા માટેનાં શાર પડે ત્યારે નાળ બને છે. ત્રિવિધ તાપે તપીને.

આમ નાળ બની, માટીનો પીંડ સજીવ પ્રાણી બને છે તેમ. અને રણછોડ પાસેથી મહંમદને હાથ પડી, બળદ કે ઘોડાના ખરીમાં જડાવા પહેલાં, ખરીના માપ અને આકારમાં બંધ બેસતી થવા, નાળ વળી પાછું કપાય છે, વળાય છે ખીલે જડાય છે અને મારફા-કાનસથી ઘસાય છે. આમ નકામો મનાએલો જૂનો લોખંડની પાટીનો ટુકડો નાળ બની બીજાંને ઉપયોગી બનવા પહેલાં એને કેટલી લીલ સૂકી જોવી પડે. ટાઢ તાપ વેઠયા. ઘણ, છીણી હથોડાના કેવા કારમા માર ખમ્યા. કેવી ઘોર તપશ્ચર્યાથી એનું જીવન ઘડાયું ? બીજ બન્યા, જમીનમાં દટાયા, પ્રારબ્ધાધિન વૃક્ષનો અવતાર મળ્યો, ચંદન બન્યો, સુગંધ પામ્યા, એટલેથી જ થોડું અવતાર કાર્ય પત્યું છે ? ચંદનનો અવતાર તો પત્થર પર ઘસાઈ બીજાને સૌરભ આપે પૂરો થાય છે. એમ બળદ કે ઘોડાની ખરીમાં જડાયાથી નાળનું આયખુ પુરૂ નથી થતું. નાળને તો પશુના પગનું જતન થાય એટલા ખાતર, સડક પત્થરો સાથે અથડાવુ, ઘસાવું અને અંતે ધૂળમાં ધૂળ બની વિલીન થઈ જવું પડે છે. કેવું મોટું સામ્ય છે. આ બધાનું માનવીના જીવન સાથે ? વિધિના હાથે કાંઈ કેટકેટલી લીલીસુકીના તાપમાં તવાતો માનવી, એક પણ કસોટીના સંસ્કારમાં ઉંડો ઉતર્યો, બોદો પડયો કે ફેંકાઈ જવાનો નિર્માલ્ય, નકામા અને નિર્જીવોના ઢગલામાં ખમીરવંત હશે તેને જ ભાગ્યની તાવણીમાં તવાઈને માણસાઈનું તત્ત્વ, આત્મસાત થશે. પણ ઈશ્વરદત્ત માનવદેહની કસોટી એટલેથી જ થોડી પતે છે ? દધિચીને દેહત્યાગથી પણ અધિક બલિદાન કરવું પડયું હતું ને ? પોતા માટે નહિ પરમાર્થે જીવતા-માનવીનું જીવન એમ જ વિતતું આવ્યું છે. સમાજ માટે 'તત્ત્વથી યે પર' બનવાનું સદભાગ્ય જગન્નીયંતાની દેણ જ ગણાતાં શીખવું જોઈએ. એમાં જ મનુષ્યાવતારની ઇતિનો વિધિ સંકેત છે, અને એ જ નાળના ઘડતરની તાવણીનું તથ્ય છે. પ્રસંગ સામાન્ય, રોજીંદો પણ મર્મ ગહન.

✤ ✤ ✤

# ભગવાનથી ભકત મોટો છે - ભકત બનવું સહેલું નથી

*✍ ઉષા એસ. ધારીઆ*

**''હરિનો મારગ છે શુરાનો**
**નહીં કાયરનું કામ જોને...''**
**''માંહી પડ્યા તે મહાસુખ માણે**
**દેખણ હારા દાજે જોને...''**
**''છોટે સે લલ્લાજી કો બડોરી દિદાર''**

હરિના મારગ પર ચાલતા ફાવટ આવે એનો બેડોપાર. માનવી માત્રના હૃદયમાં છાને ખૂણે, જાણે અજાણ્યે પણ પ્રભુજી રમતો હોય છે જ, તે તેની તરફદારી ન કરતો હોય. નાસ્તિકતા દાખવતો હોય. વિશ્વાસ નથી એમ બતાવતો હોય, તો પણ તેની અવગણના પણ નથી કરી શકતો. જેમ એક દીવાસળીની તીલી લાગે છે એક દીવાસળી, એક નાની અમથી તીલીનું શું મહત્ત્વ? આ નાની અમથી દીવાસળીમાં બે શક્તિ રહેલી છે. પણ દેખાતી નથી. તેવી જ રીતે હૃદયમાં રમતા શ્રીજીની શક્તિને પામવાની, માણવાની મહત્તા છે. અને એ જ્યારે પામીએ તો માંહી પડ્યા મરજીવા મહાસુખ માણી શકે છે. દીવાસળીની તીલીમાં રહેલી શક્તિ આપણને દેખાતી નથી તેવી જ રીતે ઈશ્વર પણ આપણને દેખાતો નથી. પ્રકાશ આપી અંધકાર મીટાવે એ એક શક્તિ અને બીજી શક્તિ બાળે છે, પકાવે છે અને ઠંડી દૂર કરે છે. ઈશ્વરીય બે શક્તિમાં એક બાળવાનું કામ કરે એ બળતણ છે આપણે કર્મ, સારા કર્મ તેજ આપી શકે છે. સતકર્મ સુખ શાંતિ આપી શકે છે, પાપ કર્મ બાળી પણ શકે છે. આપણે જ્યારે દાઝીએ છીએ ત્યારે દાહ, બળતરા થાય છે. એવી જ રીતે પાપ કર્મ બળે ત્યારે અંતરમાં દાહ થાય અથવા તો શારીરિક રોગથી ઘેરાવા આવે, યા પૈસે ટકે પીડાવ યા તો સાંસારિક વિટંબણા આવે અને ઘણી વખત આ જન્મે નિર્દોષતા હોવા છતાં સંચિત કર્મ પણ આપણને દુઃખોથી ઘેરે છે.

**''જબ તક ઉગે સૂરજ**
**વહાં તક હોવે કાલીરાત''**

હૃદયના છાને ખૂણે રમતાં શ્રીજીને હર શ્વાસમાં યાદ કરોને તે થકી. દીવાસળીની તીલી જેમ અંધકાર દૂર થશે અને સ્વયં પ્રકાશિત થવાશે.

આ સિવાય પણ ભાગવતજીમાં કહ્યું છે પ્રભુજીની ત્રણ શક્તિ અને એ મા રૂપે છે. લક્ષ્મી માતા, સરસ્વતી મા, અંબા માતા. પરંતુ સંસાર રથના બે પૈયાંની જેમ નર નારી હોય છે તેવી જ રીતે લક્ષ્મી માતાને ચરણોમાં ન રાખશો. લક્ષ્મીજી અને સરસ્વતીજી બન્ને વિના આપણે અધૂરા છીએ, ને જેમ નર અને નારી વિના માનવ જન્મની શક્યતા નથી. મા પોષે પાળે છે અને આ પ્રભુજીની શક્તિઓ છે. પ્રભુજીએ પોતાની શક્તિમાંથી માનું રૂપ સર્જ્યું છે અને માનવી માત્ર જન્મદાતા માતાપિતાનું ઋણી હોય છે. બધું મળે છે પણ જન્મ આપનાર મા કદીય નથી મળતી. સ્ત્રી માત્ર માતા છે. આમ માતા-પિતાની સેવા એ પ્રભુજીની સેવા બરોબર છે. ભગવાન પછીનું પૂજનીય સ્વરૂપ એટલે જ મા. એથી જ પ્રથમ પૂજનીય શ્રીગણેશજીએ માતા-પિતાની પ્રદક્ષિણા કરીને

પૃથ્વીની પ્રદક્ષિણા (યાત્રા)નું પુણ્ય મેળવ્યું હતું. જન્માદાત્રી મા, લક્ષ્મી મા, (કલદાર) વિના તો આપણે જીવી જ ન શકીએ. અને હવે સરસ્વતી મા એટલે જ્ઞાન. આ જ્ઞાન વિજ્ઞાનનો સંગમ ડોક્ટરો, સાયન્ટીસ્ટો અને વળી આજના યુગમાં તો થોડા વત્તા અંશે ડોક્ટરો પણ આપણા જ ભગવાન છે, તેમના જ્ઞાન થકી આપણે સાજા થઈએ છીએ. વળી ડોક્ટરોના (મગજની) બ્રેઈનની પાટીમાં હજારો દરદોની દવાઓ લખાયેલી હોય છે. આમ તારણહાર પ્રભુ જ છે પરંતુ કર્મનો તાલ કર્યા પછી આવતા કોઈને કોઈ રૂપે તે આપણને તારેય છે, અને મારેય છે. પ્રભુએ પોતાનો અમોલખ ખજાનો આપણી પાસે આપણા માટે ખુલ્લો મૂક્યો છે. પંચ મહાભુતમાં વસતો પ્રભુજીને આપણે શોધવો નથી પડતો. તે મંદિરોમાં નથી બેસતો, તેને ક્યાં શોધશો ? હર જીવંત સૃષ્ટિ અને હરજીવંત માનવમાં પ્રભુ વસે છે.

આપણે રહીએ છીએ એ ઘર, આપણે ચાલીએ એ જમીન, આપણે ખેડીએ એ ધરતી, ખાડો ખોદીએ, એ આપણી ધરતી મા પાળે પોષે એ આપણી પાલક માતા. કૃષ્ણ ભગવાને પણ પાલક માતાની જ મહત્તા સમજાવી છે. માનવના રૂપમાં અવતાર લઈને, જશોદામાની મહત્તા, ગુણગાન આજ પણ ગવાય છે. અનાજ વિના આપણે ભૂખ્યા નથી રહી શકતા અને એ અનાજ ધરતી મા આપે છે. પુરૂષાર્થની અને કર્મને આધીન નસીબથી, માટે અન્નદાનની મહત્તા સમજી પહેલું અન્નદાન કરતાં રહો એવી મારી અભ્યર્થના છે.

આકાશમાં વાદળો કાળાધોળા રમતા રહે છે અને વાદળો વરસે એટલે વરસાદ નીચે ધરતી પર પડે છે. પીવા પાણી મળે છે. પાણી વિનાનું શરીર નથી. શરીરમાં પોણો ભાગ પાણી રહેલું છે અને આ જળ વાદળોમાં સંચિત થાય છે. આ જળ નિર્મળ હોય છે, એમ આપણે પણ નિર્મળતા ગ્રહણ કરીશું. સંસારની ખારાશમાંથી, જેમ સૂરજદેવ ખારા ઉસ સમુંદરમાંથી નિર્મળ જળ વાયુ દ્વારા ઉપર આકાશે મોકલ્યું અને તે ત્યાં સંચિત થઈ રહ્યું છે, તેવી જ રીતે આપણે સંસાર સાગરની ખારાશમાંથી હૃદયાકાશે નિર્મળતા સંચિત કરીશું, એ જ મારી બીજી અભ્યર્થના છે.

વાયુદેવે એ આપણા હર શ્વાસમાં આવન-જાવન કરે છે. એ શ્વાસ બંધ થતાં આપણે મૃતપ્રાય થઈએ છીએ. સુગંધિત વાયુ આપણા મનને પ્રસન્ન કરે છે. દુર્ગંધિત વાયુ આપણને ખીન્ન કરે છે. ગરમીમાં રાહત આપે છે. આમ વાયુ વહેતી હવા સબસે ઊંચા મોલ, આપણને જીવન આપે છે અન્ન વિના થોડા દિવસ જીવિત રહેવાય, પાણી વિના થોડા કલાક અને વાયુ વિના થોડી ક્ષણોમાં આપણે વિલીન થઈ જઈએ છીએ. જેમ વાયુદેવ આપણને જીવન આપે છે તેમ આપણે પણ બીજાના જીવનાધાર બનીએ એ જ મારી ત્રીજી અભ્યર્થના છે. સૂરજદેવ વિના તો આપણે મૃતપ્રાય બની જઈએ જેમ કે છાણમાંથી ખદબદતા કીડા, એવા સૂરજદેવ જ્યારે મનની નિર્મળતા જ સ્વીકારે છે. જેમ આપણે ગંદુ કલુષિત પાણી પી નથી શકતા તેવી જ રીતે અસ્વચ્છ પાત્રમાં પણ પાણી પી નથી શકતા, પાણી પણ નિર્મળ અને પાત્ર પણ સ્વચ્છ, તે જ રીતે પ્રભુ પણ આપણી નિર્મળતા સ્વીકારે છે. આપણે કેવું પાત્ર છીએ એ પ્રભુને જોવાનું કામ છે. આપણે પરીક્ષા આપનાર વિદ્યાર્થી, પણ પરિક્ષક આપણો પ્રભુ છે. જેમ સૂરજદેવને પૂજો ન પૂજો સુરજ દેવ આપણને પ્રકાશ આપે છે, તેમ સેવા

કરો ન કરો પ્રભુ તો તમને બધું જ આપે છે. પ્રભુ ભક્તિનો સૌથી સરળ અને સોપો માર્ગ નામ જપ છે. નહીં કંઈ યાદ રાખવાનું, નહીં સમય બગાડવાનો, ન કોઈ સાધન, ન કોઈ સામગ્રી, ના ફૂલની માળા, ના તુલસીની માલા, ના રુદ્રાક્ષની માળા, ફક્ત શરીરમાં જતા હર શ્વાસને માલાનો મણકો બનાવી પ્રભુનું નામ નિર્મળ મનથી લેવું. પ્રભુનું આપ્યું સર્વ કાંઈ છે, તમારું કાંઈ જ નથી, ખાલી હાથ જવાનું છે. તમારા ઉપભોગમાંથી થોડામાંથી થોડું આપી, પરિગ્રહ ઓછો કરી પ્રભુના ભક્ત બની રહેજો. આગળ કહ્યું તેમ પ્રભુને કેમ રીઝવવો ? કે ભક્તને પોતાનાથી મોટો ગણી દોડી આવે ? અસીમ પ્રભુને નાના હૃદયમાં, આંખમાં સમાવી હર શ્વાસે પ્રભુના નામ જપથી હૃદયને ધબકતું રાખો અને આંખોથી નિહાળો કે જીવમાત્રમાં પ્રભુ વસેલો છે. પ્રભુને મંદિરમાં ના ખોળશો. હલન ચલન યુક્ત કોઈ પણ શરીર એટલે તેમાં ઈશ્વર વસેલો છે. ઈશ્વરને ઓળખો ? તમારા જીવનના આયુષ્યના વર્ષો પણ ઓછા પડે ના ''નાકની દાંડીએ હાલ્યા જાવ, રસ્તો તમારી હામે છે...''

✤ ✤ ✤

## ત્યારે તું શું કરીશ...

શરીર તારૂ રોગોથી ઘેરાઈ જશે
પડશે માથામાં ટાલ અને આવશે કાને બહેરાશ
આવી જશે આખમાં અંધારા, પડશે પાણીના ટીપાં
પડી જશે જયારે ગાલ ઉપર કરચલી...
ત્યારે તું શું કરીશ..

પડીશ મરણ પથારીએ તું ત્યારે અજમાવશે ઉપાય
ઉપાયો તમામ અફળ જશે ત્યારે કરશે પ્રાર્થના પ્રભુની
ધન-દૌલત ખર્ચ કરીશ લઈ જશે હોસ્પીટલના દ્વારે
પણ અવસર પળભરમાં આવી પડશે..
ત્યારે તું શું કરીશ...

પ્રાણથી વહાલી મનાતી પ્રેમભરી મમતા,
કુણા બાળકોના માણેલા મીઠા સહવાસી
હંમેશના માટે છૂટા પડવાનો અણધાર્યો તારો
અવસર આવી પહોંચશે.
ત્યારે તું શું કરીશ...

વિધાતાના લેખ લખેલા જે ભૂસાવાનો સમય આવશે
'તિમિર' મયી અંધકારમાં જયોતિના ઝબકાર થાશે
ઝબકીને જાગીશ ત્યારે થાશે દર્શન યમદુતના
હે રામ, હે રામ બોલતા થાશે આંખો બંધ...
ત્યારે તું શું કરીશ...

*-તિમિર ધારીયા, કાંદિવલી*

## Whenever I think about my Dad...

Whenever I think about my Dad,
can you guess what comes to my mind ?
Not a great Sportsman or an artist.
Cause my Dad's just one of a Kind.
Whenever I think about his bad points.
Can you guess what comes to my mind ?
Not a person with multiple faults.
He's left that too far behind.
Whenever I think about his deeds.
Can you guess what comes to my mind ?
Not a hero or an amazing star.
I think he's loving, gentle and Kind.
Whenever I think about his thoughts
towards me.
can you guess what comes to my mind ?
He loves me above the whole wide world,
Such a Dad I won't be able to find
So here's to you. Oh father of mine.
For all you have done for me till today
The deeds you did and the hearts you won.
It's too big a sum to repay.

***-Saahil Nikhil Desai***

# નજર ને કહીં દો કે....

*✍ ચેતન મોદી*

"ના....ના! નિરજભાઈ કાલે ફ્રી જ છું. આપણે કાલે જ મળીને ફ્રેન્ડસ સોશિયલ ગ્રુપનું કોન્સ્ટીટયુશન બનાવી લઈએ. આઈ એમ સ્યોર મેમ્બરોને નવાં નવાં ક્વોલીટી ફ્રેન્ડસ મેળવવાનો આપણો આઈડિયા વીલ બી અ ગ્રાન્ડ સકસેસ. ઓકે!" અને મકરંદે ફોન મુક્યો, અને તેની વિશાળ ઓફિસનાં વિશાળ ટેબલની સામે છેડે બેઠેલાં બચપણનાં મિત્ર તરફ વળ્યો."નહિ.... જો હવે કાલે તો નહીં ફાવે. ફરી ક્યારેક સમય કાઢીને તારે ત્યાં ચક્કર મારી જઈશ." કો'ક કાળે મિત્રને ત્યાં વગર આમંત્રણે પડયા પાથર્યા રહેતાં મકરંદે આજે લાંબા સમય પછી મિત્ર તરફથી થયેલાં આમંત્રણનો અનાદર કેમ કર્યો? સમજી શક્યો હોવાં છતાંય ના સમજ્યાનો ડોળ કરી બચપણનો મિત્ર સમસમી રહ્યો.

આમ કેમ? જે મિત્ર નજીક છે, જે સંબંધીઓ નજીક છે. તેને અવગણી નવાં નવાં "મિત્રો" અને "સ્નેહીઓ" બનાવવાની ઘેલછા ના સમજાય એવી છે. નાની ઉંમરની સાહજીક મૈત્રી અને સગાઈ, સમય સાથે વધુ ફુલવી ફાલવી જોઈએ.... પણ! લગભગ આમ બનતું નથી. સાહજીક સંબંધો કરતાં કોન્સ્ટીટયુશનવાળા સોશ્યિલ મિત્રો વધુ મહત્વનાં બને છે. નરી આંખે જે સામે દેખાય છે તેને અવગણી, દુરબીન લઈ લોકો શા માટે દુરનાંને નજીક લાવવાનો કેવળ આભાસ ઉભો કરે છે.

દુરબીનની એક મઝા છે. ખુબ દુરની વસ્તુ પણ તમારી સામે ખડી કરી દે. અંતર નહીંવત હોવાનો આભાસ ઉભો કરે. પણ દુરબીનથી જોતાં એ વસ્તુને સ્પર્શ કરવાનો પ્રયત્ન, એક વ્યર્થ વ્યાયામ બની રહે છે.

પણ મકરંદ (એટલે કે ભમરો) ઉર્ફ કોકને આ દુરબીન -દૃષ્ટિ જ માફક આવે છે. દૂરની વસ્તુની ભવ્યતા નજીક આવેલી જોઈ સમાજમાં પોતે આગવું સ્થાન બનાવી લીધું છે એ ભ્રામિક ધારણામાં જૂના હુંફાળા સગાઈ અને સંબંધો ભૂલી સ્ટેટસને અનુરૂપ નવાં નવાં મિત્રો અને સંબંધો શોધતાં રહે છે. આમ કરવામાં દુરબીનની બીજી સચ્ચાઈને એ ભૂલી જાય છે. કે જે વ્યક્તિ દુરબીનને સામે છેડે ઊભી છે, એ મકરંદને પોતાનાં નવાં દુરબીનથી જુએ છે કે મકરંદના જ દુરબીનના સામે છેડેથી. સામી વ્યક્તિનો સ્વાર્થ ના સધાતો હોય, અહમ ના પોષાતો હોય તો એ વ્યક્તિ મકરંદના દુરબીનનો સામો છેડો પસંદ કરશે અને તે વ્યક્તિ માટે તો મકરંદ પ્રત્યેનું અંતર મૂળથી ય દુર અને વ્યક્તિ સાવ વામણો!

દુરબીનની આભાસી દુનિયા શા માટે? નવાં સંબંધો થવા એમાં કશું જ ખોટું નથી, પણ એને માટે જુનાને શું અવગણવું જરૂરી છે? નવાં સંબંધો ફક્ત સ્ટેટસ અને તે સમયના સ્વાર્થ પુરતાં મર્યાદિત હોય અને તેનાં પર મૈત્રીના રંગીન શણગાર હોય તેથી જુના સંબંધોની કિંમત ઘટતી નથી હોતી. સંબંધ કાંઈ ફાસ્ટ ફુડ નથી, એ તો જુનાં થાય તેમ મહોરે. સંબંધોને સામાં માણસની આર્થિક સ્થિતિ, સામાજિક મોભો કે પછી... અહમ માટે કેટલો પોષક છે? તે દ્વારા મુલવવો કેટલો યોગ્ય ગણાશે?

એકવાર અચાનક બે અંધજનો ને વાતો કરતાં જોયાં. સતત એકબીજાને સ્પર્શતા, વાતો કરતાં ચહેરાઓ પર એક મુસ્કાન હતી... કદાચ! સંબંધની હુંફમાંથી જન્મેલી આંખ વડે જોવાનું ન હતું. તેથી આંખોમાંથી થતી માપતોલ ન હતી. તેમને કયાં નજરથી સંબંધોને મુલવવાનાં હતાં? તેમના સંબંધોની નિખાલસતા એકમેકનાં સ્પર્શમાં, મોં પરની મુસ્કાનમાં ભારોભાર છલકાતી હતી.

સંબંધોમાં અંધ થવું જ, એમ નથી. પણ આંખોનો ઉપયોગ ત્રાજવાં તરીકે થતો હોય તો આંખો બંધ રાખી દિલની આંખોથી જુઓ. અહમ ને ઓગાળીને જુઓ કદાચ મનને શાંતિ પમાડે એવું કશુંક મળી આવે. મુલવો નહીં માણો. આનંદની ચરમ સીમા પર આપણી આંખો તો આમ પણ કુદરતી રીતે જ બિડાઈ જાય છે ને......

⌘ ⌘ ⌘

## શ્રીજીનો પોકાર

તને બોલાવે શ્રીનાથજી , તું શાને ન સાંભળે જીવ ?
તને સાચવે શ્રીનાથજી, ઓ કમભાગી માનવ જીવ

કોઈને પ્રેમ થકી તે નવાજ્યો નથી
ઘડી પરમારથ કાજે તેં ગાળી નથી.
ભલુ કોઈનું કદિ તેં ઈચ્છયુ નથી
દૃષ્ટિ સ્વાર્થ વિનાની તેં રાખી નથી
તો પણ બોલાવે શ્રીનાથજી, તું શાને ન સાંભળે જીવ ?

ઓળખ્યા તેટલા જીવોને તેં દુભાવ્યા છે.
વણવિચારેલા પગલા તેં માંડયા છે,
કંઈક કર્મો અધમ તેં કીધા છે
થઈ શકે તેટલા પાપો તેં કીધા છે.
તો પણ બોલાવે શ્રીનાથજી , તું શાને ન સાંભળે જીવ ?

જીવન દીપ અચાનક બુઝાઈ જશે
વૈભવ ભોગ વિલાસ અહીં રહી જશે
કોળિયો અન્નતણો મુખમાં રહી જશે,
સગા-સ્નેહીજનો સાથ છોડી જશે
તો પણ સમજે ના શેં પાગલ બોલાવે તને શ્રીનાથજી
તો પણ બોલાવે શ્રીનાથજી, તું શાને ન સાંભળે જીવ ?

રંકરાયને તેણે આવકાર્યા છે,
સહુના પ્રત્યે અમિદૃષ્ટિ રાખી છે,
તેણે કંઈક જીવોને ઉધ્ધાર્યા છે.
શરણે જે આવ્યા, તે સૌને તાર્યા છે
તો પણ ખચકાય શેં પામર જીવ ? બોલાવે તને શ્રીનાથજી

પાપ, સ્વાર્થ, અહંકારને વશ કરી,
શ્રીજીમાં નિષ્કામ ભાવે શ્રધ્ધાધરી,
સર્વ પ્રત્યે સમભાવે આદર ધરી
શરણે આવેલનો જન્મ ગયો સુધરી,
તો પણ સમજે ના શેં પામર જીવ બોલાવે તને શ્રીનાથજી

જીવન પાપ અગણિતથી ભરપૂર છે,
હૈયું શંકાઓ, દ્વેષથી તરબોળ છે,
મનમાં મેલ જનમો જનમનો ભરેલ છે.
મુખમાં રામ બગલ માંહે છુરી છે.
તો પણ હસતાં બોલાવે શ્રીનાથજી, તું શાને ન સાંભળે જીવ ?

જગતમાં તારુ કે મારું સગુ કોઈ નથી,
સુત, વિત, દારા કે માતાપિતા પણ નહી,
અંતકાળે દેશે સાથ કોઈ જ નહી,
સ્વાર્થ વિના રડશે પણ કોઈ નહી,
તારો સાચો સગો શ્રીનાથજી છતાં શેં ના સમજે તું જીવ ?

*- સતીષચન્દ્ર ભી. પરીખ (રોકડીયા)*

⌘ ⌘ ⌘

# મારું જ શરણું ધર

*✍ શશિકાન્ત કડકીઆ*

મૂર્તિપૂજા સફળ ત્યારે થાય જ્યારે નાની મૂર્તિમાં આખાય બ્રહ્માંડનો અનુભવ થાય. હિંદુ ધર્મનો પૂરો વિચાર છે કે મૂર્તિની અવજ્ઞા ન થવી જોઈએ. મૂર્તિ પૂજામાં મૂર્તિ નથી રહેતી, પૂજા જ હોય છે. મૂર્તિ તો શરૂઆત છે. મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા થાય અને ભક્ત પોતાનું હૃદય તેમાં ઠાલવે એટલે મૂર્તિ જીવંત બને મૂર્તિનો આકાર ભલે રહ્યો પણ બીજી તરફથી નિરાકારનો દરવાજો ખૂલી જાય છે. ઈશ્વરને નામે મૂર્તિ પૂજા થાય એને ખોટું માનવું એમાં અહંકાર રહેલો છે.

પૂજા, સેવા, પ્રાર્થના, દર્શન કરવા જવું. આ બધું શ્રદ્ધાનું કાર્ય છે. શ્રદ્ધા ના હોય તો ભક્તિ સંભવે જ નહીં. એક મોટી નાવમાં ખુબ માણસો હતા. મધદરિયે નાવ તો ડોલવા લાગી. ઊંચા ઊંચા મોજાં ઉછળવા લાગ્યાં બધાંએ રોકકળ કરી મૂકી. બધાનો જીવ અદ્ધર પણ એક ભક્ત તેમાં બેઠેલો તેના ઉપર કંઈ જ અસર ન થઈ. પ્રસન્નતા હતી.

તેની પત્નીએ પૂછયું,'તમને ફીકર નથી થતી? આપણું શું થશે? સૌ ડૂબી મરશું...' એ ભક્ત રજપૂત હતો, તેણે પત્નીને પાસે બેસાડી, મ્યાનમાંથી તલવાર કાઢી, પત્નીના માથા ઉપર તલવાર ધરી તે બોલ્યો: તને બીક નથી લાગતી કે તલવારથી હું તારું માથું ઉડાવી દઈશ? એની પત્નીએ હસતાં હસતાં કહ્યું કે તમે કદી મને મારી ના નાખો. તમારામાં મને શ્રદ્ધા છે કે હું મરતી હોઉં તો મને જીવાડવા માટે બધું જ કરી છૂટો ત્યારે તેનો પતિ બોલ્યો કે મને ભગવાનમાં એવી શ્રદ્ધા છે. એ મને ડુબાડશે નહી. આમ જ થયું ભય ટળી ગયો. ભગવદ ભક્તિથી મનુષ્ય વિશ્વાત્મા બને છે અને વિશ્વાત્મા બનવાથી એને નામે ય ભય નથી રહેતો. તે તદ્દન નિર્ભય હોય છે.

ભક્ત માટે પ્રભુની કાયા આ વિશ્વ છે. તેને માટે જગત માયા નથી. ભક્તિ એ ઝરણું છે જે સમગ્ર જીવનમાંથી વ્હેતું વ્હેતું પરમાત્મામાં સમાઈ જાય છે. જીવનની સોળે કળાને પ્રગટાવીને, તેમને એકસ્થ કરીને, પ્રભુમાં પ્રવેશ કરાવતી તે સત્તરમી કળા છે. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ આ ચાર પુરુષાર્થને અંજલિમાં લઈને પ્રભુના પાદપક્ષે ધરવાનો પાંચમો પુરુષાર્થ ભક્તિ છે.

જ્યાં લગી વાસનાઓ જાય નહીં, ચિત્તના મળ નિર્મૂળ ન થાય, સમભાવ, સમવર્તન અને સમદર્શન ન આવે ત્યાં લગી ભક્તિનું શીલ વિકસે નહીં. મનનો કચરો કાઢી નાખીએ, મનને ખાલી ને મુક્ત રાખીએ અને ભગવાન તરફ મનને અભિમુખ રાખીએ તો જ ભગવાન મનમાં પ્રવેશ કરે. રામાયણની શબરી, વ્રજની ગોપીઓ, રાજસ્થાનની મીરાં, ઉપનિષદની મૈત્રેયી, સુલભા ગાર્ગી વગેરે, ચૂડાલા અને મદાલસા, મા આનંદમયી ને દક્ષિણની આંડાળ, કાશ્મીરની લલ્લા, સૂફી ભક્ત રાબીઆ.... આ બધી સ્ત્રી ભક્તોનાં મન તદ્દન શુદ્ધ હતાં. તેમનામાં પ્રભુ મિલનનો તલસાટ હતો. મીરાંમાં ત્યાગ અને આરત હતાં. રાધામાં તલ્લીનતા હતી, ગોપીઓ નિષ્કામ હતી. શબરીનું દરેક કર્મ પ્રભુ-પૂજા હતું....

ભક્તિનો રસ્તો ખાંડાની ધાર ઉપર ચાલવા જેવો

કઠિન છે. તે સહેલો નથી. આચાર્ય મહાપ્રભુ બ્રહ્મ સંબંધ આપતી વેળા જે મંત્ર બોલાવે છે તે પૂરેપૂરો જીવનમાં આચરવાનો હોય છે. તે મંત્ર છે : મારું રક્ષણ કરનાર શ્રી કૃષ્ણ છે. તેમનો મને હજારો વર્ષોથી વિયોગ થયો છે એટલે આધિ, વ્યાધિ ને ઉપાધિનો કલેશ પેદા થયો છે અને તેથી મારો (સ્વાભાવિક) આનંદ ઢંકાઈ ગયો છે. એવી સ્થિતિવાળો હું, શ્રી કૃષ્ણને અર્પણ કરું છું, હે કૃષ્ણા! હું આપનો દાસ છું.'

જે ભક્ત પ્રયત્નવાન રહીને ભક્તના ઉત્તમ લક્ષણો જીવનમાં ઉતારવા માંગે છે એવો પ્રયત્નવાન ભક્ત પ્રભુને ખુબ વ્હાલો છે, એવું ગીતાના બારમાં અધ્યાયમાં આવે છે.

ભક્તને કોઈ ચીજની ઈચ્છા નથી હોતી, તે કોઈનામાં ય આસક્ત બનતો નથી, તેને શોક, ક્રોધ, દ્વેષ, લોભ.... હોતાં નથી, તે માનવજાતનું માત્ર કલ્યાણ ઈચ્છે છે અને સહનશીલતા તેમજ ક્ષમાની બે આંખોએ પ્રભુના જગતને મંગલરૂપે જુએ છે. પ્રહલાદે પ્રભુદ્વેષી પિતાની પાપોની મુક્તિ માંગી હતી, નચિકેતાએ પિતાની પ્રસન્નતા માંગેલી, અંબરીષે દુર્વાસા મુનિની રક્ષા કરેલી, દ્રૌપદીએ પોતાના પાંચ સંતાનોની કતલ કરનાર અશ્વત્થામાને ક્ષમા આપેલી. પરિક્ષિત રાજાએ શાપ આપનાર ઋષિ પુત્રનો દ્વેષ ન્હોતો કર્યો. આવા તો ઘણા દૃષ્ટાંતો છે.

ભગવાનને માટે ભક્ત નરકે જવા તૈયાર થાય એવું એક દૃષ્ટાંત એક સ્વામીએ સંભળાવેલું, વાત આમ છે.

નારદમાં ભક્ત હોવાનો અહંકાર જાગેલો, શ્રીકૃષ્ણે એને પાસે બોલાવીને કહ્યું કે,''હે નારદ! મારું માથું ખુબ દુઃખે છે, જાણે તલવારના ઘા પડતા હોય એવું ફાટું ફાટું થઈ રહ્યું છે. એને મટાડવાનો એક જ ઉપાય છે. મારો ભક્ત એના પગની ધુળ મારે માથે લગાવવા આપે તો આ શિરનું દર્દ મટી જાય, પરંતુ એક વાત છે. જે કોઈ ભક્ત એના પગની ધુળ મને માથે લગાવવા આપશે તે ભક્તને નરકે જ જવું પડશે.'' નરકની વાત સાંભળીને નારદ ઠંડા હિમ થઈ ગયા. તે દોડયા બધે. કોઈ નરકે જવા તૈયાર ન થયું, પણ વ્રજની ગોપીઓએ કહ્યું કે અમારા કનૈયાનું શિર-દર્દ મટતું હોય તો લો, અમારા પગની રજ (ધૂળ) લઈ જાવ. કનૈયાને માટે અમે નરકમાં જવાને તૈયાર છીએ.....'

ભક્તિનું રૂપ પ્રેમ, શાંતિ, આનંદ અને સ્વરૂપનું અનુસંધાન કરનારું છે. જ્યાં લગી પૂરેપૂરી ભક્તિ સિધ્ધ ન થાય ત્યાં લગી લોક-વ્યવહાર કરી શકાય, પરંતુ પ્રભુને ગમે તેવો જ વ્યવહાર થાય છે કે નહીં, એ ક્ષણે ક્ષણે વિચારતાં રહેવાનું છે.

મહાપ્રભુજીએ વિવેક ધૈર્યાશ્રયનો મંત્ર આપ્યો છે. વિવેકથી સત્, શુભ, નિત્ય, વસ્તુ ગ્રહણ કરવી અને ધૈર્યથી ત્રિવિધ તાપ સહન કરવા જ્યારે ધૈર્ય ખૂટે ત્યારે પ્રભુનો આશ્રય લેવો. જેમ દ્રૌપદીએ પોતાના વસ્ત્રાહરણ વખતે પ્રભુને સાદ કરેલો, ગજેન્દ્રએ મગરથી છૂટવા પ્રભુને પુકારેલા એવો પોકાર પ્રભુ સાંભળે જ છે.

ભારતમાં અનાદિ કાળથી સંત તે ભક્ત ચાલ્યા જ આવે છે; એથી તો દુઃખમાંય પ્રભુને જ યાદ કરીએ છીએ. કુંતી, ભરત, વસિષ્ઠ, શિવ, પ્રહલાદ, સનકાદિ ઋષિઓ, યુધિષ્ઠિર વગેરેએ પ્રભુ પાસે માત્ર અનયાયિની ભક્તિ અને સત્સંગ માંગ્યાં છે. સુંદરકાંડમાં એક શ્લોક છે.

नान्या स्पृहा रघुपते हृदयेऽस्मदीये
सत्यं वदामि च भवान खिलान्तरात्मा ।
भक्ति प्रयच्छ रघुपुंगव निभरां मे
कामादिदोष रहितं पुरु मानसं च ।।

ભક્ત ભક્તિ તો માંગે જ છે, પરંતુ કામાદિ સક્ષ્મ દોષ નિમૂર્ળ કરવાનું પ્રાર્થે છે. ગીતાના ૧૮માં અધ્યાયના ૬૫ ને ૬૬ શ્લોકોમાં શ્રી કૃષ્ણે અર્જુનને આવો જવાબ આપ્યો છે. આ જવાબ આપણા સૌને માટે છે : ''તુ મારી ભક્તિ, કર તું મને ભજ, તુ મને નમ, મારામાં તન્મય બની, જગતની બધી ઉપાધિ, જે તે કર્તવ્યો, સંકલ્પ-વિકલ્પો, છોડી દઈને મારું જ શરણું ધર હું તને બધાં પાપમાંથી છોડાવીશ. તું મુંઝાતો નહીં.''

✤ ✤ ✤

## મમ્મીનું નાસ્તા રોકો આંદોલન

નાસો ભાગો મમ્મી આવી, મમ્મી લપ્પન-છપ્પન છે !
મારી વિરુદ્ધ મમ્મીનું નાસ્તા-રોકો આંદોલન છે
હું ગજવામાં ભરું ચેવડો, ત્યાં તે તતડાવે ડોળા
મને ભાવતા સોસ ને વેફર એ ખવડાવે ટિંડોળા
હરે રામ આ ઘરમાં મારે, બળજબરીનું અનશન છે.
મારી વિરુદ્ધ મમ્મીનું નાસ્તા-રોકો આંદોલન છે.
મારી બહેનપણી ફોન કરે તો ધડામ દઈ પછાડે છે
ને પોતે તો ફોનની અંદર વાતોનું ઝાડ ઉઘાડે છે.
મમ્મી જોતાં મારી બહેનપણીઓનું તો જન-ગણ-મન છે
અરે અરે આ મમ્મી આવી બંદા હવે પલાયન છે
હું ને પપ્પા ટી.વી. જોતા સોફા ઉપર બેઠા
એ કહે શાસ્ત્રીના કીર્તનમાં જઈશું ઉતરો હેઠા
પપ્પાનું કાંઈ ચાલે નહી મમ્મીજી તે ટુ-ઈન-વન છે
અરે, અરે આ મમ્મી આવી બંદા હવે પલાયન છે
હું જબરી ખેલાડી, પણ મમ્મી ક્રિકેટ ઈલેવન છે.

*- અમી રસિકલાલ પરીખ*

## વહાલું અમારું જ્યોતિપુંજ

વહાલું લાગે છે ઘણું વહાલું
અમારું 'જ્યોતિપુંજ'
દેશ-પરદેશ ના સારા ને માઠા,
બધા સમાચાર લાવે એવું
વહાલુ અમારું 'જ્યોતિપુંજ'
લેખ, કવિતા, વાર્તા ને શાયરી,
ભજન - ગઝલને તંત્રીલેખ
જ્ઞાન-ગમ્મતથી ભરપુર એવું.
વહાલુ અમારું 'જ્યોતિપુંજ'
ઘરે - ઘરે ને ઈન્ટરનેટ પર,
'શ્રી બાલાસિનોર નવયુવક સંઘ'ની
'જ્યોતિ' પ્રજવલિત રાખે એવું
વહાલુ અમારું 'જ્યોતિપુંજ'
ટેલીફોન ડીરેકટરી કે વસ્તીપત્રક,
સહુથી આગળ અમારું 'જ્યોતિપુંજ'
બધા જ મંડળનું લાડલું એવું.
વહાલુ અમારું 'જ્યોતિપુંજ'
પચાસ વર્ષના વહાણાં વાયા,
તો યે અડગ અમારું 'જ્યોતિપુંજ'

*- સુરેશ પરીખ 'સુલપ'*

## જ્યોતિપુંજ

પૂંજ જ્યોતિનો જુઓ રહ્યો પાથરી પ્રકાશ અહીં,
સંઘના મુખપત્ર રૂપે, જ્ઞાનદીપને પ્રગટાવી,
બાલાસિનોરવાસીઓના ઉત્કર્ષ કાજે મથી સદા,
ઉજવીને સુવર્ણ જયંતિ, ડગ ભરે શતાબ્દિ ભણી

*- સતીષચન્દ્ર ભી. પરીખ (રોકડીયા)*

# લોકો શું કહેશે?

*સરલા સતીષ મોદી (દેવ)*

**''કુછ તો લોગ કહેંગે, લોગોં કા કામ હે કહેના**
**છોડો બેકાર કી બાતોં મેં, કહીં બીત ના જાયે રૈના**
**કુછ રીત જગત કી ઐસી હે, હર એક સુબહ કી શામ હુઈ**
**તું કૌન હે, તેરા નામ હે ક્યા, સીતા ભી યહાં બદનામ હુઈ**
**ફીર ક્યોં સંસાર કી બાતોં સે, ભીગે તેરે નૈના**
**હમકો જો તાને દેતે હે, ખુદ ખોએ હે ઈન રંગરલિયોં મેં**
**હમને ઉનકો ભી છુપ છુપ કે, આતે દેખા ઈન ગલિયોં મેં**

આ ફિલ્મી પંક્તિઓ સુંદર, સશક્ત અને સાહસિક છે. જેમાં અણમોલ જીવનનો સંદેશ છે. એક દિવસ અકબર બાદશાહ અને બીરબલ વાતો કરતા હતા. વાતમાં ને વાતમાં બાદશાહે બિરબલને કહ્યું, 'હું તો મારા વિચાર, અભિપ્રાય અને વર્તન માટે કોઈના અભિપ્રાયની દરકાર કરતો નથી. લોકો શું કહેશે? એની મને પડી નથી.''

આ સાંભળી બિરબલે કહ્યું, 'નામદાર આપણે બધા જ બીજા શું કહેશે એનો વિચાર કરીએ છીએ. આપ પણ લોકોના અભિપ્રાયની દરકાર કરશો જ.'

'ના, ના હું તો મારા વિચાર પ્રમાણે જ વર્તું. હું કોઈની દરકાર ન કરું. જેને જે કહેવું હોય તે કહે.' બાદશાહે કહ્યું. આ વાત બાદશાહ તો ભૂલી ગયો પણ બીરબલ ભૂલ્યો નહીં. બાદશાહને સાબિત કરી જ બતાવવું પડશે કે તેઓ પણ લોકોના અભિપ્રાયની પરવા કરે છે. પોતાની વાત સાબિત કરવા માટે એણે એક યુક્તિ શોધી કાઢી.

થોડોક વખત એ બાદશાહને મળ્યો જ નહીં. બાદશાહે બીરબલને ઘેર તપાસ કરવા માણસો મોકલ્યા. ઘેરથી જવાબ મળ્યો 'બીરબલ તો યાત્રાએ ગયા છે.'

એક દિવસ અચાનક બીરબલ બાદશાહ પાસે જઈ પહોંચ્યો અને કહ્યું, 'નામદાર, હું જાત્રા કરવા ગયો હતો, ઘણા ધાર્મિક અને પવિત્ર સ્થળે જઈ આવ્યો. એક સ્થળે મને એક મહાત્મા મળ્યા. એમણે પ્રસન્ન થઈ મને એક ભેટ આપી. 'હેં! ભેટમાં તને શું મળ્યું? બાદશાહે ઉત્સુકતાથી પૂછ્યું, 'એ દરબારમાં બધાની વચ્ચે બતાવીશ.' બાદશાહ કબૂલ થયા અને એ ભેટ બતાવવા માટે દિવસ નક્કી કર્યો.

નિશ્ચિંત દિવસે દરબાર ભરાયો. નગરશેઠ, દરબારીઓ અને સંત્રીઓ આવી પહોંચ્યા. બધા આતુરતાથી બીરબલની રાહ જોવા લાગ્યા. બાદશાહ પોતે પણ આવી પહોંચ્યા અને સિંહાસન પર બેઠા. એટલામાં બીરબલ આવી પહોંચ્યો. એના હાથમાં એક મોટો રંગીન રેશમી રૂમાલ લટકતો હતો. એ તો સીધો પહોંચી ગયો બાદશાહ પાસે અને ધીર ગંભીર સાદે કહ્યું, 'નામદાર, હું યાત્રાએ ગયો હતો ત્યાંથી આ રૂમાલ લઈ આવ્યો છું. એ મને એક મહાત્માએ આપ્યો હતો. આ રૂમાલ દૈવી છે. ચમત્કારી છે જે આ રૂમાલને સંપૂર્ણ ભક્તિ અને આદરથી અડકશે તેને એમાં પયગંબર અને સંતોના દર્શન થશે. પણ જેને શ્રદ્ધા નહીં હોય તેને આ રૂમાલમાં કપડાં સિવાય કશું જ નહીં દેખાય?... પછી

તો એક પછી એક દરબારી ઊભો થાય, રૂમાલને સ્પર્શ કરે અને હા કહે. દરેકે કહ્યું, 'આ રૂમાલ ખરેખર અદ્ભુત છે, દૈવી છે.' બીરબલે ત્યાર પછી બાદશાહને રૂમાલનો સ્પર્શ કરવા માટે વિનંતી કરી. રાજાએ જોયું કે દરેકને એમાં દૈવી ચમત્કાર દેખાયો હતો. એટણે એણે પણ રૂમાલને સ્પર્શીને એને જોઈને કહ્યું, હા, મને પણ સંતો અને પયગંબરના દર્શન થાય છે. બધા દરબારીઓ ગયા પછી બાદશાહે બીરબલને પૂછ્યું. બીરબલ તું સાચું કહે, 'આ રૂમાલમાં કાંઈ દૈવી ચમત્કાર હતો ખરો ? મને તો એમાં કોઈ સંત પણ ન દેખાયા કે ન પયંગબર!' બીરબલ આ સાંભળી ખડખડાટ હસી પડ્યો અને કહ્યું, 'નામદાર, આપના જેવા શહેનશાહને પણ લોકોથી વિરુદ્ધ બોલતા ડર લાગતો હોય તો બીજાનું શું પૂછવું ?' બધાએ કહ્યું કે રૂમાલ ચમત્કારી છે! ખરું પૂછો તો એ એક સામાન્ય રૂમાલ જ હતો. બીજું કશું જ નહીં!

આ પ્રસંગે આપણી મનોવૃત્તિનું સુંદર ઉદાહરણ છે. બીજા શું કહેશે ? બીજા આપણા માટે શું ધારશે ? What will others say? આની પાછળ સમાજની આજ્ઞા છે. આદેશ છે. પરંપરા સમાજની અને રિવાજોનો પ્રભાવ છે. આપણા વિચારમાં, વર્તનમાં કંઈક નવી કે જુદી રીતે વિચારતા, વર્તતા, નવો ચીલો પાડતા આપણી સામે આ જ એક પહાડ જેવો પ્રશ્ન આવીને ઊભો રહે છે. લોકો શું કહેશે ? બીજા શું કહેશે. આપણે હંમેશાં પ્રત્યાઘાત અને પ્રતિભાવ જાણવા માટે ઉત્સુક હોઈએ છીએ. આપણે જ કંઈ કરીએ એને લોકોની સ્વીકૃતિ મળે, સંમતિની મહોર મળે એવું ઈચ્છીએ છીએ અને બીજાને ન ગમે, બીજાની ટીકાને પાત્ર બને એવું કરતા આપણે ડરીએ છીએ. આપણે કરતા આનાકાની કરીએ છીએ. બીજા કરતા હોય તે કરતા રહીએ છીએ. જે ખ્યાલો પ્રચલિત હોય, જે રીતરસમ, આચરણ, વ્યવહાર સમાજે માન્ય કર્યા હોય એની યથાર્થતા કે આવશ્યકતા વિશે બહુ ઓછું વિચારીએ છીએ. તેને અનુસરીએ છીએ અને ભગવાન શ્રી જગન્નાથજીના રથની માફક ખેંચે રાખીએ છીએ.

દરેકને લોકપ્રિયતા ગમે છે. લોકોની વાહવાહ અને પ્રશંસા ગમે છે. લોકમતને આપણે સહેલાઈથી અવગણી શકતા નથી. લોકોએ નક્કી કરેલા, અને માન્ય કરેલા વ્યવહારને માર્ગે જ આપણે જઈએ છીએ. પછી ભલેને એ આપણા અંતરને ખૂંચતું હોય, આપણને એ અન્યાયી, અસત્ય અને અયોગ્ય લાગતું હોય.

સામાજિક ટીકા અને નિંદા આપણાને સમાજે જે નૈતિક અને ethical નિયમો સ્થાપ્યા છે તેનું ઉલ્લંઘન કરતા રોકે છે. દરેક સમાજને પોતાના ધારાધોરણ હોય છે. રીતરસમ હોય છે અને એને સહેલાઈથી અવગણી શકાતા નથી. સામાન્ય માણસને સામાજિક ધારાધોરણો, રીતરિવાજો અને પરંપરાને તોડતા ડર લાગે છે. એનામાં એટલી નૈતિક હિંમત હોતી નથી. આ સામાજિક બંધનો એક જબરજસ્ત પ્રભાવશાળી પ્રતિબંધાત્મક બળ છે જે એને આડે અથવા અલગ રસ્તે જતા રોકે છે અને સમાજને સ્થિરતા આપે છે.

દરેકને એવી ઈચ્છા હોય છે, બીજા લોકોની પ્રશંસા મળે, માન, સન્માન અને આદર મળે. શક્ય તેટલું આપણે પ્રચલિત ખ્યાલોને અનુસરીએ છીએ. એ પ્રમાણે જીવનવ્યવહાર ચાલુ રાખીએ છીએ. લોકોથી જુદા કે

અલગ પડવાનું આપણાને ગમતું નથી. આપણે ગતાનુગત જીવીએ છીએ કે જેથી કોઈ વિરોધનો સુર સાંભળવો ન પડે. કોઈ વિરોધનો સામનો કરવો ન પડે. પછી ભલેને આપણા અંતરાત્માને છેહ દેવો પડે. દંભનું આચરણ કરવું પડે. બસ, બીજા ખુશ રહેવા જોઈએ. લોકોએ આપણી નિંદા ન કરવી જોઈએ. સમાજમાં સારા ને ઊજળા દેખાઈએ એટલે બસ થયું. આપણા જીવનના તમામ વ્યવહારો પાછળ આ જ એક પરિબળ નિર્ણાયક બની રહે છે. લોકો શું કહેશે ? લોકોમાં કેવું દેખાય ?

વ્હાલસોયી દિકરીને સાસરામાં દુઃખ છે. પતિ એને ત્રાસ આપે છે. દીકરી મા-બાપનો આશરો શોધે છે. સાસરું છોડી પિયરમાં રહેવા માગે છે પણ મા-બાપ દિકરીને આશ્રય આપતા ખચકાય છે. કારણ ? સમાજમાં એમનું નીચું દેખાય. એમની બીજી દીકરીને મુરતિયો મેળવતા મુશ્કેલી નડે. લોકિનંદાનો ડર અને સામાજિક નિંદાનો ને પરંપરાનો ભોગ બને છે, એ આશાસ્પદ યુવતી. અસહાય બનીને એ ત્રાસ ખમતી રહે છે અથવા તો એક દિવસ એ અગ્નિ-સ્નાન કરી પોતાના દુઃખી જીવનનો અંત આણે છે. દીકરી ભલે ગઈ, પણ સમાજમાં આબરૂ તો બચી ગઈ.

અચાનક મોટર અકસ્માતમાં પતિનું અવસાન થાય છે અને માંડ ત્રીસ વર્ષની એ પત્ની-યુવતી બે માસૂમ બાળકો સાથે વિધવા થાય છે. રૂપ છે, યૌવન છે, હૈયામાં અનેક ઊર્મિઓ લહેરાય છે, પરંતુ એ પુનઃલગ્ન નથી કરી શકતી. એના શ્વસુર અને પિયર એમ ઉભય પક્ષને સમાજમાં નીચું જોવાનું થાયને ? સ્ત્રીએ તો વૈધવ્ય પાળવું જ જોઈએ. સમાજ સ્ત્રી પાસે આવી અપેક્ષા રાખે છે. સમાજની આ પ્રણાલિકાને તોડવાની કેટલી સ્ત્રીઓ હિંમત કરી શકે છે ? શિક્ષિત આધુનિક મહિલા પણ ભાગ્યે જ સમાજની પરંપરા તોડી શકે છે. સામાજિક દબાણ, અંકુશ અને નિયંત્રણોને લીધે ઘણા અનિષ્ટો ફૂલતા, ફાલતા રહે છે. પ્રામાણિકતાને બદલે દંભ જીતે છે. જીવનમાં સચ્ચાઈનો ભોગ દંભ અને અસત્યને મહાલતા જોવા મળે છે.

મનુષ્ય જીવન, માનવ સમાજ અને માનવસંસ્કૃતિ તો સરિતાના વહેતા પ્રવાહ જેવા છે. એ કંઈ સ્થિર, અટલ કે અફર નથી, સમય સાથે આપણા સામાજિક મુલ્યો, નીતિનિયમો અને ખ્યાલોને સતત ચકાસતા રહી એમાં ફેરફાર કરવો ઘટે. એક કાળે એક પરિસ્થિતિમાં જે યોગ્ય હોય તે સમય અને પરિસ્થિતિ બદલાતા યોગ્ય નથી રહેતું. એ અસંગત અને બિનજરૂરી બને છે. એટલું જ નહીં પણ માનવજીવનના વિકાસમાં અવરોધક બને છે. એમાં સમયોચિત પરિવર્તન કરતા રહેવું જોઈએ. મનુષ્યના જીવનને એના ઉત્કર્ષ માટે સુસંગત ન હોય - અનુકુળ ન હોય તેવી પ્રણાલિકાઓને તિલાંજલી આપવી જ જોઈએ. આમ જો નહીં કરીએ તો એ શેવાળની માફક આપણા જીવન પર પથરાઈ જશે અથવા તો એના ખોટા બોજા નીચે આપણું જીવન કચડાઈ જશે, સૃષ્ટિનો પણ એ ક્રમ છે કે જૂનું જાય અને નવું આવે.

સમાજ સામે લડવું સહેલું નથી. ખૂબ જ મુશ્કેલ છે. એ માટે જબરજસ્ત નૈતિક હિંમત જોઈએ. ફના થવાની તૈયારી જોઈએ. ઈશુ ખ્રિસ્ત, ગૌતમ બુદ્ધ, મહાવીર, મહાત્મા ગાંધીજી, સ્વામી દયાનંદ, સ્વામી વિવેકાનંદ આ માટે કેટકેટલા નામો યાદ કરીએ. જગત

એમના કાળમાં એમને ઓળખી નથી શકતું. એમની ખૂબ કસોટી કરે છે. રંજાડે છે. પરેશાન કરે છે અને પછી એમની પૂજા કરે છે.

કોઈપણ પ્રથા એ જૂની છે એ માટે બદલવી જોઈએ એવું પણ નથી. પરંતુ જે સાવ જૂનું, જીર્ણ, નિષ્પ્રાણ અને બિનઉપયોગી થઈ ગયું હોય, જે તદ્દન અસંગત હોય તે બદલવું જોઈએ. પરિવર્તન પ્રગતિ માટે વિકાસ માટે, ન્યાય અને સત્ય માટે હોવું જોઈએ. એટલો જરૂરી વિવેક આવશ્યક છે.

ગમે તે ક્ષેત્રમાં આપણે હોઈએ, બીજાથી અલગ પડતા આપણે ગભરાવું ન જોઈએ. We should not be afraid to be different જીવનની સફળતા માટે પણ આ જરૂરી છે. સામાન્ય કરતા જે કંઈક વિશેષ હોય - વિશિષ્ટ હોય જુદી રીતે જોઈ કે વિચારી શકે તેવી વ્યક્તિ હોય તેની જરૂર હોય છે.

બહેનો સામાન્ય રીતે પ્રણાલીગત હોય છે. પોતાના કુટુંબની, પતિની, પડોશીની અને સમાજની સ્વીકૃતિ વગર અને ચાલતું નથી. 'લોકો શું કહેશે?' એનો એ સતત વિચાર કરે છે. સામાજિક દબાણને એ સહેલાઈથી વશ થાય છે. એટલે જ એ 'સ્વ'નો વિકાસ કરી શકતી નથી. 'આમ કેમ થાય?' એમ જ એ વિચારે છે. પણ 'આમ કેમ ન થાય?' એવું એ વિચારી શકતી નથી. એને બંધારણ સમાન અધિકાર આપે તો પણ એ સમાન નહીં બની શકે.

સામાજિક પરંપરા પાછળ આંખ મીંચીને દોડવાને બદલે એનો હિંમતથી સામનો કરવામાં શ્રેય રહેલું છે. અંતરાત્માના સત્યને અનુસરતા જીવનમાં એક નવો જ પ્રકાશ અને આનંદ પ્રાપ્ત થશે..

✤ ✤ ✤

## તું અને હું

તું મુજમાં છે હું તુજમાં છું, તું અને હું ભિન્ન નથી
તને મળવાને તને પામવાને, આથી સરળ મંઝિલ નથી
તું શાશ્વત છે હું નાશવંત છું, તારુ મારું ઐક્ય અનુપમ છે
આપણ બંનેની જુગલજોડીનું, ધરતી પર કોઈ મોલ નથી.
તને મળવાને..
તારા વિના હું ગાયબ છું, મારા વિના તું સ્થિર નથી
તુજમાં મુજમાં કોઈ ભેદ નથી, અસ્તિત્વનું આવરણ નથી.
તને મળવાને....
તારી ઉન્નતિ મારી પ્રગતિ, હર કદમ ઉપર મુસ્તાક બની
તારે સથવારે મારે સહારે, ફુલવાડી જીવનની હરી નહીં
તને મળવાને...
તું વ્યાપક છે હું સિમીત છું, ચૈતન્યરૂપે બ્રહ્માંડ નહી
ગીતામાં કૃષ્ણએ સાક્ષી પૂરી, યુગ યુગની વેદની વાણી વહી
તને મળવાને...
દેહ બની હું વિચરૂં છું, આતમ બની તું ઘરમહીં
સુખમાં દુઃખમાં સહભાગી બની, ઈશ્વરની ખોજ છે જારી રહી
તને મળવાને...

***- પ્રવીણા અવિનાશ લટકારી***

## કાવ્ય

માત્ર ઈચ્છાથી કશું મળતું નથી
માનવી મન કો પૂરુ કળતું નથી
આપણી સાથે કશા કારણ વગર
આકાશ પણ એમજ કદી ભળતું નથી
પૂછતાં ના કહી શકે કારણ ભલે
વાદળ કશે સમજણ વગર ઢળતું નથી
રાહ જેણે લઈ લીધો ગુમરાહ થૈ,
એ પંથથી પાછું પછી ફરતું નથી
આગથી આંજેલ અતંર શું કહું ?
કોઈને ચરણે વૃથા ભળતું નથી

***- નંદિતા અધ્વર્યુ***

# સમન્વય દૃષ્ટિ

✍ *પ્રવીણ દેસાઈ*

મને ઘણી વાર વિચાર આવે છે કે આજના આપણા યુવાન-વર્ગમાં આટલું વિચાર દારિદ્રય કેમ આવી ગયું હશે? સામાન્ય સમજણનો પ્રશ્ન હોય, સમાજનો કોઈ કોયડો હોય કે કોઈ ગુંચ હોય દરેક વખતે આપણે જોઈશું કે જેમ અદાલતમાં વાદી અને પ્રતિવાદી હોય છે તેમ આ દરેક પ્રસંગે યુવાનો બે અલગ જૂથોમાં વહેચાઈ ગયા હોય છે. તુંડે તુંડે મતિ ર્ભિન્નાની સંસ્કૃતોકિત અનુસાર આ સાવ સ્વાભાવિક પ્રકિયા લાગે છે. તો ઊલટા પક્ષે થાય છે. કે, લોકશાહીના માર્ગે પ્રયાણ આદરેલ પ્રજાસત્તાક દેશની એક એવી પેઢી જેને માથે દેશના ભાવિની વ્યાપક જવાબદારી છે. એ પોતે કોઈ એકાદ પક્ષની વકીલાત કરવા બેસે અગર કોઈ પણ પ્રશ્નની વિશદ કે તલસ્પર્શી વિચારણાને બદલે એને એકાદ દૃષ્ટિકોણથી નિહાળે એ કેટલું બેહૂદું લાગે છે? આજે આપણામાં તટસ્થ વિચારણાનો જે અભાવ છે અને સાંપ્રત પ્રવાહો પ્રત્યે જેમ એક ન્યાયાધીશ બંને પક્ષોની દલીલો સાંભળી એમાંથી નિષ્કર્ષ તારવીને કાયદાની મર્યાદામાં રહી જે એક નિર્ણય પર આવે છે તે રીતે દરેક પ્રશ્નનાં બહુવિધ પાસાં-ઓની વિચારણા બાદ આપણે જે નિર્ણય લઈએ તે ભલે કદાચ બીજાઓની દૃષ્ટિએ ખોટો પણ લાગે છંતા સુવિચારિત અને યોગ્ય નિર્ણય હશે.

આ તો થઈ આપણા યુવાન વર્ગની વાત. આપણા સમાજમાં એક બીજો વર્ગ છે જે પોતાની જાતને લેખક કહેવડાવે છે તે પણ આવી વિશદ વિચારણાની માથાકૂટમાં પડયા વગર સામાજિક પ્રશ્નો પરત્વેનું પોતાનું પૂર્વગ્રહયુકત દૃષ્ટિબિંદુ પોતાનાં લખાણોમાં વ્યકત કરે છે. ત્યારે તેમના માથે બેવડી જવાબદારી છે : એક તો લેખક તરીકેના પોતાના ધર્મની અને બીજી સામાન્ય જનના સંસ્કાર ઘડતરની, તે તેઓ વિસરી જતા લાગે છે અને સમાજનો ત્રીજો વર્ગ છે સમાજ સુધારકોનો, સામાજિક કાર્યકરોનો આ સિવાય પણ આપણા શિક્ષકો, શિક્ષિતો વગેરેનો વિચાર કરીએ છીએ ત્યારે લાગે છે કે સમાજની આ દરેક વ્યકિતમાં તટસ્થ દૃષ્ટિનો અથવા પ્રશ્નો પરત્વેના સમ્યક પૃથક્કરણનો જે અભાવ છે તે આપણને તેમ જ દેશના અંગભુત તરીકે આપણી સાથે દેશને પણ ગલત રાહ પર દોરી જશે. આટલા બધા લોકોની વચ્ચે કયાંક કોઈક વિરલ અપવાદો મળી આવે છે તે રણ વચ્ચેની વીરડી જેવા .

આજે આમ લખવા બેઠો છું ત્યારે હું મારી જ વાત કહું તો અમારા જ કુટુંબના સભ્યોમાં મારા એક ભાઈને પ્રશ્નો પરત્વેની જે સૂઝ અને જે તાટસ્થ્ય છે તેનો અભાવ બીજામાં પૂરેપૂરો વર્તાય છે. આવું દરેક ઠેકાણે બનવાનું ચાલું સામાજિક પ્રશ્નો અંગે નિર્દેશ કરતાં એક લેખકે અમુક ચોક્કસ પ્રશ્નોમાં સમાજરથનાં બે ચક્રોમાંથી એક સ્ત્રીના દૃષ્ટિકોણ તપાસે છે તો બીજો લેખક એ જ પ્રશ્નોના, કેવળ પુરુષના જ દષ્ટિકોણે તપાસે છે. પરંતુ

સ્ત્રી અને પુરુષ બંનેના દ્દષ્ટિકોણનો સમન્વય ભાગ્યેજ કોઈ વખત થતો આપણે નિહાળી શકીએ છીએ. આમ સમન્વય દ્દષ્ટિનો જે અભાવ વ્યકિતગત દેખાય છે તે વાસ્તવમાં કેવળ સમાજની એકાદ વ્યકિત પુરતો સીમિત નથી રહેતો પરંતુ તેનું વિશાળ ફલક સમાજ અને રાષ્ટ્ર અને કદાચ છેક વિશ્વ સુધી વિસ્તાર પામે છે.

ઉદાહરણો આપવા બેસું તો ઘણાં અપાય. હજુ જેમ બીજે બધે અનેક સામાજિક પ્રશ્નો હોય છે તેમ આપણે ત્યાં પણ છે એની કોઈ વિચારવાન વ્યકિત ના પાડી શકે તેમ નથી. છૂટાછેડા, શંકાસ્પદ સંજોગોમાં થયેલ સ્ત્રીઓનાં મરણ. લગ્નજીવનના પ્રશ્નો.અને ઔદ્યોગિક ક્રાંતિ અન્વયે ઉપસ્થિત થતા સામાજિક, આર્થિક વગેરે પ્રશ્નો. આમ આ બધાય કોયડાઓમાં સ્ત્રી અને પુરુષ કેન્દ્રસ્થાને છે. એક વખત એવો હતો જયારે આપણે ત્યાં વિધવા-વિવાહ, પુનર્લગ્ન, બાળલગ્ન વગેરે પ્રશ્નોની તત્કાલીન સામાજિક પરિસ્થિતિને વશવર્તી વિચારણા થતી હતી. મતલબ કે સમાજના કે જ્ઞાતિના દોરેલા વર્તુળની બહાર પગ મૂકવાની કોઈ હિંમત નહોતું દાખવતું. આજે પરિસ્થિતિ જુદી છે. આજે તો કાયદાએ જ જ્ઞાતિ સંસ્થાઓને નિર્મૂળ નહિ તો નિર્માલ્ય કરી મૂકી છે. એટલે કેવળ જ્ઞાતિ સંસ્થાની જોહુકમીને કારણે કરીને, કોઈને શોષવું પડે એવા સંજોગો બહુધા રહયા નથી. ત્યારે એ વર્તુળની બહાર જઈ પ્રવર્તમાન પરિસ્થિતિમાં દરેક પ્રશ્નનું શું હલ હોઈ શકે તેની સર્વગ્રાહી સમીક્ષા કરવી આવશ્યક જ નહીં અનિવાર્ય બની જાય છે.

મને યાદ છે, મારા એક મિત્ર જેઓ શું મારા કે બીજા અન્ય મિત્રોના અંગત પ્રશ્નો પરત્વે પોતે જાતે કયારેય પોતાનો અભિપ્રાય વ્યકત કરતા નથી. એ પાછળની એમની માન્યતા આવી છેઃ ''મારો અભિપ્રાય કોઈના પ્રશ્નોમાં મડાગાંઠ સર્જે અગર સંબંધિત વ્યકિતઓ વચ્ચે કલહ પ્રેરે એવું હું કયારેય ઈચ્છતો નથી!'' આથી બિલકુલ બીજે છેડે જઈ બેસે એવા એક સંબંધી છે જેઓ વાતવાતમાં પોતાનું મંતવ્ય પ્રગટ કરી દેવાના, અને અચૂક માગી વણમાગી સલાહ પણ આપવાના. બીજા એક મારા ખૂબ જ અંગત મિત્ર છે જેમની પાસે મારે માટે બીનઅંગત કહેવાય એવું કશું ય રહયું નથી. તેઓ પોતાનું મંતવ્ય બાંધે પરંતુ જયાં સુધી યોગ્ય સમય ન આવે ત્યાં સુધી એ વ્યકત નહી કરે, અને મંતવ્ય પણ કેવું ? સંજોગોને લક્ષમાં રાખીને તેમ જ પોતાની પત્ની સાથે બેસીને સ્વસ્થ શાંત ચિત્તે વિચારીને તૈયાર કરેલો અભિપ્રાય : આપણાને એક જ પ્રશ્નની બધી શકયતાઓની, અલબત્ત એમની નજરે ચડેલી, અણસારો આપી દે. આમ દરેક વ્યકિતએ વિચારણાની મર્યાદા રહેવાની. સૌ પોતે પોતાના અભ્યાસવર્તુળની સીમામાં રહીને જ પ્રશ્નોને સમજવા માટેની કોશિશ કરવાનું એ પણ નકારી કાઢી શકાય એવી હકીકત નથી પરંતું આજે જે રીતે સમસ્યાઓને એના નગ્ન સ્વરૂપે નિહાળવામાં આવે છે. તેને બદલે પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં સમસ્યાને જોવાની ટેવ પાડવામાં આવે તો તેમાંથી જ તટસ્થવૃત્તિ અગર સમન્વય દષ્ટિનો આપણને આવિષ્કાર થતાં વાર નહીં લાગે.

આવી સમન્વય દષ્ટિ એક વાર માણસમાં આવી

જાય પછી તો એ દરેક કોયડાને પોતાની એરણ પર તપાસી લેશે, જેમ એક વિવેચક એકાદ સાહિત્યકૃતિને એનાં તમામ અંગોના માળખામાં ચકાસી લે ઠીક તે રીતે પછી ''હશે ભાઈ, પડયું પાનું નિભાવી લે'' એવી સલાહ કોઈ પણ વ્યકિત, છૂટાછેડાના કિસ્સામાં બંને પક્ષોની પરિસ્થિતિનું માપ કાઢયા વગર આપવાની હિંમત નહીં કરે. શંકાસ્પદ સંજોગોમાં એક સ્ત્રીનું મરણ થયું એટલે એ ખૂનનો જ કેસ હોવાનું એ તુર્ત જ અનુમાન નહિ બાંધી લે. કર્ણોપકર્ણ સાંભળેલી વાતોના સત્યાસત્યને તપાસ્યા વગર તે આગળ ફેલાવા નહિ દે. અગર એવું દોષારોપણ કે આળ મરનાર સ્ત્રીનાં સંબંધીઓ પર એકાદ નહિ મૂકી દે. આજે તો સમાજમાં ઉપસ્થિત થતા દરેક પ્રશ્નોમાં શું પુરુષ કે સ્ત્રી, પક્ષકાર જ બની જાય છે; અને કંઈ પણ થતાં સ્ત્રીજાતિના બચાવની કાગારોળ મચાવી દે છે. એક વખત એક વર્ગે સહન કર્યું એટલે એને ભવિષ્યમાં સહન કરવું ન પડે એ જોવાની જવાબદારી સમાજની અને આપણા બધાંની છે એની ના નહીં, કિંતુ જેમ મજૂર અને મૂડીના સંઘર્ષમાં મજૂરોના થયેલા શોષણને કારણે એમના હિતની વધારે પડતી ખેવના કરવા જતાં આજે મજૂરમંડળો (Trade Unions) દ્વારા એ વર્ગ સમાજ ઉપર અને રાજ્ય ઉપર પણ પોતાના સંગઠિત બળ પર મુસ્તાક રહી વિપરીત અસર કરે છે તેવી રીતે સામાજિક પ્રશ્નોને કેવળ એક જ દષ્ટિકોણથી જોવાની આજની આપણી મનોવૃત્તિ સમય જતાં સમાજમાં બીજા અનેક સમસ્યાઓ ન સર્જાવે તો જ નવાઈ ગણાશે.

એક દસકાના લગ્નજીવન બાદ છુટા થવા પ્રવૃત્ત થયેલ એક મિત્ર-દંપતીના તાજેતરના કિસ્સામાં બંને પતિ-પત્નીને પોતાના ભેગા રહેવાની નિરર્થકતા સમજાઈ ગઈ હતી અને છૂટા થવા માટેની કાનુની વિધિનો પ્રથમ તબક્કો પણ તેઓ વટાવી ચૂક્યાં હતાં ત્યારે જ છોકરીને એક સરખી ભંભેરણી દ્વારા પતિને છૂટા નહિ કરવા માટે તૈયાર કરવામાં આવી અને થોડો સમય રાહ જોયા બાદ છૂટા નહીં જ થવાય એવી પ્રતીતિ થતાં પેલો પુરુષ બીજી સ્ત્રી સાથે વગર લગ્ને રહેવા લાગી ગયો ! આમ એક પ્રશ્નનું નિરાકરણ ન થતાં એમાંથી બીજા અને પછી ત્રીજો એમ પ્રશ્નોની પરંપરા સર્જાવાની. જેઓ આવા કોયડામાં જ રાચે છે. જેમની મનોવૃતિ પરિસ્થિતિને સમજવાની નથી હોતી.તેઓ આમ કરીને આત્મસંતોષ અનુભવી શકતા હોય તો ભલે, અગર પોતાના પૂર્વગ્રહે કરીને ''જો કેવો રખડાવ્યો !'' એવો આનંદ માણી શકતા હોય તો નથી સમાજના હિતમાં કે નથી પેલા દંપતીના હિતમાં ? અને આવું કરનાર વ્યકિતનું પોતાનુ હિત તો કશું સાધી શકાતું જ નથી, ત્યારે આવી બેદિલી ફેલાવીને સમાજમાં પ્રશ્નોની પરંપરા સર્જવામાં અગ્રગણ્ય ભાગ ભજવતી વ્યકિતઓને આજે તો બળ મળી રહે છે કારણ આવા સવાલોનું સમન્વયકારી નિરાકરણો શોધવાના પ્રયત્નો માટે જરૂરી એવી સમન્વય દૃષ્ટિનો આપણે ત્યાં બહુધા અભાવછે. સમાજિક સમસ્યાઓનું હલ શોધવું હોય અગર સતત સંઘર્ષમાં જીવન વ્યતીત કરતા આપણા આ સમાજજીવનને વધુ ને વધુ બળ આપવું હોય તો આવી સમન્વયદૃષ્ટિ વહેલી તકે સૌમા પાંગરી રહે તે માટેના ભગીરથ પ્રયાસોમાં આપણે લાગી જવું રહ્યું.

✤✤✤

જ્યોતિપુંજ

# ભૂલી જવું યાને વિસરી જવું એટલે સુખી થવું

✍ પ્રવીણ દેસાઈ

આયુષ્યના અવશેષે અતીતના મહાસાગરમાં ડૂબકી મારી મરજીવાની જેમ શોધ કરું છું ત્યારે મને એક સાચુકલું મોતી હાથ લાગે છે. સ્મૃતિ અભિશાપ છે, વિસ્મૃતિ વરદાન.

ખૂબ નાનો હતો ત્યારથી મારી સ્મૃતિ ખૂબ સતેજ હતી. નાની-મોટી વાત બરાબર યાદ રહી જતી. દેશવાળા બા, ફોઈ કે માસીએ કંઈ કામ સોંપ્યું હોય દિવસમાં ગમે ત્યારે તે અચૂક પૂરું કરી આપતો. આવામાં શિક્ષકે જે શિખવાડ્યું હોય એ ઘરે આવી ફરી ગોખણ પટ્ટી ના કરવી પડતી. બધું પરીક્ષા વખતે બરાબર કરી શકતો. આમ મારી સતેજ સ્મૃતિના કારણે શિક્ષકપ્રિય અને પાડોશીપ્રિય બની જતો. અલબત્ત, માતા-પિતા, ભાઈભાંડુ બધા મારી આ અસાધારણ શક્તિની પ્રશંસા કરતાં ત્યારે મને હરખ પણ થતો. પરંતુ મારી આ શક્તિએ જ મને ખૂબ વ્યસ્ત, કામગરો બનાવી દીધો !

ધીરે ધીરે જાણીતા, અજાણ્યા બધા લોકો મારી આવી શક્તિનો ગેરલાભ લેવા લાગ્યા. નાના-મોટા થઈ શકે, ના થઈ શકે એવા ઘણા બધા કામ મારે કરવા પડતાં. આમ એક તરફ મને કામની આળસ ને તેમાં ઘરકામ, લેસન, આડોશપાડોશના કામ, માતા-પિતાની નાનીમોટી જરૂરિયાતો પૂરી કરવાની. મારા માથે કામનો બોજ વધવા લાગ્યો, મારી સ્મૃતિ જેના માટે મને ગર્વ હતો, એ મારા માટે અભિશાપ બની ગઈ.

હું ખૂબ મુંઝાવા લાગ્યો, રોજ વિચાર કરતો આ કામની બલાને ટાળવાનો, કોઈ કારગત ઉપાય સુઝતો ન હતો. એક દિવસ મારા સહાધ્યાયીને શાળામાં શિક્ષકે લેસન બાબત પ્રશ્ન કર્યો, ગૃહલેસન કેમ નથી કર્યું ? એણે કહ્યું સાહેબ ભુલી ગયો ! મારો મિત્ર મારા માટે તારણહાર બની ગયો, મને જીવનમંત્ર મળી ગયો 'ભુલી ગયો' મેં મનમાં પાકો નિર્ધાર કરી લીધો આ મંત્રને આત્મસાત કરી લેવાનો.

રોજ મુજબ લોકો કામ તો ચીંધતા રહેતા. એક દિવસ બાજુવાળા ચંચળફોઈએ કહ્યું, 'અલ્યા, મને ચાર આનાની બજર લાવી દેજે ને' મેં કહ્યું, 'હોવે... ફોઈ લાઈ દઉં, પૈસા આલો' ફોઈએ પૈસા આપ્યા. સાંજે ખાલી હાથ ઘેર પાછો ફર્યો. ફોઈએ પૂછ્યું, 'બજર લાયો ભૈ ! 'અરે ! ફોઈ હું તો ભૂલી જ ગયો. કાલે લાઈ દઈશ.' આમ મારા વાયદા થતા રહ્યા... કાલ... પરમ... ફોઈ કહે ભૈ તું તો કદાપિ ભૂલતો નહીં, આ તને શું થઈ ગયું છે ? તારાથી ના લવાય તો લાય પૈસા પાછા આલ હું ઉમેશ પાસે મંગાઈશ. મેં પેસા પાછા આપી દીધા. આમ એક પછી એક લોકોને ખબર પડતી ગઈ કે આ તો ભુલકણો થઈ ગયો છે.

ગૃહિણી સવારે કોઈ કામ સોંપે, આટલું કરતા આવજો. હું તો નીકળ્યો હતો શ્રીખંડ લેવા. હજુ સમય હતો. થયું ચાલો બાલભેરુ દિનુને મળતો આવું. મળ્યો. વાતચીતમાં સમય નીકળી ગયો. મિત્રપત્નીના આગ્રહવશ સાથે જમી લીધું. ઘરે પાછો ફર્યો ત્યારે મારો એક જ જવાબ, ભૂલી ગયો, મારા આવા ભુલકણા સ્વભાવથી શ્રીમતીજી તો ટેવાઈ ગયા હતા. હવે કોઈ કામ ચીંધવાની સજા પોતે ભોગવતા નથી.

આ ભૂલી જવાની કળા જીવનમાં ખૂબ કામ લાગે છે. માણસ મનમૌજી - મસ્ત થઈને ફરી શકે. કોઈ ચિંતા ટેન્શન નહીં. આને લીધે ડાયાબીટીસ કે બ્લડપ્રેશર જેવા

કે હૃદયવિકારના કોઈ રોગ આપણી પાસે ફરકે જ નહીં. કેટલું સુખ!

મારા આ ભૂલી જવાના અભિગમે નોકરીમાં પણ ઘણી રાહત કરી દીધી. 'બોસ' ચીલાચાલુ કામ જે ટેબલ પર બેસી કરી શકું, એટલું જ આપે. કોઈ જવાબદારીભર્યું, બહાર જવાનું વગેરે કામનો બોજ મારા માથેથી હળવો થઈ ગયો. સગાંસંબંધી, મિત્રો અડોશપડોશમાં બધાને મારી આ ભૂલી જવાની વાતની ખબર પડી ગઈ એટલે હવે ક્યારેય કોઈ મહત્ત્વના કામ મને સોંપતું નહીં.

ભૂલી જવાની આ કળાનો ખરો રંગ તો પાછલી ઉંમરે નીખર્યો, જ્યારે વિધાતાએ થોડા કલાક માટે મને ખરેખર વિસ્મૃતિની ગર્તામાં ધરબી દીધો. માર્ચ ૩, ૧૯૯૫નો એ દિવસ મારી ભૂલી જવાની ટેવ છતાં ભૂલ્યો ભૂલાય તેમ નથી. વતનથી નજીકના ગામ કપડવંજ મુકામે એક સંબંધીને મળવા ગયા હતા અમે બન્ને. ગામનું ઘર જૂના જમાનાનું, પહેલે માળે રહેઠાણ અને ભોંયતળિયે નવાણિયું - બાથરૂમ, સવારે નહાવા ગયો તે ૪૫ મિનિટ સુધી પાછો પહેલા માળે ગયો જ નહીં. શ્રીમતીજીને ચિંતા થઈ. નીચે આવ્યાં ત્યારે હું તો અન્યમનસ્ક થઈ અરીસા સામે ઊભો હતો. મને કશી ખબર જ નહીં, હું કેમ એમ જ ઊભો હતો!... પણ પછી તો શ્રીમતીજી અને સંબંધી બહેન મને દવાખાને લઈ ગયા, ડોક્ટરને બતાવ્યું. એમણે તાત્કાલિક દવા આપી પણ વડોદરા-અમદાવાદ કોઈ ન્યુરોસર્જનને બતાવવા સૂચના આપી. બધા લઈ ચાલ્યાં વડોદરા. બધી જ તપાસને અંતે પરિણામ શૂન્ય. જે દસ કલાક વીતી ગયા એ દરમ્યાન ઘટેલી કોઈ ઘટના મને આજેય યાદ નથી. દુનિયાથી સાવ જ જાણે કપાઈ ગયો હતો. શ્રીમતીજી તો હજુ આજે પણ ઘણીવાર ઉદહારણ આપતાં કહે છે, 'તમે તો એ દિવસે સાવ ગાંડા જેવા થઈ ગયા હતા, મારા એક સિવાય કોઈને ઓળખતા પણ ન હતા. પૈસાની ધૂન સવાર થઈ ગઈ હતી તમારા માથે.' આ બધી વાતો હું સાજો થયો ત્યારબાદ એ રસપૂર્વક વર્ણવતા.

હજુ આજે આટલા વર્ષો પછી એ પ્રસંગને યાદ કરું છું ત્યારે થાય છે, હે ઈશ્વર! તેં મારી યાદદાસ્ત શીદને પાછી વાળી? વિસ્મૃતિની એ પળોનો મારો અને અન્યોનો અલભ્ય આનંદ શા માટે છીનવી લીધો? જાતને ભૂલી જવામાં જે સુખ છે તે જાતને યાદ રાખવામાં નથી જ નથી.

આ વાતના સંદર્ભે અમારા પડોશીનો એક પ્રસંગ સ્મૃતિપટ પર ઉપસી આવે છે. પીવાની આદતવાળા એ સરદારજી ખૂબ પીને જાત અને જીવનને પણ ભૂલી જતા. એક દિવસ મધરાતે ટેક્ષીમાંથી ઊતર્યા, લથડતા પગલે પહેલા માળે આવેલ પોતાના ફ્લેટ તરફ જવા કોશિષ કરતા કમ્પાઉન્ડમાં ઢળી જતા. એમને અમારા વોચમેને ટેકો આપવા પ્રયત્ન કર્યો તો નીરવ શાંતિમાં એ ગર્જી ઊઠ્યા, 'ગુરખાજી હટ જાઓ, હમ ખુદા હૈ!' મારી ઊંઘ તો ઊડી ગઈ હતી. મને થયું આ કેટલું સારું! માણસ પોતાના સાચા સ્વરૂપને ઓળખી શકે છે જ્યારે એ જાતનું ભાન ભૂલી જાય છે, ખુદને ખોઈ બેસી માનવી જ્યારે ખુદા બની જાય છે ત્યારે.

ભૂલવું એટલે વિસરી જવું. વડીલ પરિવારના લોકો પોતાના વીતી ગયેલ સમયને યાદ કરી નાહક દુઃખી થાય છે. તમે કોઈ વરિષ્ઠ નાગરિકને મળો કે કોઈ નિવૃત્ત અધિકારીને, કે અમલદારનો આપણને ભેટો થઈ જાય ત્યારે તેઓ પોતાના વીતી ગયેલા જમાનાના સંસ્મરણોના તાંપણાને હવા દેતા જ રહેશે. અરે અમે કામ કરતા ત્યારે આમ ને તેમ, કે હું કેવો મોટો અમલદાર. મારા હાથ નીચે સો... બસો... માણસો કામ

કરતા. આ બધું યાદ કરી તેઓ વર્તમાનની સોનેરી પળો ચૂકી જતા હોય છે. એના કરતા તો 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ'ની ઉક્તિ અનુસાર સઘળું વિસરી જવામાં અપાર સુખ સમાયેલું છે. કશું યાદ જ ન કરવાનું હોય એનો આનંદ તો 'મોહી પડ્યો તે મહાસુખ માણે' વાતને અનુસરનારા લોકોને જ મળે છે અને આવા માણસોને કોણ સમજાવે કે 'ઉતર્યો અમલદાર કોડીનો.'

વીતી ગયેલી વાતોને ખૂબ વિસ્તારપૂર્વક યાદ કરાવતા મારા શ્રીમતીજીને હું ઘણી વખત કહું છું કે કેટલું સારું થાત અગર જો હું ભૂલી જાત કે મારું ઘર બી-૧૪, પૂનમમાં છે. છતાં સંસારે અલગારી બની જવાની ગુરૂચાવી મળી જાત મને.

ઘણી વખત એવું બને છે સામે મળતી વ્યક્તિનું નામ જ યાદ ના આવે. ખૂબ મથામણ કરીએ તો પણ હૈયે હોય એ નામ સ્મૃતિપટ પર અંકિત થઈ હોઠે આવે જ નહીં! કશું કામ કરવા ઊઠ્યા હોઈએ અને ભૂલી જઈએ શું કામ કરવાનું હતું? ટેલીફોન પર કોઈ મિત્ર કે સ્નેહીની સાથે વાત કરતાં હોઈએ ને અચાનક શૂન્યમનસ્ક થઈ જઈએ. જે વાત કરવાની હોય એ જ ભૂલી જઈએ. એવા પણ અનેક અનુભવ થાય છે જ્યારે બેસીએ ચર્ચગેટથી, ઊતરવું હોય અંધેરી અને પહોંચી જઈએ બોરીવલી! આવું પણ બને છે આપણા જીવનમાં. આ ભૂલી જવું એટલે વિસરી જવું એક કળા છે. ખાસ કરી સાઠી વટાવ્યા પછી એ આપણા જીવનમાં નિખરી ઊઠે છે. ભૂલી જવાની આ કળાને આત્મસાત કરનાર તમામ વ્યક્તિ કલાકારો છે, એટલું જ નહીં આ સંસારના સૌથી સુખી જીવો પણ છે.

આ સંદર્ભે કવિમિત્ર વિપિન પરીખની એક ચોટદુક કવિતાનો અને નિર્દેશ કરી મારા લેખનું સમાપન કરું છું.

## હમણાં હમણાં

આમ તો કેટકેટલા ફોન કરું છું તને રોજેરોજ!
આજે ફોન કર્યો ને સામેથી કોઈએ પૂછ્યું,
Hello, Whom do you want?
ત્યારે માનશે તારું નામ કેમેય યાદ જ ન આવે!
અસ્તિત્વ સાથે જોડાયેલું એક નામ
હોઠ ઉપર આવતાં યુગો લાગે?
મારી આંખ સહેજ ભીની થઈ
હમણાં હમણાં ક્યારેક આવું બને છે!
કશુંક લેવા માટે
એક ઓરડામાંથી બીજા ઓરડામાં જાઉં છું
ત્યાં પહોંચુ ને
'હું અહીં શા માટે ને શું લેવા આવ્યો?'
વિમાસણમાં પડી જાઉં છું.
ખાલી હાથે પાછો ફરું છું
હમણાં હમણાં ક્યારે આવું બને છે!
અંધેરીની ટિકિટ લઈ હું ટ્રેનમાં બેસું છું.
લોકોની ચડ-ઉતર વચ્ચે
કેટકેટલા સ્ટેશન પસાર થઈ જાય છે
સ્ટેશને ઊતરું ત્યારે ખબર પડે :
હું અંધેરી નહીં બોરીવલી ઊતર્યો છું
સ્મૃતિ ફંફોસું છું.
ઝોકું તો નહોતું આવ્યું,
ક્યાં જવું હતું મારે ને ક્યાં આવી પહોંચ્યો!
ગભરાયેલો, પરસેવાથી રેબઝેબ થઈ જાઉં છું.
હમણાં હમણાં ક્યારેક આવું થઈ જાય છે!

***- સૌજન્ય : વિપિન પરીખ***

✤ ✤ ✤

# છોટીસી યે દુનિયા... તુમ કભી તો મીલોંગે, તો પુછેંગે હાલ

*✍ નિખિલ પરીખ*

આજે જાણી જોઈને તંત્રીસ્થાનેથી નથી લખ્યું કારણ કે આજે સ્થાન છોડીને આપણા સૌના દિલના કોક ખૂણામાં છુપાયેલી કેટલીક પ્રેમ કહાણીની વાત કરવી છે જે કદી શરૂ જ ન થઈ શકી.

હમણાં છાપામાં એક કિસ્સો વાંચવામાં આવ્યો. અમેરિકામાં ડેવીડ નામનો એક માણસ ૭૮ વર્ષની વયે સુખી લગ્નજીવન બાદ વિધુર થયો. આટલા લાંબા વર્ષો પછી, આ ઉંમરે એકલવાયું જીવવાનું ખરેખર કઠિન કાર્ય હોય છે. એક દિવસ બેઠાં બેઠાં ડેવીડને સ્કૂલમાં સાથે ભણતી જુડી યાદ આવી ગઈ. ત્યારે ડેવીડને જુડી ખૂબ ગમતી અને મનમાં ને મનમાં એને લાગતું કે જુડીને પણ એના પ્રત્યે પ્રેમ હતો. પણ ત્યારે કદાચ મનની વાત હોઠો પર નહીં આવી હોય. ડેવીડે જુડીને શોધવાના પ્રયત્નો શરૂ કર્યા. કેટલીયે મહેનત પછી અંતે જુડીનો પત્તો એણે મેળવ્યો. જુડી પણ લગભગ ૧૦ વર્ષ પહેલા વિધવા થઈ હતી. બન્નેએ ખૂબ ખૂબ વાતો દ્વારા વહી ગયેલા વર્ષોને ટુંકાવ્યા અને ડેવીડે અંતે પોતાના દિલની વાત કહી દીધી 'જુડી તું મારી સાથે લગ્ન કરીશ?' અને જુડીએ હા પાડતાં જ બન્ને જણ પરણી ગયા. કોક ટીન એજરની ભાષામાં How Sweet, How Romantic...

હિંદી પીક્ચરોમાં તો છાશવારે દેખાડે છે કે નાનપણમાં સાથે રમતાં, હસતાં ગમતાં છોકરાને છોકરી છુટા પડી જાય અને મોટા થઈને સંજોગોવશાત પાછા ભેગા મળે. ઝાડની આગળ પાછળ થોડા ગીતો ગાય અને ત્રણ કલાકના અંતે વિલનનો પીછો છોડાવીને પરણી જાય. પણ ૭૮ વર્ષની ઉંમરે નાનપણનો પ્રેમ યાદ આવે, એ પ્રેમ વ્યક્ત થાય, અને વળી એનો સ્વીકાર થાય એવું તો કદાચ જુજ બને.

આ કિસ્સો વાંચીને વિચાર આવ્યો કે આપણા સૌના મનમાં પણ અતીતમાં ઊમટેલા પ્રેમના કેટલાયે પાત્રોની સુખદ યાદો એક ખૂણામાં ઢબુરાયેલી હોય છે.

નાનપણમાં સાથે રમતાં છોકરા છોકરીઓમાંથી આપણને અમુક છોકરા કે છોકરી ગમતી હોય છે. એનું ઉપરાણું લઈને બીજા સાથે ઝઘડવું, એની સાથે ઘરઘર રમવું, એને હંમેશા ખુશ જોવું, આપણી ગમતી ને ભાવતી વસ્તુઓ પણ એને આપી દેવી એવું આપણને ગમતું હોય છે. આ પ્રેમ કે આકર્ષણ કહેવાય એ સમજવાની ક્યાં ઉંમર હોય છે. પરંતુ આજે પણ કોકવાર સ્મૃતિપટ ઉપર એ નાનકડી છોકરી કે નાનકડો છોકરો ઝબકીને ગાલે ચુંબન આપી જતા હોય છે.

સ્કૂલમાં કોએડમાં ભણતા છોકરા છોકરીઓની જોડી બનાવી ચીડવવામાં આવતા હોય છે. ત્યારે પણ આપણી જોડી અમુક ગમતી વ્યક્તિ સાથે જોડાય એ વધું ગમતું હોય છે અને બીજી કોઈ વ્યક્તિ સાથે જોડાય તો ગુસ્સો આવતો હોય છે. રોજ કહેવાતી મનગમતી જોડી મનમાં બરાબર બેસી જાય છે પણ શરમ અને

ક્ષોભના લીધે વાત કરવાનું પણ ટાળવું પડે છે અને આને પ્રેમ કહેવાય તો પણ સામી વ્યક્તિ સમક્ષ વ્યક્ત કરવાનું શક્ય હોતું નથી. આમ પણ સ્કૂલની જોડી બહુ જુજ કિસ્સાઓમાં પ્રેમલગ્નમાં પરિણમે છે કારણ કે બહુ લાંબો સમય પ્રેમનું ટકવું, આઠ દસ વર્ષના લાંબા ગાળા સુધી એકબીજાના સંપર્કમાં રહેવું, ગ્રેજ્યુએટ થવું, પગભર થવું, મા-બાપને મનાવવામાં આ બધી શક્યતાઓ ઓછી રહે છે. પાછું છોકરો પગભર થાય ત્યાં સુધીમાં તો છોકરીના લગ્ન પણ થઈ જાય અને મનની મનમાં રહી જાય.

કોલેજમાં તો વાત જ ના પૂછો. કોઈ પણ સરસ છોકરો કે છોકરી આપણી સાથે હસીને વાત કરે કે પછી આપણા ગ્રુપમાં આવી જાય તો મનમાં ખુશીના ફુવારા ઉડવા લાગે, દરેક સારો દેખાતો સ્માર્ટ છોકરો કે સારી દેખાતી ફેશનેબલ છોકરી આપણને ગમવા લાગે. પણ આ બધા ઉપરથી ધ્યાન ફક્ત એકાદ છોકરા કે છોકરીમાં પરોવાય. એને જોઈને લાગે જાણે વર્ષોથી ઓળખીએ છીએ, 'કહીંના કહીં કોઈ હોય' તો તે આજ હશે. બસ તું હી તું... મેરી આરજુ. પણ આ પ્રેમનો એકરાર કરવો પણ ક્યારેક શક્ય નથી હોતો. બન્નેના સામાજિક દરજ્જામાં ફેર હોય, છોકરી કારમાં અને છોકરો જુતા ઘસતાં આવતો હોય, કારકિર્દી બનાવી, ઊંચા પગારની નોકરી મેળવી ફરીથી કોલેજના પ્રેમનો તંતુ જોડવા જઈએ તો ખબર પડે 'એ' તો પરણીને એકાદ છોકરાની મા પણ બની ગઈ હોય. ત્યારે 'અનશેકેબલ' બજાજ સ્કુટરના સવારની જેમ હસીને મનને પાછું વાળવું પડે અને શરૂ થાય તલાશ યોગ્ય જીવન સાથીની. મિત્રના ભાઈ બહેનોમાં, ભાભીના ભાઈમાં કે મોટાભાઈની સાળીમાં, બેનના દીયરમાં કે બેનની નણંદમાં જીવનસાથી જોવાનો પ્રયત્ન શરૂ થાય. ન્યાતના ફંકશનોમાં કે લગ્નોમાં, નોકરી ઉપરના સાથે કામ કરતાં એક છોકરા કે છોકરીમાં આપણું મન જોડી બનાવવા લાગી જાય. ત્યાં પણ કોકવાર સંબંધો તૂટવાના ડરથી કે સામાજિક દરજ્જાના ભયથી કે પછી ના સાંભળવાના ડરથી પ્રેમનો એકરાર થતો નથી.

આમ એક દિવસ એક અજાણી વ્યક્તિ સાથે આપણા લગ્ન જીવનની શરૂઆત થઈ જાય. નવી વ્યક્તિ સાથે એડજસ્ટ થવામાં, ઘરના કામકાજમાં કે ઓફિસમાં અને બાળકોમાં દિવસો ક્યાં જતાં રહે એની ખબર ન પડે. પણ ક્યારેક ક્યારેક અચાનક મનના કોઈ ખૂણેથી એકાદ વ્યક્તિ સ્મૃતિપટ ઉપર ઊભરી આવે અને ફરીથી મનમાં કંઈક થઈ આવે, જો એ વ્યક્તિને ના મળી શકાતું હોય તો, એ ક્યાં હશે ? શું કરતી હશે ? શું યોગ્ય જીવનસાથી મળ્યો હશે ? મારા કરતાં સારો હશે ? બાળકો કેવા હશે ? જીવનમાં કયા મુકામે પહોંચ્યો હશે ? હવે કેવી લાગતી હશે ? માથા ઉપર વાળ હશે ? આવા તો કેટલાય પ્રશ્નો કોકવાર એકલાં બેઠા હોઈએ ત્યારે મનમાં ઊઠે. એના વિશે જાણવાની અને આપણી વાતો જણાવવાની ઈચ્છા થઈ જાય. વર્ષો પહેલાં એક નાટક જોયું હતું, 'મોસમ છલકે' જેમાં બે પ્રેમી, પોતાના લગ્નજીવનથી ખૂબ જ સુખી એવા બે પ્રેમી એકવાર મળે છે અને પોતાની કેટલીય વાતો એકબીજાને કરે છે. પછી નક્કી થાય છે દર પાંચ વર્ષે એકવાર અચુક મળવાનું. જીવનના વિવિધ તબક્કે, જીવનમાં શું બન્યું એ પોતાના પ્રેમી પાત્રને જણાવવાની, વાતો કરવાની ઉત્કંઠા ફક્ત. એ પ્રેમમાં વાસના ન હતી કે નહોતી

આજની ટીવી સીરીયલોમાં બતાવે છે એવું બીજાના કે પોતાના લગ્નજીવનને છિન્નભિન્ન કરીને બંધાતા લગ્ન બહારના સંબંધોની વાત.

ફરી આપણા મનની વાતો ઉપર આવીએ, સૌના મનના એક ખૂણામાં ઢબુરાયેલા નિર્મળ પ્રેમની વાત છે. જેને એકાંતમાં વાગોળવો ગમે છે. એ વ્યક્તિને યાદ કરવી ગમે છે. ક્યારેક પ્રેમનો એકરાર કરીને આપણી દીલની વાત એના સુધી પહોંચાડવાનું મન થઈ જાય છે. એવી આશામાં કે કદાચ વિપિન પરીખની આ કવિતાની જેમ હકારાત્મક પ્રતિસાદ મળી જાય.

**આજે રસ્તામાં અચાનક રીટા મળી ગઈ**
**મોં પરનું હાસ્ય હજી એવું જ સુંદર હતું**
**મારાથી બોલાઈ ગયું,**
**હજી તું એવી જ સુંદર લાગે છે**
**સ્કૂલમાં મને ગમતી હતી એવી જ**
**હસીને એ પણ બોલી ઊઠી**
**'પહેલાં કહેવું હતું ને'**
**તું પણ મને ગમતો તો...**

આ વાંચીને કોઈપણ ઉંમરની વ્યક્તિ હશે મનમાં કોક છબી જરૂરથી ઊભરી આવી હશે. ૭૫ વર્ષનાને મંછા, મણી, ઓચ્છવ કે કાંતિ, ૬૦ વર્ષનાને લતા, સરલા, પ્રવીણ કે રસિક, ૪૦ વર્ષના ને રીટા, નીતા પરેશ કે રાજેશ અને ૩૦ વર્ષનાને પુજા, રીતુ, નીતુ, નીલ કે જીમી. કંઈ વાંધો નહીં, મનની એ છબિ નિહાળીને ખુશ થજો. બાકી તો છોટીસી યે દુનિયા, તુમ કહીં તો મીલોંગે કભી તો મીલોંગે, તો પુછેંગે હાલ...

✤ ✤ ✤

## વાડસોલના વહાલસોયા

કરું છું દૂરથી ઈશારો તમને કેમ લાગે છે.
નથી ઓલ્લા નથી અધોળી, કોઈ અત્તરવાલા લાગે છે.
કલઈવાળા કોઠીમાં-કાચવાળા કુવામાં ને કારકુનની કતાર લાગે છે.
ખીસાદાર-ગાંડાધરિયા-ગવારદાળમાં ગરબડ લાગે છે
છલકડીવાળા-જાલીવાલા-જેન અને જાટની જય જય લાગે છે.
ટેકરીવાળા ટોકરશીનો ટહુકો અહીંયા વાગે છે.
દેવની દેવમણીને દેડકીના દલાલનો દબદબો અહીં લાગે છે.
ડાબલીને ડોબુ સમજી ડામરવાળા ડફણા મારે છે.
તલાટી તાતીઆને તેલવાળા - તલ્લીન અહીં લાગે છે.
નવાબને નરસિંહ મહેતા-નાણાવટી અહીં નગરશેઠ લાગે છે.
પેઢીવાલા પાકા-પરચુરણ પેપરવાળા-પાડી પકડી રાખે છે.
ફક્ત અહીં તો ફાડીઆ ફતેહના ફાંફા મારે છે.
બનડાના બાટલા-બેરાની બંગડી-બંગાળી બખલી બોખા લાગે છે.
ભડકીને ભગર -ભટ્ટી ભૂરિયા ભેગા લાગે છે.
મરઘાને મુછારી માછલી-માટલી મહીં મલમ પટ્ટા લાગે છે.
રાઠોડીઆ-રાજેશને રોકડીઆની રમઝટ અહીં લાગે છે.
લહેંટા-લાલખાં-લટકારીની-લેડીને લાય લાગે છે.
વૈદ્ય વકીલને વરખા-વૃંદાવનમાં વલ્લભઘેલા લાગે છે.
શહેરાવાળા સુબામાં સારંગી-શકુની સહદેવના શાયર લાગે છે.

*હાજી આદમ એમ. શેખ-સબરસ કાપડ ભંડાર-બાલાસિનોર*

---

## તનહાઈ

હમે માલુમ, હોતે હુવે
હમ નજર અંદાજ, ના કર શકે
યે કૈસી મજબૂરી દી તૂને
ના સજાએ, મોત મિલી
ના હમ તુમ્હે, ભુલા શકે
યે દો પલકી, રૂસવાઈથી
યા જીવન ભરકી, તનહાઈ

*- ચંદ્રકાંત શાહ (ચટઈ) 'ચાંદશા'*

## વાડસોલ ગામને કોટિ કોટિ વંદન

કોટિ કોટિ વંદન - વાડસોલની ધરાને જેણે આપ્યાં
કાંઈ શાહ-દેસાઈ-પરીખ-કડકીઆ જેવા દાનવીર રે...
વાડસોલ દેશની ધરા ધરતી રે ઉજાળી ભારતની શાન રે
એનો સપુત ઓળખાય વાડસોલવાસી થી
વાડસોલ એ નાનકડું ગામ
ભીમ ભમરડો, હનુમાન ટેકરી, કાન્તિલાલ પાર્ક
લહેરાય રે ગોપેશ્વર, આપેશ્વર જેવા ધામ રે
તાતીયા, ચાગરમ-માટલી, દેડકી
ફુલીવાલા જેવા સપુત રે
વાડસોલમાં જનમ લઈને પકડી મુંબઈ કેરી વાટ રે
નાગદેવી-લુહારચાલ-સુતારચાલ-ગજાવી
પકડી પરદેશની વાટ રે...
અમેરિકા- કેનેડા - લંડનમાં ગુંજવા
વાડસોલનું નામ રે
વંદન વાડસોલને ધન્ય વાડસોલવાસીને.....

***- અતુલ દેસાઈ 'અનજાન સ્મિત'***

## ''આંસુ''

કોઈ દિવસ તમે મારી આંખમાં ઊંડાણથી જોયું છે ખરું ?
જો જોયું હોત તો જરૂર દેખાતે
પેલો ઘુઘવાતો સાગર
જે પોતાના પેટાળમાં અનેક દર્દ છૂપાવીને બેઠો છે.
ઘણીવાર એને પણ મન થાય છે
બધુ જ દર્દ ઓકી નાખવાનું
પણ નથી કરી શકતો
અને
એટલે જ છેવટે
બે અશ્રુરૂપી મોતી સરી પડે છે.
એનાં ગર્ભમાંથી
કહેવાને તને માત્ર એટલું
''હું તને પ્રેમ કરું છું.'

## જ્યોતિનંદન

હર્ષ આજ કેરો મુજનો જાણશો તમે ?
જણાવી શકીશ કદાચ પણ સમજશે કોણ ?
આનંદ વર્ણવવા શબ્દો ક્યાંથી લાવીશ ?
જ્યોતિપુંજની પ્રગતિ અને મારી પ્રીતિ

મુજ હૃદયની વાણી પણ સમજશે કોણ ?
આવી રહ્યો છે શુભદિન જ્યોતિનો
લાવી રહ્યોછે સંદેશ સુવર્ણ જયંતિનો
ઉષાના કિરણો તેને આવકારે છે

પંખીઓ મધુર કલરવથી મધુર ગુંજન કરે છે
અનિલ એના કાનમાં સંભળાવે છે
આગેકુચ...... નો.... અમૂલ્ય મંત્ર.....
જ્યોતિ સંસ્કૃતિનું સેવક બનજે

ગૌરવ જગતમાં એનું કરજે
ઉન્નતિના મોટા મોટા શિખરો સર કરજે
માનવદિલના અંધારા ઉલચજે
બાલાસિનોરવાસીઓનું સુકાની બની રહેજે

લોકજીવન ઉત્સાહથી સભર બનાવજે
મુજ સ્નેહીનો સંગાથ બની રહેજે
વાતો નો તો મોટો ઢગ કર્યો પણ
સંભળાવું કયમ કરી ?

આજ તો બસ આટલું જ કહું
તિમિર -જ્યોતના નિત્ય સાથી તને કે
અભિનંદન હો લાખો મારા તને
આલમની ખુશીનો કળશ ચઢે તને

***- પારુલ નૈષધ દેસાઈ***

✤ ✤ ✤

## રુદનમય જિંદગી

જિંદગી આખી રુદનમય છે અહીં;
જન્મથી તે અંત રુદનમય અહીં,
જન્મતાની સાથ બાળક છે રડે,
કોણ જાણે ક્લ્પનાનું જગત તેને ના દિસે!
બાળપણમાં ના વદે તેથી રડે છે,
કે કદિ નિજ જીદ કાજે છે રડે,
તે પછી ભણતરના કાજે છે રડે,
વડીલોના મારથી પણ તે રડે છે.
યુવાનીમાં નોકરી કાજે રડે છે,
જાય નિષ્ફળ પ્રણયમાં તો પણ રડે છે,
જીવનસાથી મળ્યો ના યોગ્ય, એ ખ્યાલે રડે છે,
રહ્યા ના બાળકો અણસારમાં તેથી રડે છે,
નથી આપી શકાતી સાહ્યબી, તેથી રડે છે,
જીવન નિષ્ફળ ગયું છે એ ખ્યાલે રડે છે,
બુઢાપો આવ્યો લઈ દુઃખ દર્દને એથી રડે છે,
સગાંસ્નેહી અચાનક જાય છે તેથી રડે છે,
નિરર્થક છે જીવન આખું, ખ્યાલે તે રડે છે,
નથી જગમાં સગું કોઈ કોઈનું, ખ્યાલે રડે છે.
તોય જીવ શાને હરખથી છે જીવે?
સ્વપ્નની બે ચાર સુખની પળ થકી?
કે ''સુધરશે કાળ મારો'' આશથી?
કે ''દુઃખી મુજથી ઘણા છે'' ખયાલથી?

*- સતીશ પરીખ*

## રે મન મંગલ ગાઓ

જય જય જય મન મંગલ ગાઓ... જય.....
જય જયજય મન મંગલ ગાઓ
દ્વારે તીહારે શ્યામ પધારો... જય.....
જલ જમુનાકી ગગરીયા લાવો
તેલ સુંગધી ઈત્તર ન્યારો
કેશર ધોળી સ્નાન કરાવો.... જય.....
પીલી પધીયાં ઝરકસી જામો
ઉપર ઓઢાયો કેશરી ઉપરણો
માથે પે કુમકુમ તિલક રચાયો.... જય.....
કાનન કુંડલ હડપચી હીરલો
ગલેમેં સુહાવે મોતીયન લડીયો... જય.....
સાજ શિંગાર પ્રભુ એસો બનાયો
દર્પણ દેખ્યો મંદ મુશ્કાયો
એસો સુહાવે, અતિ મન ભાયો... જય.....
મખ્ખન મિશ્રી દુધ કઢાયો
મધુ મેવા પકવાન બનાયો
પ્રભુ કે કારણ થાણ સજાયો... જય.....
શીતલ જલસુ ઝારી ભરીયો
મુખવાસ સુગંધી પાન કો બીડો... જય.....
જૂહી ચમેલી, ગુલાબ, મોગરો
સેજ સલુણી સજાવો સજાવો... જય.....
યહ અવસર પ્રભુ અતિ અનમૂલો
નાચું ગાઉં મન ઉમંગ સો
દ્વારે પધારે શ્યામ હમારો... જય.....

*- ઉષા શૈલેષકુમાર ધારીયા*

## બ્રહ્મનો જાદુગર

સકલ બ્રહ્મનો તું જાદુગર એકાકી અદભૂત કમાલ,
કૈંક,રચ્યાં તે વિશ્વલોક ના સૌ કોઈ પામે તારો પાર
મથી મથી આજીવન થાકયા મુનિવર સાધક કૈંક અનેક
નસીબવંતા કોઈ થયા, પરાશર વ્યાસ ને શુકદેવ.
ધરાકાશ ને તળપાતાળ, સ્વર્ગલોક ને નર્કાગાર,
ચાંદ - સૂરજ એક બનાવ્યા, તારાગ્રહ છે અપરંપાર
દેવ - દાનવ, બ્રહ્મલોક ને મૃત્યુલોકનો સૌ વ્યવહાર,
એકલ હાથે કયમ સંભાળે કૌતુક અમને થાય અપાર
ચતુર્વિધ ખોરાક અમારો જીવ માત્રના દેહમહીં
શું અદ્દભૂત રસાયણ તારૂ લોહી વીર્ય એનાં પરિણામ.

લખચોરાશી ભૂતજીવડાં વિશ્વ મહી તારો પરિવાર.
પરમપિતા તું જીવનદાતા સ્વયંભુ એકાકી ભગવાન.
વિશ્વમહી છે અબજો માનવી ચહેરો એકકે નહીં સમાન.
કયારેક જનમ્યાં જોડકાં તોય દીસતો ફેર જરાક.
લાલ,પીળાં હવામાન જયમ ધરતીબાળ,
પ્રાણી માત્રના એક જ હાલ સૌમાં ભાળું જાદુ પ્રમાણ.
કૃપા કરીને તેં આપ્યો છે માનવદેહ અણમોલ,
નિશદિન ગાવા તવ ગુણગાન ફરી ફરી દો એ અવતાર
મચ્યો રહું જોતો તવ જાદુ જન્મો જન્મ દિન રાત.
સકલ બ્રહ્મનો તું જાદુગર એકાકી અદભૂત કમાલ.

*વોરેન(મિશિગન) અમેરીકા.*

*– ન.સા.દેસાઈ*

## હું – મીણબત્તી

અંધકારનાં એક ખૂણે
એક મીણબત્તી સતત બળ્યા જ કરે છે
સતત પ્રતિતિ કરાવે છે કે
હું પણ તારી યાદમાં બળી રહ્યો છું.
એ કોઈવાર થરથરી જાય
તો લાગે છે
મારા પર હસી રહી છે
અને પૂછવાને મથી રહી છે
તું શું કામ બળી રહ્યો છે ?
મારી પર આપણાં સંબંધોનાં થર
મીણનાં થરની જેમ
એકની ઉપર એક
એમ મંડાઈ જ રહ્યા છે
વધારો કરે છે બળવાનાં ઈંધણમાં
પ્રતિતિ કરાવે છે કે હું પણ એક મીણબત્તી જ છું
બળવાનું છે તારે અને એ જ મારું કામ છે

*- રાજીવ સુ. દેસાઈ*

## જયાં જયાં નજર મારી ઠરે

જયાં જયાં નજર મારી ઠરે
તે વિષે મુજને શ્રી હરિ દીસે
કદી રમતો દીસે, કદી એ રૂઠે
કદી શિક્ષા આપે, કદી વહાલ વરસાવે
કદી વર્ષાએ ભીંજવે, કદી હોળી ખેલાવે
કદી પરિતાપ આપે, સૌને કર્મના તરાજુ એ તોલે
એના કામણ વિષે સૌને નવરાવે
પંચ તત્વમાં પ્રાણ એનો પૂરે
માનો, શ્રી હરિ મધમીઠું સ્મીત વેરે
સમેટો, શ્રી હરિના એ મધુર સ્મીતને
ભરો ઝોલી અડગ શ્રધ્ધા, આશા, વિશ્વાસે
જયાં જયાં નજર મારી ઠરે
તે વિષે મુજને શ્રી હરિ દીસે
કયાં કયાં સમાવું શ્રી હરિને ? હૈયું પૂછે
મન કહે આંખમાં કાજલ બનાવી લે
શ્રવણે નામ એનું સૂણજે
અંતરની આરસીમાં પ્રતિબિંબ કરજે
ચરણોમાં એના શિર નમાવી લેજે
બસ પછી તો, અંધ અપંગ બને જો તું
તોય તારી જશે, તારી જશે, તારી જશે
જયાં જયાં નજર મારી ઠરે
તે વિશે મુજને શ્રી હરિ દીસે

*-ઉષા શૈલેષકુમાર ધારીયા*

## શૂન્ય

શૂન્ય.. એક શૂન્ય હું મનથી
બીજું શૂન્ય હું ધનથી
બેઉ શૂન્યથી મોટું
હું તો શૂન્ય છું તનથી
હું શૂન્ય હર મોડ પર
હું શૂન્ય હર જોડ પર
શૂન્ય જ જોયું મે

જીંદગીના નીચોડ પર
શૂન્ય શૂન્ય શૂન્ય
પ્રભુ એ શૂન્યનું શું મોલ ?
કાંઈક એવું કરો ઝોલ
કે મારીના આવે કોઈ તોલ
દરેક શૂન્યને જરૂર છે ખાલી એકની
અને દરેક શૂન્યથી કિંમત વધે છે એકની
તમે એક આ જગત નિયંતા (પ્રભુ)
તમે ૧
હું ૦
તનથી ૦
મનથી ૦
ધનથી ૦
શૂન્ય ૦
શૂન્ય ૦
તમારા એકના આવવાથી કિંમત થઈ ગઈ 'ઉપેન'ની

*- ઉપેન કડકીયા 'બાલિશ'*

## I see you in I.C.U.

જીંદગીમાં કરેલા કુકર્મો
ભોગવવા શરીર ઉત્તમ
સ્થાન છે એટલે જ...
I.C.U.
કયાંય કયારેક તો ખોટું કર્યું હશે
ધન ભેગુ કરવામાં એટલે
અહીંના બીલ ભરવા તો પડશે જ... I.C.U.
શું કહ્યું : બધુ બેઠાં બેઠાં મેળવ્યું છે.
મહેનત કરવાની જરૂરત જ નથી પડી જીંદગીમાં.
એક ફોન કરો એટલે વ્યાજના નાણાં હાજર
આપણાને ટીપ મળે એટલે સ્કીપ્ટની લે-વેચમાં
રોજનાં પાંચ-સાત હજારતો કયાં ન'તા ને ...
બાપ-દાદાની જગ્યાના ભાડા આવતાં એટલે
આપણને જીંદગીમાં મહેનત કરવાની જરૂરત નથી પડી.
બધું બેઠાં બેઠાં...
તો કોય વાંધો નહિ
તમારા એ મોભાને જાળવવો તો પડશે જ
એટલે જ.. હવે બધુ સુતા સુતા
તમારે કાંઈજ નથી કરવાનું, માત્ર સુતા રહેવાનું
સભાન અથવા બેભાન અવસ્થામાં
નળી દ્વારા અન્ન તમારા પેટમાં જશે
ચાવવાની કાંઈજ જરૂર નથી
બાથરૂમ કરવા માટે જરાય ઉભા થવાની જરૂર નથી
બહાર લટકતી કોથળીમાંથી માણસ કાઢીને લઈ જશે
શુદ્ધ હવા માટે 'હિલ સ્ટેશન' જવાનીય જરૂર નથી
Oxygen નો બાટલો બાજુમાં જ હશે. એકદમ શુદ્ધ હવા માટે
પાણીની જગ્યાએ ગ્લુકોઝ એ પણ પીવાની જરૂર નહી
Direct
નર્સોને વોર્ડબોય તમારી સેવામાં Day & Night
ને..ઉપરથી સ્પેશ્યાલિસ્ટ ડૉકટર આવી
ખબર અંતર પુછી જશે ને..
તમારી બધી હિલચાલ ઉપર નજર રાખશે.
સૂતા સૂતા બધુ જ સૂતા સૂતા
જામશે ને ...I.C.U.
સંસ્કૃત માત્ર આવડતું
એટલે તુટયું ફુટયું ઈંગ્લીશ દ્વારા પ્રભુ હુંકાર કરે છે
I.C.U. in I.C.U.
I.C.U. નો મતબલ હું તો સમજતો હતો.
INTENSIVE CARE UNIT
એમાં પણ તું પ્રભુ આટલું ઉંડાણ
શોધી કાઢીશ એનો તો મને ખ્યાલ જ નહી
I.C. (SEE) U. (YOU)

*- ઉપેન કડકીયા*

## ડોલરિયા પારાયણમાં વતનને વનવાસ

અમેરિકાની સમૃધ્ધિ, અમિરાઈ ને અખિલાઈ
અંબર તણી છે ભરપૂર.
ડોલર થકી દેશની છિનવાઈ ગઈ મુગ્ધાઈ.
ડોલરના મોહ અપરંપાર
વાવા ઉતારી, સુઘડ ને ફેશન પરસ્ત વસ્ત્રોમાં
દેશી લાગે રૂડો રૂપાળો
ગજવામાં હોય પેપર મનીની થોકડી.
છાતી ગજ ગજ ફૂલતા
અસ્ત્ર શસ્ત્ર બધા છોડીને, ડોલરનું વસ્ત્ર ધરી,
દેશી પડયો ડોલરના, જીવન સંગ્રામમાં રે
દેશ પાર કે ભવસાગર પાર ઉતરવા,
ડોલર તણું પકડવું તરણું
નાની વયે જોબ અનેક કરતા
આવી પહોંચી લગ્નની ઉંમર
બધું જ વિદેશી ચાલે ને ફાવે
Wife દેશીને Virgin જોઈએ
એના આગ્રહ સાથે, દેશનો માર્યો આંટો.
ગ્રીન કાર્ડ ધારી ડોલરિયા મુરતિયાના
માન પાન અદકેરા ને મોંઘા
સંબંધી ને મિત્રોમાં, વટ અનેરો પડતો
કન્યાઓની વણઝાર વચ્ચે
લીધા દસ-પંદર ઈન્ટવ્યું ફાલતું
સુંદર ભણેલી, સંસ્કારી, Home-loving
કન્યાની થઈ પસંદગી આખરે
Green -Card Holder જમાઈના હરખમાં
પિતા કરતો અધિક કરિયાવર
વહાલસોઈ પુત્રીને કન્યાદાનમાં
પિતા તણો વરસ-દોઢનો વિજોગ
સુંદર સોહમણા સપનામાં રાચતી
રાજકુમારીનો હરખ નહી સમાતો
પટ મંગની ને ચટ વ્યાહ સાથે ઉતાવળે હનીમૂન
સખીઓનાં 'પાંચ આંગળીએ પૂજ્યાંતા'ના
હાસ્યભર્યા કેકારવમાં
વિસરાતી વિયોગની એક....એક .... પળ
ધનઘડીએ મળ્યો વિઝા ને, અમેરિકન કોલ.
પિયા મિલનની ઉત્કટ ઘડીઓ ગણતી
પ્રથમ મિલનની ઉત્કટ ઘડીઓ ગણાતી
પ્રથમ પ્લેનમાં વ્યોમમાં વિહરતી.
નવા, અનોખા, અજાણ્યા દેશભણી પહોંચતી
નવા-નાના એપાર્ટમેન્ટને
સજાવી-શણગારી બનાવ્યું ઘર
ને કર્યા શુભગણેશ 'ઘર સંસારના'
કરિયાવર ને ગીફટસ બધી
ગોઠવી દીધી કલોઝેટસમાં
સવાલ, સૂચનો ને શિખામણ
મન-હૃદયમાં દીધા ભંડારી,
સાડી પંજાબી કોર મૂકી,
ચઢાવ્યા રફ-ટફ જીન્સ ને શર્ટ,
અમેરિકન Life Style ને પામવા
કરી તલાશ જોબની.
નવયુગલ નોખી કારમાં,
ઘરમાંથી નિસરતા દુર સુદુર
હાશ કરીને Week end આવતું
Week Days માં Hard Work ને
Week end માં Home Work
Sale માં કરતા શોપીંગ અને
Bank માં કરતી ખરીદી
Free Gifts. Car Wash ને Cheap-gas
માટે Long Drive ના આંટા ફેરા
સ્નેહીજનોના આગમન ને અવાગમન.
સાથે કરાતી એરપોર્ટની આવન-જાવન
Week end છે તો અહી life છે.

Next Week end ની રાહ જોતા સૌ
હરતા-ફરતા ખરતા તે રાત પડે
Week end તો આવે ને જાય
ડોલરમાં જીવતા ને ડોલરમાં ખાતા-પીતા
દેવું કરીને ઘી પીવાની,
નૂતન નોખી સંસ્કૃતિ
ડોલર-ડોલર ગણતા ગણતા
સુખ-સમૃધ્ધિમાં આળોટતા
ફીઝ, ટી.વી., ડીશ-વોશર ને વોશીંગ-મશીન,
વસાવ્યા અનેકાનેક એશોઆરામ.
હીટરની સ્વીચ ઑફ ઑન કરતા
જીવન વહેતું જાય
હડિયાપટ્ટી ને રઝળપાટ, હૈયા-હોળી અનેક
ખૂટે, તૂટે નિરાંત ને વિસામો
નહિ હોશ-કોશ કે હાશકારો
ડોલરના વિષયચક્રમાં
જીવન વહેતું, ફરતું ને રહેસાતું
મોહ-માયા ને મોહિની ડોલરની
માયાજાળમાં લપટાતા
ઘર-કુટુંબ વેરણ-છેરણ
Culture બન્યું Vulture
રીત અહીં બોલ-ચાલની નોખી, નોખા રીત-રિવાજ
નોખી રીત-ભાતને નોખા હળવા -મળવાના
એક બીજાને ગમવા-પામવા પણ નોખા
સૌના નોખા નોખા સાધનો
એક જ છત્રની નીચે, સૌના નોખા નોખા ઘર
ટેન્શન, ડીપ્રેશન ને ઉપરવટની ઝટવચ્ચે
ઝોલા ખાતું જીવન
આપણે બે ને આપણા બે
Comfort fit full family
ચળકતા આકર્ષક ગીફ્ટ રેપરમાં
કલાસીક સપના

કોર્ડલેસ ફોનથી તે સુંદર કાર્ડસમાં
Feelings સૌ વહેંચતા
India લાગતું Total out of Fashion
દેશી ભાષા, દેશી લાગણી, દેશી મૂલ્યો
મૂકી દીધા સૌ કોરણે.
મિલિયનને બિલિયન સિવાય હોય નહીં કોઈ વાત,
ડોલરની કિંમત અદકેરી
જીવન મૂલ્યો કર્યા કેડી.
જીવાતા સગપણ જાણે
સૂક્કા–ભઠ્ઠ પાનખર જેવા
લીલાછમ દેશમાં, લીલાછમ સંબંધનું
હોય નહીં કોઈ વળગણ,
I Love you, Thank You
Most- Welcome ને Sorry - Sorry
મધમીઠા શબ્દોની લાળ-ટપકાવતા
અંગત સંબંધ સાવ ખાલીખમ ને પોકળ
કોઈક વચાળે પાર્ટી ગોઠવી
મોકાસા ને કોરલની ક્રોકરીમાં
ચાંદીના ભવ્ય ડીનર સેટમાં
પીઝા-બર્ગર ને ફીઝના વાસી Junk-Food વચાળે,
ક્યારેક દેશી ભારતીય વાનગીના ખજાના સાથે
જહોની વોકર, બ્લુ-લેબલના
On the Rocks Cheers માં
ગપ-સપનું મહાસુખ માણતા
મોજ-મસ્તીમાં જરા હળવા થાતા
માફકસરનું પ્લાસ્ટિક સ્મિત ફરકાવતા
ફૂલ-ગુલાબી તબિયત ને લીલા-ગુલાબી ગાલ.
દિવાળી-નવરાત્રીમાં ભાતીગળ વસ્ત્રો ધરી
ઑથેન્ટીક શણગાર સજી
મહાલતો આપણો દેશી જણ
ગીત-સંગીતના મેળવડામાં
દેશને લગાર યાદ કરી લેતો

મુક્ત જીવનની અવઢવમાં અટવાતાં
સંસ્કાર ને સંસ્કૃતિની બેધારી રફતારમાં
હની, ડાર્લિંગ ને ફ્લાંઈંગ-કીસ
ચુંબન, આલિંગન ને આશ્લેશમાં
પ્રેમ ને લાગણી અનુભવતો.
દેશી સંસ્કાર-સંસ્કૃતિને, ડોલરના ત્રાજવે તોળી
સુખ - સમૃદ્ધિમાં જોખી
હરખાતો, ફુલાતો ને અભિમાનમાં રાચતો
એકલો, એકલો ને કુટુંબવિહોણો
આપણો દેશી જણ સાવ બેબશ ને વિવશ
ધોળા દેશ મહી, કેવા કાળા ભાગ્યનો દેશી
કરમની કઠણાઈને લાચારીને બેબસીમાં
બમણાં ઝનૂનથી દેશી પોતાને
દેશી અમેરિકન કહેવડાવતો
મહા-મોંઘો નઠારો ડોલર
આસક્તિ ડોલરની એવી, ધૂણાવે જીવનધારે
જીવનમાં ચારે કોર અવઢવના
અકળામણના સળ પડયા છે ઉંડા
USA યેનકેન સેટલ થવાના
સેટલ થવાની શરતોના
શરતોને આધિન થવાના
આધિન થઈ એડજસ્ટ થવાના
Social-Security ને પરવશ થવાના
વળતર, ડીસકાઉન્ટ ને પેન્શનની
લાલચમાં ફસાવતા
ટોટલ ખાલીપો ને શૂન્યતામાં
મૂંગી વેદના સહેતા
રંગ-રાગ ને માયાજાળ, મૃગજળ જેવું મહાસુખ
Materianity જોડાય નહિ
સત્સંગનો હોય નહિ સંગ
Partiality અને Inferiority
વચાળે ધોળિયાઓને હંફાવતા
દેશનું નામ રોશન કરતા
ડોલર ડોલર જપતા -જપતા
ડોલર એનો પરમેશ્વર
ડોલર એવો કામણગારો
ડોલર છે કિમિયાગર
ભૂલોક ને સ્વર્ગલોક
સર્વલોકના સુખ છે Newyork માં
ડોલરમાં રહ્યા, મોહ્યા, ખીલ્યા ને ખર્યા
ડોલરમાં સદા ય રમમાણ.
Body  ત્યાં USA નું
પણ Soul હજી છે India નું
માહી પડયા તે મહાસુખ પામે, દેખણહારા દાઝે રે.....
કોણ જાણે રે....
ડોલર થકી દેશની
છિનવાઈ છે મુગ્ધાઈ ને શાંતિ,
સુખ-સમૃધ્ધિની છોળમછોળ
એશોઆરામની જાહોજલાલી
અશાંતિ, અંજંપો ને.....
જનમધરીને વેઠવાના
અમેરિકા તો સપનોનો સોદાગર દેશ
સુખ-સમૃદ્ધિ વેચાણે શસ્ત્રો વેચનારો વેપારી
શાંતિ ને આધ્યાત્મિકતા માટે
આપણા દેશ ભણી તાકનારો
ઉમરકૈદ જેવું જીવન જીવતા ને
તડીપારની સજા ભોગવતા
આપણા દેશની છે આ રામ કહાણી
અમેરિકન ડોલરિયા પારાયણમાં
આપણો દેશ વેઠતો જિંદગી ભરનો
વતનનો વનવાસ.

***- સરલા સતીશ મોદી (દેવ)***



વર્ષ ૨૦૦૬-૦૭ની કાર્યવાહક સમિતિના સભ્યો



જ્યોતિપુંજ સુવર્ણ જયંતિ ઉજવણી સમિતિના સભ્યો

# TC *Tarille Corporation*

# ***bp*** Bharat Paper Mart

Authorised Distributors :

✯ **M/s. Jindal Poly Films Ltd.**

✯ **M/s. The West Coast Paper Mills Ltd.**

✯ **M/s. J K Paper Ltd.**

222/A, Podar Chambers, 109, S. A. Brelvi Road , Fort, Mumbai – 400 001.

Tel.: 2266 4442 / 2266 0636 Fax : 2266 1831 ⌊ E-mail: tarille@mtnl.net.in

*Congratulates & wishes all the Best to*

***EDITORS*** *of* ***JYOTIPUNJ***

&

***Committee Members*** *of*

*SHREE BALASINOR NAVYUVAK SANGH for*

*CELEBRATING 50 GOLDEN YEARS.*

***From:***


**Camille Sheth & Prafull Sheth's Family**

# Surendra Engineering Corporation
# A Name Recognised For Its Quality and Service











**Surendra Engineering corporation**

(Export Division)

Govt. Recognised Star Export House, Manufacturers of Sugar mill Machineries, Spares and Electrical Equipment.

1, Jaitirath Mansion,6-A,Barrack Road, Behind Metro Adlabs, Mumbai -400 020. India

Phone: 91 22 2200 2626/ 2200 1977/78/79/80. Fax: 91 22 2200 0777E-mail Surendra@surendraengg.com. www.surendraengg.com

inside cover (442x586x16M jpeg)


...Quality leads to growth
...now a new centre at Bangalore...

NM

WORLD OF PREVENTIVE DIAGNOSTIC CARE

[illegible]

info@nmmedical.com | www.nmmedical.com

[illegible]